સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃતિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 12

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ફાલ્ગુન વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

રવિવાર, ૨૩ માર્ચ, ૨૦૨૫, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નાગપુર હિંસા



## તોફાનીઓ પાસેથી નુકસાન વસૂલ કરાશે : ફડણવીસ

નાગપુર : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે કહ્યું હતું કે નાગપુર હિંસા દરમિયાન સંપત્તિને થયેલું નુકસાન રમખાણ કરનારાઓ પાસેથી વસૂલવામાં આવશે અને જો તેઓ આ ચૂકવવામાં વિફળ જશે તો તેમની સંપત્તિ જપ્ત કરીને અને વેચીને નુકસાન ભરપાઈ કરવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધતાં ફડણવીસે કહ્યું હતું કે વીડીયો અને સીસીટીવી કેમેરાના ફૂટેજ જોઈને અત્યાર સુધી ૧૦૪ તોફાનીઓને શોધી કાઢવામાં આવ્યા છે અને કાયદા પ્રમાણે સગીર વયના ૧૨ સહિત ૯૨ જણ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

ફડણવીસે કહ્યું હતું કે સોમવારે મધ્ય નાગપુર વિસ્તારમાં થયેલી હિંસાની માઠી અસર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નિર્ધારિત મુલાકાત પર નહીં થાય.

ગૃહ ખાતાનો અખત્યાર સંભાળતાં ફડણવીસે કહ્યું હતું કે પોલીસ પર હુમલો કરનાર સામે સખત પગલાં ભરવામાં આવશે. સરકાર પોલીસ પર હુમલો કરનારને શોધ્યા વિના જંપશે નહીં અને તેમની સામે કડક કાર્યવાહી કરાશે. તપાસ ચાલુ હોવાથી આમાં વિદેશી કે બાંગ્લાદેશી હાથ હોવા અંગે ટીકા-ટિપ્પણ કરવી વહેલી હશે. આ બનાવને ગુપ્તચર ખાતાની વિફળતા ન કહી શકાય, જોકે ગુપ્તચર ખાતાએ માહિતી બહેતર રીતે ભેગી કરવી જોઈએ. તોફાનીઓએ મહિલા પોલીસ કોન્સ્ટેબલ પર પથ્થરમારો કર્યો હતો.

ફડણવીસે કહ્યું હતું કે કોઈ વિદેશી હાથ કે બાંગ્લાદેશી કડી તપાસમાં મળી નથી. હિંસાનો કોઈ રાજકીય એન્ગલ નથી.

નાગપુરમાં હિંસા કરનારાઓ સામે ઉત્તર પ્રદેશ સ્ટાઈલમાં કાર્યવાહી કરવામાં આવશે, એવો સવાલ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનને કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે જરૂર પડશે તો અમે બુલડોઝર ચલાવતાં પણ અચકાઈશું નહીં.

જ્યાં પણ ખોટું થઈ રહ્યું છે, તેમને કચડી નાખવામાં આવશે. કોઈને (ગુનેગારોને) બક્ષવામાં નહીં આવે, એવું તેમણે જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અશાંતિ દરમિયાન પોલીસ અધિકારીઓ પર હુમલો કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાને ગુપ્તચર નિષ્ફળતા કહી શકાય નહીં, પરંતુ ગુપ્તચર (એકઠી) વધુ સારી હોઈ શકે છે. પોલીસ સતર્ક રહેશે. અમે કોઈપણ પ્રકારની ખલેલ સહન કરીશું નહીં. તેમણે કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## ભૂપેન્દ્ર પટેલે વેજલપુર સ્ટાર્ટ અપ ફેસ્ટિવલ ૨.૦નો શુભારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા કક્ષાના સ્ટાર્ટ અપ ફેસ્ટિવલ એવા વેજલપુર સ્ટાર્ટ અપ ફેસ્ટિવલ ૨.૦નો શુભારંભ કરાવ્યો હતો. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યોજાયેલા સ્ટાર્ટઅપ એક્ઝિબિશનની મુલાકાત લીધા બાદ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ શબ્દ આજે આપણા યુવાઓની ઓળખ બન્યો છે. ક્રિએટિવ થિંકિંગ, આગવી સૂઝ અને અવનવા આઈડિયા સાથે આજના યુવાનો ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે.

તેમણે સ્ટાર્ટઅપ ક્ષેત્રની સફળતા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, મહિલાઓ પણ આજે વિવિધ સમસ્યાઓના અવનવાં સમાધાનો સ્વરૂપે નવા સ્ટાર્ટઅપ લઈને આવી રહી છે. આજે વૈશ્વિકસ્તરે આપણાં સ્ટાર્ટઅપ ઘણી સફળતા મેળવી રહ્યાં છે. સ્પેસ સહિતનાં અવનવાં ક્ષેત્રોમાં આપણા યુવાઓના સ્ટાર્ટઅપ કાઠું કાઢી રહ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વેજલપુર મતવિસ્તારમાં યોજાયેલા વિધાનસભા કક્ષાના સ્ટાર્ટઅપ ફેસ્ટિવલમાં ૧૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને તેની સાથે સંકળાયેલા ૪૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. ફેસ્ટિવલમાં પોતાના પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરવા ૪૨ સ્ટાર્ટઅપને વિનામૂલ્યે સ્ટોલ આપવામાં આવ્યા હતા. આ સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ દરમિયાન લાઈવ પીચ અને લાઈવ ફંડિંગ સ્ટાર્ટઅપ્સમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ૫૦થી વધારે ઉદ્યોગ નિષ્ણાતો દ્વારા સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ફેસ્ટિવલમાં સ્ટાર્ટઅપ્સ માટે રોકાણકારો સાથે સીધો સંપર્ક, સ્ટાર્ટઅપ પિચિંગ, ઉદ્યોગ નિષ્ણાતોનું માર્ગદર્શન, મુખ્ય માર્ગદર્શક સેશન્સ અને સ્ટાર્ટઅપ એક્સ્પો જેવી વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી. ■

## કુરુક્ષેત્રમાં મહાયજ્ઞ દરમિયાન મહાભારત

કુરુક્ષેત્રઃ આજે કુરુક્ષેત્રના કેશવ પાર્કમાં યોજાઈ રહેલા ૧૦૦૦ કુંડીય મહાયજ્ઞમાં વાસી ભોજન પીરસાયું હોવાની ફરિયાદ અંગેનો વિવાદ વધી જતા થયેલા ગોળીબાર બાદ વાતાવરણ તંગ બન્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર એવો આરોપ છે કે બ્રાહ્મણોને વાસી ભોજન પીરસવા અંગે ઝઘડો થયો હતો. વિવાદ દરમિયાન, આયોજકોના એક સુરક્ષા કર્મચારીએ ગોળી ચલાવી હતી, જે આશિષ તિવારી નામના બ્રાહ્મણને વાગી હતી અને પરિણામે પરિસ્થિતિ વધુ વણસી હતી. આશિષને ગંભીર હાલતમાં (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ પુણેના રિયલ એસ્ટેટમાં જંગી રોકાણ કરશે

### ૪.૩ એકરમાં ₹ ૨,૫૦૦ કરોડના કોમર્શિયલ પ્રોજેક્ટની યોજના

નવી દિલ્હીઃ પુણેના રિયલ એસ્ટેટમાં જંગી રોકાણ કરવાની અને રૂ. ૨,૫૦૦ કરોડના ખર્ચે ૪.૩ એકરમાં કોમર્શિયલ પ્રોજેક્ટ આરંભ કરવાની યોજના હોવાની ટ્રમ્પની કંપનીએ શુક્રવારે જાહેરાત કરી હતી. ભારતમાં કંપનીનો આ પ્રકારનો પહેલો પ્રોજેક્ટ હશે.

લક્ઝરી રેસિડન્શિયલ રિયલ એસ્ટેટ બાદ કંપની હવે કોમર્શિયલ રિયલ એસ્ટટમાં પણ પ્રવૃત્તિનો વ્યાપ વધારશે.

પુણેમાં ટ્રમ્પ વર્લ્ડ સેન્ટર તૈયાર કરવાની યોજના સાથે ટ્રમ્પની કંપની ભારતમાં તેનાં સૌપ્રથમ નોન રેસિડન્શિયલ સાહસનો આરંભ કરશે જે ભારતને અમેરિકાની બહાર ટ્રમ્પની બ્રાન્ડનું સૌથી મોટું બજાર બનાવશે. આ માટે ટ્રમ્પની કંપનીએ

(જુઓ પાનું ૨) ▸▸

## ઓનલાઈન ગેમિંગની ૩૫૭ વેબસાઈટ બ્લોક કરાઈ

### બેંન્કના ૨,૪૦૦ ખાતાને ટાંચ મરાઈ

નવી દિલ્હીઃ જીએસટી ઈન્ટેલિજન્સ અધિકારીઓએ ગેરકાયદે ઓનલાઈન ગેમિંગની ૩૫૭ વેબસાઈટ બ્લોક કરી હોવા ઉપરાંત બેન્કના ૨,૪૦૦ ખાતાંઓને ટાંચ મારી હોવાનું નાણાં ખાતાએ શનિવારે કહ્યું હતું.

બોલીવૂડની અનેક સેલિબ્રિટીઓ, ક્રિકેટરો અને સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સરો ઑનલાઈન ગેમિંગની જાહેરાતમાં ચમકતાં હોવા વચ્ચે નાણાં ખાતાએ લોકોને આ પ્રકારની ઓનલાઈન ગેમિંગ વેબસાઈટથી સાવધ રહેવાની ચેતવણી આપી હતી.

ગેમિંગ કંપનીઓ રજિસ્ટ્રેશન ન કરાવવામાં નિષ્ફળ ગઈ હોવા ઉપરાંત આવક છુપાવીને કરચોરી કરી રહી હોવાને કારણે અંદાજે ૭૦૦ જેટલી વિદેશી ઈ-ગેમિંગ કંપનીઓ ડિરેક્ટરેટ જનરલ ઑફ ગુડ્સ ઍન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ)ના રડાર હેઠળ છે.

ટ્રાન્ઝેક્શન કરવા માટે આ કંપનીઓ

(જુઓ પાનું ૨) ▸▸

## કર્ણાટકમાં બંધ પળાયો

બેંગલૂરુઃ મરાઠી ભાષા ન આવડતી હોવાને કારણે ગયા મહિને બેલગાવીમાં રાજ્ય સરકાર સંચાલિત બસના કન્ડક્ટર પર કરવામાં આવેલા કથિત હુમલાના વિરોધમાં કન્નડતરફી જૂથે કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે શનિવારે વહેલી સવારથી ૧૨ કલાકનો રાજ્યવ્યાપી બંધ પાળ્યો હતો.

રાજ્યના અનેક વિસ્તારમાં કન્નડતરફી પ્રદર્શનાર્થીઓ રસ્તા પર ઊતરી આવ્યા હતા અને દુકાનદારોને આ બંધને ટેકો આપવાની અપીલ કરી હતી. જોકે મોટાભાગની દુકાનો રોજની જેમ જ ખુલ્લી રહી હતી. બેંગલૂરુમાં પ્રદર્શનકર્તાઓ મૈસુર બેન્ક સર્કલ પાસે એકઠાં થયાં હતાં અને હાથમાં બેનરો અને પોસ્ટરો સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. અમુક પ્રદર્શનાર્થીઓએ બીએમટીસી અને કેએસઆરટીસીના બસ સ્ટેન્ડ ખાતે પ્રદર્શન કર્યું હતું.

પ્રદર્શનાર્થીઓએ બસના ડ્રાઈવરો અને કન્ડક્ટરોને બંધને ટેકો આપવાની હાકલ કરી હતી. આંદોલન તીવ્ર બનતા પોલીસે પ્રદર્શનાર્થીઓને પ્રિવેન્ટિવ કસ્ટડીમાં લીધા હતા. મૈસુરમાં કન્નડતરફી જૂથના પ્રદર્શનાર્થીઓએ બસ સ્ટેન્ડના ગેટ પાસે ધરણા પર બેસી બેંગલૂરુ

(જુઓ પાનું ૨) ▸▸

## હિંદી લેખક વિનોદકુમાર શુકલને જ્ઞાનપીઠ એવૉર્ડ

નવી દિલ્હી : ભારતનું સૌથી મોટુ સાહિત્ય સમ્માન જ્ઞાનપીઠ એવૉર્ડ જાણીતા હિન્દી લેખક વિનોદકુમાર શુકલને આપવાની શનિવારે જાહેરાત કરી હતી. જ્ઞાનપીઠ અવૉર્ડ પહેલી વાર છત્તીસગઢના લેખકને મળ્યો છે.

૮૮ વર્ષના ટૂંકી વાર્તાના લેખક, કવિ અને નિબંધકારનો સમાવેશ સૌથી મોટા સમકાલીન લેખકોમાં થાય છે. તેઓ જ્ઞાનપીઠ એવૉર્ડ મેળવનાર બારમા હિન્દી લેખક છે.

એવૉર્ડમાં ૧૧ લાખ રોકડા, વિદ્યાની દેવી સરસ્વતીની કાંસ્ય પ્રતિમા અને પ્રમાણપત્રનો સમાવેશ થાય છે.

જાણીતા કથાકાર અને જ્ઞાનપીઠ એવૉર્ડના વિજેતા પ્રતિભા રેની આગેવાની હેઠળની જ્ઞાનપીઠ પસંદગી સમિતિની બેઠકમાં ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં બે ગુજરાતીની હત્યા

અમદાવાદઃ અમેરિકામાં ફરી એક વખત બે ગુજરાતીની હત્યા કરવામાં આવી હતી. અમેરિકાના વર્જીનિયામાં બે ગુજરાતીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. વર્જીનિયામાં મોલમાં પિતા-પુત્રીને ૨ દિવસ પહેલાં એક શખસ દ્વારા માથાના ભાગમાં ગોળી મારવામાં આવી હતી. આ ઘટનામાં અમેરિકાના વર્જીનિયામાં એકોમેક કાઉન્ટીમાં ગુજરાતી પિતા-પુત્રીની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. મૃતક મૂળ મહેસાણા જિલ્લાના કનોડા ગામના હોવાની વિગતો જાણવા મળી હતી. બંને મૃતકમાં પ્રદીપકુમાર રતિલાલ પટેલ તેમ જ તેમની ૨૪ વર્ષની દીકરી ઉર્વિ પ્રદિપકુમાર પટેલનો સમાવેશ થાય છે.

મૃતકના પરિવારના સભ્યો સ્ટોરમાં બેઠા હતા, તે સમયે જ એક અશ્વેત વ્યક્તિ સ્ટોરમાં પ્રવેશ્યો હતો અને ૫૬ વર્ષીય પ્રદિપકુમાર રતિલાલ પટેલ અને ૨૪ વર્ષીય તેમની દીકરી ઉર્વિ પ્રદિપકુમાર પટેલની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હત્યાની ઘટનાની વિગતો મળ્યા બાદ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને હુમલાખોરની ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી હતી. ગુજરાતી પરિવાર પર કરવામાં આવેલા હુમલાનું કારણ જાણી શકાયું નથી. ■

## લદાખમાં ચીનનો કબજો અસ્વીકાર્ય : ભારત

નવી દિલ્હી : ચીને લદાખમાં બનાવેલી બે નવી કાઉન્ટી ભારતે સ્વીકારી નથી. ભારતે ચીનના ક્ષેત્રિય દાવાને ફગાવી દીધો છે. કેન્દ્ર સરકારે કહ્યું છે કે રાજદ્વારી માધ્યમથી ભારતે ચીન આગળ આ અંગે વિરોધ નોંધાવ્યો છે.

વિદેશ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન કીર્તિવર્ધન સિંહે કહ્યું હતું કે ભારતીય સીમામાં ચીનના ગેરકાયદે કબજાને કદી સ્વીકાર્યો નથી. સરકારે શુક્રવારે કહ્યું હતું કે ભારતને ખબર છે કે ચીને લદાખમાં આવેલા ક્ષેત્રમાં બે નવી કાઉન્ટી બનાવી છે. અને ભારતે રાજદ્વારી વર્તુળો મારફતે ગંભીર વિરોધ વ્યક્ત કર્યો છે.

પ્રધાને કહ્યું હતું કે ભારત સરકારે લદાખના ભારતીય ક્ષેત્રમાં ચીનના ગેરકાયદે કબજાને કદી સ્વીકાર્યો નથી. નવી કાઉન્ટીના સર્જનની આ વિસ્તારમાં ભારતના સાર્વભૌમત્વ અંગેના સુદીર્ઘ અને સાતત્યભર્યા વલણ પર આનો કોઈ પ્રભાવ નહીં પડે. ચીનના ગેરકાયદે અને બળપૂર્વકના કબજાને કદી કાયદેસરતા નહીં મળે. પ્રધાનને પૂછવામાં આવ્યું હતું કે શું સરકારને ખબર છે કે ભારતના લદાખ ક્ષેત્રમાં ચીને બે નવી કાઉન્ટી બનાવી છે. જો ખબર હોય (જુઓ પાનું ૨) ▸▸

## વડોદરામાં ફાટી નીકળેલાં તોફાનોના કેસમાં છ આરોપી નિર્દોષ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગોધરાકાંડ બાદ ફાટી નીકળેલાં તોફાનોના એક કેસમાં શુક્રવારે સુપ્રીમ કોર્ટે ૬ આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા હતા. સુપ્રીમે આ ઘટનાને જૂથ અથડામણ ગણાવી હતી. સુપ્રીમ કોર્ટે ટાંક્યું કે, કોર્ટની જવાબદારી છે કે, કોઈ રાહદારીને આરોપી બનાવી તેની સ્વતંત્રતા ના છીનવાય. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને મનોજ મિસરાની બેન્ચે જણાવ્યું હતું કે, આરોપી અથવા તેમની ભૂમિકાઓ અંગે કોઈ સંદર્ભ વગર નિવેદનો કરતાં સાક્ષીઓના નિવેદનો પર આધાર રાખવાના મામલે અદાલતોએ ખૂબ જ સાવચેતી દાખવવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો હતો. જેમાં નીચલી કોર્ટોના ચુકાદાને પલટાવી દેવાયો હતો. વડોદરાના વડોદ ગામમાં થયેલાં તોફાનોમાં છ લોકોને દોષિત ઠેરવાયા હતા. જ્યારે ૧૨ લોકોને નિર્દોષ છોડી મુકાયા હતા.ફરિયાદ પક્ષ તરફથી આરોપ લગાવવામાં આવ્યો હતો કે, ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ વડોદ ગામમાં તોફાનો થયાં હતાં. જેના પરિણામસ્વરૂપે સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચ્યું હતું અને પોલીસનાં વાહનોને પણ નુકસાન પહોંચાડાયું હતું.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જૂથ અથડામણના કિસ્સામાં મોટી સંખ્યામાં લોકો સામેલ હોય છે. ત્યાં કોર્ટ પર એ સુનિશ્ચિત કરવાની જવાબદારી હોય છે કે, કોઈ પણ નિર્દોષ વ્યક્તિને દોષિત ના ઠેરવાય અને તેની સ્વતંત્રતાથી તેને

(જુઓ પાનું ૨) ▸▸

## વડોદરામાં સાત માળના રહેણાક ટાવરમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના સયાજીપુરામાં વિનાયક સોસાયટી નામના સાત માળના ટાવરમાં પાંચમા માળે આગ લાગતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. મૃતક તેમના ઘરમાં સૂઈ ગયા હતા તે સમયે આગ લાગી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ હતી. પોલીસે કહ્યું હતું કે, આગનો બનાવ શોટસર્કિટને કારણે બન્યો હોવાનું પ્રાથમિક તારણ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરામાં સયાજીપુરા વિસ્તારમાં ઘરમાં આગનો બનાવ સામે આવ્યો હતો. સયાજીપુરા ટાંકી પાસે આવેલી વિનાયક સોસાયટી બી ટાવર-૫૦૬માં આગ લાગતાં ૪૩ વર્ષીય કિરણકુમાર બંસીવાલ રાણા દાઝી જતાં તેમનું મોત નીપજ્યું હતું. તેઓ ઘરમાં સૂઈ ગયા હતા તે દરમિયાન આગ લાગી હતી. પાડોશમાં રહેતા લોકોએ પોલીસ અને ફાયર વિભાગને આગ લાગી હોવાની જાણ કરતાં ફાયરની ટીમ ઘટનાસ્થળે (જુઓ પાનું ૨) ▸▸




## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૩-૩-૨૦૨૫ થી તા. ૨૯-૩-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં મીન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ મિથુન રાશિમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. વક્રી બુધ મીન રાશિમાં સ્થિર ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે. વક્રી શુક્ર મીન રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૨૪મીએ મકર રાશિમાં, તા. ૨૬મીએ કુંભ રાશિમાં, તા. ૨૮મીએ મીન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૮ શુભ જણાય છે. અર્થવ્યવસ્થા માટે સતર્કતા દાખવવી જરૂરી છે. કારોબારમાં નવું નાણાંરોકાણ સલાહભર્યું નથી. રાજકારણમાં સાવચેતી જરૂરી છે. કારોબારની નાણાંઆવક જળવાઈ રહેશે. પ્રવાસમાં મહિલાઓને સુખદ અનુભવ થાય. તીર્થયાત્રા, ધર્મકાર્યો સંપન્ન થશે. વિદ્યાર્થીઓને મિત્રોનો સહયોગ સરળતાથી સાંપડતો જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયના રોકાણની તકને અનુસરી શકશો. નવી નોકરીનો પ્રારંભ થશે. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૮ શુભ જણાય છે. તા. ૨૫મીએ ભાઈઓ સાથેના નાણાંવ્યવહાર સંપન્ન થશે. તા. ૨૮મીએ સકારી અધિકારીનો સહયોગ મેળવશો. કારોબારના નાણાંઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પરિવારના સદસ્યો કાર્યક્ષેત્રે પ્રોત્સાહક બનતા જણાશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેની તકો સફળ પુરવાર થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળ તક મેળવશો. નોકરીની મૂંઝવણો દૂર થશે. તા. ૨૩, ૨૪, ૨૮, ૨૯ શુભ જણાય છે. મોટું નાણાંરોકાણનું સાહસ જન્મકુંડળીના આધારે કરવું જરૂરી છે. પરંતુ નવા નાણાંઆવકના સાધનો પણ મેળવી શકશો. તા. ૨૮મીએ કોર્ટ-પ્રશ્નોનો ઉકેલ આવે તેમ છે. મહિલાઓ આ સપ્તાહમાં કિંમતી ચીજોની ખરીદી કરી શકશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન, માર્ગદર્શન પ્રાપ્ત થાય.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક વેપારનું કામકાજ સફળ રહેશે. નોકરી માટે તા. ૨૫, ૨૭, ૨૯ શુભ છે. નોકરીના મતભેદો દૂર થશે. કાર્યક્ષેત્રે મહેનત, પરિશ્રમના સફળ પરિણામો પણ અનુભવશો. વિદેશ સંબંધો વેપાર સફળ રહેશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસનો અનુભવ થાય. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને કઠીન અભ્યાસમાં સરળતા આવેલી જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ અને દૈનિક વેપાર સફળ જણાશે. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૮ શુભ જણાય છે. નોકરીના અધિકારીગણમાં યશસ્વી બનશો તથા હસ્તગત કામો પૂર્ણ કરી શકશો. ભાગીદારથી સફળતા પણ મેળવશો. વેપાર વધશે. નાણાંઆવક વધશે. મહિલાઓને પતિનો સહયોગ મળશે. વિદ્યાર્થીઓને કઠીન પરિશ્રમના સફળ પરિણામો પ્રાપ્ત થતાં જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયના રોકાણની તક અનુસરી શકશો. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨૯ શુભ છે. નોકરીના મિત્રો સાથેના સંપર્ક જાળવી શકશો. વેપારમાં યશસ્વી અનુભવ થાય. વેપારની નાણાં આવક વધશે. જીવનસાથી, કાર્યક્ષેત્રે પણ જોડાઈ શકશે. મહિલાઓને નોકરી તથા સ્વતંત્ર કારોબારમાં પણ સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસની તક પ્રાપ્ત કરશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ અને દૈનિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૨૭, ૨૮, ૨૯ યશસ્વી પુરવાર થશે. વેપારમાં પ્રગતિ જણાશે. વેપારના મિત્રો ઉપયોગી થાય. વેપાર અર્થેનો પ્રવાસ પણ સફળ થતો જણાશે. સપ્તાહમાં કઠિન આર્થિક વ્યવહારો પૂર્ણ કરી શકશો. નાણાંઆવક જળવાઈ રહેશે. મહિલાઓનો કારોબાર માટે ઉત્સાહ, ઉમંગ, આત્મવિશ્વાસ દઢ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શાળા-કોલેજના અભ્યાસમાં અનુકૂળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબના લે-વેંચના વેપાર અને નવા નાણાંરોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૨૫, ૨૬, ૨૯ શુભ છે. નોકરીના સહકાર્યકરોમાં યશસ્વીપણું અનુભવશો. નોકરી માટે નવી તકો પણ મેળવશો. વેપાર વધશે. મિલકતની પ્રવૃત્તિ સફળ બનશે. મહિલાઓને જરૂરી સગવડતાના સાધનો, કિંમતી ઘરવખરી મેળવવા માટે સરળતા જણાશે. વિદ્યાર્થીઓનો આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસ સફળ બનતો જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ અને વેપાર માટે માર્ગદર્શન મેળવશો. નવી નોકરીનો પ્રારંભ શક્ય છે. તા. ૨૭, ૨૮ના કામકાજમાં મહત્ત્વની સફળતા મેળવશો. સરકારી કામો, કોર્ટ-કાયદાના કામો આ સપ્તાહમાં પૂર્ણ થશે. કારોબારની નાણાંઆવક મેળવી શકશો. નાણાંની પ્રવાહિતા જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબીજનોમાં યશસ્વી અનુભવ થાય. પ્રસંગો અનુકૂળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયની જાણકારી સરળ બનતી જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લાંબા સમયના રોકાણ માટેની તક અનુસરી શકશો. નોકરીમાં સ્થાન બદલી શક્ય છે. નોકરીનો પ્રવાસ સફળ નીવડશે. જૂનાં વેપારના ઉઘરાણીના નાણાંની વસૂલી સફળ થાય. ભાઈ-બહેનો સાથેના આર્થિક વ્યવહાર પણ સંપન્ન થશે. નાણાંબચતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓના આ સપ્તાહના પારિવારિક જવાબદારીના કામકાજ સંપન્ન થતાં જણાશે. કુટુંબના સભ્યોનો સહયોગ, સહકાર વિદ્યાર્થીઓને પ્રાપ્ત થતો જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં સિદ્ધિદાયક પ્રગતિ હાંસલ કરશો. કાર્યક્ષેત્રે જરૂરી મિલકત-વાહન મેળવશો. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ પૂર્ણ થાય. જૂની ઉઘરાણીનાં નાણાંની વસૂલી થાય. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ થતાં જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની તક મેળવશો. નોકરીમાં જરૂરી નિર્ણયો લઈ શકશો. તા. ૨૫, ૨૬, ૨૮મીએ નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. રાજકારણ, જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ કરશો. નાણાંની જવાબદારીથી સંભાળવું જરૂરી છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને પરિવારના સદસ્યો પ્રાસંગિક જવાબદારીમાં ઉપયોગી થતાં જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં સફળતા અનુભવશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, રવિવાર, તા. ૨૩-૩-૨૦૨૫

ભારતીય દિનાંક ૨, માહે ચૈત્ર, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૯

જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૯

પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬

મીસરી રોજ ૨૪મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬

નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૭ સુધી, પછી ઉત્તરાષાઢા.

ચંદ્ર ધનુમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૩, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ સાંજે ક. ૧૮-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૯ (તા. ૨૪)

ઓટઃ સવારે ક. ૧૧-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૧ (તા. ૨૪)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - નવમી. શુક્રનો પૂર્વમાં ઉદય થાય છે.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી પૂજન, જાપ, હવન, પરગામ પ્રયાણ મધ્યમ, માલ વેંચવો, નિત્ય થતાં મિલકત લેવડદેવડ પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ.

આચમનઃ શુક્ર-સૂર્ય યુતિ લાગણીભર્યો સ્વભાવ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ અવિચારી

ખગોળ જ્યોતિષઃ શુક્ર-સૂર્ય યુતિ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ (તા. ૨૪), શુક્રનો પૂર્વમાં ઉદય થાય છે.

ગોચરગ્રહોઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૩-૩-૨૦૨૫ થી તા. ૨૯-૩-૨૦૨૫

રવિવાર, ફાગણ વદ-૯, વિ. સં. ૨૦૮૧, તા. ૨૩મી માર્ચ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૭ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. શુક્રનો પૂર્વમાં ઉદય થાય છે. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, ફાગણ વદ-૧૦, તા. ૨૪મી નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૬ સુધી, પછી શ્રવણ. ચંદ્ર ધનુમાં સવારે ક. ૧૦-૨૪ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. ભદ્રા સાંજે ક. ૧૭-૨૬થી મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૫. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, ફાગણ વદ-૧૧, તા. ૨૫થી, નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૮ સુધી, પછી ધનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. પાપમોચિની એકાદશી (ચારોળી). શુભ દિવસ.

બુધવાર, ફાગણ વદ-૧૨, તા. ૨૬મી, નક્ષત્ર ધનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૯ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં બપોરે ક. ૧૫-૧૪ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. તિથિવાસર સવારે ક. ૦૯-૧૫ સુધી, પંચક પ્રારંભ ક. ૧૫-૧૪ સુધી. શુભ દિવસ.

ગુરુવાર, ફાગણ વદ-૧૩, તા. ૨૭મી, નક્ષત્ર શતભિષા મધ્યરાત્રે ક. ૨૪-૩૩ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, શિવરાત્રિ, વારુણીયોગ સૂર્યોદયથી સૂર્યાસ્ત, ગંગા, ગોદાવરી, તીર્થમાં સ્નાન, ઉપવાસ, મંત્રસિદ્ધિ, યંત્રસિદ્ધિ, જપ, તપ, દાન, ગુરુ દત્તાત્રેય વિશેષરૂપે પૂજા, શિવપરિવાર પૂજા, પંચક, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૦૩. શુભ દિવસ, પ્રદોષ શિવરાત્રિ અને વારુણીયોગ તીર્થવાસ, તીર્થસ્નાન, ધર્મકાર્યનો શ્રેષ્ઠ યોગ.

શુક્રવાર, ફાગણ વદ-૧૪, તા. ૨૮મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૨-૦૮ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સાંજે ક. ૧૬-૨૭ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. પંચક, ભદ્રા સમાપ્તિ ક. ૦૯-૩૨. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, ફાગણ વદ-30, તા. ૨૯મી, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૬ (તા. 30મી) સુધી પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, અન્વાધાન, મન્વાદિ, ખંડગ્રાસ સૂર્યગ્રહણ (ભારતમાં નહીં દેખાય), પંચક, શનિ મીનમાં ૨૧-૪૦. શુભ કાર્ય વર્જ્ય છે.

# હરિયાણાઃ જેજેપી નેતા રવીન્દ્ર મીણાની ગોળી મારી હત્યા કરાઈ

પાણીપતઃ હરિયાણાના પાણીપતમાં જનનાયક જનતા પાર્ટી (જેજેપી)ના નેતા રવીન્દ્ર મીણાની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

શુક્રવારે સાંજે લગભગ ૭.૩૦ વાગ્યે જેજેપીનાં યુવા નેતા રવીન્દ્ર મીણાની તેમના પાડોશીએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી.

રવીન્દ્રની સાથે અન્ય બે લોકોને પણ ગોળી વાગી હતી.

પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું છે કે રવીન્દ્રની ભાભીના લગ્ન રણબીરના સાળા સાથે થયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી બંને વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો.

સંબંધીઓએ જણાવ્યું કે આરોપી રણબીર સાંજે રવીન્દ્રના પાડોશી રાજબીરના ઘરે આવ્યો હતો. આવતાની સાથે જ તેણે તેની પાસે પાણી માંગ્યું હતું.

આ દરમિયાન વિનય પણ ત્યાં પહોંચી ગયો હતો. એવો આરોપ છે કે રણબીરે આવતાની સાથે જ વિનયના પેટમાં પિસ્તોલથી ગોળી મારી દીધી હતી.

ગોળીનો અવાજ સાંભળીને રવીન્દ્ર અને વિનીત પણ ત્યાં પહોંચી ગયા હતા. રણબીરે રવીન્દ્રના કપાળ પર ગોળી મારી હતી અને બીજી ગોળી વિનીતના પેટ પર મારી હતી.

ઘટના બાદ આરોપી રણબીર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પરિવાર ત્રણેયને સિવાહ ગામની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. જ્યાં ડોક્ટરે રવીન્દ્રને મૃત જાહેર કર્યો હતો.

પાણીપતના ડીએસપી સુરેશ કુમાર સૈનીનું કહેવું છે કે વિકાસ નગરમાં રવીન્દ્ર સહિત ત્રણ લોકોને ગોળી મારી દેવામાં આવી છે. આમાં રવીન્દ્રનું મૃત્યુ થયું છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોર્ચ્યુરીમાં રાખવામાં આવ્યો છે. પરિવારના સભ્યોના નિવેદન પર કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોપીઓની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

# હિંદુઓ પરના અત્યાચાર રોકવા યુએન દરમિયાનગીરી કરે : આરએસએસ

બેંગલુરુ : બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારની સંયુક્ત રાષ્ટ્રસંઘે ગંભીર નોંધ લેવી જોઈએ એવો અનુરોધ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની પ્રતિનિધિસભાએ કર્યો હતો. સંઘની બેઠકમાં મંજૂર કરવામાં આવેલા ઠરાવમાં કહેવામાં આવ્યું હતું કે અમુક આંતરરાષ્ટ્રીય તાકાતો જાણીબુઝીને ભારતના પડોશી ક્ષેત્રમાં અવિશ્વાસ અને ટકરાવનું વાતાવરણ સર્જે છે.આ પરિબળો એક દેશને બીજા દેશ સામે ઊભો કરીને અસ્થિરતા ફેલાવાનો પ્રયાસ કરે છે. પ્રતિનિધિસભાનો મત છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સમુદાયે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને બીજી લઘુમતી સાથે થઈ રહેલા અમાનવીય વ્યવહારની ગભીર નોંધ લેવી જોઈએ અને બાંગ્લાદેશ સરકાર પર હિંસક ગતિવિધિઓ રોકવાનું દબાણ લાવવું જોઈએ. સંઘે આ અંગે એક ઠરાવ મંજૂર કર્યો છે અને બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયને પડખે ઊભા રહેવાનો અનુરોધ કર્યો છે. સંઘે આ બાબતમાં યુએન હસ્તક્ષેપ કરે એવી માગણી કરી છે.

ઠરાવમાં કહેવામાં આવ્યું તે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને લઘુમતીઓના માનવ અધિકારનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ ચિંતાકારક બાબત છે. બાંગ્લાદેશમાં હિન્દુઓની વસ્તી ૧૯૫૧માં ૨૨ ટકા હતી જે હવે ઘટીને સાત ટકા થઈ છે. અખિલ ભારતીય પ્રતિનિધિસભા બાંગ્લાદેશમાં હિન્દુ અને બીજી લઘુમતીઓ પર ઈસ્લામી કટ્ટરપંથી તત્ત્વો દ્વારા સતત થતા જુલમ પર ઊંડી ચિંતા વ્યક્ત કરે છે . આ દેખીતી રીતે માનવઅધિકારનો ભંગ છે.

ઠરાવમાં વધુમાં લખવામાં આવ્યું હતું કે બાંગ્લાદેશમાં સત્તાપલટો થયા પછી મઠ-મંદિરો, દુર્ગા પૂજા પંડાલો અને શિક્ષણ સંસ્થાનો પર હુમલા, મૂર્તિના અનાદર, હત્યા, મહિલાઓના અપહરણ અને અત્યાચાર, બળાત્કાર. બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન જેવી અનેક ઘટના સતત પ્રકાશમાં આવી રહી છે. આને રાજકીય ઘટનાઓ તરીકે નકારી કાઢવું અને એના ધાર્મિક પક્ષની ઉપેક્ષા કરવી એ સત્યથી વિમૂખ કરવા જેવું છે, કારણ કે મોટા ભાગના પીડીતો હિન્દુ અને લઘુમતી સમુદાયથી છે.

# વડતાલ સ્વામિનારાયણ મંદિરનું વધુ એક પુસ્તક વિવાદમાં, દ્વારકાધીશ પર સવાલ ઉઠાવ્યા, માલધારી સમાજમાં રોષ

અમદાવાદઃ વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાય ફરી વિવાદનાં વમળમાં આવ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના વધુ એક પુસ્તકના કારણે વિવાદ સર્જાયો છે. શ્રીજી સંકલ્પમૂર્તિ સદગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતોનું પુસ્તક છે. પુસ્તકમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, દ્વારકામાં ભગવાન ક્યાંથી હશે? ભગવાનનાં દર્શન કરવા હોય તો વડતાલ જાવ તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ લખાણના કારણે ભારે વિવાદ સર્જાયો છે.

પુસ્તકમાં લખવામાં આવેલ લખાણના કારણે ફરી ભારે વિવાદ ઊભો થવા પામ્યો છે. પુસ્તકમાં વિવાદિત લખાણથી માલધારી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમ જ માલધારી સમાજ દ્વારા માંગ કરવામાં આવી હતી કે, વડતાલના પુસ્તકમાં દેવી-દેવતાનું અપમાન કરવામાં આવ્યું છે. વિવાદિત લખાણવાળું પુસ્તક પાછું ખેંચાય. સમાજ દ્વારા એવી પણ માંગ કરવામાં આવી હતી કે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો દ્વારકામાં આવી માફી માંગે. તેમ જ તમામ સમાજને સાથે રાખીને ઉગ્ર વિરોધની ચીમકી ઉચ્ચારી હતી.

આ બાબતે માલધારી આગેવાન રાજુ ઝુંઝાએ જણાવ્યું હતું કે, પુસ્તકમાં એવું લખવામાં આવ્યું છે કે, દ્વારકામાં ભગવાન છે જ નહી, વડતાલમાં ભગવાન છે. તો આ કઈ રીતે સાબિત કરી શકે કે વડતાલમાં ભગવાન છે. આવાં વિવાદિત નિવેદનો કરી હિંદુ સમાજ સમગ્ર સમાજમાં વૈમનસ્ય ઊભું કરવામાં આવી રહ્યું છે. હિંદુ સમાજ આવું સાંખી નહીં લે. હિંદુ સમાજ કે સર્વ સમાજ સાંખી નહી લે. ભગવાન જે કૃષ્ણ છે તે સમગ્ર સમાજના અધિપતિ જે ૧૮ વર્ણનાં આરાધ્ય દેવ છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો આવા હિંદુ દેવી-દેવતાઓને નીચાં દેખાડી સમાજમાં વૈમનસ્ય ઊભું કરી રહ્યા છે. તેમ જ સ્વામિનારાયણ સંતો દ્વારા પુસ્તકોને પરત ખેંચી લેવામાં આવે તેમ જ દ્વારકા જઈ માફી માંગવામાં આવે.

# સોમનાથ મંદિર નજીક દબાણો પર બુલડોઝર ફર્યું

અમદાવાદઃ સોમનાથ મંદિર નજીક નવા રામ મંદિર સામે આવેલા રુદ્રેશ્વર મહાદેવ મંદિરની આસપાસ આવેલાં દબાણો દૂર કરવાની કાર્યવાહી ૨૨ માર્ચે શરૂ કરવામાં આવી હતી. સોમનાથ મહાદેવ મંદિર નજીક વિવાદિત જમીન પર બાંધવામાં આવેલાં ૪૦ જેટલાં મકાનોને વહીવટી તંત્ર દ્વારા ખાલી કરાવવાની કામગીરી વહેલી સવારથી શરૂ કરવામાં આવી હતી. સોમનાથ ટ્રસ્ટની માલિકીની સર્વે નંબર ૩૭/૧માં આવેલી કુલ ૩૪,૬૪૪ ચોરસ ફૂટ પ્રતિવાદિત જમીનમાં આવેલા ૪૦થી વધુ રહેણાક મકાનમાં ૧૫૦ જેટલા લોકો વસવાટ કરતા હતા.

## પહેલા પાનાનું ચાલુ

### ફડણવીસ

સીસીટીવી ફૂટેજ અને વીડિયો રેકોર્ડિંગના વિશ્લેષણ બાદ અત્યાર સુધીમાં ૧૦૪ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી છે. કાયદા મુજબ ૧૨ સગીરો સહિત ૯૨ લોકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છત્રપતિ સંભાજીનગરમાં ઔરંગઝેબની કબર દૂર કરવાની માગણી સાથે વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ધાર્મિક શિલાલેખોવાળી ચાદર સળગાવવામાં આવી હોવાની અફવા ફેલાતાં ૧૭ માર્ચે હિંસા ફાટી નીકળી હતી. આ અથડામણોના પરિણામે શહેરના અનેક ભાગોમાં વ્યાપક પથ્થરમારો અને આગચંપી થઈ હતી, જેમાં ત્રણ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ-કક્ષાના અધિકારીઓ સહિત ૩૩ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.

ફડણવીસે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ૩૦ માર્ચે નાગપુરની સુનિશ્ચિત મુલાકાત યોજના મુજબ આગળ વધશે, હિંસાથી કોઈ અસર થશે નહીં.

નાગપુર હિંસા દરમિયાન નુકસાન પામેલી મિલકતોની કિંમત તોફાનીઓ પાસેથી વસૂલવામાં આવશે અને જો વળતર ચૂકવવામાં નિષ્ફળતા મળશે તો નુકસાનની ભરપાઈ કરવા માટે તેમની મિલકતો જપ્ત કરીને વેચી દેવામાં આવશે, એવું તેમણે જણાવ્યું હતું.

મારી સરકાર જ્યાં સુધી પોલીસ પર હુમલો કરવા બદલ જવાબદારોને શોધી કાઢવામાં નહીં આવે અને તેમની સામે કડક કાર્યવાહી ન થાય ત્યાં સુધી શાંત નહીં રહે, એવું ફડણવીસે કહ્યું હતું. આ ઉપરાંત તપાસ ચાલી રહી હોવાથી રમખાણો સાથે વિદેશી કે બાંગ્લાદેશી લિંક પર ટિપ્પણી કરવી હજુ વહેલું ગણાશે કારણ કે તપાસ ચાલી રહી છે.

#### માલેગાંવ કનેક્શન છે

માલેગાંવ કનેક્શન (હિંસા)માં જોઈ શકાય છે, કારણ કે આરોપીઓમાંથી એક માલેગાંવના એક રાજકીય પક્ષનો છે જે તોફાનીઓને મદદ કરતો જોઈ શકાય છે. આવું તેમણે રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરાયેલા માઈનોરિટી ડેમોક્રેટિક પાર્ટીના નેતા ફહીમ ખાનનું નામ લીધા વિના કહ્યું.

#### ૬૮ સોશિયલ મીડિયા પોસ્ટ શોધવામાં આવી

ફડણવીસે કહ્યું કે જે લોકોએ સોશિયલ મીડિયા પર પરિસ્થિતિને વધુ ખરાબ કરવા માટે ભડકાઉ પોસ્ટ ફેલાવી હતી તેમને રમખાણોના કેસમાં સહ-આરોપી બનાવવામાં આવશે કારણ કે તેઓએ લોકોને ઉશ્કેરવામાં મદદ કરી હતી. આવી ૬૮ સોશિયલ મીડિયા પોસ્ટ ઓળખી કાઢવામાં આવી છે અને કાઢી નાખવામાં આવી છે, એવું તેમણે ઉમેર્યું હતું. (એજન્સી)

### લદાખમાં ચીનનો કબજો

તો ભારતે શું વ્યૂહાત્મક અને રાજદ્વારી પગલાં લીધાં છે. આના જવાબમાં પ્રધાને કહ્યું હતું કે ચીને બે નવી કાઉન્ટી રચી છે એનાથી ભારત વાકેફ છે. આ કાઉન્ટીનો અમુક ભાગ ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના કાર્યક્ષેત્રમાં આવે છે.

પ્રધાને કહ્યું હતું કે સરકાર સરહદી વિસ્તારમાં માળખાકીય સુવિધા ઊભી કરવા ખાસ ધ્યાન આપે છે. સરકાર ભારતની સુરક્ષા અંગેની બધી હિલચાલ પર નજર રાખે છે અને તેના સાર્વભૌમત્વ અને ક્ષેત્રિય અખંડિતતા જાળવી રાખવા બધાં જરૂરી પગલાં લે છે.

### વડોદરામાં સાત માળના

પહોંચી હતી અને આગને કાબૂમાં લેવા પ્રયાસો હાથ ધર્યા હતા.

પોલીસ અધિકારી એમ આર સાંગડાએ જણાવ્યું હતું કે, જે મકાનમાં આગ લાગી હતી ત્યાં મૃતકનો મૃતદેહ પલંગ પરથી મળ્યો હતો. જેથી એવું લાગે છે કે તેઓ ઊંઘમાં હતાં અને આ ઘટના બની હતી. તેમણે કહ્યું હતું કે, મૃતક એક ખાનગી કંપનીમાં કામ કરતા હતા અને આગ લાગવાની ઘટના બની ત્યારે તેઓ ફ્લેટમાં એકલા હતા. તેમની પત્ની કામ પર ગયાં હતાં. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, આ ઘટનામાં પ્રાથમિક રીતે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જણાય છે. આગ લાગવાનાં ચોક્કસ કારણો જાણવા માટે એફએસએલની ટીમો તપાસ કરી રહી છે. બાપોદ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### ટ્રમ્પ

ભારતસ્થિત ટ્રીબિકા ડેવલપર્સ અને કુંદન સ્પેસિસ સાથે જોડાણ કર્યું છે.

કોમર્શિયલ રિયલ એસ્ટેટમાં પ્રવેશ કંપનીના ભારત સાથેના વ્યૂહના નવા તબક્કાના સંકેત આપે છે. લક્ઝરિયસ ઘરની સાથે પ્રીમિયમ ઑફિસ તૈયાર કરવાની ટ્રમ્પની કંપનીની યોજના છે.

એક્ઝિક્યૂટિવ વાઈસ પ્રેસિડન્ટ ઍરિક ટ્રમ્પે કહ્યું હતું કે ભારતે ટ્રમ્પ બ્રાન્ડને ભારે ઉત્સાહપૂર્વક વધાવી લીધી છે. ભારતમાં અનેક મહત્ત્વના સફળ રેસિડન્શિયલ પ્રોજેક્ટ બાદ પ્રથમ કોમર્શિયલ પ્રોજેક્ટ લૉન્ચ કરતાં અમે ગર્વ અનુભવી રહ્યા છીએ.

મુંબઈ, પુણે, ગુરગાંવ અને કોલકાતા એમ ચાર સ્થળે લક્ઝરી રેસિડન્શિયલ ટ્રમ્પ ટાવરનું નિર્માણ કર્યા બાદ કંપની હવે આવનારાં દસ વર્ષમાં બ્રાન્ડનાં નવા દસ પ્રોજેક્ટ સાથે ભારતમાં કંપનીની પ્રવૃત્તિનો વ્યાપ વધારવા માગે છે.

કંપની નોઈડા, હૈદરાબાદ, બેંગલૂરુ, મુંબઈ, ગુરગાંવ અને પુણેમાં ઑફિસ, ગોલ્ફ કોર્સ, વિલા વગેરેનું નિર્માણ કરવા માગે છે.

ટ્રમ્પની કંપનીએ ભારતના રિયલ એસ્ટે ક્ષેત્રમાં ૧૫ વર્ષ અગાઉ પ્રવેશ કર્યો હતો. (એજન્સી)

### કુરુક્ષેત્રમાં મહાયજ્ઞ

લોકનાયક જયપ્રકાશ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

આ પછી બ્રાહ્મણો યજ્ઞશાળામાંથી બહાર આવ્યા હતા અને તોડફોડ અને પથ્થરમારો શરૂ કર્યો હતો.

રોષે ભરાયેલા બ્રાહ્મણોએ મહાયજ્ઞની યજ્ઞશાળાનો મુખ્ય દરવાજો તોડી નાખ્યો હતો. રસ્તા પરનાં બેનરો અને હોર્ડિંગ્સ પણ લાકડીઓ અને પથ્થરોથી ફાડી નાખવામાં આવ્યાં હતાં. પછી તેઓએ થીમ પાર્કની બહાર કુરુક્ષેત્ર-કૈથલ રોડ બ્લોક કરી દીધો. તેઓએ ત્યાંથી પસાર થતાં વાહનોને બળજબરીથી રોકવાનું શરૂ કર્યું હતું.

પથ્થરમારાની માહિતી મળતા જ કુરુક્ષેત્ર પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી. પોલીસે બ્રાહ્મણોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે તેઓ માન્યા નહીં, ત્યારે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હતો અને બ્રાહ્મણોને ત્યાંથી દૂર કર્યા હતા. જોકે, બ્રાહ્મણો હજુ પણ રસ્તો રોકીને બેઠા છે.

હાલમાં, ઘટનાસ્થળે ભારે પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યું છે અને પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### હિંદી લેખક વિનોદકુમાર શુકલ

છે. સમિતિએ એક નિવેદનમાં કહ્યું હતું કે જ્ઞાનપીઠ અવૉર્ડ મેળવનાર વિનોદ કુમાર શુકલ છત્તીસગઢના પહેલા લેખક છે. હિન્દી સાહિત્યમાં ઉલ્લેખનીય યોગદાન આપવા માટે તથા સર્જનાત્મક અને લાક્ષણિક શૈલી માટે તેમને જ્ઞાનપીઠ અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

વિનોદને ૧૯૯૯માં તેમના પુસ્તક 'દીવાર મેં એક ખિડકી રહતી થી' માટે સાહિત્ય અકાદમી એવૉર્ડ એનાયત થયો હતો. (એજન્સી)

### ઓનલાઈન ગેમિંગ

બનાવટી બેન્ક ખાતાઓનો ઉપયોગ કરતી હોવાનું તપાસ દરમિયાન પ્રકાશમાં આવ્યું હતું. આ નાણાંનો ઉપયોગ ગેરકાયદે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતો હોવાનું માનવામાં આવે છે.

રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ડીજીજીઆઈએ આવા ૧૬૬ ખાતા બ્લોક કરી દીધા હોવાનું તેમણે કહ્યું હતું.

ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજીના સહકારથી ડીજીજીઆઈએ અત્યાર સુધીમાં ગેરકાયદે ઑપરેટ કરતી ૩૫૭ જેટલી ઈ-ગેમિંગ કંપનીઓની વેબસાઈટ બ્લોક કરી છે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

અન્ય બે અલગ કેસમાં ડીજીજીઆઈએ સંયુક્ત કાર્યવાહી કરી અંદાજે ૨,૪૦૦ બેન્ક ખાતા બ્લોક કરી રૂ. ૧૨૬ કરોડ ફ્રીઝ કરી દીધા હતા.

તપાસ દરમિયાન એ પણ જાણવા મળ્યું હતું કે અમુક ભારતીય નાગરિકો વિદેશમાં રહીને ઑનલાઈન ગેમિંગની વેબસાઈટનું સંચાલન કરતા હતા અને સદગુરુ, મહાકાલ, અભિ-૨૪૭ જેવા ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ મારફતે ભારતીય ગ્રાહકોને આકર્ષવાનું, પ્રોત્સાહન આપવાનું અને બનાવટી ખાતા મારફતે તેમની પાસેથી રૂપિયા એકત્ર કરવાનું કામ કરતા હતા.

જીએસટી કાયદા અંતર્ગત ઓનલાઈન ગેમિંગનું સપ્લાય ઑફ ગુડ્સ શ્રેણીમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે અને તે ૨૮ ટકા કરવેરાને પાત્ર છે.

આ ક્ષેત્રમાં કાર્યરત કંપનીઓએ જીએસટી અંતર્ગત રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

અનેક કંપનીઓ રજિસ્ટ્રેસન કરાવતી ન હોવાને કારણે દરેકને સ્પર્ધાત્મક પ્લેટફોર્મ નથી મળતું જેને લીધે સ્થાનિક વેપારને નુકસાન થાય છે.

નવી વેબસાઈટનું નિર્માણ કરીને આ અનૈતિક વિદેશી કંપનીઓ નિયમોનું ઉલ્લંઘન કરી છેતરપિંડી કરે છે.

આઈપીએલ શરૂ થઈ રહી હોવા વચ્ચે ડીજીજીઆઈ દ્વારા આ પ્રકારની કંપનીઓ વિરુદ્ધ વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. (એજન્સી)

### કર્ણાટકમાં બંધ પળાયો

સહિત અન્ય વિસ્તારોમાં જતી બસને અટકાવી હતી.

મૈસુરમાં કેએસઆરટીસીની બસ રોકવાનો પ્રયાસ કરનાર કન્નડતરફી જૂથના લોકોને પ્રિવેન્ટિવ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

દેવાંગરેમાં પણ પ્રદર્શનાર્થીઓ વિરોધ કરવા રસ્તા પર ઉતરી આવ્યા હતા. (એજન્સી)

### વડોદરામાં ફાટી નીકળેલાં તોફાનો

વંચિત ના રખાય. આવા લોકો માત્ર દર્શક હોય છે, પરંતુ સાક્ષીઓને તે એકઠી થયેલી ભીડનો હિસ્સો લાગે છે. રેકોર્ડ પર રહેલા સાક્ષીઓ મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા તેવા તથ્યને રજૂ કરે છે.

# અમદાવાદના જુહાપુરામાં હિસ્ટ્રીશીટર મોહમ્મદ મુશીર-નાસીર ખાનના ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાડાસાત હજાર કરતાં વધુ અસામાજિક તત્ત્વોનું લિસ્ટ તૈયાર કરાયા બાદ તેમનાં ગેરકાયદે બાંધકામો જમીનદોસ્ત કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં સતત ત્રીજા દિવસે માથાભારે તત્ત્વોની ગેરકાયદે મિલકતોને જમીન દોસ્ત કરવામાં આવી હતી. જુહાપુરા અને સરખેજ વિસ્તારના હિસ્ટ્રીશીટર છાપ ધરાવતા મોહમ્મદ મુશીરની ગેરકાયદે મિલકતો પર તવાઈ બોલાવવામાં આવી હતી. ફતેવાડી કેનાલ પાસે આવેલા ઈસ્માઈલ પેલેસ જે 'મુશીર હવેલી' તરીકે જાણીતી હતી, એના પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. મુશીર અને તેની ટોળકી સામે નોંધાયેલા ગુનાઓનું લાંબું લિસ્ટ છે. મોહમ્મદ મુશીર પર જુગાર, આર્મ ઍક્ટ સહિતના અનેક ગુનાઓ નોંધાઇ ચૂકયા છે. વેજલપુર વિસ્તારમાં ખંડણી, જમીન, મકાન કે દુકાન પડાવી લેવા સહિતની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો. મોહમ્મદ મુશીરના સાગરીતો પર પણ કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદમાં મક્તમપુરા ખાતે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી છે. ફતેવાડી કેનાલ પાસે કુખ્યાત નાસીર ખાનનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું. પોલીસ અને કોર્પોરેશન દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદમાં શહેર કોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ સક્રિય આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ત્રણ આરોપીઓના ઘરે ગેરકાયદેસર વીજ જોડાણને લઇને કાર્યવાહી કરવામાં આવી હતી. અયુબ હુસૈન ઉર્ફે પતલી, સોએબ હુસૈન ઉર્ફે કોયલ તેમ જ અરબાઝ સલીમ ઘાંચીના ઘરેથી ગેરકાયદેસર વીજ જોડાણ ઝડપાયું હતું. ટોરેન્ટના અધિકારીઓએ શહેરકોટડા પોલીસ સાથે રાખી ગેરકાયદેસર વીજ જોડાણ દૂર કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં અસામાજિક તત્ત્વો દ્વારા હિંસા બાદ પોલીસ એકશનમાં આવી છે. ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાયે ૧૦૦ કલાકની અંદર અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરીને કડક પગલા ભરવા આદેશ આપ્યો હતો. શહેર પોલીસે ૪૯ પોલીસ સ્ટેશનોમાંથી કુલ ૯૬૯ અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરી છે, જેમાં ૨૮૭ દારૂના દાણચોરો, છ જુગારીઓ, ૨૪૯ હુમલા જેવા શારીરિક ગુનાઓમાં સંડોવાયેલા, ૪૧૯ મિલકત સંબંધિત ગુનાઓ (જેમ કે દબાણ)માં સામેલ અને આઠ અન્ય અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકોનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં આપ સંગઠનમાં ધરખમ ફેરફાર

## ગોપાલ રાયને પ્રભારી, દુર્ગેશ પાઠકને સહપ્રભારીની જવાબદારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીની પોલિટિકલ અફેર્સ કમિટી (પીએસી)ની મહત્ત્વની બેઠક પાર્ટી સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના ઘરે યોજાઈ હતી. આ બેઠકમાં અનેક દિગ્ગજ નેતાઓને મોટી જવાબદારી સોપવામાં આવી હતી. જેમાં ગોપાલ રાયને ગુજરાતના પ્રભારી જ્યારે દુર્ગેશ પાઠકને સહપ્રભારી બનાવવામાં આવ્યા હતા.

ગુજરાતના પ્રભારી તરીકે નિયુક્તિ થયા બાદ આમ આદમી પાર્ટી નેતા ગોપાલ રાયે કહ્યું હતું કે, આજે પાર્ટીએ નિર્ણય લીધો છે કે સમગ્ર દેશમાં સંગઠન વિસ્તારનું કામ તેજ કરાશે. પાર્ટી એવા રાજ્યોમાં કામ કરવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે જ્યાં ચૂંટણી થવાની છે અને પાર્ટી પૂરી તાકાત સાથે ચૂંટણી લડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલના ઘર પર થયેલી આ બેઠકમાં સંગઠન મહાસચિવ સંદીપ પાઠક, મનિષ સિસોદીયા, ગોપાલ રાય, આતિશી, ઈમરાન હુસૈન, પંકજ ગુપ્તા, સાંસદ એનડી ગુપ્તા અને રાઘવ ચઢ્ઢા હાજર રહ્યા.

# ગુજરાતમાં ૨૦૨૫માં થનારી વસતિ ગણતરીમાં સિંહોની સંખ્યા સત્તાવાર ૯૦૦ થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સિંહ માત્ર ગીર પૂરતા જ મર્યાદિત નથી રહ્યા. તેઓ ગીરની આસપાસના વિસ્તારો અમરેલી, ભાવનગર અને ચોટીલા સુધી પહોંચી ગયા છે. ૨૦૨૫માં થનારી સિંહોની વસ્તી ગણતરી અંગે વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ વર્ષે ૧૦થી ૧૩ મે સુધી સિંહોની વસ્તી ગણતરી થશે. આ આંકડો સત્તાવાર રીતે ૯૦૦ને સ્પર્શી શકે છે. ગણતરીનો અંતિમ આંકડો જૂનમાં જાહેર થશે. સિંહોએ ગીર સિવાય અનેક જગ્યાએ તેમના રહેઠાણ બનાવ્યા છે, તેથી બિનસત્તાવાર અંદાજ ૧૪૦૦થી ૧૫૦૦ની વચ્ચે હોઈ શકે છે.

૨૦૨૦ની વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં ૬૭૪ સિંહ નોંધાયા હતા. જોકે આંતરિક ગણતરી વખતે ૧૦૦૦ની આસપાસ સંખ્યા નોંધાઈ હતી. વન અધિકારીઓ દરેક પૂનમે સિંહોની માસિક વસ્તી ચેક કરે છે, જેમાં એક વર્ષથી ઓછી ઉંમરના સિંહબાળને ઓબ્ઝર્વ તરીકે નોંધ કરવામાં આવે છે. નિષ્ણાતો મુજબ, વન વિભાગ પણ બાળ સિંહની સંખ્યા જાહેર કરવામાં ઢીલાશ દાખવે છે, કારણકે બાળ સિંહમાં મૃત્યુદર ખૂબ ઊંચો હોય છે. જો ઓબ્ઝર્વેશન દરમિયાન ૧૦૦ સિંહ બાળ જોવા મળે તો ગણતરીમાં માત્ર ૫૦ ટકા જ દેખાય છે.

સૌરાષ્ટ્રમાં સિંહોનો રહેણાક વિસ્તાર વિસ્તરી રહ્યો છે. ૨૦૧૫માં તેમનો વિસ્તાર ૨૨,૦૦૦ ચોરસ કિ.મી. હતો જે વધીને ૨૦૨૦માં ૩૦૦૦૦ ચોરસ કિ.મી થયો છે. ૫ વર્ષમાં સિંહના રહેણાક વિસ્તારમાં ૩૬ ટકાનો વધારો થયો છે. તાજેતરમાં દીવ, જેતપુર અને રાજકોટ શહેરની આસપાસના વિસ્તારોમાં સિંહ જોવા મળ્યા હતા. સોમનાથ અને દીવમાં દરિયાકિનારે સિંહના આંટાફેરાના વીડિયો વાઇરલ થયા હતા.

વન્યજીવન નિષ્ણાતના કહેવા મુજબ, સિંહોની વસ્તી અંદાજ કરતાં ઘણી વધારે છે. ૧૬૫ સિંહ બાળ અને ૩થી ૪ વર્ષના સિંહના મોતના અહેવાલો અને ૧૦થી ૧૫ ટકાના પ્રમાણભૂત વસ્તી મૃત્યુદરને લાગુ કરવાના આધારે સિંહોની કુલ વસ્તી ૧૧૦૦થી ૧૬૫૦ વચ્ચે હોઇ શકે છે.

# ૮ એપ્રિલે અમદાવાદમાં સરદાર સ્મારક ખાતે કૉંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક

## ૯મીએ રિવરફ્રન્ટ ખાતે અધિવેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લગભગ ૬૪ વર્ષ બાદ કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન આગામી તા. ૮ અને ૯ એપ્રિલના રોજ અમદાવાદમાં યોજાશે. ત્રિ દિવસીય યોજાનાર આ કાર્યક્રમની શરૂઆત તા. ૭ એપ્રિલથી થશે. તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ યોજાનાર કૉંગ્રેસનું આ રાષ્ટ્રીય અધિવેશન ખૂબ મહત્વપૂર્ણ છે. અધિવેશનની પૂર્વ તૈયારી રૂપે ગુજરાતમાં રાષ્ટ્રીય નેતાઓનું આગમન શરૂ થઈ ગયું છે. આ દરમિયાન કૉંગ્રેસનાં રાષ્ટ્રીય અધિવેશનનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો.

ગુજરાત કૉંગ્રેસનાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે માહિતી આપતા કહ્યું હતું કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિત કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ૮ એપ્રિલે કૉંગ્રેસ કાર્યકારી સમિતિ (સીડબલ્યુસી)ની બેઠકમાં હાજરી આપશે. સીડબલ્યુસીની બેઠક બાદ ૯ એપ્રિલે ઓલ ઈન્ડિયા કૉંગ્રેસ સમિતિ (એઆઈસીસી)નું સત્ર યોજાશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કૉંગ્રેસની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા સીડબલ્યુસીની બેઠક ૮ એપ્રિલે સવારે ૧૧:૩૦ વાગ્યે શાહીબાગ વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક સંકુલમાં યોજાશે. આ બેઠકમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સહિત અનેક મોટા નેતાઓ હાજરી આપશે. કૉંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો તેમજ પાર્ટીના પ્રદેશ પ્રમુખો પણ આ બેઠકમાં હાજરી આપશે. ૮ એપ્રિલની બેઠક બાદ પાર્ટીના નેતાઓ સાંજે શહેરના સાબરમતી આશ્રમની મુલાકાત લઈને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે અને પ્રાર્થના સભામાં ભાગ લેશે. તેમણે જણાવ્યું હતું કે, દેશભરમાંથી લગભગ ૩,૦૦૦ પ્રતિનિધિઓ આગામી દિવસે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એઆઈસીસી સત્રમાં હાજરી આપશે.

# એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ગુજરાતના પ્રધાનમંડળના વિસ્તરણની શક્યતાઃ કૉંગ્રેસમાંથી આવેલા બે ધારાસભ્યોને સ્થાન મળી શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાલમાં ચાલી રહેલું વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થયા બાદ એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ગુજરાત સરકારના પ્રધાનમંડળનું વિસ્તરણ થવાની અટકળોએ જોર પકડ્યું છે. હાલ સરકારમાં મુખ્ય પ્રધાન સિવાય આઠ કેબિનેટ પ્રધાનો છે અને આઠ રાજ્યકક્ષાના પ્રધાનો છે. જેમાં વધારો થવાની શક્યતાઓ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

રાજકીય સૂત્રોએ જણાવ્યું હતું કે, સરકારના કેબિનેટ વિસ્તરમાં કૉંગ્રેસમાંથી આવેલા નેતાઓને સ્થાન આપવાની ચર્ચાઓથી ભાજપના જૂના નેતાઓ નારાજ થયા છે, પરંતુ મોવડી મંડળના આદેશ અને કૉંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા નેતાઓને આપવામાં આવેલા વચન પ્રમાણે તેમનો પ્રધાનમંડળમાં સમાવેશ કરાશે. સૂત્રોએ એવું પણ જણાવ્યું હતું કે, હાલના પ્રધાનમંડળમાં ચાર પૂર્વ કૉંગ્રેસી નેતાઓમાંથી બે નેતાઓનું પત્તું કાપીને વિજાપુરના ધારાસભ્ય ડો. સી.જે.ચાવડા અને પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાનો સમાવેશ કરવામાં આવી શકે છે. સૂત્રોએ કહ્યું હતું કે, પ્રધાન મંડળના વિસ્તરણ અંગે તેમાં સમાવેશ થનારા ભાવી પ્રધાનોને તેનો સંકેત આપી દેવાયો છે. પ્રધાન મંડળના વિસ્તરણની સાથે સરકારના મહત્ત્વના ખાતાઓની પણ ફરીથી વહેંચણી કરાશે. જેમાં વધુ જવાબદારીઓનો ભાર સહન કરતા પ્રધાનો પાસેથી કેટલીક જવાબદારીઓ અન્ય પ્રધાનોને સોંપવામાં આવશે. આગામી ૨૭ માર્ચ અને સાતમી એપ્રિલની આસપાસ આ વિસ્તરણ થઈ શકે છે.

# ગાંધીનગરને ભિખારી મુક્ત બનાવવા પાઈલટ પ્રોજેક્ટ શરૂ

## ભિક્ષુકોને રોજગારી આપવામાં આવશે

અમદાવાદઃ ગુજરાતની રાજધાની ગાંધીનગરને ભિખારી મુક્ત શહેર બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું હતું. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરમાં ભિખારીઓનો સર્વે શરૂ કર્યો છે. ટ્રાફિક સિગ્નલો અને ધાર્મિક સ્થળો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે.

ગાંધીનગર મનપા તંત્ર ભિખારીઓને શોધીને તેમને રોજગાર આપવાનો પ્રયાસ કરશે. ભીખ માંગતા બાળકો પર ખાસ ધ્યાન આપવામાં આવશે. સર્વે દરમિયાન, ભીખ માંગવા પાછળના કારણો પણ શોધવામાં આવશે. સરકાર 'મુસ્કાન યોજના' હેઠળ ભિખારીઓનું પુનર્વસન કરશે. તેમના સ્વાસ્થ્ય અને શિક્ષણ માટે પણ વ્યવસ્થા કરવામાં આવશે. ભિખારીઓને તેમની કુશળતા અનુસાર તાલીમ આપવામાં આવશે અને આત્મનિર્ભર બનાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે દેશને ભિખારી મુક્ત બનાવવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં દેશના દસ શહેરોની પસંદગી કરવામાં આવી છે, જેમાં ગુજરાતમાંથી અમદાવાદ અને ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં આરટીઆઈ હેઠળ ૧.૩૧ લાખ અરજી મળી, ગૃહ-મહેસૂલ વિભાગ ટોચ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વર્ષ ૨૦૨૩-૨૪માં માહિતી અધિકાર અધિનિયમ-આરટીઆઈ હેઠળ સરકારના જુદા જુદા વિભાગો, સત્તામંડળોને કુલ ૧,૩૧,૮૭૫ અરજી વિવિધ માહિતી મેળવવા માટે કરવામાં આવી હતી, જે પૈકી ૮.૭૧૮ અરજીઓ વિભાગોને સીધી મળી હતી, જ્યા.રે બાકીની ૧,૨૩,૧૫૭ અરજી જાહેર સત્તા મંડળોને મળી હતી. એકલા ત્રણ વિભાગોમાં ૯૧,૫૫૧ અરજી મળી હતી, જેમાં ગૃહ વિભાગમાં ૩૦,૫૩ ટકા, મહેસૂલ વિભાગમાં ૧૯:૫૪ ટકા અને શહેરી વિકાસ વિભાગને લગતી ૧૯.૩૫ ટકા અરજી મળી હતી. આમ ૨૯.૪૨ ટકા અરજી ગણ વિભાગને વગતી હતી. વિધાનસભા ગૃહમાં રજૂ કરાયેલા ગુજરાત માહિતી આયોગના વર્ષ ૨૦૨૩-૨૪ના રિપોર્ટમાં આ વિગત બહાર આવી હતી.

ગુજરાત માહિતી આયોગને એક વર્ષમાં ૭૦૮૨ અપીલો અને ફરિયાદો મળી હતી, જ્યારે ૩૦૫૧ કેસનો નિકાલ કરાયો હતો અને ૧૧૮ કેસમાં આયોગ દ્વારા દંડ કરાયો હતો. ૭૦૮૨ કેસ પૈકી ૬૦૨૯ અપીલ (૮૫.૧૩ ટકા અને ૧૦૫૩ ફરિયાદો (૧૪.૮૭ ટકા) મળી હતી. અગાઉ વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૨૫૭ અપીલ-ફરિયાદ મળી હતી. આમ ફરિયાદ અપીલમાં મામૂલી ઘટાડો થયો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં ૭,૦૫૧ કેસમાં ચુકાદા અપાયા હતા. ૧૧૮ કેસમાં દંડ ફટકારવી તેમાં ૮.૮૪ લાખની રકમ વસૂલવામાં આવી છે. અગાઉ વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૨૧ લાખ અરજીઓ મળી હતી. આમ ગત વર્ષ કરતાં ૧૦,૩૮૫ અરજી વધારે આવી છે. એકંદરે આરટીઆઈની અરજી નકારવાનું પ્રમાણ ૫.૨૩ ટકા છે. કાયદા વિભાગમાં સૌથી વધુ ૧૭.૯૫ ટકા નાણાં વિભાગમાં ૧૬.૨૭ ટકા અને સામાન્ય વહીવટ વિભાગમાં ૧૧.૯૩ ટકા અરજી નકારવામાં આવી હતી.

# સાણંદ ખાતે ૨૩મી માર્ચે વીર સપૂતોની યાદમાં વીરાંજલિ કાર્યક્રમ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ૨૩મી માર્ચના રોજ સાણંદમાં ભવ્ય વીરાંજલિ કાર્યક્રમ યોજાશે. શહીદ ભગતસિંઘ, સુખદેવ અને રાજગુરુના પરિવારજનો ઉપસ્થિત રહેશે. છેલ્લાં ૧૭ વર્ષથી વીરાંજલિ સમિતિ દ્વારા ગુજરાતનાં અલગ અલગ સ્થળો પર વીરાંજલિ નામે કાર્યક્રમો યોજી ૨૩મી માર્ચે શહીદ દિન ઊજવવામાં આવે છે. ૧૯૩૧ના રોજ માતૃભૂમિ ખાતર શહીદ થયેલા ભગતસિંઘ, સુખદેવ અને રાજગુરુને અંગ્રેજો દ્વારા આ દિવસે ફાંસી અપાઈ હતી. આ વર્ષે ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ વીરાંજલિ સમિતિ દ્વારા આયોજિત વીરાંજલિ ૨.૦ નામે એક મેગા મલ્ટિમીડિયા શો રજૂ કરવામાં આવશે. છેલ્લાં અનેક વર્ષોથી વીરાંજલિ સમિતિ ડાયરાના માધ્યમથી લોકોને શહીદો અને ક્રાંતિવીરોની વાતોને લોકો સુધી પહોંચાડતું આવ્યું છે. વર્ષ ૨૦૨૨થી આ કાર્યક્રમે એક મેગા મ્યુઝિકલ ડ્રામાનું સ્વરૂપ ધારણ કર્યું જેમાં ૧૦૦ કલાકારો દ્વારા ક્રાંતિવીરોની દાસ્તાનને એક અલગ રીતે રજૂ કરાઈ છે. આ કાર્યક્રમથી સમગ્ર ગુજરાતમાં દેશભક્તિનો એક અનોખો જુવાળ ઊભો થયો છે.

આ કાર્યક્રમમાં ભગતસિંઘના ભત્રીજા કિરણજીતસિંહ (ચંદીગઢ) સુખદેવજીના ભત્રીજા અનુજ થાપર (સોનાપત) તેમ જ રાજગુરુજીના સ્વજન સત્યશીલ રાજગુરુ, દુર્ગાભાભીના ભત્રીજા જગદીશ નારાયણ તેમ જ વીર વિનોદકિનારીવાલાના પરિજનો પણ અતિથિવિશેષ તરીકે વીરાંજલિ નિહાળવા માટે ખાસ ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમની પટકથા સાંઈરામ દવેએ લખી છે. ડિરેક્ટર વિરલ રાચ્છ દ્વારા તેનું દિગ્દર્શન થયું છે. તેમ જ પાર્શ્વગાયક કીર્તિદાન ગઢવી, પાર્થિવ ગોહિલ, હિમાની કપૂર તેમ જ સાંઈરામ દવેએ પોતાનો સ્વર આપ્યો છે. પ્રખ્યાત મ્યુઝિક ડાયરેક્ટર રાહુલ મુંજારિયાએ સંગીત પીરસ્યું છે તથા કોરિયોગ્રાફી કુલદીપ શુક્લએ કરી છે.

આ કાર્યક્રમ તદ્દન નિઃશુલ્ક રહેશે, પરંતુ પ્રવેશ માટે પાસ મેળવવા ફરજિયાત છે. છેલ્લાં ૧૭ વર્ષથી યુવાનોમાં દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવાના ઉમદા હેતુથી વીરાંજલિનું આયોજન દર વર્ષે થાય છે. જાણીતા ક્રાંતિવીરોનાં જીવન અને કવનની કેટલીક અજાણી વાતો આ કાર્યક્રમમાં રજૂ થશે. રાષ્ટ્રપ્રેમથી છલકતાં ગીત-સંગીત અને અભિનયને માણવા માટે ગુજરાતની દેશભક્ત જનતાને બહોળી સંખ્યામાં પધારવાનું વીરાંજલિ સમિતિ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવેલ છે.

# ટોઈલેટમાં બેસીને વર્ચ્યુઅલી કોર્ટમાં જોડાયેલા અસીલને દંડ અને સામાજિક સજા

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટમાં એક કેસના અસીલ ઓનલાઈન સુનાવણીમાં અશોભનીય રીતે જોડાયા હતા. તેઓ કોર્ટે ટકોર કરી હોવા છતાં તેઓ ગંજી પહેરીને પથારીમાં અને ટોઈલેટમાં બેસીને સુનાવણીમાં ઓનલાઈન જોડાતા કોર્ટે બે લાખનો દંડ અને ૧૨ દિવસ સુધી હાઈ કોર્ટનું પરિસર સાફ કરવાની સામાજિક સજા ફટકારી હતી. આ દંડની રકમમાંથી ૫૦ હજાર રૂપિયા પાલડી ખાતેના શિશુગૃહમાં જમા કરાવવા પણ કોર્ટે આદેશ કર્યો હતો. પરિસરની સફાઈ કરાઈ કે નહીં તેના સુપરવિઝન માટે એક ઓફિસરની નિમણૂક કરાઈ હતી.

કેસની સુનાવણી દરમિયાન કોર્ટે આકરા શબ્દોમાં ટકોર કરી હતી કે, પક્ષકાર પોતે બીએસસી સુધી ભણેલો છે અને ખાનગી કંપનીમાં સારા હોદ્દા પર ફરજ બજાવે છે. જેથી તેને કોર્ટની મર્યાદાઓ અંગે સમજ ના હોય તેવું બની શકે નહીં. લોકોની નજરમાં કોર્ટની ગરિમા જળવાઈ રહે તે માટે મર્યાદાઓનો ભંગ કરનારા સામે કડક હાથે કામ લેવું જોઈએ.

આ કેસ અંતર્ગત કો.ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશનના એક કેસમાં પક્ષકાર તરીકે કનુભાઇ પટેલને ઓનલાઇન સુનાવણીમાં જોડાવાનું હતું. કનુભાઇના ૪૨ વર્ષીય દીકરા ધવલ પટેલે હાઇ કોર્ટની ઝૂમ એપ્લિકેશન પર લીંક ખોલી હતી. ધવલ પટેલ આ દરમિયાન ગંજી પહેરીને પથારીમાં સૂતા સૂતા અને ટોઈલેટમાં બેસીને સુનાવણીમાં જોડાયો હતો. પહેલી વખત તેણે કોર્ટને ભૂલથી જોડાયો હોવાનું કહીને માફી માગી હતી. કોર્ટે પણ તેને માફ કરી દીધો હતો. થોડી વાર પછી તે જ દિવસે તે યુવક ફરીથી જોડાયો હતો.

# ગુજરાત ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ કલસ્ટર ચેમ્પિયનશિપની યજમાની કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ દ્વારા આગામી તા. ૨૪ થી ૨૮ માર્ચ-૨૦૨૫ દરમિયાન આયોજિત ૭૨મી ઓલ ઇન્ડિયા પોલીસ એક્વેટીક્સ કલસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ની ગુજરાત યજમાની કરશે. જેમાં વિવિધ ૨૭ રાજ્યોના ૫૭૨ રમતવીરો સહભાગી થશે. આ સ્પર્ધાનો સમાપન સમારોહ તા. ૨૮મી માર્ચના રોજ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાશે અને ઉદ્ઘાટન સમારોહ ગુજરાતના પોલીસ મહાનિદેશક વિકાસ સહાયની ઉપસ્થિતિમાં ૨૪મી માર્ચે યોજાશે.

આ ચાર દિવસીય સ્પર્ધા દરમિયાન પ્રતિસ્પર્ધીઓ વચ્ચે વિવિધ એક્વેટીક્સ અને ક્રોસ કન્ટ્રી સહિતની ચાર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત ૨૬મી માર્ચે ગાંધીનગર ખાતે સ્થિત સીઆરપીએફ ગ્રૂપ સેન્ટર ખાતે સંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ચાર રમતો યોજાશે. જેમાં સ્વીમીંગ અને વોટર પોલો સ્પર્ધા, સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ડાઈવીંગ સ્પર્ધા અને જી.સી.ગાંધીનગર ખાતે ૧૦ કિ.મી ક્રોસ કન્ટ્રી રન યોજાશે.

૭૨મી ઓલ ઇન્ડિયા પોલીસ એક્વેટીક્સ કલસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધામાં આંદામાન નિકોબાર, આંધ્ર પ્રદેશ પોલીસ, આસામ પોલીસ અને આસામ રાઈફલ્સ, બોર્ડર સીકયોરીટી ફોર્સ, છત્તીસગઢ પોલીસ, સી.આઈ.એસ. એફ, સી.આર.પી.એફ, ગુજરાત પોલીસ, હરિયાણા પોલીસ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ, જમ્મુ-કાશ્મીર પોલીસ, ઝારખંડ પોલીસ, કર્ણાટક પોલીસ, કેરાલા અને મહારાષ્ટ્ર પોલીસ, એન.ડી.આર.એફ, ઓડીશા, રાજસ્થાન, તમિળનાડુ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસ, રેલવે પ્રોટેકશન ફોર્સ, એસ.એસ.બીના ૫૭૨ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે.

# મુખ્ય પ્રધાને રાજયના ૧૦૦થી વધુ ઉદ્યોગ-વ્યાપાર સંગઠનો સાથે ગાંધીનગરમાં બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્યના વિવિધ પ્રદેશો, જિલ્લાઓ અને મહાનગરોના ૧૦૦થી વધુ ઉદ્યોગ અને વેપાર સંગઠનો, ઔદ્યોગિક વસાહતોના મંડળો તથા એસોસિએશનના પદાધિકારીઓ સાથે ગાંધીનગરમાં બેઠક યોજી હતી. મુખ્ય પ્રધાને ઉદ્યોગ-વેપારકારોની સમસ્યાઓ-પ્રશ્નોનું યોગ્ય નિવારણ લાવીને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ આપવા ઉદ્યોગ-વેપાર સંગઠનો સાથે સામૂહિક ચર્ચા-મંથનની બેઠકના આયોજનનો નવતર અભિગમ અપનાવ્યો છે.

આ બેઠકમાં મુખ્ય પ્રધાન સમક્ષ રાજ્યના વિવિધ વિસ્તારો તથા જિલ્લાઓના ઔદ્યોગિક વ્યાપાર વાણિજ્ય સંગઠનોએ જીઆઈડીસી વસાહતના અને ડબલ ટેક્સેશનના પ્રશ્નો, એમએસએમઈને સિંગલ વિન્ડો સિસ્ટમનો લાભ, એન્વાયરમેન્ટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ, ઉદ્યોગના સ્થળે અકસ્માતના કિસ્સામાં ઉદ્યોગકાર સામે લગાવવામાં આવતી શિક્ષાત્મક કલમ ૩૦૪ એ દૂર કરવી, સાણંદ જીઆઈડીસીમાં હોસ્પિટલ, શાળા, ફાયર સ્ટેશન જેવી પાયાની સુવિધા વધુ સંગીન બનાવવા સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા.

મુખ્ય પ્રધાને આ બધી જ રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળીને તેના યોગ્ય અને ત્વરિત નિવારણ માટે રાજ્ય સરકારની નેમ તથા હકારાત્મક અભિગમ દર્શાવ્યા હતા. તે ઉપરાંત મુખ્યપ્રધાને ઉદ્યોગ-વ્યાપાર સંગઠનો સાથે આવી સામૂહિક ચર્ચા-મંથન બેઠકનું સમયાંતરે નિયમિત આયોજન થાય તે માટેના દિશાનિર્દેશો પણ ઉદ્યોગ વિભાગને સ્થળ પર જ આપ્યા હતા.

આ બેઠકમાં ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગકારો-વ્યાપાર સંગઠનોને પાણી બચાવવાના તથા જળસંચયના 'કેચ ધ રેઈન કેમ્પેઇન', પર્યાવરણ રક્ષા માટે વધુને વધુ વૃક્ષોનો ઉછેર તેમજ ઔદ્યોગિક વસાહતમાં સ્વચ્છતા જાળવવાની દિશામાં સક્રિય યોગદાન આપવાનું આહ્વાન કર્યું હતું.

# ગુજરાતમાં નવા જંત્રી દર લાગુ કરવામાં વિલંબ થવાની શક્યતા

## મુખ્ય પ્રધાન સમીક્ષા કરીને નિર્ણય લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવા જંત્રીના દર લાગુ કરવામાં વિલંબ થવાની શક્યતાઓ છે. સરકારને નવા દર લાગુ કરવા અંગે અંદાજે ૧૧ હજારથી વધુ વાંધા સૂચનો મળ્યાં છે અને જંત્રીના દરમાં ઘટાડા માટે છ હજારથી વધુ વાંધા સૂચનો મળ્યાં છે. તે ઉપરાંત જંત્રી વધારવા માટે ૧૭૦૦ સૂચનો મળ્યાં છે. જેથી સરકારને નવા દરો લાગુ કરવામાં વિલંબ થઈ શકે એમ છે. બીજી તરફ મુખ્ય પ્રધાન નવા જંત્રી દરો લાગુ કરવા અંગે સમીક્ષા કરશે. ત્યાર બાદ આખરી નિર્ણય લેવાશે.

સરકારના સૂત્રોએ જણાવ્યું કે નવા દરોનો અમલ, જે જમીનના મૂલ્યાંકનમાં મોટો વધારો દર્શાવે છે એ રાજકીય અને વહીવટી વિચારણાઓને કારણે થોડા મહિનાઓ માટે મુલતવી રાખવામાં આવે તેવી શક્યતા છે. નવા જંત્રી દરો અંગે નાગરિકો અને રિયલ એસ્ટેટ ઉદ્યોગ દ્વારા સતત વિરોધનો સરકાર દ્વારા વિચાર પણ એક સંભવિત કારણ હોય શકે છે. અગાઉ એવું માનવામાં આવતું હતું કે સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૫થી નવા જંત્રી દરો લાગુ કરવા માગે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારે ૨૦૨૫-૨૬ને શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કર્યું છે અને જંત્રી દરમાં વધારો વિવિધ આયોજિત પ્રોજેક્ટ્સને અસર કરી શકે છે. જેથી એવી પ્રબળ શક્યતા છે કે નવા જંત્રી દરનો અમલ આગામી કેલેન્ડર વર્ષ સુધી મુલતવી રાખવામાં આવે. નવા જંત્રી દરના અમલીકરણને મુલતવી રાખવાનો નિર્ણય આગામી થોડા દિવસોમાં લેવામાં આવે તેવી પણ રાજકીય સૂત્રોમાં ચર્ચાઓ ચાલી રહી છે.

# પહેલી એપ્રિલથી ખુલ્લા પ્લોટના દસ્તાવેજમાં અક્ષાંશ અને રેખાંશ દર્શાવવા ફરજિયાતઃ રાજ્ય સરકારનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તરફ જંત્રીના નવા દરને લાગુ કરવામાં સરકાર દ્વારા વિલંબ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. બીજી તરફ મિલકતની ખરીદ અને વેચાણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં થતાં નુકસાનને રોકવા માટે નવો નિયમ અમલી કરાયો છે. આ નિયમ પ્રમાણે આગામી પહેલી એપ્રિલથી ખુલ્લા પ્લોટના દસ્તાવેજોમાં અક્ષાંશ અને રેખાંશની નોંધ ફરજિયાત કરાશે. આ નિયમ ૧ એપ્રિલ ૨૦૨૫થી રાજ્યની તમામ સબરજિસ્ટ્રાર કચેરીઓમાં લાગુ પડશે. જો દસ્તાવેજમાં આ વિગતો નહીં હોય તો નોંધણી સ્વીકારવામાં નહીં આવે.

સરકારે જાહેર કરેલા પરિપત્ર પ્રમાણે ઘણીવાર બાંધકામ હોવા છતાં મિલકતના દસ્તાવેજોમાં ખુલ્લા પ્લોટના ફોટા રજૂ કરાય છે, જેના લીધે સ્ટેમ્પ ડ્યૂટીની ગણતરીમાં ગેરરીતિ થાય છે અને સરકારને મોટું નુકસાન થઇ રહ્યું છે. સરકારના ધ્યાને આવ્યું છે કે આ પ્રકારના કિસ્સાઓ સતત વધતા હોવાથી છેતરપિંડીનું પ્રમાણ વધ્યું છે. આ પ્રકારની છેતરપિંડી રોકવા માટે સંબંધિત કચેરીના અધિકારીઓને સૂચના અપાઈ છે કે ખુલ્લા પ્લોટની મિલકતોની તબદીલીના કિસ્સામાં, ફોટોગ્રાફવાળા પૃષ્ઠ પર અક્ષાંશ અને રેખાંશની વિગતો ફરજિયાત દર્શાવેલી હોવી જોઇએ.

દસ્તાવેજમાં મિલકતના કલર ફોટોગ્રાફ્સમાં એક સાઇડ વ્યૂ અને ફ્રન્ટ વ્યૂ દેખાવો જોઇએ. તે મિલકતના વર્ણનવાળા પૃષ્ઠ પછી ચોંટાડવાના રહેશે. ફોટાની નીચે મિલકતનું પૂરું પોસ્ટલ સરનામું લખવાનું રહેશે. તેની પર દસ્તાવેજ લખનાર તેમજ લેનાર બંને પક્ષકારોએ સહી કરવી પડશે. આવી નોંધ દસ્તાવેજમાં નહીં હોય તો સબ-રજિસ્ટ્રાર કચેરી તેને નોંધણી માટે ગ્રાહ્ય નહીં રાખે. સરકારના આ નિર્ણયથી મિલકતના ખરીદ વેચાણમાં પારદર્શિતા વધશે અને છેતરપિંડીની સંભાવનાઓ ઘટશે.

## ગોપાલ સંપ્રદાયના પૂ. ધન્યમુનિ મ. સા. કાળધર્મ પામ્યા



ગોપાલ સંપ્રદાયના પંડિતરત્ન પૂ. કેવળમુનિ મ. સા. ના સુશિષ્ય પૂ. ધન્યમુનિ મ. સા. ૮૨ વર્ષની વયે ૫૨ વર્ષના દીક્ષા પર્યાય સહિત શુક્રવારે રાત્રે ૩.૪૫ કલાકે નાલાસોપારા સંઘ ખાતે કાળધર્મ પામ્યા છે.

તા. ૨૨-૦૩-૨૫ને શનિવારે બપોરે ૧૧.૧૫ કલાકે પાલખીયાત્રા રાખેલ છે. ધંધુકા ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવ, ઉપાધ્યાય પૂ. જયેશમુનિ મ. સા. સહિત ચતુર્વિધ સંઘે ગુણાંજલિ અર્પણ કરેલ.

# સંસ્થા સમાચાર

## કચ્છી લોહાણા જ્ઞાતિના વિદ્યાર્થીઓનું સન્માન ને માતાજીની ચોકી હાલાઈ લોહાણા મહાજન

શ્રી ઉપનગર કચ્છી લોહાણા મહાજન દ્વારા શ્રી દરિયાલાલની દેગ, વિદ્યાર્થીઓનું સન્માન અને માતાજીની ચોકીનું આયોજન ૩૦ માર્ચ ગુડીપાડવાના દિવસે કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ હાલાઈ લોહાણા મહાજન વાડી કાંદિવલી વેસ્ટમાં રાખવામાં આવ્યો છે. આ નેક કામમાં જ્ઞાતિના લોકોને સેવા કરવા આગળ આવવાની વિનંતી કરવામાં આવી છે.

## અખિલ ટ્રસ્ટ અને લાયન્સ ક્લબ ઑફ ગેટવેએ અન્નદાન કિટની સાથે સિલાઈ મશીનનું કર્યું વિતરણ

અખિલ ટ્રસ્ટ અને લાયન્સ ક્લબ ઑફ ગેટવેએ તેમની ટીમ સાથે મળીને દાદર વેસ્ટમાં આવેલા સનશાઈન ટાવરમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. એમાં જરૂરતમંદ પરિવારોને અન્નદાન કિટ આપવામાં આવી હતી. સાથે જ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે પાંચ મહિલાઓને સિલાઈ મશીનનું વિતરણ કર્યું હતું. આ નેક કામમાં સહકાર આપવા માટે પ્રમુખે સૌનો આભાર માન્યો હતો.

## ટી-૨૦ ઓવરની ક્રિકેટ સ્પર્ધાનું આયોજન ગ્લોબલ ભાટિયા બેનેવોલેન્ટ ફાઉન્ડેશને કર્યું

ગ્લોબલ ભાટિયા બેનેવોલેન્ટ ફાઉન્ડેશને એપ્રિલમાં ચાર દિવસીય ટી-૨૦ ઓવરની ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કર્યું છે. વહેલો તે પહેલો ધોરણે ટીમોએ ૩૧ માર્ચ સુધી અરજી કરવાની રહેશે. આ મૅચ ૧૩ અને ૧૪ એપ્રિલ. સાથે જ ૧૮ એપ્રિલ અને પહેલી મેએ રમવામાં આવશે. આ સિવાય સિનિયર સિટિઝન્સ માટે પહેલી મેએ પણ ક્રિકેટ યોજવામાં આવશે.

## લિટરરી અવૉર્ડસ અને સ્કોલરશિપ આપશે પ્રિયદર્શની ઍકેડેમી

પ્રિયદર્શની ઍકેડેમી ૨૫ માર્ચે ચર્ચગેટમાં આવેલી આઇએમસી બિલ્ડિંગમાં આવેલા વાલચંદ હિરાચંદ હૉલમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું છે. સંસ્થાની ૪૧મી ઍનિવર્સરી નિમિત્તે આયોજિત એ ઈવેન્ટમાં ગુજરાતી, હિન્દી, મરાઠી અને સિંધી ભાષામાં બહુમૂલ્ય યોગદાન આપનારા લેખકોને લિટરરી અવૉર્ડસ આપીને સન્માનિત કરવાની છે. સાથે જ ગરજુ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સ્કોલરશિપ આપશે.

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા ધોરણ દસના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘાટકોપરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ પોતાના પેરન્ટસ સાથે હાજર રહ્યાં હતાં. તેમણે આ માહિતીસભર કાર્યક્રમની ખૂબ પ્રશંસા કરી હતી.

## રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલીની ફૂટબૉલ લીગ

રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા તાજેતરમાં ફૂટબૉલ લીગનું આયોજન કર્યું હતું. એ સ્કૂલ ફૂટબૉલ ચૅમ્પિયનશિપમાં ૧૬ શાળાએ ભાગ લીધો હતો. કુલ ૨૫૬ વિદ્યાર્થીઓ અને ૪૦ રોટેરિયને ફૂટબૉલને માણી હતી. આ ટૂર્નામેન્ટનો ઉદ્દેશ બાળકોમાં ટીમ સ્પિરિટ જગાવીને તેમનામાં આરોગ્ય પ્રત્યે સજાગતા લાવવાનો હતો.

# ફાઈવ ગાર્ડનમાં જાળી લગાવવા સામે સ્થાનિકોનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માટુંગાના પ્રખ્યાત ફાઈવ ગાર્ડનમાંનાં એક ગાર્ડનની આજુબાજુ જાળી લગાવવાની મુંબઈ મહાનગરપાલિકાની યોજના સામે સ્થાનિક નાગરિકોએ વિરોધ નોંધાવ્યો છે. ગુરુવારે પાલિકાના એફ-ઉત્તર વોર્ડના અધિકારીઓએ દાદર પારસી કોલોની અને તેની આસપાસના રહેવાસીઓ સાથે આ મુદ્દે એક બેઠક પણ યોજી હતી. જોકે રહેવાસીઓએ બેઠકમાં આ નિર્ણય સામે વિરોધ નોંધાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

પાલિકાના એન-ઉત્તર વોર્ડના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર નીતિન શુકલાના જણાવ્યા મુજબ પાલિકાની યોજના ફાઈવ ગાર્ડનમાંના એક ગાર્ડનમાં નાયલોનની જાળી લગાવવાની છે. સ્થાનિક નાગરિકોને આ બાબતે જાણ કરવા અને તેમની ચિંતાને દૂર કરવા માટે ગુરુવારે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિકોએ ડર વ્યક્ત કર્યો હતો કે આ પરિસર હેરિટેજમાં આવતો હોવાથી ગાર્ડનમાં જાળી લગાવવાથી તેની સુંદરતા મરી પરવારશે. જોકે આ જાળી કામચલાઉ ધોરણે લગાવવામાં આવવાની છે અને તેને કારણે બગીચાને કોઈ અસર થવાની નથી. નોંધનીય છે કે મૂળ પ્રસ્તાવ સ્થાનિક વિધાનસભ્ય કાલીદાસ કોલમકર લાવ્યા હતા. તેમના કહેવા મુજબ મેદાનમાં રમાતા ક્રિકેટને કારણે બોલ ગાર્ડનના મુલાકાતીઓને વાગતો હોય છે. તેથી જો અહીં જાળી લગાવવામાં આવે તો બોલ બહાર આવતો અટકી શકે.

નોંધનીય છે કે ફાઈવ ગાર્ડન હેરિટેજ શ્રેણીમાં આવે છે, તેથી અહીં કોઈ પણ સુધારા-વધારા કરવા હોય તો તે માટે સિવિલ હેરિટેજ વિભાગની મંજૂરી આવશ્યક છે. ત્યારે આ વિભાગના અધિકારીના કહેવા મુજબ તેમની પાસે હજી સુધી જાળી લગાવવાને લગતો પ્રસ્તાવ આવ્યો નથી. ■

# ગુજરાતમાંથી મોટા પાયે ગુટકા ઠલવાય છે મહારાષ્ટ્રમાં : વિધાનસભામાં આક્ષેપ

મુંબઈ: રાજ્યમાં મોટી સંખ્યામાં ગુટકા ગુજરાતમાંથી આવે છે. આજની તારીખમાં ગુટકાને કારણે અનેક લોકો મોતને ભેટી રહ્યા છે. સરકારે કાં તો કડક કાર્યવાહી કરવી જોઈએ અથવા ગુટકા પરનો પ્રતિબંધ હટાવવો જોઈએ એવું વિપક્ષના પૂર્વ નેતા વિજય વડેટ્ટીવારે વિધાનસભામાં કહેતા ગૃહમાં હોબાળો મચી ગયો હતો. ગૃહ રાજ્ય મંત્રી યોગેશ કદમે જવાબ આપ્યો હતો કે ગુટકા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

શિવસેનાના વિધાનસભ્ય દિલીપ લાંડેએ આજે વિધાનસભામાં ગુટકાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે સાકીનાકા પોલીસ સ્ટેશનમાં મહીમ નામનો ગુટકા આપણા પાડોશી રાજ્યમાંથી સવારે ૩ થી ૫ દરમિયાન અઠવાડિયામાં બે વાર મોટી માત્રામાં આવે છે એવું કહેવાય છે. શું આ વાત સાચી છે અને જો એમ હોય તો તેની સામે પગલાં કેમ નથી લેવાયા? ઘાટકોપર પોલીસ સ્ટેશનની હદમાં આવેલી બીટ પોસ્ટથી દસ મીટર દૂર ગુટકા અને ડ્રગ્સનું વેચાણ થાય છે એ પોલીસને દેખાતું નથી? હિરાનંદાની કોલેજના પરિસરમાં ૧૦ મીટરના અંતરે આવેલા પાન સ્ટોલ દ્વારા મોટા પ્રમાણમાં કેફી દ્રવ્યોનું વેચાણ થઈ રહ્યું છે. એની સામે કાર્યવાહી કરવામાં આવશે ખરી?

આના જવાબમાં ગૃહ રાજ્ય મંત્રી યોગેશ કદમે જણાવ્યું હતું કે 'વિલાસ લાંડેના મતવિસ્તારમાં ફઈમ અહમદ શેખ નામના એક વ્યક્તિની તેના ભાઈના નામે એક દુકાન છે. આ વ્યક્તિની ભૂતકાળમાં ગુટખા વેચવા બદલ ધરપકડ કરી તેની સામે કેસ પણ નોંધવામાં આવ્યો છે. તેને દેશનિકાલ પણ કરવામાં આવ્યો હતો. જો કે હાઇકોર્ટે આ કાર્યવાહી રદ કરી હતી. જે કોઈ ગેરકાનૂની વ્યવહાર કરશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. તમારી પાસેની માહિતી મને આપો. ચોક્કસ કડક કાર્યવાહી કરવામાં આવશે.' ■

# એમએસઈડીસીએલનો જુનિયર એન્જિનિયર લાંચ લેતાં ઝડપાયો

પાલઘર: પાલઘર જિલ્લામાં વીજ વિતરણ કરતી એમએસઈડીસીએલનો જુનિયર એન્જિનિયર બે લાખ રૂપિયાની લાંચ લેતાં ઝડપાયો હોવાનું એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (એમએસઈડીસીએલ)ના દહાણુ સબ-ડિવિઝન હેઠળ આવતા આશાગડમાં ફરજ બજાવતા અતુલ અશોક આવ્હાડે (૪૨) વીજચોરી કરનારા તબેલાના માલિક સામે પગલાં ન લેવા માટે ત્રણ લાખ રૂપિયાની કથિત માગણી કરી હતી. તડજોડ બાદ એન્જિનિયરે બે લાખ રૂપિયા સ્વીકારવાનું નક્કી કર્યું હતું. આ પ્રકરણે ફરિયાદને આધારે એસીબીએ ગુરુવારે છટકું ગોઠવી લાંચની રકમ સ્વીકારનારા આવ્હાડને રંગેહાથ પકડી પાડ્યો હતો, એવું એસીબીના ડીવાયએસપી હર્ષલ ચવાણે જણાવ્યું હતું. દહાણુ પોલીસે આવ્હાડ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# જૈન મરણ

રાધનપુર તીર્થ નિવાસી મૃદુલાબેન હર્ષદભાઇ શાહ (ઉં. વ. ૮૩) ગુરુવાર તા. ૧૩-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ચંદ્રવદનભાઇના ભાભી. અંસુલાબેનના જેઠાણી. હસુમતીબેન, નીમુબેન, કુસુમબેનના બહેન. જીજ્ઞાબેનના માતા. અજયકુમારના સાસુ. સંદીપભાઇ, સમીરભાઇના કાકી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી હાલ ઘાટકોપર દીપચંદભાઇ ભુરાભાઇ દેસાઇના પુત્રવધૂ રમીલાબેન (ઉં. વ. ૮૦) તા. ૧૯-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રસિકલાલ દીપચંદભાઇ દેસાઇના ધર્મપત્ની. તે સ્વ. ચંદુભાઇ, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. રમણીકભાઇના ભાભી. પિયર પક્ષે સ્વ. માનકુંવરબેન જમનાદાસ ભાયાણીના સુપુત્રી. તે હસમુખભાઇ, ગુણવંતભાઇના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ ઓપેરાહાઉસ રીચી હર્ષદ વોરા (ઉં. વ. ૬૨) તે જયોતિબેન હર્ષદભાઇ વોરાનાં પુત્ર. અલકાના પતિ. છશીતા, ક્રીશ, કર્ણના પિતા. ઉદીષા, રાહુલના સસરા. કાંતિલાલ રતિલાલ શાહના જમાઇ તા. ૨૨-૩-૨૫ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૪-૩-૨૫ના ૪થી ૬. ઠે.કાંતિલાલ હાઉસ, ૧લે માળે, ઓપેરા હાઉસ, પંચરત્નની સામે, મુંબઇ-૪.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

ચોટીલા નિવાસી હાલ બોરીવલી, મીનાક્ષી (મીના) કિશોરભાઈ ખંધારના પુત્ર જીજ્ઞેશ (ઉં. વ. ૪૫) ૨૧/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રિદ્ધિ, નીરવ, દેવાંગ, રાજ, બીજલ, જીનલ, દેવાંશીના ભાઈ. સચિનકુમારના સાળા. દેવના મામા. મીતા ભુપેન્દ્રભાઈ, કામિની વિનીતભાઈ, મિનળ અશ્વિનભાઇ, અજરામર સંપ્રદાયના પૂ હંસાબાઈ મ સા જી ના સુશીષ્યા નયનાબાઈ મ. સા. ના ભત્રીજા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપુરના માતુશ્રી શાંતાબેન પ્રેમજી વોરા (ઉં. વ. ૭૫) તા. ૨૧-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સોનબાઈ જીવરાજ વોરાના પુત્રવધૂ. પ્રેમજી જીવરાજના ધર્મપત્ની. રાજેશ, નીનાના માતુશ્રી. રામાણીયા લીલબાઈ રામજી રાંભીયાના સુપુત્રી. સ્વ. ખેતબાઈ (બેબી), હંસાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રેમજી વોરા, મહાવીર સોસાયટી, ફલેટ નં. ૨૧, ૩જે માળે. જૈન મંદીરની સામે, વિરાર (વેસ્ટ).

મોટી ખાખરના જાદવજી ખીમજી રાંભીયા (ઉં. વ. ૮૨) તા.૨૧-૩-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન ખીમજીના પુત્ર. કેસરબેનના પતિ. મીના, હેમંત, અતુલના પિતા. સ્વ.રતનબેન, સ્વ.લક્ષ્મીચંદ, સ્વ.ચંચળબેન, સ્વ.માવજી, સ્વ.વ્રજલાલના ભાઈ. કાંડાગરા માતુશ્રી કંકુબેન કેશવજી હીરજી છેડાના જમાઈ. પ્રા. કાંતિ વિસરીયા હોલ, એમ.કર્વે રોડ, બૅડેકર હોસ્પિટલની સામે, ગાવદેવી મેદાનની બાજુમાં, થાણા (વે). ટા.૩ થી ૪.૩૦. ચક્ષુદાન કરેલ છે.

દેશલપુર (કંઠી) ના ડો. શાંતિલાલ ભીમશી છેડા/શાહ (ઉં. વ. ૯૭) તા. ૧૬-૩-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ. હાંસબાઈ ભીમશી વિજપાળના પુત્ર. મંજુબેનના પતિ. રૂપિન, મોનિષના પિતાશ્રી. સુમન, રસિક, જયંતિ, પ્રવિણ, ભુજપુરના પુષ્પા ભીમશી, ઉનડોઠના પ્રભા દામી (યુ.એસ.એ.)ના ભાઈ. લાખાપુર હાલે નાગપુરના હિરબાઈ નાગશીના જમાઈ. પ્રાર્થના રવિવાર, તા. ૨૩-૩-૨૫ના સાંજે ૬ થી ૮, મંડપમ હોલ, ઈસ્કોન જુહુ, પાર્લા (વે.)

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ.વાલીબેન આસધીર સત્રા (ઉં. વ. ૮૭) ગુરુવાર તા ૨૦.૦૩.૨૫ના કલ્યાણ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. મીણાબેન આસધીરના પુત્રવધૂ. દામજી, તલકશી, લખમશી, અરવિંદ, ચંપા, નાનુ, મંજુ, તારા,પુષ્પા, જવેર, હેમલતાના માતુશ્રી. ગુણવંતી, જવેર, વેલુ, વર્ષા, સ્વ. દામજી, જગશી, સ્વ.લખમશી, અવચર, સ્વ. વિનોદ, ભરત, વિનોદના સાસુ. ભાવેશ, રાજેશ, જેકિન, દિપ્તી, ચાર્મી, હેમાંગી, ટ્વીશાના દાદી. સ્વ.લીલાબેન સુરા રાણા ગડાની દિકરી. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૪.૦૩.૨૫ના સવારે ૧૦. થી ૧૧.૩૦. સ્થળ. કપોળ વાડી, એમ.જી.રોડ, ઘાટકોપર-વેસ્ટ.

# હિન્દુ મરણ

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ગામ ફરિયાદકા (ભાવનગર) હાલ કાંદિવલી સ્વ. બાળાબેન મહાસુખરાય રાવલના સુપુત્ર રાજેન્દ્રભાઇ રાવલ (ઉં. વ. ૭૬) સ્વ. પૂર્વી (મીનાના)ના પતિ. સ્વ. કનૈયાલાલ અમૃતલાલ ભટ્ટના જમાઇ. તા. ૨૦-૩-૨૫ના ગુરુવારે સ્વર્ગવાસી થયા છે. તે રશ્મીબેન, સ્વ. રાહુલભાઇના ભાઇ. ચિ.મયુરેષ, જલ્પા વિશાલ જોશીના પપ્પા. તે અ. સૌ. મોનાના સસરાજી. લૌકિક પ્રથા બંધ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઊના નિવાસી હાલ ભાયંદર સ્વ. હેમચંદ શેઠ અને સ્વ. પુષ્પાબેન હેમચંદ શેઠના પુત્ર ભરતભાઇ (ઉં. વ. ૭૨) તા. ૨૨-૩-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. સ્વ. જગમોહન નેમચંદ શાહ અને સ્વ. ધનવતરી નેમચંદ શાહના જમાઇ. મીનાક્ષીબેનના પતિ. પરાગ અને દુષ્યંતના પિતા. સીમા અને અંકિતાના સસરા. સ્વ. ગીરીશભાઇ, મનોજભાઇ, નયનાબેનના ભાઇ તા. ૨૨-૩-૨૫ મુંબઇ મુકામે અક્ષરનિવાસી થયા છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**મોડાસા એકડા વિશા ખડાયતા**

મોડાસા નિવાસી હાલ મુંબઇ સ્વ. મધુબેન મોદી તા. ૨૦-૩-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રાણલાલ ભાઇના પત્ની. ચિ. વિપુલ, પ્રીતિ, મનીષા, અલ્પુના માતાશ્રી. એની, ડૉ. મુકુલ, સુરેન્દ્ર, ડો. કીર્તિના સાસુ. પિયર પક્ષ ચંપાબેન એમ. શાહ, મહેન્દ્ર એમ. શાહ, પંકજ એમ. શાહ, ચિ. સૌમિલના દાદી. પ્રાર્થનાસભા તા. ૨૩-૩-૨૫. ઠે. ત્રીજે માળે, સસમીરા ઇન્સ્ટિટયૂટ, સસમીરા માર્ગ, ડોકટર એની બેસન્ટ રોડની બહાર, વરલી, સાંજે ૫થી ૭. મુંબઇ.

**પેટલાદી લાડ વાણિયા**

જગદીશ રવિકાન્ત શાહ (ઉં. વ. ૮૦) તે સ્વ. રવિકાન્ત અને મધુરી શાહના પુત્ર. કલ્પનાના પતિ. સ્વ. પદ્મા હરસુખલાલ સુતરિયાના જમાઇ. માધવી, બીજલ અને મૃણાલના પિતા. તે બંસી કોટચા અને સ્વ. શ્રીકાન્તના સસરા. તે આશી, સાનિકા અને આહનાના નાના. સ્વ. ગીતા વસા અને સ્વ. મુરલીશના ભાઇ તા. ૨૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ છે.

**બાલાસિનોર મોઢ બ્રાહ્મણ**

બાલાસિનોર નિવાસી હાલ ગોરેગાંવ, ગં.સ્વ. ઉર્વશીબેન ભટ્ટ (ઉં. વ. ૬૭) તે સ્વ. જ્યોતિન્દ્ર મુકુંદરાય ભટ્ટના ધર્મપત્ની. તન્વી, રીતુના માતુશ્રી. શ્રીધર ક્રિષ્નાન તથા હરીશ ગડીનાયકના સાસુ. અમીષ ભુપેન્દ્રભાઈ ભટ્ટ તથા અર્ચના જયેશ ત્રિવેદીના કાકી. પિયરપક્ષે સ્વ. વસુમતીબેન હરિશંકર ત્રિવેદી કપડવંજના દીકરી. તા. ૧૯/૩/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તેમનું બેસણું ૨૩/૩/૨૫ના ૪ થી ૬. આર્ય સમાજ હોલ, ૨૨૮, જવાહર નગર રોડ નં ૧૫, આર્ય સમાજ મંદિર માર્ગ, ગોરેગાંવ વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ મલાડ, સ્વ. દૌલતરાય કલ્યાણજી મહેતાના ધર્મપત્ની ગં. સ્વ.દમયંતીબેન મહેતા (ઉં. વ. ૮૭) ૨૦/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રકાશ, જયેશ, દિનેશ તથા માયાના માતુશ્રી. ભાવના, રિટા, બીના તથા જીતેન્દ્રભાઈ મોદીના સાસુ. પિયરપક્ષે મહુવાનિવાસી સ્વ શાંતિલાલ વલ્લભદાસ દ્રાણીના દીકરી પ્રાર્થનાસભા ૨૩/૩/૨૫ ના ૩.૩૦ થી ૫.૩૦. વૈષ્ણવ બેન્કવેટ, ૬એ, પારેખ નગર, શતાબ્દી હોસ્પિટલની સામે, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ગામ જેસર નિવાસી હાલ મીરારોડ, ભરત ભટ્ટ (ઉં. વ. ૬૭) તે સ્વ. ઈચ્છાબેન ભુપતરાય ભટ્ટના પુત્ર. રેણુકાબેનના પતિ. સુરજ-શ્રુતિ તથા વૃષભના પિતા. મંગળાબેન રતિલાલ મહેતાના જમાઈ. સ્વ.પદમાબેન દિપકકુમાર તન્ના, ચંદ્રિકાબેન સૂર્યકાન્ત મહેતા, પ્રફુલભાઇ, સ્વ. ધિતીશભાઈ, નીતિનભાઈ, સંગીતાબેન નરેન્દ્રકુમાર પંડ્યાના ભાઈ. ૨૦/૩/૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૩/૩/૨૫ના ૫ થી ૭. બાપા સીતારામ મઢુલી, આયપ્પા મંદિર પાસે, મીરારોડ ઈસ્ટ.

**શ્રીમાળી બ્રાહ્મણ,**

મૂળ ગામ ગઢડાના વસઈ નિવાસી ગં .સ્વ દક્ષાબેન (ઉં. વ. ૬૯) સ્વ. જગદીશભાઈ દલપતરામ ત્રિવેદીના ધર્મપત્ની તથા પ્રણય, નિશિતાની માતા. અજયકુમારના સાસુ. વિજય, રૂપમ, શૈલેષ, કેતનના કાકી તથા પિયરપક્ષે રાજેન્દ્ર જમનાદાસ ઓઝા, શૈલેષ, જનકના બહેન. તે ૨૧-૦૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખવામાં આવેલ છે.

# પારસી મરણ

કેતી કાવસજી ભરૂચા તે મરહુમો પીરોજા કાવસજી ભરૂચાના દીકરી. તે મરહુમ ઝરીન જાલ ડોકટરના બહેન. તે થેલમા, ઝીયા, ઝેનદના માસી. તે મરહુમ જાલ હોશંગ ડોકટરના સાલી. (ઉં. વ. ૭૬) રે. ઠે. બી-૧૫૦૧, લોધા બેલસીમો, એન. એન. જોશી માર્ગ, એપોલો મિલ્સ કમ્પાઉન્ડ, આર્થર રોડ જેલ નજીક, મહાલક્ષ્મી. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૩-૩-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ગોદાવરા અગિયારીમાં.

**કચ્છી લોહાણા**

સ્વ. ચંદ્રબાળા પદમશી ભીંડેના પુત્ર રતિલાલ (ઉં. વ. ૬૮) તે ગામ નેત્રા હાલ બોરીવલી, તા ૨૦/૩/૨૫ના રામશરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. દીપેશ તથા હિનાના પિતા. પૂનમના સસરા. ગં.સ્વ દમયંતીબેન હરિલાલ તન્ના, અનસૂયાબેન નીતિનભાઈ મીરાણી, સ્વ. છાયાબેન રાજેશ દાવડા, ભુપેન્દ્રભાઈ તથા રમેશભાઈના ભાઈ. સ્વ. કસ્તુરબેન જેઠમલ નરમ ગામ મૂરૂના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૩/૩/૨૫ ના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, શંકર મંદિર પાસે, એસ. વિ રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોચી**

ગામ પિયાવા નિવાસી હાલ બોરીવલી,બળવંતરાય પુનાભાઈ મકવાણા (ઉં. વ. ૭૨) ૨૧/૩/૨૫ના અક્ષરવાસી થયેલ છે. પદમાબેનના પતિ. મેહુલ, ચિંતન, સોનલ, બિનલના પિતા. તેજલ, રૂપલ, કિશોર, હિતાર્થના સસરા. નિષ્ઠા, સહજ, મંત્રના દાદા. મયુર, ઈશાના નાના. દલખાણીયાવાળા બટુકભાઈ નાનજીભાઈ યાદવ ના બનેવી. પ્રાર્થનાસભા ૨૪/૩/૨૫ ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**લુહાર સુતાર જ્ઞાતિ**

ગામ પીઠવડીવાળા હાલ ભાયંદર, અ.સૌ. વિમળાબેન બાલુભાઇ ડોડીયાના પુત્ર નવીનભાઈ (ઉં. વ. ૫૬) તા.૨૦/૦૩/૨૫ને ગુરુવારના અક્ષરનિવાસી થયા છે. તે ભાવનાબેનના પતિ. સ્વ.જયદીપ અને ચિંતન-અ.સૌ.બિનલના પપ્પા. ગામ કાત્રોડીવાળા બટુકભાઈ અને હરેશભાઈ રામજીભાઈ, અંજવાળીબેન વિનુભાઈ, અરૂણાબેન ગુણવંતભાઈ, ચંદ્રિકાબેન રમેશભાઈ, રેખાબેન ભરતભાઈ, ગીતાબેનના બનેવી. મનસુખભાઈ, ભોગીભાઈ, જયસુખભાઈ, કનુભાઈ, રેખાબેન ભરતકુમારના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૪/૦૩/૨૫ના ૫ થી ૭. શ્રી લુહાર સુતાર વેલ્ફર સેન્ટર, શ્રી વિશ્વકર્મા ચોક, અંબામાતા મંદિર પાસે, કાર્ટર રોડ નં ૩, બોરીવલી પુર્વ.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન નાનજી વિરજી ગણાત્રાના જ્યેષ્ઠ પુત્ર દિલીપભાઈ (ઉં. વ. ૭૭) કચ્છ ગામ અકરી હાલે મુલુંડ તા. ૨૧ માર્ચ ૨૦૨૫ના શુક્રવારના રામશરણ પામેલ છે. તે અ. સૌ. સાવિત્રીબેનના પતિ. ગં.સ્વ ગોદાવરીબેન પ્રેમજી કતિરાના જમાઈ. સ્વ વિનોદભાઈ, કમળાબેન સોનેતાના ભાઈ. રૂપલ માધવભાઈ માણેકલાલ, જીગ્નેશ, રિતેશના પિતાશ્રી. માધવભાઈ માણેકલાલ તથા ઉમાના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩ માર્ચ ૨૦૨૫ના રવિવારના ૫ થી ૭. સમૃદ્ધિ બેન્કવેટ હોલ, બીજે માળે, મદન મોહન માલવીયા રોડ, મુલુંડ ટેલીફોન એક્સચેન્જની બાજુમાં, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગીયારસે બ્રાહ્મણ**

સૌ. હર્ષાબેન (ઉં. વ. ૭૫) તે જ્યોતિન્દ્ર હિમતલાલ ભટ્ટના પત્ની. દિગંત, રત્ના અને પ્રશાંતના મમ્મી, સૌ. નીતિ, સૌ. માનસી અને ડૉક્ટર આશુતોષ ભટ્ટના સાસુ. પ્રિશા અને નાવ્યાના દાદીમા. સ્વ. વસંતબેન અને સ્વ. હિમતલાલ ભટ્ટના પુત્રવધૂ. સ્વ. ભાગીરથીબેન અને સ્વ. વેણીશંકર ત્રિવેદીના પુત્રી. તા. ૨૧-૦૩-૨૫, શુક્રવારના કૈલાશવાસી પામ્યા છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

સ્વ. પ્રવિણચંદ્ર કાનજી વીંછી (ઉં. વ. ૭૮) ગામ પત્રી(કચ્છ)હાલે ઘાટકોપર મુંબઈ .તા. ૨૦-૩-૨૫ ના ગુરુવારે રામશરણ પામેલ છે. તે પુષ્પાબેનના પતિ. તે ભાવેશ, મુકેશ તથા અર્ચના જીગર દાંધડાના પિતા. કલ્પના, યોગિતા, જીગરના સસરા. તે સ્વ. હરિરામ માધવજી મામતોરાના જમાઈ. તે હીરબાઇ પુરષોતમ મચ્છર, મટુબેન જેઠાલાલ ટાટારીયા, શાંતાબેન જગજીવન માધુ, અને વસુબેન મનસુખલાલ છુંછાના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૩-૩-૨૫ ના રવિવાર ૪ થી ૬. પાંજી વાડી બેંકવેટ હોલ, કાંજુર વિલેજ રોડ, રેલવે સ્ટેશન ની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ), (લૌકિક વ્યવહાર બંધ છે)

પાંચમાં પાનાનું ચાલુ

## દાતાને દાન માટે અપીલ



નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) હરીફ શાહ | ૬૨ | ૧,૨૦,૦૦૦ |
| ૨) રાધા રાની બર્મન | ૪૯ | ૮૦,૦૦૦ |
| ૩) કોઉશલ્ય રોય | ૩૯ | ૫૦,૦૦૦ |
| ૪) મમતા મસાનતા | ૪૬ | ૧,૦૦,૦૦૦ |
| ૫) શ્રીનીબાસ કંસારી | ૫૪ | ૧,૨૦,૦૦૦ |
| ૬) સવિતા દેવી | ૩૧ | ૧,૭૫,૦૦૦ |
| ૭) ગંગા દાસ | ૪૨ | ૫૦,૦૦૦ |
| ૮) દર્શના સચીન ચૌધરી | ૨૨ | ૧,૫૦,૦૦૦ |
| ૯) વજબાઈ સિદ્ધારામ વલકતી | ૭૨ | ૫૦,૦૦૦ |
| ૧૦) સુનૈના કુમારી | ૪૨ | ૪૦,૦૦૦ |
| ૧૧) રેખા કુમારી | ૪૫ | ૧,૨૦,૦૦૦ |
| ૧૨) સંગીત દેવી | ૪૩ | ૮૦,૦૦૦ |
| ૧૩) નસીરુદ્દીન એ કે | ૩૫ | ૨,૫૦,૦૦૦ |
| ૧૪) નમિતા રોય | ૫૮ | ૨,૫૦,૦૦૦ |
| ૧૫) શક્તિ પાડા ચાકરબોરતી | ૭૦ | ૭૦,૦૦૦ |
| ૧૬) રામદુલારી દેવી | ૬૭ | ૮૦,૦૦૦ |
| ૧૭) રાજ કુમાર | ૪૭ | ૨,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૮) અમન ધીરેન્દ્ર ઉપાધ્ય | ૧૭ | ૩,૨૦,૦૦૦ |
| ૧૯) દ્ન્યાનેશ્વર રાજેન્દ્ર પાવર | ૨ | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) રાજકિશોર ગુપ્તા | ૪૭ | ૧,૮૯,૨૪૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## નાગપુર હિંસા

એફઆઈઆર પણ નોંધવામાં આવ્યા હતા.

એમડીપીના કાર્યકારી પ્રમુખ હામિદ એન્જિનિયર અને મોહમ્મદ શહજાદ ખાન વિરુદ્ધ દેશદ્રોહનો ગુનો નોંધવામાં આવ્યો છે.

છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર દૂર કરવા વિશ્વ હિંદુ પરિષદ (વીએચપી)ની આગેવાનીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પવિત્ર લખાણ સાથેની ચાદર બાળવામાં આવી હોવાની અફવા બાદ ૧૭ માર્ચે નાગપુરના અનેક વિસ્તારોમાં હિંસા ફાટી નીકળી હતી. હિંસા દરમિયાન ભારે પથ્થરમારો કરાયો હતો. ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક પછી અમુક વિસ્તારોમાંથી કરફ્યૂ ઉઠાવવાનો નિર્ણય લેવામાં આવશે, એમ પણ કમિશનરે જણાવ્યું હતું.

દરમિયાન સ્થિતિની સમીક્ષા કરવા માટે તેમણે સિવિલ લાઈન્સમાં પોલીસ ભવન ખાતે એક બેઠક પણ યોજી હતી. ત્રણ ડીસીપી સહિત ૩૩ પોલીસ કર્મચારીઓ પથ્થરમારામાં ઘાયલ થયા હતા. મુખ્ય આરોપી ફહીમ ખાનની પણ ધરપકડ કરવામાં આવી છે. (પીટીઆઈ) ■

## હિંસામાં જખમી

આસપાસ ઘરેથી નીકળ્યો હતો. તે ઈટારસી જતી ટ્રેન પકડવા માટે નાગપુર રેલવે સ્ટેશને જઈ રહ્યો હતો. એ જ સમયે હિંસા ફાટી નીકળતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. અન્સારીને હૉસ્પિટલમાં દાખલ કરાયો હોવાની જાણકારી હૉસ્પિટલ દ્વારા કરાઈ હતી. તેના માથામાં ગંભીર ઇજા થઈ હતી અને પગમાં ફ્રેક્ચર થયું હતું. તેને સારવાર માટે આઈસીયુમાં ઑક્સિજન પર રખાયો હતો. (પીટીઆઈ) ■

## અજિત પવાર

પહોંચ્યા છે. ત્યાર બાદ બંને નેતાઓ અજિત પવાર અને જયંત પાટીલ વચ્ચે બંધ દરવાજા પાછળ લાંબી ચર્ચા થઈ. આ બંને વચ્ચેની મુલાકાતમાં બરાબર શું ચર્ચા થઈ એ કળી નથી શકાયું. દરમિયાન શરદ પવાર સવાર ૯:૪૦ વાગ્યે સભાસ્થળે પહોંચ્યા. તે સમયે દિલીપ-વલસે પાટીલ, હર્ષવર્ધન પાટીલ અને દિલીપ દેશમુખે શરદ પવારનું સ્વાગત કર્યું. એ સમયે શરદ પવારે દિલીપ-વળસે પાટીલ તરફ જોયું અને કહ્યું, તમે વહેલા આવી ગયા? આના પર દિલીપ વાલ્સે પાટીલે કહ્યું, હા સાહેબ. ત્યાર બાદ, શરદ પવાર દિલીપ-વળસે પાટીલ સાથે થોડે દૂર ચાલ્યા, અને અજિત પવાર ઉપાધ્યક્ષની કેબિનમાં બેઠા હતા.

કેબિનમાં પહોંચતાં જ દિલીપ-વળસે પાટીલે અજિત પવારની કેબિનનો દરવાજો ખોલ્યો. અજિત પવાર અંદર કેટલાક લોકો સાથે ચર્ચા કરી રહ્યા હતા. તો એ કેબિનમાં કોણ છે? શરદ પવારે થોડીક સેકન્ડો માટે આ જોયું અને પછી આગળ વધ્યા. તે થોડીક સેકન્ડનો એક વીડિયો પણ કેમેરામાં કેદ થયો હતો. આ વીડિયો હાલમાં ચર્ચાનો વિષય બન્યો છે. શરદ પવારે અજિત પવાર જ્યાં બેઠા હતા તે કેબિન તરફ નજર કરી. તેઓ થોડીક સેકન્ડો માટે સ્થિર ઊભા રહ્યા, પણ અંદર ગયા વિના આગળ વધ્યા. આ સમયે, અજિત પવારે હાથથી ઈશારો કરીને કેબિન તરફ જવા કહ્યું. દિલીપ-વળસે પાટીલે દરવાજો ખોલતાં જ શરદ પવાર અને અજિત પવારે એકબીજા પર નજર ફેરવી. પછીથી એવું જોવા મળ્યું કે પવાર આગળ વધી ગયા હતા. ■

## કાંદિવલીમાં

રસ્તા પર લાગેલા સીસીટીવી કૅમેરામાં કેદ થયો હતો. કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે ઘટનાક્રમ ગોઠવ્યો હતો. પ્રથમદર્શી પાણીમાં ડૂબી જવાથી બાળકનું મૃત્યુ થયું હોવાનું જણાયું હતું. પોલીસને શંકા છે કે અપહરણ બાદ બાળકને નિર્જન સ્થળે લઈ ગયા પછી પાણીમાં ડુબાડી તેને મારી નાખવામાં આવ્યો હશે. જોકે તેનું શબ ફરી ઈરાની વાડીમાં લાવીને શું કામ ફેંકવામાં આવ્યું હતું તે પોલીસ માટે કોયડો છે. ■

## સાયબર પોલીસે

નોડલ ઑફિસરનો સંપર્ક સાધી જે બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર થયાં હોય તેને સીઝ કરવા મદદ માગે છે.શુક્રવારે મુંબઈ પોલીસને આ હેલ્પલાઈન નંબર પર સાયબર ફ્રોડ સંબંધી ૧૧૦ ફરિયાદ મળી હતી. ■

## સરકાર એક સમુદાયને

સામે પણ કાર્યવાહી થવી જોઈએ. કૉંગ્રેસના નેતાએ કહ્યું હતું કે ઘટનાનો ચિતાર જાણવા માટે અમે અહીં હિન્દુ અને મુસ્લિમોને મળ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે પોલીસે કર્ફ્યુ બહાને પોલીસે પક્ષની ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમને શહેરના હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા દીધી નહોતી. ■

## અજિત દાદા અને

કહ્યું હતું. સંજય રાઉતે કહ્યું કે તેઓ સારું કરી રહ્યા છે. શિવસેનામાંથી અમારી પાર્ટી છોડી ગયેલા લોકોની અમને કોઈ પરવા નથી. જે રીતે તેમણે મહારાષ્ટ્ર સાથે અપ્રમાણિક વર્તન કર્યું, દગો કર્યો અને મહારાષ્ટ્રની પીઠમાં છરો ભોંક્યો. જો આપણે નહીં, તો આપણે કહીએ છીએ કે આ રાજ્યની પીઠમાં છરો ભોંકવામાં આવ્યો છે. આપણે તેમની આસપાસ પણ નહીં જઈએ. પણ તેમના માટે સારું રહેશે કે, તેમના માટે વસંત દાદા સુગર ઇન્સ્ટિટ્યૂટ છે જ્યાં તેઓ ભેગા મળી શકે, તેમના માટે વિદ્યા પ્રતિષ્ઠાન છે જ્યાં તેઓ ભેગા મળી શકે, અને તેમના માટે રાયત શિક્ષણ સંસ્થા છે જ્યાં તેઓ બધા ભેગા મળી શકે. આપણી પાસે એવું કંઈ નથી. એટલા માટે જ અમે કોઈને મળતા નથી, અને જ્યારે સમય આવે છે ત્યારે પણ અમે તેને ટાળીએ છીએ, એવું તેમણે કહ્યું હતું. તેમણે આ વખતે પણ એક નિવેદન આપ્યું, જેમાં કહ્યું કે અમે લડતા રહીશું, અમે લડતા રહીશું, અને અમે તેમને પાઠ ભણાવીશું. ■

## મ્હૈસમાલ

સરળતા રહેશે, એમ કાંબલેએ જણાવ્યું હતું. આ જિલ્લામાં સૌથી ઊંચાઈ પર આવેલું હિલ સ્ટેશન મ્હૈસમાલ ખાતે આ રડાર બેસાડવામાં આવશે અને તેની શિલાન્યાસ વિધિ મહિનાની અંદર કરવામાં આવશે, એમ સાંસદ ડૉ. ભાગવત કરાડે જણાવ્યું હતું. આ પ્રકલ્પનો લાભ મરાઠવાડા તથા ઉત્તર-પશ્ચિમ મહારાષ્ટ્રને મળશે, એમ તેમણે વધુમાં કહ્યું હતું. ■

## આદિત્ય ઠાકરે

આ કેસમાં મારું નામ ઉછાળવાનો મતલબ મને બદનામ કરવાનો છે. આ અંગે કોર્ટમાં તેનો જવાબ હું આપીશ.અત્રે ઉલ્લેખનીય છે કે જૂન, ૨૦૨૦માં સુશાંત સિંહ રાજપૂતની મૅનેજર દિશા સાલિયનનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. આ કેસમાં નવી રીતે તપાસ થાય એ માટે તેમના પિતા સતીશ સાલિયને હાઈ કોર્ટમાં અરજી કર્યા બાદ સાલિયન કેસ ફરી સામે આવ્યો છે. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

**નાગપુર હિંસા**

# ત્રણ નવા એફઆઈઆરઃ કુલ ૧૧૨ની ધરપકડ

નાગપુરઃ ઔરંગઝેબને મુદ્દે નાગપુરમાં થયેલી હિંસા મામલે ત્રણ નવા એફઆઈઆર નોંધવામાં આવ્યા હતા. હિંસા પ્રકરણમાં માઈનોરિટી ડેમોક્રેટિક પાર્ટી (એમડીપી)ના એક નેતા સહિત વધુ છ લોકો શનિવારે પકડાતાં ધરપકડ કરાયેલા આરોપીઓનો આંકડો ૧૧૨ સુધી પહોંચ્યો હતો.

નાગપુરના પોલીસ કમિશનર રવીન્દર કુમાર સિંઘલે જણાવ્યું હતું કે આ પ્રકરણમાં શહેરના અલગ અલગ ભાગોમાંથી ૧૪ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં ૧૦ સગીરનો સમાવેશ થાય છે. દંગલ મચાવવા બદલ ત્રણ નવા

(જુઓ પાનું ૪) ▶▶

## હિંસામાં જખમી એકનું મોત

નાગપુરઃ નાગપુર હિંસામાં ગંભીર રીતે ઘવાયેલા ૪૦ વર્ષના ઈરફાન અન્સારીનું સારવાર દરમિયાન હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

ઈન્દિરા ગાંધી ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલમાં શનિવારની બપોરે ૧.૨૦ વાગ્યે અન્સારીનું મૃત્યુ થયું હોવાનું હૉસ્પિટલના અધિકારીએ જણાવ્યું હતું.

વેલ્ડિંગનું કામ કરતો અન્સારી સોમવારે રાતે ૧૧ વાગ્યાની

(જુઓ પાનું ૪) ▶▶



**પૃથ્વીને કાજઃ** વર્લ્ડ અર્થ-ડેની ઉજવણીનાં ભાગરૂપે મધ્ય રેલવેના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસના ઐતિહાસિક વારસા સમાન ઈમારતની લાઈટો 'અર્થ અવર' દરમિયાન એટલે કે ૮.30 થી ૯.30 બંધ કરી દેવામાં આવી હતી. (જયપ્રકાશ કેળકર)

# અજિત પવાર અને શરદ પવારના આંખોમાં ઈશારા

## બંનેનો ઈશારાવાળો વીડિયો પણ થયો વાયરલ

મુંબઈઃ એનસીપીના પ્રમુખ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને શરદ પવારની પાર્ટીના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલ શનિવારે મળ્યા હોવાની માહિતી બહાર આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. એવું કહેવાય છે કે જયંત પાટીલ અને અજિત પવારે વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટમાં બંધ કેબિનમાં ચર્ચા કરી હતી. છેલ્લા કેટલાક દિવસોથી એવી અફવાઓ ચાલી રહી છે કે જયંત પાટીલ નારાજ છે. તેમના પક્ષપલટા (જુઓ પાનું ૪) ▶▶

અંગે પણ ચર્ચાઓ થઈ હતી. પછી બેઠક ચર્ચામાં આવી. શનિવારે સવારે ૧૦ વાગ્યે પુણેના મંજરીમાં વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટના ગવર્નિંગ બોડીની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક અધ્યક્ષ શરદ પવારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ નિયમનકારી બોર્ડમાં અજિત પવાર, દિલીપ-વળસે પાટીલ, જયંત પાટીલ, હર્ષવર્ધન પાટીલ, રાજેશ ટોપે અને અન્ય ઘણા નેતાઓ ડિરેક્ટર તરીકે સેવા આપે છે.

આ બેઠક માટે અજિત પવાર સવારે ૮.૧૫ વાગ્યાની આસપાસ સભાસ્થળે પહોંચ્યા અને તે સમયે અજિત પવારે હાજર નાગરિકોની રજૂઆતો સ્વીકારી અને કાર્યકરો સાથે ચર્ચા કરી હતી. દરમિયાન અજિત પવારને ખબર પડી કે શરદ પવાર જૂથના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલ આવી (જુઓ પાનું ૪) ▶▶

## અજિતદાદા અને જયંત પાટીલની બંધબારણે ચર્ચાને કારણે સંજય રાઉતના પેટમાં તેલ રેડાયું

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને એનસીપી શરદ પવાર જૂથના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલ સુગર ફેક્ટરીમાં મળ્યા હતા. એક કેબિનમાં બંને વચ્ચે બંધબારણે ચર્ચા થઇ હતી. હવે શિવસેના જૂથના સાંસદ સંજય રાઉતે અજિત પવાર અને જયંત પાટીલ વચ્ચે થયેલી મુલાકાતને લઇને નારાજગીનો સૂર પુરાવીને તેમના પર હુમલો કર્યો હતો.

સંજય રાઉતે કહ્યું કે તેઓ વચ્ચે સારું ચાલી રહ્યું છે. શિવસેનામાંથી અમારી પાર્ટી છોડી ગયેલા લોકોની અમને કોઈ પરવા નથી. મહારાષ્ટ્ર સાથે તેમણે અપ્રામાણિક વર્તન કર્યું, દગો કર્યો અને મહારાષ્ટ્રની પીઠમાં ખંજર ભોંક્યું. આપણે તેમની આસપાસ પણ નહીં જઈએ. પણ તેમના માટે સારું રહેશે કે તેમના માટે વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટ છે જ્યાં તેઓ ભેગા મળી શકે, તેમના માટે વિદ્યા પ્રતિષ્ઠાન છે જ્યાં તેઓ ભેગા મળી શકે અને તેમના માટે રાયત શિક્ષણ સંસ્થા છે જ્યાં તેઓ બધા ભેગા મળી શકે. આપણી પાસે એવું કંઈ નથી. એટલા માટે જ અમે કોઈને મળતા નથી અને જ્યારે સમય આવે છે ત્યારે પણ અમે તેને ટાળીએ છીએ, તેમણે (જુઓ પાનું ૪) ▶▶

# કાંદિવલીમાં ચાર વર્ષના બાળકની અપહરણ બાદ હત્યાઃ પાણીમાં ડુબાડીને માર્યાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલીમાં નાની સાથે સૂતેલા ચાર વર્ષના બાળકનું કથિત અપહરણ કરવામાં આવ્યા બાદ તેની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. પાણીમાં ડુબાડીને બાળકને મારવામાં આવ્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. બાળકનું જ્યાંથી અપહરણ કરવામાં આવ્યું હતું તેનાથી થોડે જ અંતરે તેનું શબ ફેંકીને અપહરણકાર ફરાર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની મધરાત બાદ બે વાગ્યાની આસપાસ બની હતી. કાંદિવલી પૂર્વમાં વડીલો સાથે રહેતો ચાર વર્ષનો બાળક નાનીને ઘેર આવ્યો હતો. બાળકની નાની કાંદિવલી પશ્ચિમમાં ઈરાની વાડી ખાતે ફૂટપાથ પર ઝૂંપડું બાંધીને રહેતી હતી.

પોલીસને શંકા છે કે આરોપી સાઈકલ પર આવ્યો હતો અને નાની સાથે સૂતેલા બાળકને પોતાની સાથે લઈ ગયો હતો. લગભગ અડધા કલાક પછી આરોપી ફરી એ વિસ્તારમાં આવ્યો હતો અને જ્યાંથી અપહરણ કર્યું હતું તેનાથી ૩૦ મીટરના અંતરે કન્સ્ટ્રક્શન સાઈટ નજીક બાળકના શબને ફેંકી ફરાર થઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી

(જુઓ પાનું ૪) ▶▶

## સરકાર એક સમુદાયને નિશાન બનાવે છે, નાગપુર હિંસાને ઉશ્કેરનારાઓના શું: કૉંગ્રેસ

મુંબઈઃ મહારાષ્ટ્રના નેતા માણિકરાવ ઠાકરેએ શનિવારે મહાયુતિ સરકાર પર એક ચોક્કસ સમુદાયને જ ટાર્ગેટ બનાવતી હોવાનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે તેમની પાર્ટીની તથ્ય શોધ સમિતિને નાગપુરમાં હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાની મંજૂરી આપી ન હતી.

સાત સભ્યોની સમિતિના વડા ઠાકરેએ પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે સરકાર નાગપુર હિંસાની નિષ્પક્ષ તપાસ કેવી રીતે સુનિશ્ચિત કરશે. અહીં એક પત્રકાર પરિષદને સંબોધતાં ઠાકરેએ કહ્યું હતું કે સરકાર નાગરિકોનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ છે. બીજી બાજુ તેમના પ્રધાનો એક ચોક્કસ સમુદાયને નિશાન બનાવે છે અને નફરત ફેલાવે છે. માત્ર હિંસામાં સામેલ થયેલા લોકો સામે નહીં પણ હિંસા ભડકાવનારાઓ (જુઓ પાનું ૪) ▶▶

## ઉશ્કેરણીજનક ભાષાનો ઉપયોગ કરવા છતાં મહારાષ્ટ્ર સરકાર નિતેશ રાણેને બચાવી રહી છેઃ જલીલ

છત્રપતિ સંભાજીનગરઃ એઆઈએમઆઈએમના ભૂતપૂર્વ સાંસદ ઈમ્તિયાઝ જલીલે મહારાષ્ટ્ર સરકાર પર મુસ્લિમો વિરુદ્ધ ઉશ્કેરણીજનક ભાષાનો ઉપયોગ કરનારા રાજ્ય પ્રધાન અને ભાજપના નેતા નિતેશ રાણેને જાણીજોઈને સાંપ્રદાયિક આરોપિત નિવેદનો કરવાની મંજૂરી આપવાનો આરોપ લગાવ્યો છે. જલીલે કહ્યું કે રાણેએ જાહેરમાં મસ્જિદમાં ઘૂસીને મુસ્લિમોને મારવાની ધમકી આપી ત્યારે જ તેની ધરપકડ કરવી જોઈતી હતી. ''ભૂતકાળમાં અકબરુદ્દીન ઓવૈસીના નિવેદન પછી તરત જ એક કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે, જ્યારે નિતેશ રાણેએ જાહેર મંચ પર કહ્યું કે તેઓ મસ્જિદોમાં ઘૂસીને મુસ્લિમોને મારશે, ત્યારે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેની સામે તાત્કાલિક કેસ નોંધવો જોઈતો હતો અને તેની સ્થળ પરથી ધરપકડ કરવી જોઈતી હતી. મહાયુતિ સરકારે કેટલાક લોકોને ઉશ્કેરણીજનક ભાષણો આપવાનું કામ સોંપ્યું હોય તેવું લાગે છે.'' એમ જલીલે જણાવ્યું હતું. ■

## વાઘના હુમલામાં જાનહાનિ અટકાવવા પગલાં લેવા ફડણવીસે હાકલ કરી

મુંબઈઃ ગઢચિરોલી જિલ્લામાં વાઘના હુમલાને કારણે થતી જાનહાનિ અટકાવવા માટે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિશેષ પગલાં લેવાની હાકલ કરી છે અને નિષ્ણાતો દ્વારા અભ્યાસ કરવાનો આદેશ આપ્યો છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ, છેલ્લાં પાંચ વર્ષમાં વાઘના હુમલામાં મૃત્યુ પામેલી વ્યક્તિઓના પરિવારોને વિશેષ વળતર અને મોટી બિલાડીઓના સ્થળાંતર જેવા પગલાં સાથે અભ્યાસનો અહેવાલ ત્રણ મહિનામાં સબમિટ કરવાનો છે.

છેલ્લાં પાંચ વર્ષમાં ગઢચિરોલી જિલ્લામાં વાઘના હુમલામાં ૫૦થી વધુ લોકોનાં મોત થયાં છે. આ હુમલા ગઢચિરોલી, ચમુશી, અરામોરી, વડસા અને ધનોરા વિસ્તારમાં થયા છે.

નિષ્ણાતોના અભ્યાસના આધારે, કેટલાક વાઘને ત્રણ મહિનામાં સ્થાનાંતરિત કરવામાં આવશે. ■

## સાયબર પોલીસે ૨૪ કલાકમાં ૧૧૦ જણના દોઢ કરોડ રૂપિયા બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયબર પોલીસની હેલ્પલાઈન નંબર પર આવેલા કૉલને આધારે મુંબઈ પોલીસે છેલ્લા ૨૪ કલાકમાં ૧.૪૯ કરોડ રૂપિયા બચાવી લીધા હતા. રોકાણ પર આકર્ષક વળતર સહિતની અનેક લાલચો બતાવી સાયબર ઠગ ટોળકીએ ૨૪ કલાકમાં ૧૧૦ જણને છેતરી નાણાં પડાવ્યાં હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. સાયબર ફ્રોડમાં નાણાં ગુમાવનારા લોકો સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરી શકે છે.

ફરિયાદને આધારે સાયબર પોલીસના અધિકારીઓ તાત્કાલિક સંબંધિત બૅન્કના

(જુઓ પાનું ૪) ▶▶

# ફ્લાઇટો મોડી થવાને કારણે સુળે ભડક્યા એર ઈન્ડિયા પર

મુંબઈઃ એનસીપી-એસપીનાં નેતા સુપ્રીયા સુળેએ શનિવારે એર ઈન્ડિયાની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે પ્રીમિયમ ફેર ભરવા છતાં વારંવાર ફ્લાઇટો મોડી પડે છે તથા પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડે છે.

શનિવાર માટે સુપ્રીયા સુળેએ પણ એક ફ્લાઇટ બુક કરાવી હતી, પરંતુ તે એક કલાક અને ૧૯ મિનિટ મોડી પડ્યા બાદ સુળે પોતાનો પારો ગુમાવી બેઠાં હતાં અને એરલાઇન્સની જોરદાર ઝાટકણી કાઢી હતી.

પ્રીમિયમ દર ભરવા છતાં ફ્લાઇટ વારંવાર મોડી પડતી હોવાને કારણે એરલાઇન્સ સામે સિવિલ એવિએશન પ્રધાન રામમોહન નાઇડુ દ્વારા કાર્યવાહી કરવામાં આવે એવી માગણી પણ સુળેએ કરી હતી. ફ્લાઇટ મોડી પડવાનો સિલસિલો જ બની ગયો છે જે અસ્વીકાર્ય છે. અમે વિમાન પ્રવાસ માટે વધુ નાણાં ખર્ચ કરીએ છીએ, પરંતુ ફ્લાઇટ ક્યારેય સમયસર હોતી નથી. આ પ્રકારના બેદરકારીભર્યા કારોભારને કારણે વ્યવસાયિકો, વૃદ્ધો, બાળકો તમામને સહન કરવું પડે છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ પ્રકારે એર ઈન્ડિયા સહિતની જે પણ એરલાઇન્સની ફ્લાઇટો વારંવાર મોડી પડતી હોય તેની સામે કાર્યવાહી કરવા માટે નિયમો હોવા જરૂરી છે, એમ જણાવતા તેમણે દાવો કર્યો હતો કે ફ્લાઇટ ટ્રેકર્સ ખામીયુક્ત છે જે ગેરમાર્ગે દોરનારા પરિણામ જણાવે છે.

હું દિલ્હીમાં ફ્લાઇટ મોડી પડવાને કારણે ફસાઇ ગઇ હતી, પરંતુ ફ્લાઇટ ટ્રેકરમાં કંઇક બીજું જ પરિણામ જણાવવામાં આવી રહ્યું હતું. આ મુદ્દો હું નાગરી ઉડ્ડયન ખાતાના પ્રધાન સમક્ષ મૂકવાની છું, એમ સુળેએ જણાવ્યું હતું. ■

# સીમાંકન થવું જોઈએ, પણ પારદર્શક રીતેઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ સંસદીય મતવિસ્તારોનું સીમાંકન થવું જોઈએ, પરંતુ યોગ્ય રીતે, એમ એનસીપી-એસપીનાં નેતા સુપ્રિયા સુળેએ શનિવારે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વિપક્ષ ઈન્ડિયા બ્લોકમાં એનસીપી-એસપી તમિળનાડુનો સત્તાધારી ડીએનકેનો સાથી પક્ષ છે. ડીએમકે દ્વારા શનિવારે સીમાંકન બાબતે રાજ્યો સાથે પ્રથમ બેઠક યોજી હતી.

સુપ્રિયા સુળેએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે દક્ષિણનાં રાજ્યોએ સામાજિક ક્ષેત્રો તથા લોકસંખ્યાને નિયંત્રણમાં રાખવા માટે ઉલ્લેખનીય પગલાં લીધાં છે.

સીમાંકન અંગે કોઈ સ્પષ્ટતા નથી, જેની અમને ચિંતા છે. સીમાંકન થવું જ જોઈએ, પરંતુ યોગ્ય પદ્ધતિથી, એમ સુળેએ વધુમાં જણાવ્યું હતું.

અમે ડીએમકેના સંપર્કમાં છીએ. તેઓએ શનિવારે ફક્ત દક્ષિણનાં રાજ્યો સાથે બેઠક યોજી હતી, એમ સુળેએ જણાવ્યું હતું.

ડીએમકેના અધ્યક્ષ હેઠળ યોજાયેલી જોઇન્ટ એક્શન કમિટી પર પક્ષનું વલણ શું છે એમ પૂછતાં સુપ્રિયા સુળેએ ઉક્ત નિવેદન આપ્યું હતું.

સંયુક્ત સંસદીય સમિતિમાં એક દેશ એક ચૂંટણીનો મુદ્દો વિપક્ષો દ્વારા ઉઠાવવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

# મ્હૈસમાલ ખાતે બેસાડાશે આધુનિક રડારઃ વીજળી પડવાની પણ ચેતવણી આપશે

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગરના મ્હૈસમાલ ખાતે આઇએમડી દ્વારા હવામાનની જાણકારી મેળવવા માટે સી-બેન્ડના ડોપ્લર રડાર બેસાડવામાં આવશે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

આ રડારની રેન્જ ૪૦૦ કિલોમીટરની હશે જેથી હવામાનમાં થનારા ફેરફારની માહિતી ત્રણથી ચાર કલાક પહેલાં જ મળી જશે, એમ આઇએમડી મુંબઈના વડા સુનીલ કાંબલેએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે આ રડાર બેસાડવા માટે આઇએમડીને અડધા એકરથી વધુ જમીન આપવાનું નક્કી કર્યું છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

હવામાન સંબંધિત વિગતો સિવાય આ રડાર દ્વારા વીજળી પડવાની પણ ચેતવણી આપવામાં આવશે જેથી સાવચેતીનાં પગલાં લેવામાં

(જુઓ પાનું ૪) ▶▶


અંક પ્રગટ થઈ ચૂક્યો છે





# કોરાટકર સામે કાર્યવાહી કરવામાં આવશેઃ ફડણવીસ

નાગપુરઃ નાગપુર સ્થિત પત્રકાર પ્રશાંત કોરાટકર, જેમણે એક ઈતિહાસકાર સાથે ફોન કોલ દરમિયાન છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના પુત્ર છત્રપતિ સંભાજી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હોવાના આરોપ છે, તેને પોલીસ બચાવી રહી હોવાના આક્ષેપોને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રદિયો આપ્યો હતો.

કોરાટકર દુબઈમાં હોવાના અહેવાલો વિશે પૂછવામાં આવતા ફડણવીસે જણાવ્યું હતું કે આ મુદ્દા પરના સમાચાર ચકાસણી વિના બહાર પાડવામાં આવી રહ્યા છે.

''પોલીસ તેને શોધી રહી છે અને તે જ્યાં પણ હોય, પછી તે દુબઈ હોય કે બીજે ક્યાંય હોય તેની સામે કાર્યવાહી કરવામાં આવશે,'' ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું.

કોરાકર ધરપકડથી બચવા માટે મિડલ ઇસ્ટ ભાગી ગયો હોવાની અટકળો વિદેશમાં તેના કેટલાક ફોટોગ્રાફ્સ ઓનલાઈન સામે આવ્યા બાદ ફેલાઈ રહી હતી.

કોરાટકર પર કોલ્હાપુરસ્થિત ઈતિહાસકાર ઈન્દ્રજિત સાવંતને કથિત રીતે ધમકી આપવા અને મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના યોદ્ધા-પુત્ર સંભાજી મહારાજ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ૨૬ ફેબ્રુઆરીએ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

૧૮ માર્ચે કોલ્હાપુરમાં એડિશનલ સેશન્સ જજ ડી વી કશ્યપની કોર્ટે તેમની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. ■

**દિશા સાલિયન મૃત્યુ કેસ**

# આદિત્ય ઠાકરે સામે ગુનો નોંધીને ધરપકડ કરવાની નારાયણ રાણેની માગ

મુંબઈઃ આદિત્ય ઠાકરે સામે પોલીસ ગુનો નોંધે અને તેની ધરપકડ કરે, એવી માગ શનિવારે ભાજપના નેતા રાણેએ કરી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે દિશા સાલિયન મૃત્યુ કેસમાં આદિત્ય ઠાકરેને ન ઘસડવા માટે તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ તેમને વિનંતી કરી હતી.

એ સમયે રાણેએ ઠાકરેને કહ્યું હતું કે તેણે કોઈનું નામ નહોતું લીધું, પણ એક પ્રધાનનો ઉલ્લેખ કર્યો હતો.

જોકે અત્યાર સુધી એકઠા થયેલા પુરાવા પરથી હવે એવું જણાય છે કે આદિત્ય ઠાકરે સામે ગુનો નોંધવામાં આવે અને તેમની ધરપકડ કરવામાં આવે.નારાયણ રાણેએ કરેલા દાવાને ઉદ્ધવ ઠાકરેએ ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે તેમના પુત્ર આદિત્યનો આ કેસ સાથે કોઈ સંબંધ નથી. આદિત્યએ પણ કહ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

## થાણેની માંદી રાનીને મળ્યું ટોરન્ટોમાં નવું ઘર

મુંબઈઃ પશુપ્રેમીઓ માટે એક હૃદયદ્રાવક સામાચાર થાણે શહેરમાંથી આવ્યા છે જ્યાં એક માંદા પડેલા શ્વાનને હવે ભારતમાં નહીં, પણ વિદેશમાં કેનેડામાં પોતાનું નવું ઘર મળવાનું છે. આ કાર્યમાં એક બિનસરકારી સંસ્થા મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે.

થાણેના વર્તક નગર વિસ્તારમાં માંદી હાલતમાં રહેતી રાની નામના શ્વાનને કેનેડાના ટોરન્ટોમાં મોકલવામાં આવનાર છે. ટોરન્ટોથી પોતાનાં માતાપિતાને મળવા સલિલ નવઘરે ગયા વર્ષે ડિસેમ્બરમાં આવ્યો હતો. થાણેના વર્તક નગર વિસ્તારમાં તેનાં માતાપિતા રહેતાં હતાં. તે જ વિસ્તારમાં રાની માંદી હાલતમાં જોવા મળી હતી.

સલિલ નવઘરે પ્લાન્ટ્સ એન્ડ એનિમલ્સ વેલ્ફેર સોસાયટી (પાવ્સ) સંસ્થાના સંપર્કમાં આવીને રાનીની સારવાર શરૂ કરાવી હતી. હવે સલિલ પાછો ટોરન્ટો જતો રહ્યો છે, પરંતુ તેણે સંસ્થા સાથે મળીને રાનીને ત્યાં મોકલવાની તૈયારી કરી છે. ■

## અકસ્માતમાં માર્યા ગયેલા શિક્ષકના પરિવારજનોને ₹ ૯૫ લાખનું વળતર

થાણેઃ થાણેમાં ગઈ કાલે યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતે માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા શિક્ષકના સંબંધીઓને વળતર તરીકે રૂા. ૯૫ લાખનું ઇનામ આપ્યું હતું. આ રકમ આ વર્ષની અત્યાર સુધીની સૌથી મોટી સમાધાન રકમ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ૨૨ નવેમ્બર, ૨૦૨૧ ના રોજ સુંદરલાલ મરાઠે ખડકપાડા વિસ્તારમાં મોર્નિંગ વોક પર નીકળ્યા હતા ત્યારે એક ટેમ્પોએ તેમને કચડી નાખ્યા હતા. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ એસ.બી. અગ્રવાલે મરાઠેના પરિવારજનોને ચેક સોંપ્યો, જેમાં તેની વૃદ્ધ માતા પણ સામેલ હતાં. ■




# કિંગ ખાન સાથે કિંગ કોહલી




ઈડનમાં ગઈ કાલે આઈપીએલના ઓપનિંગ દરમ્યાન સ્ટેજ પર શાહરુખ ખાન સાથે વિરાટ કોહલી અને રિન્કુ સિંહ. બન્ને ક્રિકેટરે કિંગ ખાન સાથે ડાન્સ કર્યો હતો. શ્રેયા ગોસલ તેમ જ દિશા પટની અને કરણ ઔજલા તેમ જ બીજા પર્ફોર્મર્સે ક્રિકેટપ્રેમીઓના દિલ જીતી લીધા હતા. (આઈપીએલ)

# કોલકાતામાં આરસીબીનું રાજ, કૃણાલ-કોહલીએ અપાવ્યો વિજય

કોલકાતાઃ આઇપીએલની ૧૮મી સીઝનમાં આજે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ને સાત વિકેટે હરાવીને વિજયી શ્રીગણેશ કર્યા હતા. આરસીબીએ ૧૭૫ રનનો લક્ષ્યાંક ૧૬.૨ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે (૧૭૭/૩ના સ્કોર સાથે) મેળવી લીધો હતો. બોલિંગમાં કૃણાલ પંડ્યા (૨૯ રનમાં ત્રણ વિકેટ) અને બૅટિંગમાં વિરાટ કોહલી (૫૯ અણનમ, ૩૬ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)નું આરસીબીને સૌથી મોટું યોગદાન મળ્યું હતું. કોહલીએ ઓપનર ફિલ સૉલ્ટ (૫૬ રન, ૩૧ બૉલ, બે સિક્સર, નવ ફોર) સાથે ૫૧ બૉલમાં ૯૫ રનની ભાગીદારી કરીને લક્ષ્યાંકને આસાન બનાવી દીધો હતો. કોહલીએ ત્યાર બાદ દેવદત્ત પડિક્કલ (૧૦ બૉલમાં ૧૦ રન) સાથે ૨૩ રનની અને કૅપ્ટન રજત પાટીદાર (૩૪ રન, ૧૬ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) સાથે ૪૪ રનની પાર્ટનરશિપ કરી હતી. લિવિંગસ્ટન પાંચ બૉલમાં ૧૫ રન બનાવીને અણનમ રહ્યો હતો.

મૅચના આરંભ પહેલાં શાહરુખ ખાનની ઍન્કરશિપમાં યોજાયેલા ઓપનિંગમાં શ્રેયા ગોસલ તેમ જ દિશા પટની અને કરણ ઔજલા તેમ જ બીજા પર્ફોર્મર્સે ક્રિકેટપ્રેમીઓના દિલ જીતી લીધા હતા.


એ પહેલાં, કેકેઆરની ટીમે બૅટિંગ મળ્યા બાદ ખરાબ શરૂઆત કર્યા પછી છેવટે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૭૪ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન અજિંક્ય રહાણે (૫૬ રન, ૩૧ બૉલ, ચાર સિક્સર, છ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. તેની અને ઓપનર સુનીલ નારાયણ (૪૪ રન, ૨૬ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૧૦૩ રનની ભાગીદારી થઈ હતી.

એ પહેલાં, વિકેટકીપર ક્વિન્ટન ડિકૉક ફક્ત ચાર રન બનાવ્યા બાદ જૉશ હૅઝલવૂડના બૉલમાં વિકેટકીપર જિતેશ શર્માના હાથમાં કૅચઆઉટ થયો હતો.

# શનિવારના પ્રારંભિક મુકાબલા અગાઉના કેકેઆર-આરસીબીના આઠ રોમાંચક મુકાબલાને યાદ કરી લઈએ...

કોલકાતાઃ ૧૮મી આઇપીએલમાં ગઈ કાલે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં પ્રથમ મુકાબલો કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વચ્ચે હતો. નવાઈની વાત એ છે કે ૨૦૦૮ની સૌપ્રથમ આઇપીએલની પહેલી મૅચ કેકેઆર-આરસીબી વચ્ચે રમાઈ ત્યાર પછી છેક ૧૮મા વર્ષે ફરી એકવાર ટૂર્નામેન્ટની પહેલી મૅચમાં આ જ બે ટીમ સામસામે આવી હતી.

ક્રિકેટજગતની આ સૌથી લોકપ્રિય લીગ ટૂર્નામેન્ટમાં જે ટીમો ક્રિકેટપ્રેમીઓમાં સૌથી પ્રિય ગણાય છે એમાં કેકેઆર-આરસીબીનો સમાવેશ અચૂક થાય છે અને એમની વચ્ચેના અગાઉના કેટલાક એક્સાઇટિંગ મુકાબલાની વિગતો અહીં પ્રસ્તુત છેઃ




(૧) ૨૦૦૮, મૅચ-૧, **બેંગલૂરુઃ** કોલકાતાના કિવી ઓપનર બ્રેન્ડન મૅક્લમે ૭૩ બૉલમાં ૧૩ સિક્સર તથા ૧૦ ફોરની મદદથી બનાવેલા અણનમ ૧૫૮ રન સાથે આઇપીએલને ધમાકેદાર આરંભ અપાવ્યો હતો. કોલકાતાના ૨૨૨/૩ના જવાબમાં બેંગલૂરુ માત્ર ૮૨ રનમાં ઑલઆઉટ થઈ જતાં કોલકાતાનો ૧૪૦ રનથી વિજય થયો હતો. મૅન ઑફ ધ મૅચઃ બ્રેન્ડન મૅક્લમ

(૨) ૨૦૦૯, મૅચ-૪૧, **સેન્ચુરિયનઃ** મૅક્લમે કોલકાતાનું નેતૃત્વ સંભાળ્યું હતું અને અણનમ ૮૪ રન બનાવ્યા જેની મદદથી બેન્ગલૂરુને ૧૭૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ૧૧ ઓવરમાં ત્રણ વિકેટે ૭૪ રન ત્યારે બેંગલૂરુની જીત થોડી મુશ્કેલ લાગતી હતી, પણ રૉસ ટેલરે ડેથ ઓવરમાં કોલકાતાના બોલર્સની ખબર લઈ નાખી હતી અને ૩૩ બૉલમાં બનાવેલા અણનમ ૮૧ રનની મદદથી બેન્ગલૂરુને ચાર બૉલ બાકી રાખીને જિતાડ્યું હતું. મૅન ઑફ ધ મૅચઃ રૉસ ટેલર

(૩) ૨૦૧૩, મૅચ-૧૨, **બેંગલૂરુઃ** કોલકાતાના ૧૫૪/૮ના સ્કોર બાદ ૧૫૫ રનના લક્ષ્યાંકને ચેઝ કરતી વખતે ક્રિસ ગેઇલે અણનમ ૮૫ રન બનાવીને બેન્ગલૂરુને ૧૫ બૉલ બાકી રાખીને વિજય અપાવ્યો હતો. વ્યક્તિગત ખેલાડીના પર્ફોર્મન્સ કરતાં આ મૅચ વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર વચ્ચેના ઘર્ષણને કારણે ચર્ચાસ્પદ થઈ હતી. ડીપ પૉઇન્ટ પર કોહલીથી કૅચ છૂટતાં જ ગંભીર સેલિબ્રેશનના મૂડમાં આવી ગયો હતો. બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી અને વાતાવરણ તંગ થઈ ગયું હતું. તેમના દિલ્હીના ભૂતપૂર્વ સાથી ખેલાડી રજત ભાટિયાએ તેમને શાંત પાડ્યા હતા. મૅન ઑફ ધ મૅચઃ ક્રિસ ગેઇલ

(૪) ૨૦૧૬, મૅચ-૩૦, **બેંગલૂરુઃ** બેંગલૂરુએ ૧૮૫ રન બનાવ્યા બાદ કોલકાતાએ સાધારણ શરૂઆત બાદ મુશ્કેલી અનુભવી હતી. છેલ્લી સાત ઓવરમાં કોલકાતાએ ૯૩ રન બનાવવાના હતા. જોકે આન્દ્રે રસેલ (ચાર સિક્સર, એક ફોર સહિત ૩૯ રન) અને યુસુફ પઠાણે (ત્રણ સિક્સર, છ ફોર સાથે અણનમ ૬૦)ની જોડીએ બાજી ફેરવી નાખી હતી. યુસુફે વૉટસનની ૧૭મી ઓવરને ચીંથરેહાલ કરી હતી. એમાં તેણે ૨૪ રન ખડકી દીધા હતા. મૅન ઑફ ધ મૅચઃ આન્દ્રે રસેલ (૩૯ રન, એક વિકેટ, એક કૅચ)

(૫) ૨૦૧૭, મૅચ-૨૭, **કોલકાતાઃ** બૅટિંગ મળ્યા બાદ કોલકાતાએ સાધારણ આરંભ બાદ ધબડકો જોયો હતો. જોકે સુનીલ નારાયણે ૧૭ બૉલમાં બનાવેલા ૩૪ રનની મદદથી ટીમને ૧૩૧ રનનો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો. સ્ટાર બૅટર્સવાળી બેંગલૂરુની ટીમ કૉલ્ટર-નાઇલ, વૉક્સ અને કૉલિન ડિગ્રેન્ડમની ત્રણ-ત્રણ વિકેટને કારણે ફક્ત ૪૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. આરસીબીના આ ૪૯ રન આઇપીએલના ઇતિહાસમાં લોએસ્ટ ટોટલ છે. કોલકાતાનો લો-સ્કોરિંગ મૅચમાં ૮૨ રનથી વિજય થયો હતો. મૅન ઑફ ધ મૅચઃ નૅથન કૉલ્ટર-નાઇલ

(૬) ૨૦૧૭, મૅચ-૪૬, **બેંગલૂરુઃ** રિર્ટન મૅચમાં પણ કોલકાતા જીત્યું હતું. બેંગલૂરુની સ્ટાર-ત્રિપુટી (કોહલી, ગેઇલ, ડિવિલિયર્સ) ફક્ત ૧૫ રન બનાવી શક્યા ત્યાર બાદ મનદીપ સિંહ (બાવન રન) અને ટ્રેવિસ હેડ (અણનમ ૭૫ રન)ની જોડીએ આરસીબીને ૧૫૮ રનનો પડકારરૂપ સ્કોર અપાવ્યો હતો. જોકે સુનીલ નારાયણ તથા ક્રિસ લીને ધમ્માલ મચાવી દીધી હતી. તેમણે પાવરપ્લેની ઓવર્સમાં ૧૦૫ રન ખડકી દીધા હતા. બેંગલૂરુની ઇનિંગ્સમાં બે વિકેટ લેનાર નારાયણે ફક્ત ૧૫ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરીને ત્યારે નવો વિક્રમ સ્થાપિત કર્યો હતો. કોલકાતાનો છ વિકેટે વિજય થયો હતો. મૅન ઑફ ધ મૅચઃ સુનીલ નારાયણ

(૭) ૨૦૧૯, મૅચ-૧૭, **બેંગલૂરુઃ** સતત ચાર મૅચ હારી ચૂકેલી બેંગલૂરુની ટીમે આ મૅચ કેમેય કરીને જીતવાની હતી. કોહલીના ૮૪ રન અને ડિવિલિયર્સના ૬૩ રનની મદદથી બેંગલૂરુએ ત્રણ વિકેટે ૨૦૫ રન બનાવ્યા હતા. કોલકતાના ક્રિસ લીનના ૪૩ રન, રૉબિન ઉથપ્પાના ૩૩ રન અને નીતિશ રાણાના ૩૩ રન ઉપરાંત ખાસ કરીને આન્દ્રે રસેલે સાત સિક્સરની મદદથી બનાવેલા અણનમ ૪૮ રનની મદદથી ૧૯.૧ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૬ રન બનાવીને પાંચ વિકેટના માર્જિનથી રોમાંચક વિજય મેળવી લીધો હતો. મૅન ઑફ ધ મૅચઃ આન્દ્રે રસેલ

(૮) ૨૦૨૪, મૅચ-૩૬, **કોલકાતાઃ** કેકેઆરે કૅપ્ટન શ્રેયસ ઐયરના ૫૦ રન તેમ જ આન્દ્રે રસેલના અણનમ ૨૭ રનની મદદથી બનેલા છ વિકેટે ૨૨૨ રન બનાવ્યા પછી આરસીબીની ટીમ છેલ્લા બૉલ પર ૨૨૧ રનના સ્કોરે ઑલઆઉટ થતાં કેકેઆરનો એક રનથી વિજય થયો હતો. કેકેઆરના સૌથી મોંઘા ખેલાડી મિચલ સ્ટાર્કે છેલ્લી ઓવરમાં ૨૦ રન ડિફેન્ડ કરવાના હતા. ક્રીઝ પર કર્ણ શર્મા હતો. કર્ણએ પહેલા ચાર બૉલમાં ત્રણ સિક્સર ફટકારી દેતાં બાજી બેંગલૂરુની ફેવરમાં આવી હતી. જોકે પાંચમા બૉલે કર્ણ કૉટ ઍન્ડ બોલ્ડ થતાં અને છઠ્ઠા બૉલ પર લૉકી ફર્ગ્યુસન રનઆઉટ થતાં કોલકાતા અંતિમ બૉલ પર એક રનથી જીતી ગયું હતું અને સ્ટાર્ક સુપર હીરો બની ગયો હતો. છેવટે કેકેઆરની ટીમ જ એ ટૂર્નામેન્ટમાં ચૅમ્પિયન બની હતી. આન્દ્રે રસેલે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. મૅન ઑફ ધ મૅચઃ આન્દ્રે રસેલ

# જ્યોર્જ ફોરમૅન રસ્તા પર અનેક લૂંટબાજી અને લડાઈ કર્યા બાદ જગવિખ્યાત મુક્કાબાજ બન્યા હતા

## ભૂતપૂર્વ હેવીવેઇટ ચૅમ્પિયન બૉક્સરનું શુક્રવારે ૭૬ વર્ષની વયે નિધન થયું

ઑસ્ટિન (અમેરિકા): બે વખત હેવીવેઇટ વર્લ્ડ ચૅમ્પિયનનો તાજ જીતનાર વિશ્વવિખ્યાત મુક્કાબાજ જ્યોર્જ ફોરમૅનનું શુક્રવારે અવસાન થયું હતું. તેઓ ૭૬ વર્ષના હતા અને પાવરફુલ પંચ માટે તેમ જ પ્રભાવશાળી વ્યક્તિત્વ માટે વિશ્વભરમાં લોકપ્રિય હતા.

બૉક્સિંગની રિંગમાં પ્રેક્ષકોના શ્વાસ થંભાવી દે એવા બાઉટમાં અનેક બૉક્સર્સને પરાસ્ત કરનાર અમેરિકાના ફોરમૅન પથારીવશ હતા અને શુક્રવારે તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા.

ફોરમૅન સૌથી પહેલાં ૧૯૬૮માં ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતીને ફેમસ થયા હતા. ૧૯૭૩માં તેમણે એ સમયના ચૅમ્પિયન જમૈકાના જો ફ્રેઝરને હરાવીને પ્રથમવાર હેવીવેઇટ ટાઈટલ જીતી લીધું હતું.

જોકે ફોરમૅન ૧૯૭૪માં મોહમ્મદ અલીને જબરદસ્ત લડત આપીને તેમની સામે હાર્યા એમ છતાં તેમણે અસંખ્ય ચાહકોના દિલ જીતી લીધા હતા. 'રમ્બલ ઈન ધ જંગલ' તરીકે ઓળખાતા એ મુકાબલામાં અલીએ



ગજબના વ્યૂહ સાથે તેમને આઠ રાઉન્ડના નૉકઆઉટમાં હરાવ્યા હતા.

ફોરમૅનને માઈક ટાયસન સહિત બૉક્સિંગ જગતમાંથી અનેક હસ્તીઓએ અંજલિ આપી હતી.

ફોરમૅન ૧૯૭૭માં નિવૃત્ત થયા હતા અને મિનિસ્ટર બન્યા હતા. જોકે એક દાયકા બાદ (૧૯૮૭માં) તેમણે અણધારી રીતે બૉક્સિંગ રિંગમાં કમબૅક કર્યું હતું અને ૨૪ મુકાબલા જીત્યા બાદ ૧૯૯૧માં ઇવાન્ડર હોલીફીલ્ડ સામે હાર્યા હતા. ૧૯૯૪ની સાલમાં ૪૫ વર્ષની ઉંમરે માઇકલ મૂરરને પછાડીને ફોરમૅન બીજું હેવીવેઇટ વર્લ્ડ ટાઈટલ જીત્યા હતા અને એ સાથે તેઓ ઑલ્ડેસ્ટ વર્લ્ડ ચૅમ્પિયન બન્યા હતા.

ફોરમૅન યુવાન હતા ત્યારે રસ્તા પર ફાઇટિંગ અને લૂંટફાટ કરવામાં નામચીન હતા. તેમણે એક વાર ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું, હું કોઈનાથી પણ ડરતો નથી એવું મિત્રોને બતાવવા માટે જ મેં બૉક્સિંગની રિંગમાં નસીબ અજમાવવાનું શરૂ કર્યું હતું. એક વર્ષમાં પચીસ મુકાબલા લડ્યા બાદ હું ઑલિમ્પિક્સનો ગોલ્ડ મેડલિસ્ટ બની ગયો હતો.'

ફોરમૅન કુલ ૮૧ વખત બૉક્સિંગની રિંગમાં ઊતર્યા હતા, એમાંથી ૭૬ બાઉટ જીત્યા હતા જેમાંના ૬૮ જંગ નૉકઆઉટમાં જીત્યા હતા.

જ્યોર્જ ફોરમૅને ૧૯૯૭માં ૪૮ વર્ષની ઉંમરે શેનૉન બ્રિગ્સ સાથેના રસાકસીભર્યા મુકાબલામાં પરાજય જોયા બાદ રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું.

ફોરમૅને પાંચ લગ્ન કર્યાં હતા. તેમને કુલ ૧૦ સંતાનો છે. તેમણે પાંચેય પુત્રના નામમાં જ્યોર્જ એડવર્ડ નામ જોડ્યું હતું કે જેથી કરીને પાંચેય પુત્ર નામની આ સામ્યતાને લીધે એકમેક સાથે જોડાયેલા રહે.

# પંજાબની ટીમે પોન્ટિંગ પાસે પૂજા કરાવી એટલે પાકિસ્તાનને પેટમાં દુખ્યું

અમૃતસરઃ ગઈ કાલે શરૂ થયેલી ૧૮મી આઇપીએલની વિવિધ ટીમો પોતપોતાની રીતે તૈયારીઓ કરી રહી છે અને એમાં પંજાબ કિંગ્સની ટીમે કંઈક અલગ રીતે પૂર્વતૈયારી કરી જેમાં તેમણે પોતાના હેડ-કોચ રિકી પોન્ટિંગ પાસે પૂજા કરાવી હતી.

જોકે સોશિયલ મીડિયામાં આ ધાર્મિક વિધિનો વિડિયો, એના ફોટોગ્રાફ્સ અને વિગતો જાણીને પાકિસ્તાનના ક્રિકેટપ્રેમીઓ વિફર્યા છે અને બે વર્ષ પહેલાંની વાત યાદ કરાવીને આ પૂજા પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કર્યો છે.

ઑસ્ટ્રેલિયાને વર્લ્ડ કપની બે ટ્રોફી અપાવનાર ભૂતપૂર્વ કૅપ્ટન રિકી પોન્ટિંગે પંજાબ કિંગ્સના ખેલાડીઓ, કોચિંગ તેમ જ સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ સાથે પૂજામાં ભાગ લીધો હતો.

પંજાબના ખેલાડીઓએ આઇપીએલમાં પોતે ખૂબ સારું પર્ફોર્મ કરે તેમ જ ટીમને પ્રથમ ટ્રોફી અપાવી શકે એ માટે ઈશ્વરના આશીર્વાદ લેવા માટે આ પૂજા વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંજાબની પ્રથમ મૅચ મંગળવારે



(સાંજે ૭.૩૦ વાગ્યાથી) અમદાવાદમાં શુભમન ગિલના સુકાનવાળી ગુજરાત ટાઇટન્સ સામે રમાશે. શ્રેયસ ઐયર પંજાબનો સુકાની છે.

૨૦૨૪માં કોલકાતાને ટ્રોફી અપાવનાર કૅપ્ટન શ્રેયસ ઐયર આ વખતે પંજાબની ટીમનું નેતૃત્વ સંભાળશે.

પાકિસ્તાનના કેટલાક ક્રિકેટપ્રેમીઓએ સોશિયલ મીડિયા પર રિકી પોન્ટિંગને પંજાબની ટીમ સાથે પૂજા કરી રહેલો જોયો એટલે ભારતને વખોડવાનું શરૂ કરી દીધું. તેમણે જણાવ્યું હતું કે હવે ભારતમાં શા માટે ક્રિકેટને ધર્મ સાથે જોડી દેવામાં આવે છે? ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ દરમ્યાન હૈદરાબાદમાં અમારા પાકિસ્તાનની શ્રીલંકા સામે જે મૅચ હતી એમાં અમારા મોહમ્મદ રિઝવાને મેદાન પર જે કંઈ કર્યું હતું એની ખૂબ ટીકા કરવામાં આવી હતી તો પછી હવે પૉન્ટિંગને શા માટે પૂજામાં ભાગ લેવાની ફરજ પાડવામાં આવી? '

જોકે પહેલી વાત તો એ છેકે પોન્ટિંગ પાકિસ્તાનનો નથી. બીજું, રિઝવાને ૨૦૨૩માં જે કંઈ કર્યું હતું એ મેદાન પર કર્યું હતું જે ક્રિકેટની ભાવનાની વિરુદ્ધમાં કહેવાય. પોન્ટિંગે હિન્દુ વિધિ મેદાન પર નહીં, મેદાનની બહાર કરી છે.

બે વર્ષ પહેલાં હૈદરાબાદમાં રિઝવાન શ્રીલંકા સામે સેન્ચુરી પૂરી કરી ત્યાર બાદ મેદાન પર નમાજ પઢવા લાગ્યો હતો.

રિઝવાને એ જે કંઈ કર્યું એ સામે દિલ્હીના વકીલ વિનીત જિંદાલે વાંધો ઉઠાવ્યો હતો અને આઇસીસીના એ સમયના પ્રમુખ ગ્રેગ બાર્કલે સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. જિંદાલે ફરિયાદમાં લખ્યું હતું કે 'રિઝવાન આ રીતે ક્રિકેટની પિચ પર નમાઝ પઢે એ ઠીક ન કહેવાય. તે ક્રિકેટના મેદાન પર આવું ધાર્મિક કાર્ય ન કરી શકે. ક્રિકેટની રમત પાછળની ભાવનાની વિરુદ્ધમાં કહેવાય.'

# 'સૂર્યાના મુંબઈ'ની આજે ચેન્નઈના સ્પિન સામે કસોટી

ચેન્નઈઃ મુખ્ય કૅપ્ટન હાર્દિક પંડ્યા અને મુખ્ય બોલર જસપ્રીત બુમરાહ વિનાની મુંબઈ ઇન્ડિયન્સની ટીમનો આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ચેન્નઈમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામે મુકાબલો છે. બન્ને હરીફ ટીમ પાંચ-પાંચ ટાઇટલ જીતી ચૂકી છે. ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં ચેન્નઈની ટીમ પાસે સારી સ્પિન તાકાત છે જેની સામે મુંબઈના બૅટર્સની કસોટી થશે. ઇતિહાસ મુંબઈની તરફેણમાં નથી, કારણકે છેલ્લે મુંબઈની ટીમ આઇપીએલમાં પોતાની પ્રથમ મૅચ જીતી હોય એવું છેક ૨૦૧૨માં બન્યું હતું. જોકે દીપક ચાહર અને ટ્રેન્ટ બૉલ્ટ મુંબઈને ટૂર્નામેન્ટમાં સારી શરૂઆત અપાવી શકે એમ છે. બૅટિંગમાં રોહિત, રિકલ્ટન, સૂર્યા, તિલક, નમન ધીર અને રૉબિન મિન્ઝ મુંબઈની ટીમને ઉપયોગી યોગદાન આપી શકે. દીપક ચાહર અગાઉ તમામ ૮૧ આઇપીએલ મૅચ સીએસકે તથા પુણે સુપરજાયન્ટ્સ વતી (ધોનીની સાથે જ) રમ્યો હતો, પણ હવે તે પહેલી વાર ધોનીની અને સીએસકેની વિરુદ્ધમાં રમશે.

# આજે હૈદરાબાદની રાજસ્થાન સાથે ટક્કર

હૈદરાબાદઃ ૨૦૨૪ની આઇપીએલમાં ફટકાબાજીથી અનેક સ્ટેડિયમો ગૂંજવનાર સનરાઇઝર્સ હૈદરાબાદના બૅટર્સની આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) હોમ-ટાઉનમાં રાજસ્થાન રૉયલ્સ સામે કસોટી થશે. પૅટ કમિન્સ હૈદરાબાદનો અને રિયાન પરાગ (પહેલી ત્રણ મૅચ માટે) રાજસ્થાનનો કૅપ્ટન છે.

હૈદરાબાદના બૅટર્સ ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, નીતિશકુમાર રેડ્ડી, ઇશાન કિશન, હિન્રિક ક્લાસેન અને અભિનવ મનોહરની આજે રાજસ્થાનના થીકશાના, ફારુકી, જોફ્રા આર્ચર, આકાશ મઢવાલ, વનિન્દુ હસરંગા વગેરે બોલર સામે પરીક્ષા થશે.

મુંબઈ સમાચાર
ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૨૩-૩-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# દિશાના ક-મોત પર રાજકીય ફાયદાની હોડ?



**કોઈ ફિલ્મને પણ ટક્કર મારે એવો જબરો વળાંક હમણાં બોલિવૂડની સેલિબ્રિટી મૅનેજર દિશા સાલિયનના ક-મોતના જૂના કિસ્સામાં આવ્યો છે. એમાં આદિત્ય ઠાકરેની કહેવાતી સંડોવણી પણ ગાજી છે. હવે દિશાના પિતાએ તાજી કોર્ટ પિટિશન કરી છે. આથી દિશાનો કેસ બળાત્કાર- આત્મહત્યા કે હત્યા હતો એમાં જ હમણાં અટવાઈ ગયો છે.**

મહારાષ્ટ્રમાં આજથી પાંચ વર્ષ પહેલાં ૨૦૨૦માં સનસનાટી સરજી દેનારા દિશા સાલિયનના ક-મોત મૃત્યુ કેસે ફરી પાછો ઉપાડો લીધો છે.

ફિલ્મ અભિનેતા સુશાંતસિંહ રાજપૂતની ભૂતપૂર્વ મૅનેજર દિશા સાલિયનનું ૮ જૂન, ૨૦૨૦ના રોજ મલાડના એક એપાર્ટમેન્ટના ૧૪મા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. પોલીસે પહેલાં દિશાએ આપઘાત કર્યો હોવાનું જાહેર કર્યું હતું, પણ પછી દારૂના નશામાં અકસ્માતે સંતુલન ગુમાવતાં ઉપરથી પડી જતાં નીચે પટકાઈને એનું મોત થયું હોવાનો દાવો કર્યો હતો.

એ વખતે દિશાના અકસ્માતની હજુ ખાસ નોંધ લેવાઈ ન હતી, પણ દિશાના એ રહસ્યમય મોતના લગભગ અઠવાડિયા પછી ૧૪ જૂન ૨૦૨૦ના રોજ સુશાંત સિંહ રાજપૂત પણ રહસ્યમય રીતે પોતાના ફ્લેટમાં ગળેફાંસો ખાધેલો મળ્યો અને એ સાથે જ દિશાના મોતને સુશાંતના મોત સાથે જોડીને મીડિયામાં મસાલેદાર વાતો આવવા માંડેલી.

એક અહેવાલ મુજબ કહે છે કે સેલિબ્રિટી મૅનેજરની કામગીરી બજાવતી દિશા સાલિયને એક નિર્માતાની પાર્ટીમાં કોઈ સગીરા સાથે દુષ્કર્મ થતું નજરે જોયું હતું અને એમાં જે સંડોવાયેલા હતા એ વિશેની જાણ એણે સુશાંત સિંહને કરી હતી એ પછી દિશા અને સુશાંતનાં ઉપરાઉપરી મોત થયાં હતાં.

એ વખતે 'રિપબ્લિક ભારત ટીવી ચેનલ'ના અર્ણબ ગોસ્વામીએ સૌથી આક્રમક રીતે આ કેસની વિગતો ચગાવી હતી.

મહારાષ્ટ્રમાં એ વખતે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં 'મહાવિકાસ અઘાડી'ની સરકાર હતી ને ભાજપ વિપક્ષમાં હતો તેથી દિશા પર એક પાર્ટીમાં ગૅંગ રેપ કરીને એને કાયમને માટે ચૂપ કરી દેવામાં આવી અને એના મોતને આપઘાતમાં ખપાવી દેવામાં આવ્યું એવા આક્ષેપ ગાજ્યા હતા. બીજી તરફ, સુશાંત સિંહ રાજપૂત દિશા પર થયેલા ગૅંગ રેપ વિશે જાણતો હતો તેથી એને પણ ચૂપ કરી દેવાના આક્ષેપો શરૂ થઈ ગયેલા.

આ તરફ, દિશા અને સુશાંત બંનેની કહેવાતી હત્યામાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેની સંડોવણી હોવાના આક્ષેપો પણ એ વખતે થયા હતા.

આવા આક્ષેપો દરમિયાન દિશાના પિતા સતીશ સાલિયાન અને માતા વાસંતીએ મીડિયાને સાથ નહોતો આપ્યો. બલકે મીડિયા પોતાની દીકરીના ચારિત્ર્ય પર કાદવ ઉછાળીને પોતાનું જીવવું હરામ કરી રહી હોવાનું કહેલું. પોલીસની થિયરી સાચી માનીને એમણે દિશાનું મોત અકસ્માત હોવાનું પણ સ્વીકારી લીધું હતું.

હવે આ આખી કથામાં કોઈ ફિલ્મને પણ ટક્કર મારે એવો ટ્વિસ્ટ આવ્યો છે.

હમણાં પાંચ વર્ષ પછી દિશાના પિતા સતીશ સાલિયાનનો વિચાર અચાનક બદલાયો છે. એમણે બૉમ્બે હાઈ કોર્ટને કરેલી ફાઈલ કરેલી યાચિકામાં એવો દાવો કર્યો છે કે, દિશાએ આપઘાત નહોતો કર્યો, પણ એની નિર્મમ હત્યા થઈ હતી. સતીશ સાલિયાનના કહેવા પ્રમાણે, દિશા ૧૪મા માળેથી પડી હોવા છતાં એના શરીર પર ગંભીર ઈજાનાં કોઈ નિશાન નહોતાં કે લોહી પણ નહોતું નીકળ્યું. સતીશ સાલિયાને દિશાના ક-મોતમાં શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેની સંડોવણી હોવાનો આક્ષેપ પણ કર્યો છે. સાલિયાને આદિત્ય ઠાકરેની પૂછપરછ કરવાની માગ પણ કરી છે. મુંબઈના ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકર, અનિલ નાયક, દિશાના મંગેતર રોહન સહિતના લોકો સામે કેસ નોંધવાની તથા આરોપીઓ સામે ઈન્ડિયન પિનલ કોડની (IPC)ની સામૂહિક બળાત્કાર સહિતની વિવિધ કલમો હેઠળ આરોપો ઘડવા પણ વિનંતી કરી છે.

સાલિયાનની અરજીમાં આ ઘટનાના કહેવાતા સાક્ષીઓએ આપેલી વિગતોનો ઉલ્લેખ છે.

૮ જૂન ૨૦૨૦ની રાત્રે, માલવણીમાં ખાસ મિત્રોની એક પાર્ટી ચાલી રહી હતી ત્યારે આદિત્ય ઠાકરે પોતાના બોડીગાર્ડ, સૂરજ પંચોલી અને ડીનો મોરિયા સાથે આવ્યો પછી પાર્ટીનો માહોલ બદલાઈ ગયો હતો એવું સાક્ષીઓએ કહ્યું હોવાનો સાલિયાને ઉલ્લેખ કર્યો છે. સાલિયાને સીધો આક્ષેપ નથી કર્યો, પણ આડકતરી રીતે આદિત્ય ઠાકરે, સૂરજ પંચોલી અને ડીનો મોરિયાએ ગૅંગ રેપ કરેલો એવો આક્ષેપ ચોક્કસ કર્યો છે.

સતીશ સાલિયાનની અરજીના પગલે રાજકીય આક્ષેપબાજી પણ શરૂ થઈ છે. ભાજપના નેતા નારાયણ રાણે અને એમના ધારાસભ્ય પુત્ર નિતેશ રાણે આ કેસમાં આદિત્ય ઠાકરેની સંડોવણી હોવાનો આક્ષેપ કરે છે. એમણે પોતે સાચા ઠર્યા હોવાનું કોરસ શરૂ કર્યું છે તો ઉદ્ધવ ઠાકરેની શિવસેના બચાવની સ્થિતિમાં છે. ભાજપના ઈશારે પાંચ વર્ષ પછી આદિત્ય ઠાકરેને ફસાવવા આવાં બધાં નાટક થઈ રહ્યાં હોવાનો દાવો ઉદ્ધવની શિવસેના કરી રહી છે. આદિત્ય પણ ખુદ કહી રહ્યો છે કે 'દિશાનું મોત થયું ત્યારે હું તો હૉસ્પિટલમાં હતો. મારે મારા બચાવ માટે જે કહેવું હશે એ હું કોર્ટમાં કહીશ.'!!

દિશાનું મોત રહસ્યમય છે તેમાં શંકા નથી, પણ અત્યાર સુધીનો ઘટનાક્રમ જોતાં આ રહસ્ય ઉકેલવામાં કોઈને રસ નથી, પણ તેનો રાજકીય ફાયદો ઉઠાવવામાં જ રસ હોય એવું લાગી રહ્યું છે. દિશાના મોતથી માંડીને સતીશ સાલિયાનની અરજી સુધીનો ઘટનાક્રમ જોશો તો આ વાત સમજાશે.

દિશા અને સુશાંત બંનેની કહેવાતી હત્યામાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેની સંડોવણી હોવાના આક્ષેપો સતત થયા કરે છે, પણ એ વાત કોઈ સાબિત કરી શકતું નથી. દિશા અને સુશાંતનાં મોત વખતે મહારાષ્ટ્રમાં ઉદ્ધવની સરકાર હતી અને આદિત્ય પોતે મંત્રી હતો તેથી એ વખતે ભલે કશું ના થયું, પણ છેલ્લાં લગભગ ત્રણ વર્ષથી તો ભાજપની સરકાર છે છતાં ભાજપ પોતે કરેલા આક્ષેપોને કેમ સાચા સાબિત નથી કરી શકતો? કેન્દ્રની સરકારે પણ સીબીઆઈ પાસે તપાસ કરાવી, પણ સીબીઆઈ પણ કશું શોધી નથી શકી.

ઉદ્ધવ ઠાકરેને ઉથલાવીને એકનાથ શિંદે મુખ્ય મંત્રી બન્યા પછી દેવેન્દ્ર ફડણવિસ એમની સરકારમાં ગૃહ મંત્રી બનેલા. ફડણવિસે ૨૦૨૩ના નવેમ્બરમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને આ કેસની તપાસ સોંપી હતી. એસઆઈટી છેલ્લાં સવા બે વરસથી તપાસ કર્યા કરે છે, પણ આદિત્ય ઠાકરેએ ગૅંગ રેપ કર્યો હોય કે મર્ડર કર્યું હોય એવા કોઈ પુરાવા હજુ સુધી તો બહાર નથી આવ્યા.

ભાજપમાંથી નારાયણ રાણે અને એમનો દીકરો નિતેશ સતત આદિત્ય ઠાકરેની ગૅંગ રેપમાં સંડોવણીના આક્ષેપો કર્યા કરે છે. બંનેએ ૨૦૨૨માં પણ આવો જ આક્ષેપ કરેલો કે, દિશા પર સામૂહિક બળાત્કાર કરીને પછી એની હત્યા કરવામાં આવી હતી અને દિશાનાં ગુપ્તાંગો પર મળેલાં ઈજાનાં નિશાન બળાત્કારની વાતને સમર્થન આપે છે. રાણે પિતા-પુત્રનો તો એવો પણ દાવો છે કે, દિશા પર બળાત્કાર-હત્યાની ઘટનાને નજરે જોનારા સાક્ષીએ આદિત્ય ઠાકરેએ કરેલા ક્રાઈમનું વર્ણન કર્યું તેની પેન ડ્રાઈવ પણ પોતાની પાસે છે.

રાણેના આક્ષેપો ગંભીર છે, પણ બહુ વિશ્વસનીય નથી. રાણે પાસે એ પ્રકારના પુરાવા હોય તો એ ચૂપ બેસી રહે ખરા? ને ભાજપની સરકાર પણ ચૂપ રહે ખરી? તેના આધારે તરત આદિત્ય ઠાકરેને ઉઠાવીને જેલમાં ધકેલી દે, પણ અત્યાર સુધી આદિત્યને કશું થયું નથી તેનો મતલબ કોઈ પણ પુરાવા હોવાનો દાવો શંકાસ્પદ છે. એક સમયે દિશાની માતા વાસંતી અને પિતા સતીશ સાલિયાને પણ રાણેની વાતોને મોં-માથા વિનાની ગણાવીને મહારાષ્ટ્ર મહિલા પંચનાં પ્રમુખ રૂપાલી ચાકણકરને ફરિયાદ કરી હતી કે આ આક્ષેપોને કારણે પોતાના માટે સમાજમાં રહેવું મુશ્કેલ થઈ ગયું છે.

જોકે હવે સતીશ સાલિયાન જુદી જ વાત કરે છે ત્યારે તેની પાછળ પણ રાજકીય દોરીસંચારની શક્યતા નકારી ના શકાય.

દિશા માત્ર ૨૮ વર્ષની હતી - સ્માર્ટ હતી અને બોલિવૂડ સાથે સંકળાઈને સેલિબ્રિટી મૅનેજર તરીકે સરસ કામગીરી બજાવતી સ્વતંત્ર રીતે પોતાની જિંદગી જીવતી હતી. અચાનક એની જિંદગી ક્યાં કારણોસર ટૂંકાઈ ગઈ એ આપણે નથી જાણતા, પણ હાલના તબક્કે તો દિશાના ક-મોતનો કિસ્સો અકસ્માત - બળાત્કાર - આત્મહત્યા અને હત્યા વચ્ચે જ અટવાઈ ગયો છે અને દિશા સાલિયનના મોતને રાજકીય ફાયદો લેવાનો તમાશો બનાવી દેવામાં આવ્યો છે. ■

---




અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ઈસ્ટ કોસ્ટ વિ. વેસ્ટ કોસ્ટ

**પશ્ચિમ તેના મોહક, અદ્ભુત બીચ અને હરિયાળા નિસર્ગસૌંદર્ય માટે પ્રસિદ્ધ છે તો પૂર્વમાં આધ્યાત્મિક ઊંડાણ, સમૃદ્ધ ઈતિહાસ અને સાંસ્કૃતિક ભવ્યતા છે**





તમે 'ઈસ્ટ કસ્ટ વિ. વેસ્ટ કોસ્ટ' વાક્ય સાંભળો છો ત્યારે યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રવાસ એવું તમારા મનમાં તુરંત આવી શકે છે,જ્યાં બે કોસ્ટ્સ વચ્ચે ભિન્નતા નિરંતર વાટાઘાટ છેડે છે. લોસ એન્જલસની ઝાકઝમાળથી ન્યૂ યોર્કની ઐતિહાસિક મોહિની સુધી,યુ.એસ. કોસ્ટ્સ અજોડ પ્રવાસ અનુભવો પ્રદાન કરે છે.

જોકે ભારતનું શું? તે જ કોસ્ટલ પરિપ્રેક્ષ્યમાં ભારતીય ઉપખંડ વિશે આપણે ભાગ્યે જ વિચારીએ છીએ. ભારત પણ બે નાટકીય રીતે ભિન્ન દરિયાકાંઠા ધરાવે છે, જેમાં વેસ્ટ કોસ્ટ અરબી સમુદ્રની સરહદે આવેલું છે, જ્યારે ઈસ્ટ કોસ્ટ બંગાળની ખાડીને મળે છે. આ બંનેના પોતાના ગુણ,લય અને પ્રવાસના ખજાનાઓનો સંચ છે.

તો ચાલો, ભારતના આ બે ઉત્કૃષ્ટ દરિયાકાંઠા વચ્ચેની આકર્ષક ભિન્નતા વિશે જાણીએ, જે અજોડ અનુભવો, સાંસ્કૃતિક રત્નો અને છૂપી અજાયબીઓ આલેખિત કરે છે અને તેને આધારે દરેક કોસ્ટ પોતાની અનોખી દુનિયા બનાવે છે.

**ભૌગોલિક અને સાંસ્કૃતિક વિભાજન**

અરબી સમુદ્ર પશ્ચિમી દરિયાકાંઠાને ભેટે છે, જ્યાં રોલિંગ ટેકરીઓ, નારિયેળીઓ અને ખડકો દરિયાકાંઠાના ગુણોમાં ઉમેરો કરે છે. બંગાળની ખાડીને સન્મુખ પૂર્વીય દરિયાકાંઠો ઊંડાં મૂળની પરંપરાઓ, પ્રાચીન મંદિરનાં શહેરો અને અંગ્રેજોના પ્રભાવો ધરાવતો પ્રદેશ છે. પશ્ચિમ કરતાં સપાટ અહીં નિરંતર રેતીવાળા પટ્ટા અને સુંદરબન્સ મેન્ગ્રોવ જંગલો જેવી અજોડ ઈકોસિસ્ટમ છે.

વેસ્ટ કોસ્ટ ભારે ચોમાસા સાથે ઉષ્ણકટિબંધીય, ભેજયુક્ત હવામાન માણે છે, જે તેની હરિયાળીને પોષે છે. ઈસ્ટ કોસ્ટ બંગાળની ખાડીને સન્મુખ હોઈ મોટે ભાગે ચક્રવાતોનો સામનો કરે છે, જે તેના દરિયાકાંઠાના ભૂગોળને આકાર આપે છે. પશ્ચિમી બાજુમાં બીચ સાથે ધુમ્મસિયા હિલ સ્ટેશનો છે,જ્યારે પૂર્વીય દરિયાકાંઠો વિશાળ સમતલ જમીનોનું ઘર છે, જે મહાસાગરમાં સહજ રીતે વિસ્તરે છે.

**બીચ શહેરો**

વેસ્ટ કોસ્ટના બીચ ભારતના બીચ હોલીડે સ્થળમાં વર્ચસ ધરાવે છે. ગોવાની સુવર્ણ રેતીઓ, ગોકર્ણના પામના ઝાડ સાથેના દરિયાકાંઠાઅને કેરળનું નિર્મળ વરકલા લીઝર અને રિલેક્સેશનની વ્યાખ્યા કરે છે. આ સામાજિક કેન્દ્રો શૅક્સ, સીફૂડ સ્ટોલ અને ક્ષારયુક્ત હવામાં રેલાતા સંગીત સાથે ધમધમે છે.

ઈસ્ટ કોસ્ટ વધુ આત્મનિરીક્ષણીય મોહિની પ્રદાન કરે છે, જ્યાંના બીચ ઈતિહાસ અને આધ્યાત્મિકતાનું કેન્દ્ર છે. પુડુચેરીના પ્રોમેનેડ બીચ, ફ્રેન્ચ વસાહતીઓના અવશેષો સાથે હરોળબંધ હોઈ ગોવાના જીવંત વાતાવરણથી તીક્ષ્ણ રીતે વિરોધાભાસ ધરાવે છે. પુરીનું ગોલ્ડન બીચ જગન્નાથ મંદિરની મુલાકાત લેતા યાત્રાળુઓ માટે પવિત્ર છે. તામિલનાડુનું મહાબલિપુરમ સમુદ્રના સૌંદર્ય સાથે ઈતિહાસને વિલીન કરતાં પ્રાચીન ખડકમાંથી બનેલાં મંદિરો માટે પ્રસિદ્ધ છે.

**ઈતિહાસ અને વારસો**

ઈસ્ટ કોસ્ટ ભારતના સૌથી ઉત્તમ ઐતિહાસિક ખજાનાઓથી ધમધમે છે, જેમ કે, મહાબલિપુરમનાં મંદિરો અને કોનાર્કનું સૂર્યમંદિર.વેસ્ટ કોસ્ટ જોકે યુદ્ધ, સમુદ્રિ વેપાર અને સામાજ્ય નિર્મિતીનો તેટલો જ સમૃદ્ધ વારસો ધરાવે છે.

એકલા મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજના રાજમાં 350થી વધુ કિલ્લા નિર્માણ કરાયા હતા, જે તેમની લશ્કરી બુદ્ધિનો દાખલો આપે છે. આમાંથી સિંધુદુર્ગ અને મુરુડ-જંજિરા નિસર્ગ સાથે ઈતિહાસને સંમિશ્રિત કરતાં અરબી સમુદ્રનો મંત્રમુગ્ધ કરનારો નજારો પ્રદાન કરે છે.

વેસ્ટ કોસ્ટની લાંબા સમયથી વેપાર અને ખોજ માટે વ્યાખ્યા કરાય છે. કેરળનાં મસાલા બંદરો એક સમયે યુરોપ અને મધ્ય પૂર્વમાંથીવેપારીઓથી ધમધમતા હતા. ગોવાનાં પોર્ટુગીઝ યુગના ચર્ચ અને કિલ્લાઓ તેની પરંપરાઓ અને મહોત્સવોના પ્રભાવ સાથે અંગ્રેજીનીરોચક યાદગીરીઓ તરીકે ઊભા છે.

ઈસ્ટ કોસ્ટનો ઈતિહાસ શક્તિશાળી સામ્રાજ્યો સાથે જોડાયેલો છે, જે સ્થાપત્યની અજાયબીઓ છોડી ગયાં છે. તામિલનાડુનાં બૃહદીશ્વર મંદિર સહિતચોલા મંદિરો આધુનિક ઈજનેરી અને કળાત્મક ભવ્યતા દર્શાવે છે. આ ગગનચુંબી ગોપુરમ તમિળનો વારસો અને કૌશલ્યના પ્રતિક છે.

આ પછી ઉત્તરમાં કોલકતાના વસાહતીઓનો ભૂતકાળ વિક્ટોરિયા મેમોરિયલ અને ફોર્ટ વિલિયમ જેવાં સીમાચિહનોમાં સિદ્ધ છે. કોનાર્કની પાક ઓડિશા ઉદયાગિરિ અને ખંદાગિરિ ગુફાઓ, પ્રાચીન ખડકમાંથી બનેલા આશ્રયસ્થાનોનું ઘર છે, જે ભારતની આધ્યાત્મિક અને કળાત્મક ક્રાંતિ પ્રદર્શિત કરે છે.

એકંદરે આ સીમાચિહન ઈસ્ટ કોસ્ટને ઈતિહાસ પ્રેમીઓ માટે ખજાનો બનાવે છે, જે સદીઓની કળા, સ્થાપત્યો અને જીત માટે દાખલારૂપ છે.

**ખાદ્ય**

બંને દરિયાકાંઠા સમૃદ્ધ સીફૂડ પ્રદાન કરે છે, પરંતુ તેની તૈયારી અને પ્રભાવો વ્યાપક રીતે ભિન્ન છે.

મહારાષ્ટ્રનાં માલવણી ખાદ્યોમાં નારિયેળ, કોકમ અને તીખા મસાલાથી બનાવવામાં આવતી બાંગડા ફ્રાય અને સુરમા કરી જેવી વાનગીઓ પ્રસિદ્ધ છે. ગોવાની વાનગીઓ પોર્ટુગીઝ અને ભારતીય ફ્લેવરનું સંમિશ્રણ હોય છે. અહીં પ્રોન બલચાઉ, ગોઅન ચોરિઝો અને બેબિંકા ડેઝર્ટ પ્રસિદ્ધ છે.

કર્ણાટકના દરિયાકાંઠાની વાનગીઓમાં મેંગલોરિયન ફિશ કરી અને નરમ, નાજુક નીરડોસાનો સમાવેશ થાય છે,જ્યારે કેરળમાં મીનમોઈલી (નારિયેળની ગ્રેવીમાં માછલી) અને દંતકથા સમાન કેરાલા સદ્યા નામે શાકાહારી ખાદ્ય કેળાના પાન પર પીરસવામાં આવે છે.

ઈસ્ટ કોસ્ટ પણ સીફૂડ પ્રેમીઓ માટે પ્રસિદ્ધ છે, જેની પર તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, ઓડિશા અને બંગાળનો પ્રભાવ છે.તામિલનાડુની ચેટ્ટિનાડ વાનગી તેના નાજુક મસાલા સંમિશ્રણ, ખાસ કરીને ચેટ્ટિનાડ ક્રેબ મસાલા જેવી વાનગીઓ માટે પ્રસિદ્ધ છે.

આંધ્ર પ્રદેશમાં મસાલેદાર રોય્યાલાલગુરુ (પ્રૉન કરી) અને દંતકથા સમાન હૈદરાબાદી બિરયાની પ્રસિદ્ધ છે. બંગાળમાં રાઈ માટે ઘેરો પ્રેમ જોવા મળે છે.અહીં શોરશેલિશ (મસ્ટર્ડ ગ્રેવીમાં હિલ્સા) અને સ્વાદિષ્ટ માછેર ઝોલ (ફિશ કરી) જેવી વાનગીઓ પ્રસિદ્ધ છે. ઓડિશા તેના ટેમ્પલ ક્યુઝીન માટેવિખ્યાત છે, જેમાં જગન્નાથ મંદિરનો મહાપ્રસાદ કાંદા અથવા લસણ વિના બનાવવામાં આવે છે છતાં અત્યંત સ્વાદિષ્ટ હોય છે.

**સાહસ અને નિસર્ગ**

વેસ્ટ કોસ્ટ ખુલ્લો સમુદ્ર અને નિસર્ગસૌંદર્ય માણવા માગતા સાહસપ્રેમીઓ માટે સ્વર્ગસમાન છે. ગોવાના બીચ ઉચ્ચ ઉર્જાવાળા વોટરસ્પોર્ટસ સાથે પ્રતિકાત્મક છે, જેમ કે, અરબી સમુદ્ર પરથી પેરાસેઈલિંગ, બાગા બીચ ખાતે જેટ સ્કીઈંગ અથવા પાલોલેમમાં વિંડસર્ફિંગ.

ભૂજળના શોધકો માટે કર્ણાટકમાં નેત્રાની આઈલેન્ડ ખાતે સ્કુબા ડાઈવિંગ છે, જેમાં અદભુત સમુદ્રિ જૈવવિવિધ્યતા જોવા મળી શકે છે.ડાઈવરોની આસપાસથી રીફ શાર્કસ, મંતા રેઝ અને સ્વર્ણિમ કોરલ ફિશ જેવી માછલીઓ પસાર થાય ત્યારે રોમાંચક અનુભવ થાય છે.

દરિયાકાંઠાની સમાંતર આવતા પશ્ચિમી ઘાટ ટ્રેકરો માટે સ્વર્ગ છે. ચોમાસુ આ પટ્ટાને પાણીના ધોધ, ધુમ્મસિયા ટેકરીઓ અને ઘન જંગલોની ચમત્કારી ધરતીમાં ફેરવી નાખે છે. કેરળનું મીસાપુલિમાલા ટ્રેક ચાના બાગ થકી પસાર થાય છે, જે સુંદર સૂર્યોદય સાથે હાઈકરો માટે પુરસ્કૃત નજારો બની જાય છે.

વાઈલ્ડલાઈફનો શોખીનો માટે કર્ણાટકના કાબિની અને બંદીપુર રિઝર્વ રોમાંચક ટાઈગર સફારી પ્રદાન કરે છે. કેરળનું પેરિયાર વાઈલ્ડલાઈફ સેન્ક્ચ્યુઅરી અજોડ બોટ સફારી અનુભવ પૂરો પાડે છે, જ્યાં મુલાકાતીઓ ખળખળ વહેતા પાણી થકી પસાર થાય ત્યારે હાથીઓ અને વિદેશી પક્ષીઓ જોઈ શકે છે.

આથી વિપરીત ઈસ્ટ કોસ્ટ સાહસિકો માટે સ્વર્ગ છે. બંગાળની ખાડીનાં મોજાંએ મહાબલિપુરમને ભારતની સર્ફિંગ રાજધાની બનાવી દીધી છે,જે સર્વ સ્તરના સર્ફરોને આકર્ષિત કરે છે. આ જ રીતે આંધ્ર પ્રદેશમાં રુશીકોંડા બીચ વેવ રાઈડરો માટે ઝડપથી હોટસ્પોટ બની રહ્યું છે.

પૂર્વનું અસલ ઘરેણું સુંદરબન્સમાં છે, જે દુનિયાનું સૌથી વિશાળ મેન્ગ્રોવનું જંગલ છે અને અહીં શાહી બંગાળ ટાઈગરનાં દર્શન થાય છે. પારંપરિક સફારીઓથી વિપરીત મુલાકાતીઓને બોટ દ્વારા જળમાર્ગે લઈ જવાય છે, જ્યાંથી પસાર થતી વખતે મગરમચ્છ પર તીક્ષ્ણ નજર રાખવાની હોય છે. બોટમાંથી વાઘનાં પણ દર્શન થઈ શકે છે.

ટ્રેકરો માટે પૂર્વીય ઘાટ છે, જ્યાં હજુ ઝાઝા લોકો આવતા નથી. હરિયાળા પશ્ચિમી ઘાટથી વિપરીત પૂર્વીય ઘાટમાં વિશાળ ભૂપ્રદેશ અને નાટકીય ખડકો છે. આંધ્ર પ્રદેશમાં અરાકુ વેલી કોફીના બાગ અને પાણીના ધોધથી ઘેરાયેલી છે, જે ટ્રેકરો માટે રોમાંચક જગ્યા છે. ઓડિશાનું સર્વોચ્ચ શિખર દેવમાલી હિલ રોલિંગ ટેકરીઓ અને સુંદર જંગલોનો અદ્ભુત નજારો પ્રદાન કરે છે.

એશિયાનું સૌથી વિશાળ બ્રેકિશ વોટર લગૂન ચિલિકા લેક સાહસના અલગ અલગ પ્રકાર પૂરા પાડે છે. મુલાકાતીઓ પ્રાચીન મંદિરોનું ઘર કાલીજાઈ આઈલેન્ડ ખાતે બોટ સવારીથી જઈ શકે અથવા સાઈબેરિયામાંથી આવતાં હજારો હિજરતી પક્ષીઓ જોઈ શકે છે. આ લેક દુર્લભ ઈર્રાવાડીડોલ્ફિનોનું ઘર પણ છે, જે નિસર્ગપ્રેમીઓ માટે સ્વર્ગ છે.

**તારણ**

ભારતના દરિયાકાંઠા સમાન સ્વર્ણિમ વાર્તાની બે બાજુ છે. પશ્ચિમ તેના મોહક, અદ્ભુત બીચ અને હરિયાળા નિસર્ગસૌંદર્ય માટે પ્રસિદ્ધ છે તો પૂર્વમાં આધ્યાત્મિક ઊંડાણ, સમૃદ્ધ ઈતિહાસ અને સાંસ્કૃતિક ભવ્યતા છે. તેમની વચ્ચે પસંદગી કરવી એટલે ફક્ત સ્થળ ચૂંટવાનું નથી,પરંતુ તમે શું અનુભવવા માગો છો તેને આધારે પસંદગી કરી શકો છો. તો બધું જ કેમ નહીં કરવું જોઈએ, એક સમયે એક વીકએન્ડમાં તે કરી શકાય.

**નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.**



31 માર્ચ પૂર્વે બુકિંગ કરો અને
પ્રતિ વ્યક્તિ ₹3000થી ₹30000 બચાવો!
યુરો-ડોલર વધી રહ્યા છે!
રૂપિયામાં ઘસારો થઈ રહ્યો છે, જેથી ઈન્ટરનેશનલ ટુર સર્વિસીસ અને એરફેર્સ મોંઘાં થઈ રહ્યાં છે. 1 એપ્રિલથી ઈન્ટરનેશનલ ટુર્સની પ્રાઈસ વધવાની છે. 31 માર્ચ સુધી તમારા હાથમાં 9 દિવસ છે. તુરંત બુકિંગ કરો, સંપૂર્ણ પૈસા ભરો અને હાલની ગેરન્ટીડ પ્રાઈસ મેળવો.
TCS Advantage!
આ માટે પણ 31 માર્ચ પૂર્વે બુકિંગ કરવાનું મહત્ત્વનું છે. ઈન્ટરનેશનલ ટુર માટે પ્રતિ વ્યક્તિ ₹7 લાખની TCS (ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ)ની લિમિટ છે. બુકિંગ કર્યું હોય તો બેલેન્સ પેમેન્ટ પૂર્ણ ભરીને આ વર્ષની લિમિટ વાપરો.
ચાલો, બેગ ભરો, નીકળી પડો, વીણા વર્લ્ડ સંગાથે!
1થી 31 માર્ચ રવિવાર સહિત
પર્યટકોની સુવિધા માટેવીણા વર્લ્ડની સર્વ સેલ્સ ઓફિસીસ 10AMથી 8PM ચાલુ છે
Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 22 7979
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

## લોકો ફિલ્મોમાંથી પણ શીખતા હોય છે કે પછી...

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

શું સિનેમા સમાજને પ્રભાવિત કરે છે? કે પછી સમાજની અસર સિનેમા પર પડે છે? આ પ્રશ્ન એ યુગથી ચર્ચાઈ રહ્યો છે જ્યારથી સિનેમામાં મનોરંજનની શરૂઆત થઇ છે અને એમાંય સિનેમાની ટેકનોલોજી વિકસી અને તે મોટા સમૂહમાં મનોરંજનનું માધ્યમ બની ત્યારે લોકોએ એવી ચિંતા કરી હતી કે મનોરંજનનું આ નવું માધ્યમ યુવા પેઢીને બગાડવાનું કામ કરશે. તેની સામે સિનેમાના તરફદારોએ કહ્યું હતું કે સિનેમા એ કળાનું જ વિસ્તારિત માધ્યમ છે અને તેનું કામ સમાજને જાગૃત કરવાનું છે.

આ વાદ-વિવાદ આજે પણ થતો રહે છે. જ્યારે પણ કોઈ હિંસક અથવા બળવાખોર મૂલ્યોવાળી ફિલ્મ આવે છે (જેમ કે શાહિદ કપૂરની ‘કબીર સિંહ’ અથવા રણબીર કપૂરની ‘એનિમલ’) ત્યારે આ ચર્ચા ફરીથી જીવંત થાય છે.

ઘણીવાર આપણે સમાચારોમાં વાંચતા પણ રહીએ છીએ કે અમુક અપરાધની ઘટના કોઈ ફિલ્મ પરથી પ્રેરિત હતી. ફિલ્મ સર્જકો એવી દલીલ કરતા હોય છે કે એ લોકો સમાજમાં જે ચીજો પ્રવર્તમાન હોય છે તેના પરથી જ વિષયવસ્તુ પસંદ કરતા હોય છે. એમનો કહેવાનો ભાવાર્થ એવો હોય છે કે સમાજમાં ખરાબી હોય તો સિનેમા પણ એ આવે. એક હદ સુધી આ વાત સાચી, પરંતુ એ વાતનો ઇનકાર પણ ન થઇ શકે કે સિનેમાય માણસોની, ખાસ કરીને યુવા પેઢીની, માનસિકતાને ઘડવામાં ભૂમિકા ભજવતી હોય છે. સિનેમા બંને કામ કરે છે. તે સમાજનું પ્રતિબિંબ પાડે છે અને સમાજના લોકોને અમુક વ્યવહાર કરવા માટે પ્રેરે પણ છે. આનું એક ઉદાહરણ વડોદરાની તાજેતરની ઘટના છે. વડોદરામાં હમણાં, કાયદાશાસ્ત્રનું ભણતા રક્ષિત ચૌરસિયા નામના એક યુવકે નશાની અસરમાં આઠ લોકોને એની કારની હડફેટે લીધા, જેમાં એક મહિલાનું મૃત્યુ પણ થયું હતું.

આ ઘટનાના વાઈરલ થયેલા વીડિયોમાં આ છોકરો કોઈ નિકિતા નામની છોકરીના નામની બૂમો પાડતો અને લોકો એને ફટકારે નહીં તે માટે ગળામાંથી માળા હાથમાં લઈને ‘ઓમ નમો શિવાય’ બોલતો નજર આવે છે. જો કે તે પહેલાં, અકસ્માત પછી કારમાંથી ઊતરીને તરત તે ‘અનધર રાઉન્ડ... અનધર રાઉન્ડ’ એવી બૂમો પાડતો હતો.

આ અનધર રાઉન્ડ શું છે? પહેલાં એવું લાગતું હતું કે તે છોકરો તેની કારનો બીજો એક રાઉન્ડ મારવો છે એવું કહેતો હશે, પણ હવે પોલીસની પૂછપરછમાં બહાર આવ્યું છે કે તે ‘અનધર રાઉન્ડ’ નામની ડેનિશ ફિલ્મનું નામ બોલતો હતો. રક્ષિત દારુના ખાલી


રક્ષિત ચૌરસિયા



નશામાં જ નહોતો, ફિલ્મના નશામાં પણ હતો. આ દુર્ઘટનાની તપાસ કરતી વડોદરા પોલીસને એના ભાડાના ઘરમાંથી ડેનિશ ભાષાની ‘ડ્રક’ ફિલ્મનું પોસ્ટર મળ્યું હતું, જેનું અંગ્રેજી નામ ‘અનધર રાઉન્ડ’ છે. ડેનિશ ભાષામાં ‘ડ્રક’ નો અર્થ થાય છે ‘બિંજ ડ્રિંકિંગ’ એટલે કે અનિયંત્રિત દારૂ પીવો. પોલીસને શંકા છે કે રક્ષિત આ ફિલ્મથી પ્રભાવિત હોવો જોઈએ. તેવું માનવાને કારણ છે. આ ફિલ્મ એવા ચાર શિક્ષક વિશે છે, જે જીવનની એકવિધતાથી કંટાળી ગયા છે અને એવું નક્કી કરે છે કે એ લોકો આખો દિવસ એમના શરીરમાં આલ્કોહોલ ‘રાખશે’ એટલે કે પોતાની જાતને સતત દારુના નશામાં તરબોળ રાખશે અને પછી જોશે કે તેનાથી એમના વ્યવહાર પર શું અસર પડે છે. અનધર રાઉન્ડનો અર્થ લોહીમાં અમુક ટકા આલ્કોહોલ જાળવી રાખવા માટે પેગના એક પછી એક રાઉન્ડ લેતા રહેવું તે.

૨૦૨૦માં થોમસ વિન્ટરબર્ગ નામના ડિરેક્ટરે આ ફિલ્મ બનાવી હતી, જે બ્લેક કોમેડી તરીકે દુનિયાભરમાં લોકપ્રિય થઇ હતી. તેને શ્રેષ્ઠ વિદેશી ફિલ્મનો ઓસ્કાર એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો.

ફિલ્મમાં ચાર શિક્ષક એક જન્મદિવસ પર ભેગા થાય છે અને પોતાનું કામ કેટલું કંટાળાજનક છે તેની ચર્ચામાં નોર્વેના એક મનોવિજ્ઞાનીની એક ‘વૈજ્ઞાનિક’ થિયરીની વાત નીકળે છે કે અમુક માણસો પોતાના લોહીમાં આલ્કોહોલ ડેફિસિયન્સી સાથે જન્મે છે. (જેવી રીતે વિટામિન ડી ડેફિસિયન્સી હોય છે તેવું!) એટલે એ ચારેય નક્કી કરે છે કે જો એ એમનાં લોહીમાં અમુક ટકા આલ્કોહોલ રાખે તો એમને મજા આવશે. એટલે તેઓ આખો દિવસ થોડી થોડી માત્રામાં દારુ પીવાનું રાખે છે. સમય જતાં, એ લોકો મર્યાદા બહાર નીકળી જાય છે, જે એમના જીવનને ખરાબ રીતે અસર કરે છે અને અંતે તેમાંથી એક મિત્રનું મૃત્યુ થાય છે.

ફિલ્મનો સંદેશ એ હતો કે આપણા જીવનનો કોઈ હેતુ અને મૂલ્ય હોવું જોઈએ, પરંતુ વાસ્તવિકતાને ભૂલવા માટે દારૂ પીવો હિતકારી નથી. થોમસ વિન્ટરબર્ગે આ ફિલ્મ એની દીકરીને અર્પણ કરી હતી, જે ફિલ્મમાં ભાગ લેવાની હતી, પણ શૂટિંગ શરૂ થયું તેના ચાર દિવસ પછી એક કાર અકસ્માતમાં એ મૃત્યુ પામી હતી.

કેવો યોગ કહેવાય કે રક્ષિત પણ ચાર મિત્રોનો હિસ્સો હતો. એક એની સાથે દુર્ઘટના સમયે કારમાં હતો. બીજા મિત્રને ત્યાંથી તે લોકો કાર લઈને નીકળ્યા હતા અને ચોથી નિકિતા હતી જેના નામની એ બૂમો પાડતો હતો.

રક્ષિત જો હકીકતમાં ‘અનધર રાઉન્ડ’ ફિલ્મથી પ્રેરાયેલો હોય તો એણે બીજી પણ એક વાત યાદ રાખવા જેવી હતી. ફિલ્મમાં ચારે મિત્ર એક નિયમ પણ બનાવે છે કે એ લોકો પીધા પછી કાર નહીં ચલાવે. રક્ષિતે જો કે નશો કર્યાનો ઇનકાર કર્યો પણ એનો ટેસ્ટ રિપોર્ટ આવવાનો બાકી છે.

લોકો ફિલ્મોમાંથી શીખે છે એટલું જ નહીં, પોતાને જોઈતું હોય તે જ શીખે છે. અથવા બીજી રીતે કહીએ તો, લોકો ફિલ્મોમાં સારું નથી શીખતા, ખરાબ શીખે છે. માણસની વૃત્તિઓ જંગલી છે અને એનામાં નકારાત્મક વાતોનું જોર વધુ હોય છે. એટલે એ બહુ સરળતાથી આજુ બાજુના માહોલમાંથી ખરાબ બાબત પકડી લે છે.

તેની પાછળ એક સાદો તર્ક છે કે લોકો મનોરંજન માટે ફિલ્મો જોતા હોય છે, અને એમને તેમાં જો મજા આવે તો એ ફિલ્મના કિરદારના વ્યવહાર, સ્ટાઈલ, પહેરવેશ વગેરેના દીવાના બની જાય છે અને એમના જીવનમાં તેનું અનુકરણ કરવા લાગે છે. અમુક અનુકરણ સભાન હોય છે, જેમ કે ફેશન. અમુક અનુકરણ અચેતન હોય છે, જેમ કે ખરાબ આદતો. એક જમાનામાં લોકોમાં ધૂમ્રપાનને ફેશનેબલ બનાવેવામાં ફિલ્મોની મોટી ભૂમિકા હતી. અમેરિકાનો એક અભ્યાસ કહે છે કે ત્યાં બાળક સોળ વર્ષનું થાય ત્યાં સુધીમાં ટીવી પર આવતી ફિલ્મોમાં લગભગ ૩૩,૦૦૦ હત્યા અને બે લાખ હિંસક ઘટનાઓ જોઈ ચુક્યું હોય છે. સ્વાભાવિક છે કે આવી વિષયવસ્તુ વધુ પડતી જોવાથી હિંસા પ્રત્યેનો સહજ માનવીય સંકોચ ઓછો થઇ જાય અને આક્રમકતા વધારે છે. અમેરિકા-કેનેડા અને અન્ય પાશ્ચાત્ય દેશોમાં ૧૯૫૦ના દશકમાં ટીવીનો પ્રસાર થયો. પછી અભ્યાસોમાં ખબર પડી કે તે પછીના બે જ દશકોમાં ત્યાં હિંસા અને હત્યાના દરમાં વધારો થઇ ગયો હતો. આવા બીજા ઘણા અભ્યાસ છે., જેમ કે

‘બોની એન્ડ કલાઈડ’ નામની ઈંગ્લિશ ફિલ્મ જોઇને અપરાધની અનેક ઘટનાઓ બની હતી. આપણે ત્યાં ‘ધૂમ’ ફિલ્મથી પ્રેરાઈને લૂંટ થતી હતી.

હિન્દી ફિલ્મોના પિતામહ દાદા સાહેબ ફાળકેને ભવિષ્યમાં બનનારી ફિલ્મો અને તેની અસરોનો સંકેત મળી ગયો હતો. એટલે જ એમણે ૧૯૨૭માં અંગ્રેજ લોકોની એક કમિટી સમક્ષ કહ્યું હતું, ‘આવનારા સમયમાં ધીમે ધીમે સિનેમામાં રોકાણ વધશે અને સામાજિક નિસ્બત ઓછી થતી જશે.’ ■

## સોનાનું વર્તમાન અર્થકારણ: ઊંચા ભાવ-ખરીદી-રોકાણ ને વળતરનાં કારણ

### હાલમાં સોનાના ભાવ જે રીતે અને જે કારણે વધ્યા છે ત્યારે આ ભાવે પણ સોનું ખરીદાય? તેમાં રોકાણ થાય? એના જવાબ જાણી લેવા સારા

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

શેરબજારની અતિતેજી વખતે કે અતિમંદી સમયે પ્રવર્તમાન ભાવે શેરો ખરીદાય? એવા સવાલ તો સતત પુછાતા હોય છે, પરંતુ હાલ વર્તમાન ભાવે સોનું ખરીદાય? એવું પુછાઈ રહ્યું છે. શેર કરતાં સોના માટે પૂછનારો વર્ગ મોટો છે કેમ કે આપણા દેશમાં સોનું ખરીદનારા-સંગ્રહ કરનારાઓની સંખ્યા ખાસ્સી મોટી છે. ગરીબમાં ગરીબ માણસ પણ એની અનુકૂળતા મુજબ સોનું તો ખરીદે જ છે. અડધી રાતે પણ સોનું કામ આવે એવું આજે પણ પ્રચલિત છે. હાલ સોનાના દસ ગ્રામના ભાવ એક લાખને સ્પર્શીને આવ્યા છે. અલબત્ત, આ પછી પણ હજી ભાવ તો ઊંચા જ છે. સોનાના ભાવ આટલા ઊંચા શા માટે ગયા તેનાં અનેકવિધ કારણો છે વિશ્વમાં શસ્ત્ર અને આર્થિક યુદ્ધનો તનાવ, અનિશ્ચિતતા અને તેમાં ટ્રમ્પ સાહેબના આગમન બાદ ઉમેરાયેલું ટ્રેડ ટેરિફ યુદ્ધ. આ બધા વચ્ચે આપણો દેશ સોનાનો બહુ મોટો પ્રેમી છે, સંગ્રહખોર અને બાયર પણ છે. ભારતમાં સંભવત્ ઘર-ઘર તિરંગા હોય કે ન હોય, ઘર-ઘર સોનું મોટે ભાગે હોય છે. હાલ ઊંચા ગયેલા ભાવની પાછળ જગતમાં ફેલાતી જતી આર્થિક અનિશ્ચિતતા અને તનાવનો માહોલ સામેલ છે. આવા માહોલમાં વ્યક્તિઓ-પરિવારો તો ઠીક, વિવિધ દેશોની સેન્ટ્રલ બૅન્કો પણ સોનું જમા કરવામાં લાગી જાય છે. હાલ અમેરિકાની તિજોરીમાં સોનાની સૌથી વધુ રિઝર્વ છે, ભારત પાસે પણ સારી એવી રિઝર્વ છે જ્યારે ચીન સતત સોનાની રિઝર્વ વધારતું જાય છે.

શેરબજાર સામે સોનાની બજાર જ્યારે પણ શેરબજાર તૂટે અથવા બજારમાં મંદી ચાલે ત્યારે લોકો સોના તરફ વળી જાય છે. ૨૦૨૪માં તો સોનાએ શેરબજાર કરતાં વધુ વળતર આપ્યું હોવાનું નોંધાયું છે, કારણ કે છેલ્લા છ મહિનામાં શેરબજારની જે દશા બેઠી તેમાં ઈક્વિટી માર્કેટનું વળતર એવું ધોવાઈ ગયું કે સોનાના ભાવ આપોઆપ ઊંચે જવા લાગ્યા અને તેનું વાર્ષિક વળતર શેર કરતાં વધી ગયું.

છેલ્લાં ત્રણ વરસમાં સોના અને સેન્સેકસના વળતરને જોવામાં આવે તો સેન્સેકસે સરેરાશ વાર્ષિક વળતર ૧૧.૫ ટકા આપ્યું અને સોનાએ ૧૭ ટકા વળતર આપ્યું છે. જોકે લાંબા ગાળામાં સોનાનું વળતર એકંદરે નીચું રહ્યું છે એ નોંધવું પણ જરૂરી છે.

બાય ધ વે, હાલના ભાવે ઈન્વેસ્ટમેન્ટ માટે સોનું આકર્ષક ગણાય કે નહીં એ સવાલ



અદ્ધર છે. આ મામલે પણ વિવિધ મત પ્રવર્તે છે. પોર્ટફોલિયોમાં સોનાનો હિસ્સો ફાઈનાન્સિયલ પ્લાનર્સની દૃષ્ટિએ તો રોકાણના પોર્ટફોલિયોમાં સોનાનો હિસ્સો દસથી પંદર ટકા જ હોવો જોઈએ, એનાથી વધુ નહીં. હાલનો સમય એસેટ એલોકેશનનું મહત્ત્વ સમજાવે છે, કારણ કે શેરબજારમાં જ્યારે અચાનક મંદી અને કડાકા આવી પડે ત્યારે ઈક્વિટી શેર્સ સમાન એક જ એસેટમાં મહત્તમ રોકાણ ધરાવતો વર્ગ ખોટના ખાડામાં ઊતરવા લાગે છે અને તેના પ્લાનિંગ વિખરાઈ જાય છે. આવા સમયમાં સોના જેવી અન્ય એસેટ તેને રક્ષણ આપી શકે છે. આમ પણ વૈવિધ્યસભર પોર્ટફોલિયો દરેક રોકાણકાર માટે જરૂરી હોય છે.

### સંજોગો ને ફંડામેન્ટલ્સ

અર્થશાસ્ત્રીઓના મતે ગોલ્ડની તેજી ઈન્ફલેશન (મોંઘવારી) ને કારણે પણ છે તેમ જ શેરબજારની વોલેટિલિટી તેમાં વધુ જોર પૂરે છે. કરન્સીની વધઘટને ધ્યાનમાં રાખીને પણ સોનાનું આકર્ષણ વધે છે. યુએસ સરકાર વર્તમાન આર્થિક સંજોગોને ધ્યાનમાં રાખીને પણ સોનાની ખરીદી વધારી રહી છે. આમ તમામ સંજોગો હાલ સોનાની તરફેણમાં હોવાનું જણાય છે. જોકે સમય-સંજોગની, ડિમાંડ-સપ્લાયની તેજી એક વાત હોય અને ફંડામેન્ટલ્સની તેજી બીજી વાત હોઈ શકે છે. આપણા દેશમાં સોનાના ઝવેરાતની માગ આખું વરસ રહ્યા કરે છે, જેમાં ભારતીય સામાજિક-ધાર્મિક અને સાંસ્કૃતિક માળખું પણ ભૂમિકા ભજવે છે. જેને લીધે ગોલ્ડમાં રિટેલ માગ ચાલતી રહે છે અને તહેવારો-પ્રસંગોમાં વધતી પણ રહે છે. આવા સોનાની માગ ચાલુ રહેવાની શકયતા ઊંચી છે, પણ ભાવ કયાં સુધી ઊંચાના ઊંચા જ રહેશે એનો જવાબ આગામી સમય અને વૈશ્વિક સંજોગો જ આપી શકશે. ■

#### દક્ષિણની અભિનેત્રીના કમરપટ્ટામાં ૧૩ કરોડનું સોનું!

તાજેતરમાં સાઉથ ફિલ્મ ઉધોગની એક જાણીતી એક્ટ્રેસ રાણ્યા રાવ દુબઈથી પરત થઈ ત્યારે બેંગ્લુરુ ઍરપૉર્ટ પર ગેરકાયદે આશરે ૧૩ કરોડ રૂપિયાની ૧૪ કિલો સોનાની લગડી સાથે એની ધરપકડ થઈ હતી.

આ તો એક કેસ છે, બાકી રોજના હજારો કેસ સોનાની દાણચોરીના બહાર આવ્યા કરે છે. પોલીસના ચોપડે નહીં ચડતા કિસ્સા જુદા. સોનાની સપ્લાય સામે ડિમાંડ વધે અને સાથે-સાથે ભાવ વધે એટલે દાણચોરી ઉર્ફે સ્મગલિંગ વધે એ સહજ ઘટના છે. આજે પણ આ દાણચોરીનો વેપાર બહુ મોટો ગણાય છે. સરકાર પણ આ મામલે કંઈ ઝાઝું કરી શકતી નથી.

## નવ દેશમાંથી વહેતી એમેઝોન નદી પર એકેય પુલ નથી!

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

કદ નહિ પણ પાણીના જથ્થાની ગણતરીએ એમેઝોન વિશ્વની સૌથી મોટી નદી છે. એમેઝોન નદીની લંબાઈ ૬૪૦૦ કિલોમીટર (એટલે કે ૪૦૦૦ માઈલ) છે પણ આ માપના આંકડાને ય વિવાદાસ્પદ મનાય છે. કદની બાબતમાં નાઈલ સૌથી મોટી નદી છે. એ ૬૬૫૦ કિલોમીટર (૪૧૩૨ માઈલ) લાંબી છે. બન્નેના કદ અંગે વિવાદ હોવા છતાં નાઈલને સૌથી મોટી નદી હોવાનું બહુધા સ્વીકારાયું છે. આશ્ચર્યજનક બાબત એ છે કે અત્યંત વિશાળ એમેઝોન નદી નવ દેશમાંથી પસાર થાય છે છતાં એના પર એકેય પુલ નથી!

આવું શા માટે? એ કેવી રીતે શક્ય બને? આ સવાલોના જવાબ જાણવા અગાઉ એમેઝોન નદી વિશે જાણવું પડે. પોતાના પાણીના, મીઠા પાણીના, પ્રવાહ માટે નંબર વન ગણાતી એમેઝોન બ્રાઝિલ, બોલિવિયા, પેરુ, ઈક્વાડોર, કોલંબિયા, વેનેઝુએલા, ગુયાના, ફ્રેન્ચ ગુયાના અને સુરીનામ જેવા દેશમાંથી પસાર થાય છે. મજાની વાત એ છે કે વિશ્વનું ફેફસું ગણાતું એમેઝોન જંગલ આપણને ૨૦ ટકા પ્રાણવાયુ આપે છે તો એમેઝોન નદી ૨૦ ટકા પાણી આપે છે.

અનેક અદ્ભુત જળચર જીવોના જન્મ અને આશ્રયસ્થાન સમી આ નદીનાં ઘણાં રહસ્યો સદીઓથી અકબંધ છે. એમેઝોન નદીની શરૂઆત ક્યાંથી થાય છે એ એક રહસ્ય છે. દુનિયાની અન્ય મોટી નદીઓની માફક એમેઝોનની શરૂઆત પણ અનેક સ્થળોથી થાય છે, પરંતુ ભુગોળના નિષ્ણાતો નદીના એક જ ઉદ્ગમ સ્થાનના આગ્રહી છે. એમેઝોન નદીનો, જંગલ સાથેનું જોડાણ આશ્ચર્યજનક છે અને એ બાબત પૃથ્વી પરના પર્યાવરણની સમતુલા જાળવવામાં સિંહ - ભૂમિકા ભજવે છે. એમેઝોન નદીનો હિસ્સો એટલાંટિક સમુદ્રમાં ઠલવાતા કુલ પાણીના ૨૦ ટકા છે.

પોર્ટુગીઝ અને સ્પેનિશ ભાષામાં ‘રિયો એમેઝોન’ તરીકે પણ ઓળખાતા આ નદીનો સ્ત્રોત પશ્ચિમી દક્ષિણ અમેરિકાના એન્ડીઝ પહાડોમાં છે.



વિશાળ કદને કારણે એ ‘ધ રિવર સી’ તરીકે ય જાણીતી છે. આના કિનારે નવ દેશોના લગભગ ત્રણ કરોડ લોકો વસે છે, આમાંથી બે તૃતીયાંશ વસતિ તો માત્ર બ્રાઝિલની છે. ૧૧૦૦ વધુ પ્રશાખા ધરાવતા એમેઝોનની ૧૨ નદીઓની લંબાઈ ૧૫૦૦ કિલોમીટર (૯૩૦ માઈલ) છે.

હવે એ જાણીએ, સમજીએ અને વિચારીએ કે આટલી મોટી વિશાળ નદી પર સમ ખાવા પૂરતો એક પણ પુલ કેમ નથી. હકીકતમાં એની વિશાળતાને લીધે એક કિનારેથી બીજા કિનારે પહોંચવા માટે એક-બે નહિ, અનેક પુલ હોવા જોઈએ કે નહિ? પણ ના, એવું નથી.

આ મામલામાં અધિકૃત ગણી શકાય એવા નિષ્ણાત વૉલ્ટર કોફમેન આના કારણ સમજાવે છે. સ્વીસ ફેડ્ટ ફેડરલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગના ચેરપર્સન કોફમેનના કહેવા મુજબ એમેઝોન નદી પર એકેય પુલ નથી કારણ કે પુલની જરૂર નથી. આ નદી એવા વિસ્તારમાંથી પસાર થાય છે કે જ્યાં પુલની જરૂર નથી.

હા, અમુક સ્થળેથી એમેઝોન વહે છે ત્યાં ખૂબ પાંખી કે નહિવત્ માનવ - વસતિ છે. એના તટપ્રદેશ પરનાં શહેરો એકદમ વિકસિત છે. એક કિનારાથી બીજા પર જવા માટે સારી અને પર્યાપ્ત ફેરી વ્યવસ્થા ઉપલબ્ધ હોવાથી પુલની જરૂરિયાત અનુભવાતી નથી.

આ સિવાય વધુ એક મહત્ત્વનું કારણ છે પુલની સદંતર ગેરહાજરી માટે. કિનારા વિસ્તારની નદી ખૂબ નરમ - પોચી હોવાથી પુલ બાંધવા પાછળ ભારે ખર્ચ થાય. મોટી રકમ ખર્ચાઈ જાય તો પણ પુલની સલામતી - ટકાઉપણાનો પ્રશ્ન ઊભો જ રહે.

વળી શુષ્ક મોસમને કારણે દૂર-દૂર નદી બહુ પહોળી હોતી નથી કે પુલ બનાવવો પડે. વળી ચોમાસાના આગમન સાથે એમેઝોન નદીની સપાટી ૩૦-૩૦ ફૂટ સુધી વધી જાય છે. વળી વરસાદમાં નદીના કોઈ પણ ભાગનો કિનારો જળબંબોળ થઈને પાણીમાં ડૂબી શકે તો પુલના બાંધકામ માટે કયો કિનારો સલામત ગણાય? કોઈ નહિ. પુલના બેમાંથી એક છેડાવાળો કિનારો ડૂબી જાય તો બધી મહેનત અને ખર્ચો માથે પડે.

જોકે રોજબરોજ થતી નીતનવી શોધ અને ટેક્નિકલ પ્રગતિ વચ્ચે પુલ બનાવવાનું એકદમ અશક્ય પણ નથી જ. એમેઝોનની સૌથી મોટી શાખા નિકલું નદી પર ૨૦૧૦માં બે માઈલ લાંબા કેબલનો પુલ બંધાયો હતો, જે બ્રાઝિલના બે શહેર ઈરાન અને મનહુસને જોડતો હતો. પરંતુ એ અગાઉ કે પછી એકેય પુલ બંધાયા નથી. આનાથી પુલની આવશ્યકતા ન હોવાનું સ્પષ્ટપણે સાબિત થઈ જાય છે.

આપણે ગંગાથી અભિભૂત ખરા અને હોવા જ જોઈએ. પણ વિશ્વની દસ સૌથી લાંબી નદીઓમાં ગંગા નદી નથી. આમાં (૧) નાઈલ, (૨) એમેઝોન, (૩) યાંગતે, (૪) મિસિસિપિ, (૫) યેનીસે, (૬) યલો, (૭) ઓબ-ઈર્તીશ, (૮) પરાના, (૯) કોંગો અને (૧૦) આમુર. અને હા, આપણી ગંગામૈયાનો વ્યાપક ૨૫૨૫૮ કિલોમીટર (૧૫૬૯ માઈલ) છે.

ક્યારેક આપણી ગંગા અને વિશ્વની અમુક મોટી નદીઓની સરખામણી - અભ્યાસનો ઉપક્રમ હાથ ધરવો જોઈએ કે નહિ? ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# સરળતાથી ચોટ સાધતા શાયર બાલુભાઈ પટેલ

## આપની યાદોથી આખો ઓરડો ભરચક હતો ઘર હવે લાગે છે સૂનું આપના આવ્યા પછી

મધ્ય ગુજરાતનું સંસ્કારી નગર નડિયાદ સાહિત્ય, સંસ્કૃતિ અને શિક્ષણનું કેન્દ્ર રહ્યું છે. આવા શહેરની નજદીક આવેલા ઉત્તરસંડા જેવા નાનકડા ગામે આપણને બે વ્યક્તિઓ એવી આપી કે જેમનાં નામ અમર થવા સર્જાયાં છે. પ્રથમ છે આપણા સંગીતસ્વામી સુરોતમ પુરુષોત્તમ ઉપાધ્યાય અને બીજા છે અગ્રગણ્ય ગઝલકાર બાલુભાઈ પટેલ. બાલુભાઈ પટેલ મુશાયરા કે મંચના સભારંજની ગઝલો કહેનારા કવિ ન હતા, પણ પોતાના વ્યવસાયની સાથે સાથે મનગમતા એકાંતના ઉપાસક હતા.

બાલુભાઈ પટેલનો જન્મ ૨૫ સપ્ટેમ્બર, ૧૯૩૭ના રોજ ઉત્તરસંડામાં થયો હતો. પુરુષોતમભાઈ અને બાલુભાઈ બન્ને એક જ શાળામાં સહાધ્યાયી. શાળાકાળ દરમિયાન કવિતા લખવાનો ઉત્સાહ જાગ્યો. પુરુષોતમ પ્રોત્સાહન આપે. વ્યવસાયે સ્થપતિ, બાંધકામ અને નિર્મિતિનું સારું એવું કામ. પહેલાં બિઝનેસમાં ઠરીઠામ થયા અને પછી કુંવારી કન્યાની જેમ રાહ જોઈ રહેલી ગઝલ સાથે હસ્તમેળાપ કર્યો. એમનો પહેલો ગઝલસંગ્રહ ‘સ્વપ્નોત્સવ’ ૧૯૮૮માં વડોદરાથી પ્રગટ થયો હતો. તે પછી ‘મોસમ’, ‘છાલક’, ‘કૂંપળ’ અને મરણોત્તર ‘ઝાકળ’ સંગ્રહોમાં લગભગ પાંચસો ગઝલોનું અમૂલ્ય નજરાણું ગુજરાતને ચરણે ધરીને આઠમી નવેમ્બર, ૧૯૯૨ના રોજ એમણે અલવિદા કરી દીધી.

બાલુભાઈ પટેલની ગઝલ સંવેદનશીલ અને સુસંસ્કૃત વ્યક્તિની સાચી સમજણ અને સાદગીમાંથી ઉદ્‌ભવી છે. કોઈ પણ આડંબર વગરની સરળ બાની અને સરળતામાં સંગોપાઈને આવી ચમત્કારી સાદગીથી એમની ગઝલ બીજાથી જુદી પડે છે. એ શરૂઆતમાં પરંપરાના માહોલમાં રહ્યા, પણ પછીથી આધુનિકતાને અપનાવતા ગયા અને ભાષા પણ રોજ-બ-રોજની બોલચાલની અને આધુનિક રાખી.

‘છાલક’ સંગ્રહની વાત કરતાં કવિ ચિનુ મોદી નોંધે છે કે બાલુભાઈની એક પંક્તિ છેઃ ‘ફૂલની ખુશ્બોનો પડછાયો પડે.’ ‘ખુશ્બો’ આમ જુઓ તો અમૂર્ત છે, અદેહી છે. જેને કાયા જ નથી એની છાયા કેવી રીતે પડે? પણ બાલુભાઈ પોતાની ગઝલના એક મિસરામાં આ આધુનિક ભાવ વ્યક્ત કરી શક્યા છે.’ એ આધુનિકતા આધુનિક ભાષામાં પણ વ્યક્ત કરી શકે છે જેમ કેઃ



***‘ચીસ એની સાવ સર્પાકાર છે.’***

આપણે જ્યારે ચીસ વાંચીએ ત્યારે હંમેશાં કારમી ચીસ કે ભયાનક ચીસ વાંચીએ છીએ. અહીં વિશેષણ નથી. કવિને પોતાની રીતે વર્ણન કરવું છે. કવિને કદાચ સાપની વાંકીચૂંકી ગતિ અને ચીસની પણ એવી ગતિનો અનુભવ હોઈ શકે. સાપના આકારને ચીસ સાથે સાંકળવો એ આધુનિકતા છે. નવો વિચાર છે. બાલુભાઈ પાસે કોઈને ન સૂઝે એવાં વિશેષણો પ્રયોજવાની આગવી આવડત છે જેમ કેઃ

***‘યાતના મારી પુરોગામી હતી’***

આવું વિશેષણ આ પહેલાં ક્યાંય આવ્યું નથી. નવુંનકોર તાજું વિશેષણ છે ‘પુરોગામી.’ આ શબ્દ મૂકીને કવિએ યાતના કેટલી જૂની છે, કેટલી પેંધી પડી ગયેલી, રીઢી છે તેની વાત કરી છે. આવા જ બીજા એક શેરમાં એમણે કરેલી કમાલ જોઈએ.

***લોક સમજ્યા આંખથી આંસુ ખર્યું***
***પણ એ મારી સ્વર્ગીય શ્રદ્ધા હતી.***

રમેશ પારેખે આ શેરની વાત કરતાં કહ્યું છે કે ‘શ્રદ્ધાની આગળ આમ ‘સ્વર્ગીય’ વિશેષણ મૂકીને કવિએ ચોટ વધારી મૂકી છે. ‘સ્વર્ગીય’ વિશેષણ આટલી કાર્યસાધકતાપૂર્વક ગુજરાતી ગઝલમાં સૌપ્રથમ બાલુભાઈએ મૂક્યું છે, તે માટે તેને સલામ.’ શ્રદ્ધા સ્વર્ગસ્થ થયા પછી શું આવે તેની વાતનો ઉલ્લેખ કરીને રમેશ પારેખે થોડાક શેર ઉદાહરણરૂપે આપ્યા છે.

શ્રદ્ધાનું મરણ એટલે માતમનું વાતાવરણ હોય, ઉજ્જડતા-ઉદાસી એકલતા. જુઓ આ શેરઃ

***બાલુ, આ એકલતા કેવી?***
***એકલો લાગું ટોળા વચ્ચે.***
***

***આમ તો લોકોના ટોળામાં રહ્યો***
***પણ સિફતપૂર્વક હું મારામાં રહ્યો.***

આ પણ એક એવી કરુણતા છે પોતાની એકલતા ઢાંકવા માટે ટોળામાં ભળવાનો દેખાડો કરવો પડે, દંભ આચરવો પડે ને સિફતપૂર્વક એ એકલતા સંતાડવી પડે.

બાલુભાઈની ગઝલ વાંચતી વખતે ભાવકે ઘણી સાવધાની રાખવી પડે કારણ કે સરળતા ક્યારેક છેતરી જતી હોય છે. કાવ્યની સુંદરતા હાથમાંથી સરી ન જાય તે માટે રમેશ કહે છે તેમ ઝીણવટથી ન વાંચીએ તો છટકી જાય તેવા છે. એમનો આવો જ એક પાણીદાર શેર જોઈએ.

***આપની યાદોથી આખો ઓરડો ભરચક હતો***
***ઘર હવે લાગે છે સૂનું આપના આવ્યા પછી.***

ઓરડો પ્રિયતમાના આગમન પહેલાં એમની યાદોથી ભરચક હતો. હવે તમે આવી ગયાં, રૂબરૂ છો એટલે યાદો નથી, સંસ્મરણો નથી એટલે ઘર સૂનકાર થઈ ગયેલું લાગે છે. યાદથી ભરચક ઓરડો ગુજરાતી ગઝલે આવી રીતે સૂનો પડેલો જોયો નથી. હાજરી કરતાં ગેરહાજરીનો મહિમા ભાગ્યે જ પ્રણયમાં કોઈએ કર્યો છે. આમ તો આગમનથી ઘર હરખથી ભરચક હોવું જોઈએ, પણ કવિને એ વાત અભિપ્રેત છે કે આ મિલન પછી પાછી એકલતા તો આવવાની જ છે તો યાદનો અને સ્મૃતિનો ક્યારેય ન ખૂટતો ખજાનો શું ખોટો હતો. જે યાદ જ સર્વસ્વ હતી તે પ્રિયાના આવવાથી જતી રહી એનો વસવસો અહીં વ્યક્ત થયો છે.

બાલુભાઈ પટેલને યાદ, સંભારણાં, સંસ્મરણો ઘણાં પ્રિય હતાં એટલે એમણે યાદને કેન્દ્રમાં રાખીને કહેલા શેર સમજવા જેવા છેઃ

***તો પણ અમે ભીનાશને સૂકવી શક્યા નહીં***
***યાદોને લઈ બપોરના તડકા સુધી ગયા***
*** *** ***

***યાદ તારી રાજરાણીથી જરાયે કમ નથી***
***મારું દિલ જાણે કે રજવાડા તણી મ્હેલાત છે***
*** *** ***

***યાદને એકાંતની ભઠ્ઠીમાં તપવા દે જરા***
***તું મિલન સાથે વિરહની વેદના પણ આપજે***
*** *** ***

***આમ અચાનક કોણ અંતરાશી ગયા***
***કોણ યાદ આવે છે? પૂછી તો જુઓ***
*** *** ***

***ડાળ સંબંધોની સૂકી થઈ ગઈ***
***યાદના પંખી છતાં ટહૂકયા કરે***

બાલુભાઈ ઉત્તરોત્તર વિકાસ સાધીને અને સાથે સાથે પોતાની સાદગી અને સરળતા બરકરાર રાખીને ગઝલના સ્વરૂપને સિદ્ધ કરવામાં કાર્યરત હતા. સાદગી છે પણ ભેદી છે.

***એની સામે પણ ઘણા પ્રશ્નો હતા***
***મારી પણ થોડીક મર્યાદા હતી.***

આવું વ્યંજનાપૂર્ણ અભિવ્યક્તિકરણ એમનો વિશેષ છે જેમ કેઃ

***મારે ઈશ્વરનેય શું કહેવું હવે?***
***એને ચિંતા આખી દુનિયાની હતી.***

આખી દુનિયાની ચિંતામાં એ મારી ફિકર તો કરતો જ નથી. એવો મીઠો ઠપકો છે. કવિ વાસ્તવમાં શૃંગારના કવિ છે. એમના અનેક શેર આ વાતની પ્રતીતિ આપે છે જેમ કેઃ

***તીવ્રતાની હદ સુધી ચાહું તને***
***રૂબરૂ તું હોય ને શોધું તને***
*** *** ***

***જોતજોતામાં ત્વચાની ભેખડો તૂટી જશે***
***લોહી તોફાને ચડ્યું છે સ્પર્શની ઘટના પછી.***
*** *** ***

***આટલું અંતર ન હો સહવાસમાં***
***ક્યાંક ખૂટે છે કશું વિશ્વાસમાં***
*** *** ***

***તું ન બોલે તો એ ખુમારી છે***
***હું ન બોલું તો ગુનેગારી છે***
*** *** ***

***એની પાસે કો’કની તસવીર છે***
***વાત આ નાની છતાં ગંભીર છે.***
*** *** ***

***આજ એના આગમનનો છે દિવસ***
***આજ ‘બાલુ’, ટ્રેન એ ચૂકી જશે!***
*** *** ***

***તે દિ’ જે મુલાકાત હતી આખરી હતી***
***કારણ કે એના હાથમાં કંકોતરી હતી***
*** *** ***

***પાન શો હું થરથરીને રહી ગયો***
***તું હવાની જેમ બેપરવા હતી.***
*** *** ***

***બાલુ, સાંજ પડી ગઈ પાછી***
***પાછું મન સથવારો માંગે.***

બાલુભાઈ શાયરી પરંપરા અને આધુનિકતા વચ્ચે સુવર્ણસેતુ સમાન છે. ગુજરાતી ગઝલક્ષેત્રે એમણે કરેલું માતબર પ્રદાન હંમેશાં અમર રહેશે. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# એ વાત યાદ રાખીને જીવીએ તો...

## ...તો દરેક માણસ આજુબાજુના લોકો માટે સુખના પાસવર્ડ સમો બની શકે!

થોડા સમય પહેલાં એક હોટેલમાં એક શિક્ષિત જણાતી મહિલા એની પુત્રવધૂને અંગ્રેજીમિશ્રિત ભાષામાં ધમકાવી રહી હતી કે ‘હવે તું તારા પિયરની જેમ જીવી નહીં શકે. હવે તું તારાં મા-બાપના ઘરે નથી. હવે તું તારા સાસરે છે એટલે તારે અમારા ઘરના નિયમો પ્રમાણે જ વર્તવું પડશે. તારે અમારા પહેલાં અહીં પહોંચી જવું જોઈતું હતું.’

પહેલાં તો પેલી યુવતી ડઘાઈને એની સાસુ સામે જોઈ રહી. પછી એણે બચાવની કોશિશ કરતાં કહ્યુંઃ ‘મને ટ્રાફિક નડ્યો એટલે સહેજ મોડું થઈ ગયું.’

આ સાંભળીને એની સાસુએ ઊંચા અવાજે એને ધમકાવી નાખીઃ

‘સામે જવાબ આપે છે? તારા મા-બાપે આવા જ સંસ્કાર આપ્યા છે!’

યુવતી થોડી મોડી પડી હતી એવા સાવ મામૂલી મુદ્દે એની સાસુએ બધાની વચ્ચે એને ખખડાવી નાખી હતી.

મને આશ્ચર્ય થયું અને સાથે આઘાતની લાગણી પણ થઈ કે એક શિક્ષિત વ્યક્તિ આવો વર્તાવ કઈ રીતે કરી શકે!

પેલી મહિલા પુત્રવધૂને ધમકાવી રહી હતી એ વખતે એના અવાજમાં એવા પાવરનો નશો વર્તાતો હતો કે ‘હું સાસુ છું. મારા ઘરમાં મારી સત્તા ચાલશે, પુત્રવધૂની ઇચ્છા નહીં ચાલે.’

મને એ પુત્રવધૂની સાથે તે મહિલાની પણ દયા આવી ગઈ કે આજના સમયમાં પણ લોકો કેવી માનસિકતા સાથે જીવતા હોય છે.

આવા તો કેટલાય કિસ્સાઓ આપણે જોતાં હોઈએ છીએ. માથાભારે સાસુ (કે સસરા) પુત્રવધૂ પર જુલમ કરતાં હોય (હવે તો એવા કિસ્સાઓ પણ બનવા લાગ્યા છે જેમાં પુત્રવધૂ સાસુને હેરાન કરતી હોય) એ ધાર્મિક હોય તોપણ એમને ઉપરવાળાનો બિલકુલ ડર નહીં લાગતો હોય! એમને એવો વિચાર નહીં જ આવતો હોય કે એક દિવસ અમારા જીવનનો અંત આવવાનો છે... કોઈ પતિ પત્નીને આખી જિંદગી ત્રાસ આપતો રહે છે (અપવાદરૂપ કિસ્સાઓમાં પત્ની પતિને ત્રાસ આપે એવું પણ બને છે). પુત્રના હાથમાં ધંધો આવી જાય પછી એ કરોડપતિ કે અબજપતિ પિતાને પણ અવગણવા માંડે, એનું અપમાન કરવા માંડે એવા કિસ્સાઓ પણ અવારનવાર અખબારોમાં છપાતા રહે છે. એવા માણસોને તો એમ જ હશે ને કે અમે અમર છીએ!



આપણે એવા કેટલાય કિસ્સાના સાક્ષી બનતા હોઈએ છીએ અથવા તો આપણને એવા કિસ્સાઓ વાંચવા કે જાણવા મળતા હોય છે, જેમાં કોઈ વ્યક્તિ માટે સ્વજન જ તકલીફનું મોટું કારણ હોય. ઘણા કિસ્સામાં ભાઈ ભાઈની સામે, બહેન ભાઈની સામે કે ભાઈ બહેનની સામે કોર્ટમાં જાય અને આખી જિંદગી એકબીજાં સામે લડીને આર્થિક રીતે ખુવાર થઈ જાય, પરંતુ સંપત્તિનો મોહ કે અહંકાર છોડી શકતાં નથી એવી વ્યક્તિ જો એટલું જ યાદ રાખે કે એક દિવસ અહીંથી જવાનું છે તો અદાલતોમાં કેસોનો ભરાવો ઓછો થઈ જાય.

એ જ રીતે કોઈ દુષ્ટ પાડોશી એના સીધાસાદા પાડોશીને પરેશાન કરતો રહેતો હોય, કોઈ બોસ એના હાથ નીચેના કર્મચારીનું શોષણ કરતો હોય કે મહિલા કર્મચારીનું જાતીય શોષણ કરતો હોય ત્યારે એને યાદ નહીં આવતું હોય કે એક દિવસ અહીંથી જવાનું છે. ગુંડાઓ નિર્દોષ નાગરિકોને પરેશાન કરે ત્યારે એમને એ યાદ નહીં રહેતું હોય કે એક દિવસ પોતાના જીવનનો અંત નિશ્ચિત છે. રાજકારણીઓ પ્રજાને બેવકૂફ બનાવે, પોતે પણ પ્રજાનું શોષણ કરે અને ઉદ્યોગપતિઓ તથા વેપારીઓને પ્રજાનું શોષણ કરવાની તક આપે ત્યારે એમનેય એ યાદ નહીં રહેતું હોય કે એક દિવસ મરી જવાનું છે. ઘણા પોલીસ કર્મચારીઓ (અને વહીવટી અધિકારીઓ પણ) સામાન્ય નાગરિકોને હેરાન કરતા હોય છે. ડરાવી-ધમકાવીને પૈસા પડાવતા હોય છે, ગુંડાઓને મદદ કરતા હોય છે, પોતાની સત્તાનો અત્યંત વિકૃત રીતે ઉપયોગ કરતા હોય છે એમને ક્યારેય એવો વિચાર શુદ્ધાં નહીં આવતો હોય કે એક દિવસ અમારે આ પૃથ્વી પરથી વિદાય થવાનું છે!

માણસો એ ભૂલી જતા હોય છે કે એક દિવસ અહીંથી જવાનું છે એટલે એ પોતાની પાસે જે કંઈ પાવર હોય એનો દુરુપયોગ કરતા રહે છે. આવા કિસ્સાઓ જાણવા મળે ત્યારે યુધિષ્ઠિર અને યક્ષનો સંવાદ યાદ આવી જાય છે.

યક્ષે યુધિષ્ઠિરને ઘણા સવાલ કર્યા હતા એમાં એક સવાલ એવો હતો કે ‘જીવનનું સૌથી મોટું આશ્ચર્ય કયું છે?’ ત્યારે યુધિષ્ઠિરે જવાબ આપ્યો હતો કે ‘માણસ પોતાના સ્વજનને સ્મશાનેથી વળાવીને પાછો આવે પછી ફરીવાર એ જ રીતે જીવવા માંડે છે કે જાણે મૃત્યુ છે જ નહીં. પોતે અમર છે.’

માણસ એટલું જ યાદ રાખીને જીવે કે એક દિવસ અહીંથી જવાનું છે તો દુનિયા જીવવા જેવી બની જાય. દરરોજ સવારે માત્ર એટલું જ યાદ કરવાનું કે કદાચ હું આવતી કાલની સવાર ન પણ જોઈ શકું. રોજ સવારે ઊઠીને ઉપરવાળાનો આભાર માનવાનો કે તેં આજે મને વધુ એક વખત ઊઠવાની તક આપી છે અને એ વાત રોજ સવારે એકવાર યાદ કરવાની કે એક દિવસ અહીંથી જવાનું છે.

ગંગા સતી કહી ગયાં છે, ‘વીજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ અચાનક અંધારા થાશે જી’ આગળ એમણે કહ્યું છે કે ‘એકવીસ હજાર છસોને કાળ ખાશે જી.’

ગંગાસતીના સમયમાં માણસોનું સરેરાશ આયુષ્ય એકવીસ હજાર છસો દિવસોનું (આશરે ૬૦ વર્ષનું) રહેતું હતું અને માણસ દિવસમાં સરેરાશ એકવીસ હજાર છસો શ્વાસ લેતો હોય છે (અત્યારના સમયમાં પણ વિજ્ઞાન કહે છે કે માણસ દિવસમાં (ચોવીસ કલાકમાં) સરેરાશ બાવીસ હજાર શ્વાસ લેતો હોય છે) એટલે એમણે લખ્યું હતું કે ‘એકવીસ હજાર છસોને કાળ ખાશે જી.’

દરેક માણસ માત્ર એટલું યાદ રાખે કે એક દિવસ અહીંથી વિદાય થવાનું છે એ નિશ્ચિત છે તો એ વાત એના માટે ‘સુખનો પાસવર્ડ’ બની રહે. દરેક વ્યક્તિ પોતાને એક દિવસ મરવાનું છે એટલું યાદ રાખીને જીવે તો આજુબાજુના લોકો માટે સુખના પાસવર્ડ સમા બની શકે અને એટલીસ્ટ દુઃખના પાસવર્ડ સમા તો ન જ બને. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# અહો આશ્ચર્યમ્........ દિમાગ પર સે બાઉન્સર બાતેં!

**ટાઇટલ્સઃ**

***સમજ અને સમાજ ક્યારેય ના સમજાય. (છેલવાણી)***

*‘પુરાવાનો અભાવ એ અભાવનો પુરાવો નથી’*

ઈશ્વર વિશે, અગમ્ય રહસ્યો વિશે, આ વાત બહુ ફેમસ છે. સત્ય-ઘટના પાછળ પણ ઘટનાનું સત્ય હોય છે- જે આપણને સમજાતું નથી. હજારો શોધ કરનાર વૈજ્ઞાનિક એડિસને કહેલુંઃ *‘આપણે હવાને જોઈ નથી, પણ છે. આપણે ઇલેક્ટ્રિસિટીને જોઈ નથી, પણ છે. એ જ રીતે કોઈએ ‘પરમ-તત્ત્વ’ને જોયું નથી, પણ છે કે હશે!’*

‘પરમ-તત્ત્વ’ વગેરે ગૂઢ વિષયની ચર્ચામાં ના પડીએ, પણ અમુક ઘટના કે પ્રસંગો સદાય કોયડો કે ઉખાણાં રહ્યાં છે, જેમ કે દુનિયાના અબજો જાતજાતના લોકોમાંથી આપણને કોઈ એક જ વ્યક્તિ પર પહેલી વાર કેમ પ્રેમ કે આકર્ષણ થાય છે? ખૂબ સુંદર, ધનવાન અને બધી રીતે કાબિલ વ્યક્તિને આજન્મ સાચો પ્રેમ મળતો નથી? અત્યંત જૂઠા, ઘાતકી, ક્રૂર, સરમુખત્યાર માણસને કેમ કુદરત સત્તા આપે છે ને સજા આપતી નથી?

એ જ રીતે, પૃથ્વી, આકાશ, પાતાળ અને બ્રહ્માંડને આટઆટલાં વૈજ્ઞાનિક સંશોધનો બાદ પણ માણસ, કેમ પૂરેપૂરાં સમજી શક્યો નથી? દાખલા આપુંઃ

એડિગ્યુ હેરિયટ નામની એક ફ્રેંચ મહિલા રસોડામાં કામ કરતી હતી ત્યારે અચાનક એની વીંટી ખોવાઈ ગઈ ને બહુ શોધી પણ ના મળી. વર્ષો બાદ એણે રાંધવા માટે માછલી કાપી તો માછલીના પેટમાંથી એને એક વીંટી મળી જેના પર એનું જ નામ કોતરાયેલું હતું! એને માનવામાં નહોતું આવતું, પણ કદાચ વરસો અગાઉ રસોડામાં એ વીંટી વૉશ-બેઝિનમાં પડી ગઈ હશે ને ગટરમાંથી વહેતી વહેતી કોઈ માછલી પાસે પહોંચી હશે ને માછલી એને ગળી ગઈ હશે, પણ કેવો વિચિત્ર સંજોગ કે એ જ માછલી કોઈ માછીમારે પકડી ને પેલી સ્ત્રી સુધી પહોંચી!

ન્યૂ ઝીલૅન્ડના ગ્રેમાઉથ બંદરે ‘વેવર્લી’ નામનું વહાણ ૧૮૭૦માં ડૂબી ગયું. વર્ષો સુધીની શોધખોળ બાદ, એ મળી ગયું અને પછી એનું સમારકામ કરાવીને દરિયાઈ સફર કરવા માંડ્યું, પરંતુ ૧૬ વર્ષ પછી એ જ તારીખ ને એ જ મહિને, એ જહાજ, એ જ જગ્યાએ ફરી ડૂબી ગયું!

બોલો, છે કોઈ લૉજિક?

શિકારી એડમન્ડ ગાર્ડનરે, એકવાર પેરૂના સમુદ્રમાં વ્હેલને મારવા ભાલાથી હુમલો કર્યો. હુમલાથી વ્હેલ છંછેડાઈ અને ઊછળીને એણે સામે હુમલો કર્યો. વ્હેલે એના જડબાથી એની



હોડીના આગલા ભાગને ચાવી નાખ્યો ને એડમન્ડને પણ જડબામાં જકડી લીધો. એડમન્ડ મહામુસીબતે બચી તો ગયો, પણ વ્હેલનો એક દાંત એની ખોપરીમાં ઘૂસી ગયો એટલે ખોપરીમાં કાણું પડી ગયું, ગળાનું હાડકું ભાંગીને ભુક્કો થઈ ગયું, એક હાથ ખરાબ રીતે ચવાઈ ગયો. મહિનાઓ સુધી દવાખાનામાં સારવાર લીધાં બાદ એ સાજો થઈ ગયો. સાજા થયા પછી એ ૧૦૧ વર્ષ જીવ્યો અને જે તારીખે વ્હેલવાળી દુર્ઘટના થઈ હતી એ જ તારીખે એ મરી ગયો!

છે ને ‘અહો આશ્ચર્યમ્’?

**ઇન્ટરવલઃ**

***સમઝનેવાલે સમઝ ગયે,***
***જો ના સમઝે વો અનાડી હૈ! (શૈલેંદ્ર)***

આપણી સાથે અનેક ઘટનાઓ બનતી હોય છે, પણ અમુક ઘટના બાદ તો આપણે માનવું જ પડે કે સૃષ્ટિના કેટલાક નિયમો છે, જે અજીબોગરીબ સંજોગો વડે આપણને સંતાઈને સહાય કરે છે.

વિશ્વના કાયદાના ઇતિહાસમાં એક આશ્ચર્યજનક બનાવ બનેલો. ઓગણીસમી સદીની શરૂઆતમાં ઇંગ્લૅન્ડમાં જોન લી નામના ગુનેગારને ફાંસી અગાઉ, કાનૂન મુજબ એની અંતિમ ઇચ્છા પૂછવામાં આવી. જોને કહ્યું, ‘સાચું કહું છું. નિર્દોષ છું.’ ન્યાયાધીશે એની વાત ન માની. સ્થાનિક રિવાજ પ્રમાણે પાદરીએ જોનના ગુનાઓ માટે ભગવાન પાસે ક્ષમા માગી. ન્યાયાધીશની દેખરેખમાં જ ફાંસીનો ફંદો જોનના ગળામાં ભેરવવામાં આવ્યો. જલ્લાદોએ એના પગ નીચેનું પાટિયું ખેંચ્યું, પણ ચમત્કાર થયો પાટિયું જરાય હાલ્યું નહીં! જલ્લાદે પાટિયાનું પરીક્ષણ કર્યું ને ફરી ફાંસી માટે પાટિયું ખેંચ્યું, પણ વન્સ અગેઈન, પાટિયું ખસ્યું જ નહીં. ત્રીજી વાર ન્યાયાધીશે પાટિયું તપાસ્યું પછી ત્રીજી વાર જલ્લાદે પૂરી ૭ મિનિટ સુધી જોનને ફાંસી આપવાનો પ્રયત્ય કર્યો, પણ પરિણામ શૂન્ય અને જોન ચમત્કારિક રીતે બચી ગયો! ન્યાયાધીશે ઉચ્ચ અદાલતમાં ફાંસી માટે બીજી કોઈ તારીખ માગી, પણ કાયદા મુજબ - એક જ વ્યક્તિને બે વાર ફાંસી ના અપાય એટલે જોન બચી ગયો. પત્રકારોએ જોનને આ વિશે પૂછ્યું ત્યારે એણે કહ્યું, ‘હું નિર્દોષ હતો, પણ સાબિત કઈ રીતે કરું? હું ઈશ્વર પર શ્રદ્ધા રાખીને છેલ્લી ક્ષણ સુધી સ્મરણ કરતો રહ્યો ને એણે મારી પ્રાર્થના સાંભળી.’

ભલભલા નાસ્તિક કે અજ્ઞેયવાદીના દિમાગ પરથી બાઉંસર જાય એવી આ વાત છેને?

૧૮૭૪માં ઇંગ્લૅન્ડમાં જે ઘટના બની હતી એના પછી તો થાય જ કે કોઈ તો અદૃશ્ય શક્તિ છે જે આપણને સમય સમય પર મદદ કરે છે. ૨૧૪ યાત્રીઓવાળું એક વહાણ ઇંગ્લૅન્ડથી ન્યૂ ઝીલૅન્ડ જવા રવાના થયું. વિસ્કની ખાડી પાસે જહાજમાં ગાબડું પડ્યું ને વહાણમાં પાણી ધસી આવ્યું. પાણી અટકાવવાના બધા જ ઉપાયો નિષ્ફળ ગયા. છેવટે જહાજના કૅપ્ટને બધાને કહ્યું કે - જહાજ હવે ડૂબવાની તૈયારીમાં છે એટલે જેને તરતાં આવડતું હોય એ સમુદ્રમાં કૂદી જાય. તરતાં આવડતું હતું એ કૂદવાની તૈયારીમાં હતા અને બાકીના લોકો પ્રાર્થના કરતા હતા એવામાં ચમત્કાર થયો!

વહાણમાં જ્યાં ગાબડું પડ્યું હતું ત્યાં એક મોટી માછલી એ રીતે ફસાઈ ગઈ કે પાણી અંદર આવતું બંધ થઈ ગયું! જ્યાં સુધી જહાજ કિનારે પહોંચ્યું ત્યાં સુધી પેલી માછલી ત્યાં જ ફસાયેલી રહી ને ૨૧૪ યાત્રીઓને બચાવી લીધા.

છેને આ ‘મહાભાગ્યનો મત્સ્યવેધ’?

**ઍન્ડ-ટાઇટલ્સઃ**

***આદમઃ નસીબમાં માને?***
***ઈવઃ તને મળ્યા બાદ તો ચોક્કસ!*** ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# રાતના અઢી વાગ્યે પોલીસ ઘરે આવી!

વ્યવસાયલક્ષી પેરન્ટ્સની એક મોટી સમસ્યા એ હોય છે કે સંતાનના ઘડતરનાં વર્ષોમાં પૂરતું ધ્યાન નથી આપી શકતાં. શિક્ષણ બાબતે જે કેટલીક ચીવટ રાખવી જરૂરી હોય છે એ નથી રાખી શકાતી. એમાં પાછી હું સિંગલ પેરન્ટ. મારા પતિ - માસ્તર જોગેશ્વરીમાં રહેતા હતા અને એ ઘર છોડી નીકળી ગયાં પછી મેં મારાં સંતાનો સાથે અલાયદી દુનિયા વસાવી લીધી હતી. ખાસ્સો સંઘર્ષ અને રઝળપાટ કર્યા પછી મારે પણ એક ઘર હોયની મારી ઇચ્છા સાકાર થઈ. અલબત્ત નાટકોમાં કામ કરવું અને ત્રણ સંતાનના ઉછેરની બેવડી જવાબદારીનું સંતુલન જાળવવું આસાન નહોતું. બાળકોની સ્કૂલ-કૉલેજની ફી સમયસર ભરાઈ જાય એથી વિશેષ હું કંઈ નહોતી કરી શકતી. એ વિશેષ કાળજીનું મહત્ત્વ મને ત્યારે સમજાયું જ્યારે મારા દીકરા શાંગ્રિલની ભણતર પ્રત્યેની બેદરકારી ધ્યાનમાં આવી.

આ બધું શું છે એવો સવાલ કરી દીકરાની જોગેશ્વરીમાં ઊલટતપાસ લેવી મને યોગ્ય ન લાગ્યું. એટલે હું શાંગ્રિલને લઈ મારા ઘરે પહોંચી. પૂછપરછ કરી અને કૉલેજમાં તપાસ કરી ત્યારે ખબર પડી કે ભાઈસાહેબ આઠ મહિનાથી કૉલેજ ગયા જ નહોતા. પરીક્ષાને બે મહિનાની વાર હતી ત્યારે આ આખી વાતની જાણ થઈ. જોકે, મેં જીદ પકડી કે નાપાસ થશે તો ચાલશે, પણ પરીક્ષા તો આપવી જ પડશે. રોજ સવારે દીકરાને મૂકવા કૉલેજમાં જતી, ક્યારેક મારે નાટકનાં રિહર્સલ માટે જવાનું હોય તો મારી દીકરી એને કૉલેજ મૂકવા જતી. આ રીતે રોજ કૉલેજમાં એની હાજરી મેં ફરજિયાત બનાવી. પરીક્ષા આપવા તેણે આનાકાની કરી, પણ મારો નિશ્ચય દૃઢ હતો. તેણે પરીક્ષા આપી અને અપેક્ષા મુજબ ફેલ થયો. મને જરાય દુઃખ ન થયું. નવા શૈક્ષણિક વર્ષમાં મેં શાંગ્રિલને મલાડની કૉલેજમાં એડમિશન અપાવ્યું. એની ઇચ્છા નહોતી, પણ ભણતર તો પૂરું કરવું જ પડશે એવા મારા આગ્રહને હું વળગી રહી.

'મુંબઈ સમાચાર'ના મારા પ્રિય વાચકોને યાદ હશે કે જોગેશ્વરીમાં હું રહેતી હતી એની બાજુની ગલીમાં ખૂન થયું હતું. જે માણસની હત્યા થઈ હતી એ બાઈએ પોતાના સાતેક વર્ષના દીકરાના ભણતર માટે આજીજી કરી હતી. પીડાદાયક ભૂતકાળનો પડછાયો પણ પોતાના દીકરા પર ન પડે એવી માની ઇચ્છાને માન આપી મેં બાળક માટે ભણવાની વ્યવસ્થા કરી આપી હતી. ગોટ્યા નામથી ઓળખાતા એ છોકરાએ એસએસસી સુધીનું ભણતર પૂરું કર્યું હતું. એ વાતને કેટલાંક વર્ષ વીતી ગયાં પછી અચાનક જોગેશ્વરીમાં એના વિશે સાંભળવા મળ્યું. અલબત્ત વાત આનંદદાયક નહોતી. મને એવી ખબર પડી કે ગોટ્યાને શૂટ એટ સાઈટ (દેખાય ત્યાં ઠાર કરવો) કરવાનો ઑર્ડર હતો. હું તો હેબતાઈ જ ગઈ. આ બધું કેવી રીતે થયું એ મારી સમજણની બહાર હતું. એના પરિવારમાં પણ કોઈ નહોતું એટલે કોઈ જાણકારી મળવી પણ શક્ય નહોતું. અંતે એવી જાણકારી મળી કે એ તો કોઈ અંડરવર્લ્ડ ગૅન્ગ સાથે જોડાઈ ગયો છે. પછી મેં વધારે કશું જાણવાની કોશિશ પણ ન કરી. જોકે, ઉજ્જવળ ભવિષ્ય માટે જે છોકરાના ભણતર માટે કોશિશ કરી હતી એ આવી દશાએ અને દિશાએ પહોંચી ગયો એ જાણી મને દુઃખ જરૂર થયું.

મને ફરી ભગવદ્ગીતાનો શ્લોક 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' યાદ આવી ગયો. કર્મ કરવાનું જ તમારા હાથમાં છે, એનું ફળ શું આવશે એના પર તમારો કોઈ અંકુશ નથી હોતો. ગોટ્યાને સારું ભણતર મળે એટલી વ્યવસ્થા કરવી એ મારું કર્મ હતું. પછી એ કેવું ને કેટલું ભણે તેમ જ કયા રસ્તે આગળ વધે એ મારા હાથની વાત નહોતી એ મેં મનોમન સ્વીકારી લીધું અને એટલે દુઃખ પણ ઓસરી ગયું.

એક દિવસ એવું થયું કે અમે બધા ગાઢ નીંદરમાં હતા ત્યારે બેલ વાગી અને કોઈએ બહારથી દરવાજો જોરથી ખટખટાવ્યો. મેં લાઈટ કરી અને ઘડિયાળમાં જોયું તો રાતના અઢી વાગ્યા હતા. આ સમયે કોણ હશે? કેટલાય વિચારો મનમાં દોડાદોડ કરવા લાગ્યા. મન કઠણ કરી દરવાજો ખોલ્યો તો સામે કદાવર બાંધાના છ જણ ઊભા હતા. દરવાજામાં મને ઊભેલી જોઈ એક વ્યક્તિએ કહ્યું, 'અમે ક્રાઈમ બ્રાન્ચમાંથી આવ્યા છીએ. શાંગ્રિલ ક્યાં છે?' ત્યારે મારો દીકરો બહારના રૂમમાં જ સોફા પર સૂતો હતો. એને મેં જગાડ્યો અને પોલીસ તો એને લઈ જવા માગતી હતી.

હું સ્તબ્ધ થઈ ગઈ. મારું મગજ બહેર મારી ગયું. 'મારા દીકરાએ શું કર્યું છે અને તમે શું કામ એને લઈ જાઓ છો?' એવા સવાલ કરવાની હિંમત જ હું અચાનક ગુમાવી બેઠી. મારા તરફથી કોઈ પ્રતિભાવ કે પ્રતિકાર નહીં દેખાતાં પોલીસ મંડળી પણ વિચારમાં પડી ગઈ. થોડી વાર પહેલાં મારા દીકરા શાંગ્રિલને લઈ જવા માગતી પોલીસે કહ્યું કે 'સવારે અંધેરી ક્રાઈમ બ્રાન્ચમાં આવી જજો.' એ સમયે હું ભૂપેન ખખ્ખર લિખિત મહેન્દ્ર જોશીનું 'મોજીલો મણિલાલ' નાટક કરી રહી હતી. બીજે દિવસે સવારે હું શાંગ્રિલને લઈ પોલીસ સ્ટેશન પહોંચી ગઈ. મનમાં ફફડાટ હતો કે દીકરાએ કંઈ અજૂગતું કર્યું હશે? ભટકી ગયો હશે? બૂરી સંગતમાં ફસાયો હશે?

જોકે, પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી તરત ઘરપત થઈ ગઈ. થયું હતું એવું કે પોલીસ ગોટ્યાના કેસમાં તપાસ કરતી હતી એમાં એક છેડો મારા દીકરા શાંગ્રિલને અડી ગયો હતો. પોલીસને છાનબીનમાં જાણ થઈ કે ગોટ્યા નાનપણમાં શાંગ્રિલ સાથે રમતો હોવાથી ઓળખતો હતો. પૂછપરછમાં પોલીસને શાંગ્રિલ આઈ. સી. કોલોનીમાં રહેતો હોવાની જાણ થઈ. એટલે મારા દીકરા પાસેથી ગોટ્યા વિશે કોઈ જાણકારી, કોઈ કડી મળી આવે એ આશા સાથે પોલીસ અમારા ઘરે આવી હતી. જોકે, શાંગ્રિલ એના સંપર્કમાં નહોતો અને કશું જાણતો પણ નહોતો એની પોલીસને ખાતરી થતાં સામાન્ય પૂછપરછ કરી શાંગ્રિલને જવા દીધો. મેં પણ પોલીસને ગોટ્યાના ભણતરની વાત કરી. પોલીસને પણ અમારી વાત પર ભરોસો બેઠો અને પ્રકરણ પૂરું થયું.

અને થોડા દિવસ પછી ખબર પડી કે અંધેરીના લોખંડવાલા વિસ્તારમાં પોલીસ ગોળીબારમાં ગોટ્યા ઠાર થયો. નિરાધાર બનેલા બાળકનો શિક્ષણ મેળવ્યા પછી કેવો કરુણ અંજામ આવ્યો. ■



## નાટકના ખર્ચની વિશિષ્ટ વ્યવસ્થા

ભાવનગરની 'યંગ કલબ' વૈવિધ્યસભર નાટકોના મંચન માટે ખાસ્સી લોકપ્રિય થઈ હતી. શહેરની કલાપ્રેમી પ્રજાનું સારું પીઠબળ સંસ્થાને પ્રેરણા પૂરી પાડતું હતું. જાણવા જેવી વાત એ છે કે પોતાની પ્રવૃત્તિ ચાલતી રહે એ માટે યંગ કલબે કોઈ સરકારી સંસ્થા પાસેથી ગ્રાન્ટ કે મદદ લીધી નહોતી, નાટકો માટે ટિકિટ કે ડૉનેશન લઈ પાસ આપવાની પ્રથા પણ નહોતી રાખી. પ્રવૃત્તિઓ કરવા જે કંઈ ખર્ચ થાય તે બધા સભ્યો અંદરોઅંદર વહેંચી લેતા. એક-બે વાર નાટક મંચનના ખર્ચ વધી ગયા ત્યારે એ વધારાના ખર્ચને પહોંચી વળવા યંગ કલબે પ્રેક્ષકો સમક્ષ નાટક પૂરું થયા બાદ શાલીનતા સાથે રજૂઆત કરી હતી કે 'નાટકનો પ્રયોગ કરવા પાછળ આટલો ખર્ચ થયો છે. જે લોકોને ખર્ચ પેટે કંઈ મદદ આપવાની ઇચ્છા હોય તે પ્રયોગ પછી બીજે દિવસે યંગ કલબને આપી જાય કે મોકલાવે.' પ્રયોગને દિવસે કશું જ સ્વીકારવામાં નહોતું આવતું. એકંદરે નાટક જોયું છે એટલે કશુંક આપવું પડશે એવું દબાણ લોકો ન અનુભવે એની કાળજી રાખવામાં આવતી હતી. આનંદ આપે એવી અને ગર્વ લેવા જેવી વાત એ હતી કે નાટક ભજવવા માટે જે રકમ ખર્ચાઈ હોય એટલા પૈસા મળી જાય પછી વધુ પૈસા સ્વીકારવામાં નહોતા આવતા. પ્રવૃત્તિઓ માટે કોઈ પણ કાયમી ફંડ પણ યંગ કલબે ઊભું નહોતું કર્યું. ખરા અર્થમાં આત્મનિર્ભર હતી યંગ કલબ. યંગ કલબનાં લોકપ્રિય નાટકોમાં 'દાદાઝ'નો ઉલ્લેખ કરવો પડે. આ નાટકોમાં દાદાઓ ભેગા થઈ નાટકો માટે ચર્ચા કરી 'રૅશનિંગ' પર નાટક કરે. સાંપ્રત પરિસ્થિતિની વિસંગતતાઓ પર કટાક્ષ અને રમૂજી નાટકોને આવકાર મળ્યો હતો. ■

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# 'ઓસ્કાર' જેવો એવોર્ડ પણ જરૂરી છે ખરો?

મહિના પહેલાંની વાત છે. હમણાં જ એકેડેમી એવોર્ડસ પત્યા. કઈ કઈ ફિલ્મોને કે કયા કયા એક્ટરને ઓસ્કાર મળ્યો છે. તેની આપણે ત્યાં લોકમાનસમાં ખાસ નોંધ લેવાઈ નથી. ઓસ્કાર એક ધંધો છે. આ વાક્ય 'શિક્ષણ ધંધો બની ગયું છે' જેટલું જ કલીશે-ચીલાચાલુ ગણાવું જોઈએ, કારણ કે તે ઑપન સિક્રેટ છે. હોલિવૂડે સિનેમાની સેવા કરી હશે, પણ સિનેમા હોલિવૂડના ખભે ઊભું નથી. સિનેમાના ઇતિહાસની ઑલટાઈમ ગ્રેટ ફિલ્મોની યાદીમાં હોલિવૂડની અને એમાંય ઓસ્કાર જીતનારી ફિલ્મો જૂજ હશે. સાયન્સ ફિક્શન ફિલ્મોની બાઈબલ ગણાતી '૨૦૦૧: અ જાફભય ઘમુતતયુ' કે હિચકોક દાદાની 'સાયકો' જેવી માસ્ટરપીસ ફિલ્મોને બેસ્ટ ફિલ્મની કેટેગરીમાં ઓસ્કાર મળવાની વાત તો દૂર રહી, નોમિનેશન પણ ન મળે તો પછી એ અવોર્ડની ક્રેડિબિલિટી - વિશ્વસનીયતા કેટલી? 'ઝવય જ્વફૂતવફક્ષસ છ્યમયળાશિંજ્ઞક્ષ','ઘક્ષભયૠજ્ઞક્ષ ફ શિંળય શક્ષ અળયશિભફ', 'ઝવય ત્ર્જ્ઞજ્ઞમ, ઝવય ઇફમ ફક્ષમ ઝવય ઞલહુ' જેવી માઈલસ્ટોન સમી આલાતરીન-વિશેષ ઓળખ આપનારી બહેતરીન ફિલ્મોને પણ બેસ્ટ ફિલ્મનો ઓસ્કાર મળ્યો નથી. ક્રિટિક લૉબી પણ જેનાં ઓવારણાં લે અને ત્રણ-ચાર પેઢી સુધી દર્શકો સતત જોયા કરે તેવી આ ફિલ્મોને ઓસ્કારની જરૂર છે ખરી? ગાંધીજીને નોબેલ મળ્યો હોત કે સરદાર પટેલને ભારતરત્ન મળ્યો, એ તે સન્માનનું સન્માન છે અને અમુક અંશે એ વિભૂતિઓનું અપમાન. આઈનસ્ટાઇનને નોબેલ પણ થિયરી ઓફ રિલેટિવિટી માટે ક્યાં મળેલું? જગતની શ્રેષ્ઠ ફિલ્મો પૈસાના ઘમંડથી ઊભરાતી હોલિવૂડ ઇન્ડસ્ટ્રીની બહાર બની છે.







બીજી વાત, યુટ્યુબમાં સર્ચ કરો. ગૂગલમાં સર્ચ કરો. આ વર્ષે જે-જે ફિલ્મને ઓસ્કાર મળ્યો છે તે બધી ફિલ્મ ઓસ્કારના લિસ્ટમાં આવશે તેવી આગાહી કરતા એક કરતાં વધારે લેખ મળી આવશે અને તે બધાના તારીખ-વાર-સમય ખાસ માર્ક કરો. (જેમકે, ચારેક વર્ષ પહેલાં 'ગ્રીન બુક' આવી એવું તરત અમેરિકન ને બ્રિટિશ અખબારોમાં એ ઓસ્કાર જીતશે એ મુજબના ત્રણ-ચાર-પાંચ કોલમનાં બૉક્સ આવી ગયેલાં. આ વર્ષે બેસ્ટ એક્ટર તરીકે એડ્રિયન બ્રોડી જીતશે એવું તો ઘણાએ કહી દીધેલું.) ફિલ્મ રિલીઝ થઈ હોય તેના બીજા-ત્રીજે દિવસે ઓસ્કારની મોડસ ઓપરેન્ડીના નિષ્ણાતોએ જાહેર કરી દીધું હોય કે આ ફિલ્મને આ કેટેગરીમાં ઓસ્કાર મળી શકે. યુટ્યુબ ઉપર તો ટ્યુટોરિયલ જેવા વીડિયો પણ મળશે, જેમાં સમજાવ્યું હશે કે ઓસ્કાર કેવી કેવી અને કઈ કઈ ફિલ્મોને મળે. આખો દિવસ ક્રિકેટ મૅચ જોયે રાખતો માણસ કાં તો સટોડિયો થાય અથવા તો ક્રિકેટના કોચિંગમાં ભરતી થાય. ક્રિકેટર બને તો આપણને શાબાશી આપવાનું મન થાય, પરંતુ સટોડિયો દર વર્ષે કરોડો જીતે તો પહેલાં નફરત થાય ને પછી દયા આવે. વર્લ્ડ કપના સેમિ ફાઈનલ સુધી ઇન્ડિયાને પહોંચાડે તો જ આઈસીસીનો ધંધો ચાલે, છેલ્લા બોલ સુધી આઈપીએલમાં રસાકસી જળવાઈ રહે તો જ જાહેરાતોના ભાવ ઊંચકાય. આ બધાં ઑપન સિક્રેટ છે. હવે તો ટેલર મેઈડ ઓસ્કાર વર્ધી ફિલ્મો બને છે. અમુક ફિલ્મ એટલે જ બનતી હોય છે કે એ ઢગલાબંધ એવોર્ડ જીતી શકે. ચોખ્ખી વાત છે કે મસાલા ફિલ્મોને એવોર્ડ મળવાના ચાન્સીસ ઓછા અને પેરેલલ સિનેમામાં બનતી ફિલ્મો સુપરહીટ જાય એવા ચાન્સ પણ ઓછા. માટે હવે તો ટ્રેડ પંડિતો પહેલેથી કહી દેતા હોય છે કે આ ફિલ્મ આટલો વકરો કરશે અને આ ફિલ્મ આટલા એવોર્ડ ઉસેટી જશે. માહિતીના ઢગલા કે ભવિષ્યવાણીઓના તુક્કાથી સર્જન પોતાનું આકાશ જોજનો દૂર બાંધતું હોય છે.

'કોફી વિથ કરણ'ના ઇતિહાસમાં બેસ્ટ રેપિડ ફાયર રાઉન્ડ આપનાર જોડી એટલે મહેશ ભટ્ટ અને ઇમરાન હાશમી. તે રેપિડ ફાયર રાઉન્ડની શરૂઆત જ મહેશ ભટ્ટ 'પેથેટીક લસ્ટ ફોર ઓસ્કાર'વાક્યથી કરે છે.

મોરલ ઑફ ધ આર્ટિકલ - સિનેમા અને ઓસ્કારને કંઈ ખાસ લેવાદેવા નથી. સિનેમા બહુ મોટી કળા છે અને ચાર્લી ચેપ્લિન જેવા જૂજ અપવાદો સિવાય ભાગ્યે જ કોઈ એની સહેજ પણ નજીક પહોંચી શક્યું છે. કોઈ પણ કળાના ફોર્મના આજીવન વિદ્યાર્થી બનીને જે કલાકાર ચાલે તે મહાન બની શકે, પણ ક્યારેક કોઈ પણ કળા ઉપર માલિકીભાવ દર્શાવનારને જુઓ તો સમજવું કે પતન નક્કી છે. ઓસ્કાર કે કોઈ પણ એવોર્ડ જરૂરી છે અને તેનું મહત્ત્વ પણ છે જ, પણ ફક્ત એવોર્ડ મેળવવાની લહાયમાં સિનેમા નામની ઉત્તમ કળા સાથે બાંધછોડ થાય છે એ યોગ્ય નથી. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# DM - ડાયરેક્ટ માર્કેટિંગ કે ડાયરેક્ટ મેસેજ?

## અહીં નામ અલગ, પણ કામ સમાન, પણ

આપણે જાહેર જગ્યા, જેવી કે પેટ્રોલ પંપ, મોલ પર વિવિધ બ્રાન્ડ્સ દ્વારા આપણી વ્યક્તિગત માહિતી એકઠી કરાતાં જોઈ હશે. આ માહિતી પર્સનલ મેસેજ મોકલવા બ્રાન્ડ ઉપયોગમાં લે છે. ડાયરેક્ટ માર્કેટિંગ તે એડવર્ટાઇઝિંગનો એક એવો પ્રકાર છે, જેના થકી બ્રાન્ડ કન્ઝ્યુમરને વિવિધ માધ્યમ દ્વારા પોતાનો મેસેજ ડાયરેક્ટલી કમ્યુનિકેટ કરે છે. આને માર્કેટિંગની ભાષામાં DM અર્થાત્ ડાયરેક્ટ માર્કેટિંગ કહે છે. આજે પણ તેનો ઉપયોગ થાય છે અને અર્થ પણ તે છે, પરંતુ આજે ડિજિટલ દુનિયામાં આનો અર્થ 'ડાયરેક્ટ મેસેજ' અને 'ડિજિટલ માર્કેટિંગ' પણ થાય છે.

આજે સોશિયલ મીડિયા પર માર્કેટિંગ વધુ થાય છે આનું મુખ્ય કારણ તમે લોકો સુધી સીધા પહોંચી તમારો માલ વેચી શકો છો. જોવાની ખૂબી તે છે કે બંને જગ્યાએ હેતુ સમાન છેઃ ડાયરેક્ટ કસ્ટમરને માલ વેચો અથવા એમનો ડેટાબેઝ મેળવો પણ પદ્ધતિ અલગ છે. ગ્રાઉન્ડ લેવલ પર મહેનત વધુ છે જ્યારે ડિજિટલ પર તે આસાન છે. નામ અલગ છે પણ કામ સમાન છે. ત્યાં પણ ડેટાની કમાલ છે અને અહીં પણ ડેટાની કમાલ છે, પણ પરિણામોમાં મોટું અંતર છે. સોશિયલ મીડિયા પર તમને પરિણામ સારાં મળે છે. આનાં કારણ અલગ હોઈ શકે, પણ સૌથી મોટું કારણ એ કે ગ્રાઉન્ડ લેવલ પર જ્યારે હું લોકોને વન ટુ વન મળું છું ત્યારે એમના વિશે વધુ માહિતી નથી હોતી, જ્યારે સોશિયલ મીડિયા પર મને એમની જોઈતી બધી માહિતી ઉપલબ્ધ છે અને તેના કારણે વેચાણ આસાન થઈ જાય છે. આને 'કાર્પેટ બૉમ્બિંગ વિરુદ્ધ સ્નાઇપર અપ્રોચ' કહી શકાય.

એ બંનેની સમાનતા જોઈએ તો બંનેના કેમ્પેન હંમેશા એક્શન ઓરિયેન્ટેડ હોય છે. કોલ ટૂ એક્શનનું મહત્ત્વ તેમાં ઘણું છે. મોટે ભાગે તેના મેસેજમાં તમને કશુંક કરવાની પ્રેરણા આપશે. જેમ કે રજિસ્ટર કરો, વેબસાઇટ વિઝિટ કરો, કોલ કરો, સ્ટોરમાં આવો, બુકિંગ કરો, હમણાં જ ખરીદો વગેરે. ડેટાના આધારે કોણ તેની બ્રાન્ડ માટે ખરીદક્ષમતા ધરાવે છે કાં તો કોણ પ્રોસ્પેક્ટિવ બાયર છે તે જાણી એમને અલગ તારવી, ડાયરેક્ટ માર્કેટિંગમાં વિવિધ માધ્યમ દ્વારા અને ડિજિટલમાં વિવિધ પ્લૅટફૉર્મ પર અને વેબસાઈટ પર રિટાર્ગેટિંગ દ્વારા એમના સુધી પહોંચે છે. બંને પદ્ધતિમાં ટાર્ગેટ ઑડિયન્સને જાણવું-ઓળખવું ઘણું જરૂરી છે. ત્યાર બાદ એને અનુરૂપ મેસેજ ડેવલપ કરવો, મેસેજ દ્વારા તમારા કન્ઝ્યુમરનું ધ્યાન તમારા તરફ આકર્ષવું પછી તમારી માર્કેટ પોઝિશન શું છે તેનાથી વાકેફ કરો, અમુક લોકોના અનુભવો શેર કરી એનામાં વિશ્વાસ વધારો, સાથે સાથે તમારા સેલ્સ ફોર્સને પણ પૂરતી માહિતી દ્વારા તૈયાર કરો જેથી તે કસ્ટમરને સારી રીતે પ્રોડક્ટ સમજાવી શકે અને તમે જે મેસેજ વાંચ્યો છે તે મુજબનો અનુભવ મેળવી શકે. આના દ્વારા તમે તમારા કસ્ટમરનો વિશ્વાસ જીતશો.




બંને પદ્ધતિનો ઉપયોગ ઑર્ડર મેળવવામાં, લીડ્સ ઊભી કરવામાં, તેના ફોલોઅપ માટે, કસ્ટમર સાથે સંબંધ વધુ ગાઢ બનાવવા અને કસ્ટમર લોયલ્ટી વધારવામાં મુખ્યત્વે હોય છે. તમે કેમ્પેનનાં પરિણામ જાણી શકો છો. જો ઑર્ડર મેળવવાનો તમારો હેતુ હોય તો કેમ્પેનની સામે કેટલા ઑર્ડર આવ્યા તે જાણવું આસાન થઈ જાય છે. તે જ રીતે લીડ ઊભી કરવામાં, તેનો ડેટાબેઝ મેળવવો, લીડ લીધા બાદ ફોલોઅપમાં કેટલા લોકોએ માલ ખરીદ્યો અને લોયલ્ટી માટે કેટલા કસ્ટમર મારી બ્રાન્ડ સાથે આજે પણ જોડાયેલા છે અને લોકોને રીફર પણ કરે છે તે જાણી શકાય છે.

બંને પદ્ધતિ દ્વારા તમે તમારા કન્ઝ્યુમર સુધી તરત પહોંચી શકો છો, કારણ તમારો કન્ઝ્યુમર સતત એના ફોન પર હોય છે. કેમ્પેન કસ્ટમાઇઝ્ડ થઈ શકે છે. ટાર્ગેટ ઑડિયન્સને ધ્યાનમાં રાખી એની જરૂરત પ્રમાણે મેસેજ બની શકે જેથી કસ્ટમરને બ્રાન્ડ વેચવી આસાન થઈ જાય.

આ માધ્યમ બીજાં માધ્યમો કરતાં સસ્તું અને ઈફેક્ટિવ - અસરકારક છે. સૌથી મોટો ફાયદો તમે તમારા કસ્ટમરના પ્રતિભાવને ટ્રેક કરી શકો છો અને પરિણામ માપી શકો છો. માર્કટિંગ કેમ્પેન જ્યારે ડેવલપ કરીએ ત્યારે અમુક પાયાના મુદ્દા ધ્યાનમાં લેવા જરૂરી છે, જેવા કે, તમારા પ્રોડક્ટ અને સર્વિસનું રેગ્યુલર ફોલોઅપ લઈ તેમાં સુધારા-વધારા કરવા. બંને પદ્ધતિમાં કયું ઈફેક્ટિવ માધ્યમ અથવા પ્લેટફૉર્મ હશે કસ્ટમર સુધી પહોંચવાનું તે નક્કી કરો. હંમેશા કોઈ ને કોઈ ઑફર તમારા કેમ્પેનમાં હોવી જોઈએ, જેથી કસ્ટમર પોતાનો ફાયદો જોઈ શકે. તમારા મેસેજને અલગ અલગ રીતે બનાવતા રહો એથી કસ્ટમર એને એક જ મેસેજ સમજી ડિલિટ ન કરે અને તમે એને અલગ અલગ વસ્તુ ઑફર કરી રહ્યા છો તેમ જાણે અને સૌથી મહત્ત્વનું આ માધ્યમ એટલે એકશન ઑરિયેન્ટેડ માધ્યમ. કોલ ટુ એકશન વ્યવસ્થિત રીતે હાઈલાઈટ કરો, અર્જન્સી ઊભી કરો જેથી કસ્ટમરને ત્યારે ને ત્યારે નિર્ણય લેવા તમે મજબૂર કરી શકો.

આમ બંને પદ્ધતિમાં કેટલી સમાનતા છે તે આપણે જોઈ. વાત એની એ જ, પણ માધ્યમ અલગ છે. ડિજિટલે આજે વેપારના આયામ બદલી નાખ્યા છે તેમ માર્કેટિંગના આયામ પણ પલટાવી નાખ્યા છે. ગ્રાહકને ખરા અર્થમાં ભગવાનની જેમ પૂજવામાં આવે છે અને તેથી ગ્રાહક આજે પોતાના મિત્રોને અને બ્રાન્ડ બંનેને એક જ વાત કહે છે:

'પ્લીઝ, DM મી!' ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**મોતીબાબુના** મનમાં સીમાના લગ્નની વાત વમળાયા કરતી હતી. સીમાને પામવા એણે દરેક હદ પાર કરી દીધી હતી. એ પ્રત્યેક અકલ્પ્ય સીમા ઓળંગી ગયો હતો. અંધારીઆલમ સાથે નાતો બાંધી બેઠો...બંસીના મામલામાં જાતને સંડોવી. દારૂની લતે ચડીને જોરાવર સાથે દોસ્તી બાંધી. જોકે, અંતે એણે ચંદનના મોતનું રહસ્ય જાણ્યું, પણ અફસોસ, સીમા વ્હેંત છેટી રહી ગઇ. ચંદનના ખૂનની હકીકત જણાવવા એણે હરખભેર સીમાને ફોન કર્યો, પણ મરિયા પાસેથી હેરત પમાડનારા સમાચાર મળ્યા. હવે શું કરવું? સીમાને મળીને ચંદનની હત્યાનો ભેદ જણાવી દઉં પછીય શું? સીમા એક એવી જગ્યાએ પહોંચી ગઇ હતી કે જ્યાંથી સીમા તો શું દુનિયાની કોઇપણ સ્ત્રી પાછી ફરવાનું સપનામાં પણ ન વિચારે. આમછતાંય એ એકવાર સીમાને મળીને છાતી ચીરીને દિલની વાત કરી દેવાની ઇચ્છા રોકી ન શક્યો. મોતીબાબુ અભિના બંગલે પહોંચી ગયો. એણે સીમાનું નામ આપ્યું, પણ બહાદુરે દાદ ન આપી.

'તૂમ સીમાદેવી કો સંદેશ દો. બસ, ઇતના તો કરો.' બહાદુર એને ઊભો રાખીને અંદર ગયો. થોડીવારમાં સીમા પોતે બહાર આવીને મોતીબાબુને અંદર લઇ ગઇ. મોતીબાબુ બંગલાની રોનક જોઇને અવાચક થઇ ગયો હતો. શું કહેવું, શું બોલવું, ક્યાંથી શરૂઆત કરવી.

'બોલો મોતીબાબુ. ક્યું આના હુઆ?'

'એક જરૂરી બાત કહેની થી.' મોતીબાબુએ આસપાસ નજર ફેરવતા કહ્યું.

'હાં...કહો.'

'ચંદનકા એક્સિડેન્ટ નહીં મર્ડર થા.' એણે ધીમા અવાજે કહ્યું.

'કૌન કરવાયા?'

'બસ્તા શેઠને મર્ડર કરવાયા, જિસકે લિયે ચંદન કામ કરતા થા.'

'તુમકો કેસે પતા ચલા?'

'બસ્તા શેઠ કે એક ખાસ આદમી જોરાવરને મુઝે સબકૂછ બતાયા.'

'તુમ ઉન લોંગોં તક કેસે પહોંચે.?'

'બસ્તા શેઠ તક પહોંચને કે લિયે મૈંને જોરાવર સે દોસ્તી કી...વો મુઝે બસ્તા કે પાસ લે ગયા. મૈં ઉસકી ગેંગ મેં શામિલ હો ગયા ઔર જો કામ ચંદન બસ્તા કે લિયા કરતા થા, વો કામ મૈં કરને લગા.'

'કૌન સા કામ.?'

'બહાર કોઇ કાંડ યા મર્ડર કર કે આતા હૈ ઉસે પનાહ દેને કા કામ.'

ચંદનનું અન્ડરવર્લ્ડ કનેકશન...ચંદનનો અસલી ચહેરો...એક્સિડેન્ટ નહીં, પણ મર્ડર...છપ્રા પોલીસ, ઇન્સ્પેક્ટર વાગલે, પોલીસની પૂછપરછ ફાઇલ બંધ થઇ જશે એવું અભિનું કહેવું... સીમાની આંખો સામેથી બધું પસાર થવા લાગ્યું.

'મોતીબાબુ, તુમને યે સબ ક્યું કિયા? કિસ લિયે કિયા.?'

'તુમસે શાદી કરને કે લિયે.' મોતીબાબુ બોલ્યો.

'મુઝસે શાદી કરને કે લિયે તુમને ઇતના બડા રિસ્ક ઉઠાયા. મોતીબાબુ, તુમ નાદાન હો, તુમ બેવકૂફ હો.'

'સહી કહા તુમને. પ્યાર કરનેવાલે નાદાન ઔર બેવકૂફ હોતે હૈ. મૈં તુમ્હારે બિના નહીં જી પાઉંગા.'

'તુમ બિલકુલ પાગલ હો, મોતીબાબુ.' સીમા ખડખડાટ હસીને ગંભીર થઈ ગઈ.

'મુઝે બસ્તા શેઠ કે બારે મેં સબકૂછ જાનના હૈ.' સીમાએ એનો હાથ હાથમાં લેતા કહ્યું. મોતીના શરીરમાં ઝણઝણાટી પ્રસરી ગઇ.

'સબકૂછ બતાઉંગા. લેકિન બદલે મેં મુઝે ક્યા મિલેગા.' સીમાએ આછું સ્મિત આપ્યું. સીમાનું એક સ્મિત મોતીના કાનમાં શરણાઇના સૂર રેલાવી ગયું. પછી એ મનોમન લગ્નમંડપથી હનીમૂનના ઢોલિયા સુધી પહોંચી ગયો.

*********************

જોરાવર બારમાં બેસીને દારૂની ધીરે ધીરે ચુસ્કી મારી રહ્યો હતો. મોતીબાબુ આવ્યો. એની એક આંખમાં ખુશી ને બીજીમાં ઉદાસી હતી. એ ચૂપચાપ બેસી ગયો. જોરાવરે વેઇટરને ઇશારો કરીને એના માટે દારૂ લાવવા કહ્યું. જોરાવરે પોતે એના ગ્લાસમાં દારૂ રેડીને આપ્યો.

'ચિયર્સ.' જોરાવર બોલ્યો., પણ મોતીબાબુએ જવાબ ન આપ્યો.

'ક્યા હુઆ ભાઇ ઇતને ઉદાસ ક્યોં....ક્યા હુઆ?' જોરાવરે પૂછ્યું.

'સીમાને શાદી કર લી.' એ બોલ્યો

'કૌન ચંદનની વાઇફ..?'

'હાં વહી, મેરા સપના તૂટ ગયા.' મોતીબાબુ દારૂનો ઘૂંટડો ભરતા બોલ્યો.

'કિસ સે શાદી કી.' જોરાવરે પૂછ્યું.

'વો ફિલ્મ એક્ટર અભિનય સે.'

'ક્યા ક્યા ક્યા..?' જોરાવર માની ન શક્યો...એણે ત્રણ વાર પૂછ્યું.

'વો દોનો કહાં મિલ ગયે.?'

'અભિનય ચંદન કી રૂમમેં રહેતા થા.' મોતીબાબુએ કહ્યું..

'ઓહ, તો યે ચક્કર વહીં સે ચાલુ થા. લેકિન ઇતને બડે સ્ટારને ઉસ સીમા મેં ક્યા દેખા.?' જોરાવરે પૂછ્યું.

'મૈં ભી વહી સૌચ રહા હું. મુઝે એસા કૂછ કરના પડેગા જિસ સે સીમા મેરી હો જાયે.' બસ્તા શેઠ કે હાથોમેં ફિલમ ઇન્ડસ્ટ્રી કા સબ મામલા હૈના..?' મોતીબાબુ થોડું વિચારીને બોલ્યો.

'ઓહ, તો મોતીબાબુ એડા બન કે પેડા નહીં, પણ એડા બન કે મોતીચુર કે લડુ ખા રહા હૈ.' પોતે એની પાસે ચંદનનું રહસ્ય ખોલી નાખીને કોઇ મોટી ભૂલ તો નથી કરીને...જોરાવરે વિચાર્યું.

'હાં બસ્તા શેઠ પુરા ફિલ્મ ઇન્ડસ્ટ્રી સંભાલતે હૈ..ક્યું? તુમકો ક્યા કરના હૈ.?'

'કૂછ નહીં...સીમા કો પાને કે લિયે મુઝે કૂછ તો સોચના પડેગા.'

> 'પ્રિયા તારું મર્ડર કરવાની ધમકી દઇ ને તું કહે છે કે એ કોઇને નહીં કહે. એ ઇન્સિક્યોરિટીથી પીડાય છે. આવી વ્યક્તિ કાંઇપણ કરી શકે છે.'

*********************

જોરાવરે મોતી પાસેથી સીમા અને અભિની હકીકત જાણી લીધી. આ વાત બસ્તા શેઠના કાને નાખવી એને જરૂરી લાગી. દારૂના અડ્ડામાંથી એ સીધો બસ્તા શેઠ પાસે પહોંચ્યો.

'શેઠ, એક જરૂરી વાત કરવી છે.' થોડો નશામાં હતો, પણ જુબાન કાબુમાં હતી.

'બોલ.' બસ્તા શેઠને લાગ્યું કે કોઇ મહત્ત્વની વાત હોય તો જ જોરાવર રાતે નશો કર્યા પછી મળવા આવે.

'મોતીબાબુ ચંદનની વાઇફ સીમા સાથે લગ્ન કરવા માગતો હતો, પણ સીમાએ એક્ટર અભિનય સાથે લગ્ન કરી લીધા.'

બસ્તા શેઠ હસી પડ્યા. 'મોતીએ નશામાં બબડાટ કર્યો ને તેં બધું માની લીધું.? આટલો મોટો સ્ટાર ટેક્સી ડ્રાઇવરની વાઇફ સાથે લગ્ન કરે? બકવાસ છે બકવાસ.'

'અભિ સ્ટ્રગલ કરતો ત્યારે ચંદનની રૂમમાં રહેતો હતો. સીમાને પોતાની બનાવી લેવાના સપના જોતા મોતીબાબુ ચંદનના મોતનું રાઝ જાણવા આપણી ગેંગમાં જોડાયો. અને શેઠ, એને કદાચ ખબર પડી ગઇ છે કે તમે ચંદનનું એક્સિડેન્ટ કરાવ્યું છે.' જોરાવર પોતાની ચામડી બચાવવા ખોટું બોલ્યો.

'જોરાવર, બેસ દારૂ પી મારી સાથે. તેં મોતીની નબળી કડી શોધી આપી છે.' 'મોતીબાબુની નબળી કડી...મેં શોધી આપી.?' એ કાંઇ સમજ્યો નહીં.

*********************

મોતીબાબુ સીમાને ફોન કરીને બસ્તા શેઠની બધી છૂપી માહિતી પહોંચાડવા લાગ્યો. એકાદ-બેવાર ફોન પર વાત કરી, પણ સીમાની ઝલક જોવાની લાલચ રોકી શક્યો નહીં. એક દિવસ એ ઘરે પહોંચી ગયો ત્યારે અભિ ઘરમાં જ હતો. એને જોઇને અભિ ચોંકી ઉઠ્યો.

'તુમ કૌન....કિસ કા કામ હૈ....તુમકો અંદર કિસને છોડા..?' અભિએ એક સાથે પ્રશ્નોની ઝડી વરસાવી. એટલામાં સીમા આવી પહોંચી.

'મોતીબાબુ છે. મને મળવા આવ્યો છે...એ ચંદનની બીજી ટેક્સી ચલાવે છે. જેનો હિસાબ આપવા આવ્યો છે.'

'આઓ. બૈઠો.' સીમાએ કહ્યું. અભિ ચંદન પર નજર ફેરવતો અંદર જતો રહ્યો.

'તુમ કો બોલા હૈ...એસે મત આયા કરો.' સીમા બોલી.

'એક ખાસ બાત બોલની થી. બસ્તા શેઠને હબીબભાઇ કા મર્ડર ભી કરવાયા હૈ.'

'કૌન હબીબભાઇ.?' સીમાએ પૂછ્યું...

'બસ્તા શેઠ સે પહેલે ફિલમ ઇન્ડસ્ટ્રી પર હબીબભાઇ કા રાજ ચલતા થા. બસ્તા શેઠ કો ઉસકા જગા ચાહિયે થા, ઇસલિયે ઉસકા..' અચાનક અભિની એન્ટ્રી થતા એણે વાત બદલી..'લો મેડમ, યે આપકા હિસાબ. મૈં ચલતા હું.' સીમાએ રૂપિયા લઇને નમસ્કાર કર્યા. મોતીબાબુ જતો રહ્યો.

'સીમા, તું હવે આ બધો વહેવાર ભૂલી જા. આવા લોકોને મળવાનું બંધ કરી દે. હું નથી ઇચ્છતો કે આપણા લગ્નની વાત લીક થઇ જાય.'

'લગ્નની વાત લીક તો થઇ જ ગઇ છે. પ્રિયા ચૂપ થોડી બેસી રહેશે.' સીમાએ કહ્યું.

'પ્રિયા કોઇને નહીં કહે. હું એને ઓળખું છું.'

'પ્રિયા તારું મર્ડર કરવાની ધમકી દઈ ગઇ ને તું કહે છે કે એ કોઇને નહીં કહે. એ ઇન્સિક્યોરિટીથી પીડાય છે. આવી વ્યક્તિ કાંઇપણ કરી શકે છે....અભિ, મને બહુ ડર લાગે છે.'

'તું મારી બાંહો છે ત્યાં સુધી તારે કોઇ વાતે ડરવાની જરૂર નથી.' અભિએ કહ્યું.

'મને તારી ચિંતા થાય છે અભિ.'

'જો હોગા વો..' અભિ બોલવા ગયો, પણ સીમાએ એના મોં પર હાથ મૂકી દીધો.

*********************

બસ્તા શેઠના ફોનની ઘંટડી વાગી. 'હેલો.' બસ્તા શેઠે ફોન ઊંચકીને કહ્યું.

'સીમા બોલું છું....ચંદનની પત્ની. તમને મળવું છે.'

'મારા ઘરે આવી જા. જુહુ, રોડ નંબર ૧૦...કોઇને પણ પૂછ. બસ્તા શેઠ. ઘરે મૂકી જશે.'

'તમારા ખાસ માણસો જોરાવર અને મોતીબાબુને આપણી આ મુલાકાતની જાણ ન થવી જોઇએ. પહોંચું છું.'

*********************

'બસ્તાભાઈ, મને ખબર પડી કે ચંદનનું મર્ડર તમે કરાવ્યું હતું.' સીમાએ પાણીનો ગ્લાસ ઉઠાવ્યો.

'મારી ગેંગમાંથી કોણ ફુટી ગયું એની વાત પછી, પણ તો તું કરી શું લેવાની. એ કહે' બસ્તા બોલ્યો.

'ધારું તો હું ફાઇલ ખોલાવી શકું છું, ખેર બસ્તાભાઈ, હકીકતમાં હું મારા એક કામ માટે આવી છું.'

'પહેલા તું મને એનું નામ આપ જેણે તને આ વાત કરી છે.' બસ્તાએ કહ્યું.

સીમાએ પર્સમાંથી એક ચબરખી કાઢીને એમાં નામ લખીને બસ્તા શેઠને વંચાવ્યું.

'મોતી..' બસ્તા શેઠને નામ વાંચીને બિલકુલ આશ્ચર્ય ન થયું.

'હા, આ માણસ મને લઇને બહુ પઝેસિવ છે અને પઝેસિવ માણસ કોઇપણ હદે જઇ શકે છે. એને ચૂપ રાખવા તમારી પાસે એના ઘણાં રહસ્યો છે.'

'મોતી તને ક્યારેય ડિસ્ટર્બ નહીં કરે. જા મોજ કર. હું મોતીને એવા ધાગામાં પરોવી દઇશ કે જિંદગીભર એમાંથી બહાર નહીં નીકળી શકે. બસ્તા શેઠે કહ્યું. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# આતમતેજ જાગે ત્યારે...



૩૨ વર્ષીય વિજયા ચૌહાણ એક ચાર્ટડ ફર્મમાં પ્રૅક્ટિસ કરી કહી હતી અને એક વર્ષ પહેલાં જ એ મુંબઈની એક મલ્ટિનેશનલ કંપનીમાં કન્સલટન્ટ તરીકે જોડાઈ હતી. વિજયાની કાર્યદક્ષતા અને આભાપૂર્ણ વ્યક્તિત્વ જોઈને ત્રણ મહિના પહેલાં જ એને ડિરેક્ટરના બોર્ડમાં કોઓપ્ટ કરવામાં આવી છે.

કંપનીના સિનિયર ડિરેક્ટર તથા પ્રોજેકટ ઈનચાર્જ દીપક શ્રીવાસ્તવ વિજયાને માનની દૃષ્ટિએ જોતા હતા.

છ મહિના પહેલાં જ એક જર્મન કંપની સાથે બિઝનેસ ડીલિંગ થયું હતું. નવા પ્રોજકટના હવે કરાર કરવાના હતા. બિઝનેસ ડીલ કરવા જર્મનથી ડેલિગેટસ આવવાના હતા.

મિસ વિજયા, જર્મન કંપનીના ડેલિગેટસ ડીલ ફાઈનલ કરશે, તમે બધા કોરોસપોન્ડસ - ડૉક્યુમેન્ટસ સ્ટડી કરી લેજો. આપણે કયા કયા મુદ્દાની ચર્ચા કરવાની છે એની નોટ્સ પણ રેડી રાખજો. ઈનચાર્જ મૅનેજર શ્રી દીપક શ્રીવાસ્તવે કહ્યું.

જર્મન કંપનીનું નામ સાંભળતાં જ વિજયાના મનમાં અકળ ભય વ્યાપી ગયો - એ સૂનમૂન બની ગઈ.

વિજયા શું થયું, આટલું મોટું ડીલિંગ થવાનું છે ને તું એકદમ શાંત છે? નથિંગ એકસાઈટસ યુ, રીયલી ઈટસ ગ્રેટ ડીલ.

ના, ના એવું કાંઈ નથી. હું જરા મારા વિચારોમાં હતી. સૉરી સર.

ઓકે. પ્લીઝ બી સીટેડ. (પછી) શ્રીવાસ્તવ સર લેપટોપમાં જોઈને મીટિંગની વિગતો અને કોરોસપોન્ડસ વિશે સમજાવવા લાગ્યા.

વિજયા બેઠી તો ખરી પણ એની નજર સામે ભૂતકાળમાં બનેલી પેલી ઘટના તરવરી રહી. એનો ચહેરો તંગ બની ગયો.

હંમેશાં ચર્ચામાં કુશળ વિજયા કેમ શાંત છે - જાણીને શ્રીવાસ્તવે જ પૂછયું- વિજયા, એની પ્રોબ્લેમ? તું કહે તો આપણે પછી વાત કરીએ, પણ, યુ હેવ ટુ લીડ ધ મીટિંગ.

સર, આ મીટિંગ ક્યારે છે?

દસ દિવસ પછી - શુક્રવારે, ૧૫ ઓકટોબરે.

પણ સર, હું તો લીવ પર જવાનું વિચારું છું. ૧૨મી ઓકટોબરે મારા ભાઈના મેરેજ છે. અમે બધા નેટિવ પ્લેસ જઈશું. સર, મને પંદર દિવસની લીવ જોઈએ છે.

મેરેજના ફંકશન માટે પંદર દિવસની લીવ ઈમ્પોસિબલ. તને ફરીથી કહું છું કે આ બિઝનેસ ડીલમાં તું જ કી પરસન છે. હવે તારે જેમ મૅનેજ કરવું હોય તેમ કરજે, પણ આ ડીલિંગનો ચાર્જ હું બીજા કોઈને સોંપીશ નહીં. સો સ્ટાર્ટ યોર વર્ક. શ્રીવાસ્તવે સત્તાવાહી અવાજે કહ્યું.

ઓકે. સર. વિજયાએ કહ્યું તો ખરું, પણ એના મનમાં કોઈ અકળ ભય વ્યાપી રહ્યો હતો. એ શ્રીવાસ્તવ સામે આંખ ન માંડી શકી. દીપક સરના શબ્દો એને કાને પડતા હતા, પણ સમજાતા ન હતા. એ અગત્યના મુદ્દાઓ ડાયરીમાં યંત્રવત્ લખતી હતી. કોઈ વાઘના પિંજરામાં પોતે બેઠી હોય એવું એને લાગતું હતું.

મીટિંગ પતાવી વિજયા એની કૅબિનમાં આવી અને ટેબલ પર માથું ટેકવીને વિચારશૂન્ય બની ગઈ. મનમાં ને મનમાં ગણગણવા લાગી - ગમે તે થાય, મારે આ મીટિંગ એટેન્ડ નથી કરવી.

જર્મન ડેલિગેટસમાં પેલો હવસખોર જ્હોન આવશે, પણ, હું દીપક સરને શું કહું, એ કોઈ રીતે માનશે જ નહીં. કંપનીને ૧૫૦ કરોડનું ડીલ મળશે અને મારું પ્રમોશન પણ હમણાં જ થયું છે- હું શું કરું.

પણ, એટલે એ વરુના પંજામાં જવાનું? ના-ના નોકરી છૂટે તો ભલે છૂટે, પણ આય હેવ ટુ બી સેફ -

થોડી વારે સ્વસ્થ થઈને વિજયા ફરીથી શ્રીવાસ્તવ સરની ઑફિસમાં ગઈ.

સર, મે આય કમ ઈન.

યસ, યસ પ્લીઝ કમ.

સર, સૉરી હું પંદર તારીખની મીટિંગ એટેન્ડ કરી શકીશ નહીં. આપ કહો તો હું હમણાં જ રીઝાઈન કરી દઉં, પણ-

વિજયા, આ તું શું કહે છે, અને રીઝાઈન કરવાનો વિચાર જ તને કેમ આવ્યો? શ્રીવાસ્તવે આશ્ચર્યચકિત થતાં પૂછયું. તારે મેરેજ માટે રજા જોઈએ છે, તે તું લે. ૧૩મીએ ફલાઈટમાં મુંબઈ આવી જા, પછી મીટિંગ એટેન્ડ કરી શકશે,

સૉરી સર, પણ આ મીટિંગ અવિનાશ કે સંજયને લીડ કરવા દો. પ્લીઝ મને માફ કરો.

જો, વિજયા તારે મને કોઈનું નામ સૂચવવાની જરૂર નથી. મને ખબર છે કોને શું કામ સોંપવું. વિજયા, ઈઝ ઈટ ક્લીયર નાવ. માત્ર છ મહિનામાં જ તને કંપનીમાં આવી ઈમ્પોર્ટન્ટ પોઝિશન મળી છે. હજુ તારું ફ્યુચર બ્રાઈટ છે. સો આય ડોન્ટ વોન્ટ એની ચેન્જ. બાય ધ વે, તું કેમ ના પાડે છે, તારો પ્રોબ્લેમ શું છે. ઈફ આય કેન બી હેલ્પફુલ, શ્રીવાસ્તવે હળવા ટોનમાં પૂછયું.

વિજયાની આંખોમાં આંસુ આવી ગયાં. સ્વસ્થ થતાં એણે કહ્યું-

સર, મારો પ્રોબ્લેમ એવો છે એમાં કોઈ મદદ કરી ન શકે.. સર, હું મીટિંગ એટેન્ડ કરું, પણ પછી રાત્રિ ડિનર પાર્ટી એટેન્ડ ન કરું તો ચાલશે?

ઓકે, નો પ્રોબ્લેમ - પણ તું ડિનર પાર્ટી કેમ એટેન્ડ નહીં કરે? ઈટ ઈસ ટુ એન્જૉય અવર એચીવમેન્ટ. જસ્ટ ફન એન્ડ ગેટ ટુગેધર.

સર, હું અનકમ્ફર્ટેબલ અનુભવુ છું. અમારા ફૅમિલીમાં આવી રાત્રિ ડાન્સ-ડિનર પાર્ટીમાં જવાની મારા ઘરમાંથી પરમિશન નથી. વળી, ધે ટચ, ધે ડાન્સ એન્ડ સમટાઈમ્સ મીસબીહેવ ઑલ્સો. વિજયાએ કહ્યું.

મિસ વિજયા, પાર્ટીમાં તો બધા સાથે હોય, હું પણ પાર્ટીમાં હોઈશ. (પછી જરા વિચારીને) ઓકે પાર્ટી એટેન્ડ ન કરતી, પણ મીટિંગ એટેન્ડ કરજે.

તે રાત્રે વિજયા હોસ્ટેલના રૂમમાં આવી, પણ ભૂતકાળનો એ ડંખ એનો કેડો મૂકતો ન હતો. વિજયાનું મન પોકારી રહ્યું - એ જ્હોન મારી નજર સામે આવશે - તે દિવસની એની એ ભુખાળવી નજર - અભદ્ર વર્તન કેવી રીતે ભૂલી શકું - સ્ત્રીના શરીરનું ગૌરવ ન કરી શકે એનાથી પોતાનું રક્ષણ કરવું જ રહ્યું.

પણ, હવે હું શું કામ ચિંતા કરું છું. મારે કયાં ડાન્સ પાર્ટી એટેન્ડ કરવાની છે, મીટિંગમાં જ્હોનને ઈગ્નોર કરીશ. હું તો બોર્ડ કમિટીમાં છું.

સવારનાં કુમળાં કિરણોના સ્પર્શથી વિજયાની આંખ ખૂલી. કૉફીના ઘૂંટને ગળે ઉતારતાં વિજયાનું મન બોલી ઊઠ્યું- હું શા માટે આટલી ભયભીત છું - મેં કશું ખોટું તો કર્યું નથી. આગલી મીટિંગની પાર્ટીમાં જ્હોન નશામાં ધૂત થઈ મારી નજીક આવ્યો હતો ત્યારે હું તરત સભાન થઈ ગઈ હતી, મેં જ એને હડસેલો મારીને બાજુના સોફા પર પટકાવી દીધો તો - હું મારું રક્ષણ કરી શકું છું તો પછી ગભરાવાનું શા માટે - અને આ વખતે તો હું ડાન્સ પાર્ટી જ એટેન્ડ કરવાની નથી.

ત્યાં જ ફોનની ઘંટડી વાગી, જ્હોનનો ફોન હતો. વિજયાએ નક્કી કર્યું કે હું જરાય ડરીશ નહીં.

હલો, મેડમ, જ્હોન હીયર.

યસ, હાવ વોઝ યોર જર્ની - ઓકે આય એમ બીઝી. નો પર્સનલ કોલ - વીલ મીટ ઈન ઑફિસ -

ઓકે ફાઈન. જ્હોને કહ્યું.

વિજયાએ તરત ફોન મૂકી દીધો. એણે વિચાર્યું કે કોઈ વ્યક્તિ માટે ખોટો પૂર્વગ્રહ કે ડરથી આપણું મન ભય પામે છે. ખરેખર આવો ડર રાખવો ન જોઈએ, આત્મબળ વડે આગળ વધવું જોઈએ. હવે વિજયાના મનમાંથી જ્હોન માટેનો પેલો ડર નીકળી ગયો. આતમ જાગે ત્યારે સાચી દિશા મળે જ છે. ■

ફોકસ

સંધ્યા સિંહ
feedback@bombaysamachar.com

# રિયલ ફ્રેન્ડ્સ સાથે હોય ત્યારે વર્ચ્યુઅલ ફ્રેન્ડ્સ સાથે રાખો અંતર



**ઘરમાં** પરિવારના તમામ સભ્યો ડાયનિંગ ટેબલ પર બેસીને જમવાનું જમી રહ્યા હોય અથવા કોઈ રેસ્ટોરન્ટમાં કોઈ પાર્ટી આપી રહ્યું હોય અને તમામ ખાવા-પીવામાં મસ્ત હોય તેમ છતાં તમામ લોકોના ટેબલની એકદમ નજીક અથવા હાથમાં મોબાઇલ ફોન જરૂર હોય છે. જમવામાં ઓછું અને મોબાઇલ સ્ક્રીન પર તમામની નજર વધુ હોય છે. નોટિફિકેશનના સાઉન્ડની સાથે ટેબલ પર રાખવામાં આવેલો મોબાઇલ ફરીથી હાથમાં લેવામાં આવે છે.

જો પાંચ-છ મિત્રો ગેટ-ટુગેધર માટે લાંબા સમય બાદ એકબીજાને મળવા આવ્યા હોય ત્યારે પણ જમવાનું ઑર્ડર આપીને તમામ લોકો એકબીજા સાથે વાત ઓછો સમય કરે છે. પોતાના મોબાઇલની સ્ક્રીન પર વધુ સમય આપે છે. તેમની પરસ્પર ભલે રસપ્રદ વાત થઈ રહી હોય, પરંતુ કોઈના ફોનની રિંગ વાગે છે તો તે ફોન લેવા માટે બહાર જતો રહે છે. જો કોઈના ફોનમાં મેસેજ આવે છે તો તેનો જવાબ આપવામાં લાગી જાય છે.

એક અન્ય સતત પોતાનું વૉટ્સએપ ચેક કરવા લાગે છે. બીજો કોઈ સતત ટ્વિટર અથવા ફેસબુક પર સ્ક્રોલ કરવા લાગે છે. કોઈ પોતાનો ઇમેઇલનો જવાબ આપવો અરજન્ટ છે કહીને ફોનમાં વ્યસ્ત રહે છે. તમામ લોકો ઘણા દિવસો પછી મળ્યા હોય છે, પરંતુ કોઈને એકબીજા સાથે વાત કરીને સમય બરબાદ કરવો સારો લાગતો નથી. અહી સવાલ થાય છે કે જો પોતાના ફોનમાં જ એટલો સમય પસાર કરવો હતો તો પોતાના વ્યસ્ત શિડ્યૂલમાંથી સમય કાઢીને મિત્રોને મળવા આવવાની શું જરૂર હતી? તેના બદલે ઘર પર જ ફોન, ચા અને નાસ્તા સાથે પોતાનો સમય પસાર થઈ શક્યો હોત.

આજકાલ આ પ્રવૃત્તિ એટલી વધી ગઈ છે કે જો કોઈ વ્યક્તિ આ અંગે બોલે તો લોકો તેને વાત કરવાલાયક વિષય સમજતા નથી. વિચારવામાં આવે તો તેને સામાન્ય ભાષામાં એટીકેટ્સની આપણા જીવનમાંથી થતી વિદાયના રૂપમાં જોઈ શકાય છે. આપણે નાના નાના એટીકેટ્સ પણ ભૂલી રહ્યા છીએ. મોબાઇલને આપણો પ્રાણવાયુ ન સમજીને શિષ્ટાચારના નાના એ નિયમો પ્રત્યે ધ્યાન આપીએ. જે આપણા જીવનમાં કંટાળાને ઓછો કરે છે. આપણને એકબીજાની નજીક લાવે છે.

કોઈને ત્યાં લંચ અથવા ડિનર પર બોલાવવામાં આવ્યા છે તો...

આજની જીવનશૈલીમાં ફોન આપણા જીવનનો એક અભિન્ન હિસ્સો છે. જો તમને કોઈને ત્યાં લંચ અથવા ડિનર માટે આમંત્રણ આપવામાં આવ્યું છે તો ફોનને ઘરે રાખીને જઈ શકતા નથી. ફોન સાથે લઈ જાવ, પરંતુ પોતાના જમવાના ટેબલ પર રાખો પરંતુ જેની સાથે કે જેના માટે તમે આવ્યા છો તેના પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

ફોનની હાજરી પર્યાપ્ત છે. એ જરૂરી નથી કે તમે તમામ મેસેજનો જવાબ આપો. તમામ વ્યક્તિના ફોનનો જવાબ આપવાની જરૂર નથી. ફક્ત ને ફક્ત તમારા ફોન પર ધ્યાન આપવાના બદલે જેને મળવા આવ્યા છો તેની સાથે દિલ અને દિમાગથી રહો. ફોનને ટેબલ પર ના રાખીને તેને બૅગ અથવા પોકેટમાં રાખી શકાય છે. તેને ટેબલ પર નીચે જ રાખો અને સામે જે મિત્રો છે તેનો અનાદર ના કરતાં તેમની સાથે વાત કરો.

લંચ અથવા ડિનર કરતાં સમયે તમારો કોઈ મિત્ર તમને કાંઈ બતાવવા માટે તેનો ફોન તમને આપે છે તો તેનો ફોન લઈને તેને આગળ પાછળ સ્ક્રોલ કરવાનું શરૂ ના કરી દો. તેની પ્રાઇવેસીમાં દખલ થઈ જશે. તે જે વસ્તુ બતાવવા માંગે છે તે જોઈને તેને ફોન પાછો આપી દો. જો તે તમને કોઈ એક તસવીર બતાવવા માંગે છે તો એ જરૂરી નથી કે તમને તેની અન્યો સાથેની તેની તસવીરો જોવાની મંજૂરી આપી રહ્યો છે. જો તમે તેના ફોનમાં તેની પ્રાઇવેસીને ડિસ્ટર્બ કરવા માંગો છો તો તે પહેલાં તેની મંજૂરી જરૂર લો.

સાર્વજનિક સ્થળો પર જો તમે લંચ કે ડિનર માટે ગયા છો તો તમારા ફોનના સાઉન્ડને સાયલન્ટ મોડ પર રાખો. જો તમારા માટે કોલ ઉપાડવો જરૂરી છે તો તમારો અવાજ ધીમો રાખો. ફોન પર વાત કરતાં સમયે કોઈના કાન પાસે આવીને બૂમો પાડીને ના બોલો. તેનાથી ઓછામાં ઓછું ૧૦ ફૂટ અંતર રાખો. બીજાની વચ્ચે હોવાની મર્યાદા સમજો. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અતિ માહિતીનું અદોદળાપણું અત્યંત ઘાતક

દરરોજ હજારોની સંખ્યામાં ‘પ્રગટતા’ વોટ્સેપ, ઈન્સ્ટાગ્રામ ઈત્યાદિ મેસેજીસમાંથી એકાદ આવો, સાવ સમંદરના તળિયે છુપાયેલો પણ મરજીવો લઈ આવે છે, એ લિન્કડેન પોસ્ટનો આ મેસેજ આવ્યો છે મરજીવા શશાંક શર્મા પાસેથી. એકેએક અક્ષર પચાવવો અતિ આવશ્યક છે તમારા માનસિક એવમ્ બૌદ્ધિક સ્વાસ્થ્ય માટે. સમજાવું…

ઈન્ટરનેટની સૂમસામ કાળી શેરીઓમાં રઝળી રહી છે સ્ક્રોલ કરનાર કોઈક શહીદની આંગળીઓ. સવારનો ચા-નાસ્તો પતાવીને એણે ૧૬ લાંબા ટૂંકા લેખો વાંચી નાખ્યા છે. એને પાકી જાણ છે અર્થવ્યવસ્થા કેમ ભાંગી પડી છે એની, હવે પછીની શેરબજારની ગતિની, પકડાઈ ગયેલી બહુ જાણીતી વ્યક્તિ દ્વારા આચરવામાં આવેલી લબાડીની. આપણો યદ્વાતદ્વા શહીદ જ્ઞાનનાં મહાસાગરમાં ડૂબી રહ્યો છે… અને છતાં આ કોઈ પણ વિષે તમે શહીદને સમજાવવાનું કહેશો તો એ થોડીક રાહ જોશે અને પછી બાઘો થઈને તમને કહેશે કે સમજાવવું જરા મુશ્કેલ છે…!

આ પ્રસ્તુત માણસ સાવ માંદલો છે. ડૉક્ટરી જબાનમાં નહીં, પણ વધુ પડતા કાર્યરત અને એ ય અર્થ વગરનાં મગજનાં સંદર્ભમાં અતિશય, બિનજરૂરી અને વધુ પડતાં માહિતી-જ્ઞાનથી ખવાઈ ગયેલા મગજને લીધે. આમ જ થાય, માણસ જ્યારે પાચનશક્તિથી અનેક ગણું વધારે જ્ઞાન ખાય ત્યારે એ મૂંઝવણોથી ભરેલો, ઉપદ્રવી અને અણમાહિતીઓનો ભંડાર બની જાય.

આ ઘાતક રોગ ધીમે ધીમે અતિસામાન્ય બનતો જાય છે. તમે જેને જાણો છો એ બધા જ આવા માંદલા છે. એ બધા સમાચારો વાંચે છે, ચર્ચાઓના કુસાક્ષી બને છે, પોતાનાં મંતવ્યો ઓનલાઈન મુકે છે અને સાવ નિરર્થક પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થાય છે. એમની પાસે દરેક વિષયો પર અભિપ્રાયો છે અને પાછું એમને ખાતરી છે કે એ સાચા જ છે, પણ જો તમે એમને પૂરી દો એક કમરામાં અને એમની ખાતરીઓ વિષે સવાલો કરો તો એ બધા ગેંગેફેંફે અને / અથવા નિરુત્તર બની જતા હોય છે હંમેશાં… કારણ? એમનું કહેવાતું જ્ઞાન કે એમની માહિતીઓ ઉછીનાં છે. નથી એમાં મૌલિક વિચારોનો અંશ પણ. શૂન્ય, ઝીરોનાં ગોળા ઉપર આભાસી દોરીઓ વીંટાળીને બનાવેલું પીલ્લુ છે એમનાં જ્ઞાનના ભંડાર.



સાંપ્રત દુનિયાની આ બહુ મોટી વક્રતા છે. ઘણા બધા માણસો અગાઉ કરતાં ઘણુ બધું જાણે છે પણ સાચી દિશા તરફ અંગુલિનિર્દેશ અને પુખ્તાઈનાં મોત થઈ રહ્યાં છે. વિચારોનું સ્થાન પ્રતિક્રિયાઓએ છીનવી લીધું છે. જાણકારી મેળવવાની અભિલાષાની જગ્યા ખોટા આત્મવિશ્વાસે પચાવી પાડી છે. લોકો વાંચે છે સમજવા માટે નહીં, પણ ચર્ચાઓ જીતવા માટે. ખરીદે છે વિશાળ બનવા માટે નહીં, દેખાડવા માટે.

આ અને આવા આત્મદર્શી બળાપા માટે એક રવિવાર પૂરતો નથી. વાત હજી ઘણી બાકી છે.

*હું આવ્યો છું કરી નક્કી, છટકવાનું જ છે અહીંયા*
*ચૂકાયું સહેજ, તો હોવું ભટકવાનું જ છે અહીંયા.*

*બહુ સુંદર હતો આવાસ, પણ જાણી ગયો’તો હું*
*મને આ ગર્ભનું શરણું પટકવાનું જ છે અહીંયા.*

*ખરું કહું છું- બહુ મજબૂત છે જાળું અપેક્ષાનું*
*જે આવ્યું, તાંતણે એના લટકવાનું જ છે અહીંયા.*

આવતા રવિવારે આગળની વાત…
આજે આટલું જ… ■

ટ્રાવેલ પ્લસ


કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## આંતરરાષ્ટ્રીય વન દિવસઃ

# ભારતનાં અદ્ભૂત અરણ્યનો વૈભવ માણી લો…

આપણી સંસ્કૃતિમાં અરણ્ય વસેલું છે. આપણે સહુ ભારતીય અરણ્યમાંથી જ તો ઊછર્યા છીએ. અરણ્યને નજીકથી જાણવા પ્રયત્નો કરીએ તો એના વાત્સલ્યને આજે પણ અનુભવી શકીએ. જંગલ સાથે સંવાદ કર્યો અને સમજી શક્યો કે જંગલ એટલે કુદરતે સર્જેલી પાઠશાળા, જ્યાં કુદરતના નિયમો એ જ એની કિંમત છે. અહીં બસ કુદરતના સાક્ષી બનીને જ કુદરતને માણી શકાય. હંમેશા જંગલ મને વહાલથી આવકાર આપે. હવા સાથે પર્ણોનો વાર્તાલાપ, પંખીઓનો કલરવ, તમરાઓની ગુંજ, વાઘની ત્રાડ, હરણાઓનો કોલ, ઘૂવડનો અલાર્મ કોલ આ સઘળું એમના આવકારના સંકેતો છે. જંગલ આખુંય આ પ્રભાવક જીવોનું ઘર છે અને તેઓએ ક્યારેય મને ધુત્કાર્યો નથી. જંગલનાં પક્ષીઓનો મધુર અવાજ સાંભળીને કંઈક સારું, અલગ અને નશીલું લાગે છે. દોસ્ત, જંગલ એ નશો છે જે દુનિયાના કોઈ પણ નશાની તોલે ન આવે. ભારતનાં અદ્ભુત જંગલોમાં વિવિધ પ્રકારનાં જંગલોનો સમાવેશ થાય છે જેમાં ઉષ્ણકટિબંધ બારમાસી જંગલો, લીલાં પાનખર જંગલો, સૂકાં પાનખર જંગલો, મિશ્ર જંગલો, શંકુદ્રમ જંગલો, કાંટાળાં જંગલો, અફાટ રણપ્રદેશો, તરાઈનાં જંગલો, ઘાસિયાં મેદાનો, સમુદ્રકાંઠાનાં મેન્ગ્રુવ્સ અને સ્વેમ્પ જંગલો, દરિયાઈ પરવાળાનું ગજબ વિશ્વ, વિશાળ નદીઓના પટમાં આવેલા મેદાની પ્રદેશો વગેરે. તરાઈનાં જંગલોમાં પહેલી વાર ગયો ત્યારથી જ એવું અનુભવ્યું કે હિમાલયનો આ હિસ્સો સાવ અલિપ્ત અને તપસ્વી જોગીની માફક એની પોતાની જ ધૂનમાં મસ્ત હોય અને એક અલગ જ રાગ છેડતો હોય. અહીંના વાઘ પણ મસ્ત મગન થઈને ફરતા હોય, હરણાંઓ અહીં તહીં કૂદતાં હોય, બારાસિંઘા સૂર્યની ગરમીમાં મસ્તી કરતા હોય અને સૂર્યનાં કિરણો પર્ણોમાંથી ગળાઈને હસતા ઘાસને હૂંફ આપતાં હોય અને માટીમાંથી નશીલી સુગંધ મનને તાજગી આપતી હોય. આ બધાની સામે કયું ભૌતિક સુખ વહાલું લાગે? મારા માટે આખું વર્ષ જ ટુરિઝમ વર્ષ, કેમ કે જે જગત મેં ગઈ કાલે દીઠું એવું મેં આજે નથી જોયું અને આવતી કાલે કદી નથી જોઈ શકવાનો તો ક્યારેક જંગલ જઈશું એવું બહાનું શું કામ?

આ ૨૧ માર્ચે ઊજવાયેલ ‘ઇન્ટરનેશનલ ફૉરેસ્ટ ડે’ની થીમ ‘ફૉરેસ્ટ્સ ઍન્ડ ફૂડ’ હતી જે જંગલો થકી આપણા જીવનમાં ખોરાક અને ખોરાકથી આજીવિકા અને સ્વાસ્થ્યમાં વનોના મુખ્ય પ્રદાન તરફ અંગુલિનિર્દેશ કરે છે. જંગલો દ્વારા જળ અને વાતાવરણ તો શુદ્ધ કરવામાં આવે છે આ ઉપરાંત કાર્બનનું શોષણ કરીને ગ્લોબલ વૉર્મિંગ સામે લડવા માટે અને જીવન માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં ખૂબ જ મોટો ભાગ ભજવે છે. જંગલોમાં પોષણ માટેના વિવિધ સ્રોતો હોય છે જે ફળોથી લઈને તેનાં દરેક તત્ત્વોમાંથી પોષક મૂલ્યો પૂરાં પાડે છે. જંગલમાં હંમેશા આપવાની વૃત્તિ જ હોય છે. શ્રેષ્ઠ જીવન બક્ષતાં દરેક તત્ત્વો આ જંગલો પ્રદાન કરે છે. જીવન બચાવવા સક્ષમ એવી ઔષધિઓ અને જડીબુટ્ટીઓ, ફળો અને ખોરાક અને ઉમદા સ્વાસ્થ્ય આ જંગલોની અદ્ભુત દેન છે. જંગલનું સ્વાસ્થ્ય એટલે આપણું સ્વાસ્થ્ય અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા જંગલ સાથે હાથ મિલાવીને જંગલને સમજીએ, એને અનૂરૂપ બનીએ અને એને ખીલવા માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડીએ તો જ આપણે કુદરતના સાચા રખેવાળ બની શકીએ. જંગલોને બચાવવાં એ આપણી સહુ કોઈની ફરજ છે, પણ એને બચાવવા માટે જંગલોને જાણવાં ખૂબ જ જરૂરી છે જેથી એટલું સરળતાથી સમજી શકાય કે ‘શું ન કરવું જોઈએ.’ ઘણી વખત જંગલો કે કુદરતને બચાવવાના પ્રયત્નો કરવા કરતાં દખલ ન કરીએ તો કુદરતના વિકાસને રૂંધતો ચોક્કસ અટકાવી શકીએ. દરેક સ્થળ દરેક વૃક્ષો માટે નથી બનેલાં હોતાં કે દરેક સ્થળને દરેક જાતનાં વૃક્ષો અનુરૂપ નથી હોતાં. આપણે ટૂંકમાં ભારતના વિવિધ પ્રદેશમાં આવેલાં જંગલો અને તેના પ્રકારને સમજીશું તો સરળતાથી સમજી શકીશું કે આપણે જંગલોના વિકાસ માટે ખરેખર શું કરી શકીએ.



ભારતમાં આવેલ ઉષ્ણકટિબંધ બારમાસી જંગલો (ટ્રોપિકલ એવરગ્રીન ફૉરેસ્ટ) જે ભારતમાં ૨૦૦ સેમી કરતાં વધારે વરસાદ ધરાવતાં સ્થળોએ જોવા મળે છે જે ભારતમાં પશ્ચિમી ઘાટ, ઉત્તર-પૂર્વીય (નોર્થ-ઇસ્ટ) ભારતીય ઉચ્ચપ્રદેશ અને આંદામાન નિકોબાર તથા લક્ષદ્વીપ સમૂહના ટાપુઓ જેવા વિસ્તારને આવરી લે છે. આ વિસ્તાર હંમેશા લીલોતરીથી છવાયેલો જ જોવા મળે છે. આ પ્રકારનાં જંગલો ખૂબ જ ગીચ અને ખૂબ ઊંચાઈ ધરાવે છે. શીસમ, મહોગની જેવાં વૃક્ષો આ જંગલોમાં જોવા મળે છે. ખૂબ જ ઊંચાઈ પર વધતાં વૃક્ષો ત્યાર બાદ મધ્યમ ઊંચાઈનાં વૃક્ષો અને જડીબુટ્ટી કે ઔષધિય વૃક્ષો એમ ત્રણ આવરણો આ પ્રકારનાં જંગલોમાં જોવા મળે છે. ઊંચાઈ અને વિશાળ આવરણનાં કારણે જમીન પર ઓછી માત્રામાં સૂર્યપ્રકાશ પહોંચે છે જેથી ઘાસ કે અન્ય નાની જાતોનાં વૃક્ષોનો વિકાસ અહીં થતો નથી. આ ક્ષેત્રોથી નીચેના વિસ્તારમાં સેમી એવરગ્રીન જંગલો જોવા મળે છે જેમાં દેવદાર જેવાં વૃક્ષો થાય છે. અહીં એવરગ્રીન જંગલોના પ્રમાણમાં ઓછો પણ પાનખર જંગલો કરતાં વધારે વરસાદ પડે છે એટલે એમાં બારમાસી જંગલોનાં વૃક્ષો પણ જોવા મળે છે જેને પ્રમાણમાં વધારે ભેજની જરૂર પડે છે. સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, જેવા વિસ્તારો આ પ્રકારનાં જંગલો માટે જાણીતા છે.

પાનખર જંગલો (ટ્રોપિકલ ડેસિડિયસ ફૉરેસ્ટ) જે શિયાળાથી ઉનાળાની વચ્ચેની મોસમ દરમ્યાન આવરણોની જેમ પર્ણો બદલે છે અને ચોમાસામાં ફરી લીલોતરી ધારણ કરે છે. ભારતના મોટા ભાગના વિસ્તારને આ પ્રકારનાં જંગલોએ આવરી લીધો છે. ઉનાળા દરમ્યાન ભેજના પ્રમાણને જાળવી રાખવા અહીંનાં વૃક્ષો પોતાનાં પર્ણો ખેરવી મૂકે છે. અહીંનાં જંગલોમાં સાગ, સાલ, ચંદન, મહુડાં જેવી પ્રજાતિઓનાં વૃક્ષો જોવા મળે છે. જિમ કોર્બેટ નેશનલ પાર્ક, કાન્હા નેશનલ પાર્ક, બાંધવગઢ નેશનલ પાર્ક વગેરે આ પ્રકારનાં જંગલોનાં ઉદાહરણો છે.


નિસર્ગની પ્રકૃતિ શાંત છે, ગંભીર છે. જંગલ સાથે ભયને કશી જ લેવાદેવા નથી હોતી. જો જંગલો ભયાવહ જ હોત તો દરેક જીવમાત્રને એ ક્યારેય ન આકર્ષી શકત. જંગલ કુદરતનું એવું રૂપ છે જે સ્પષ્ટપણે જોઈ શકાય છે. હું કુદરતમાં વિશ્વાસ કરું છું અને એને હું હંમેશાં જંગલોમાં જ જોઉં છું. નેપાળની સરહદે આવેલ પીલીભીત ટાઇગર રિઝર્વ અને દૂધવા નેશનલ પાર્ક ભારતનાં સુંદર તરાઈનાં જંગલોમાંનું એક છે. આ જ પ્રકારમાં સૂકાં પાનખર જંગલો (ડ્રાય ડેસિડિયસ ફૉરેસ્ટ) પણ જોવા મળે છે જેમાં ખેર, બોરડી, બાવળ, સાગ, જેવાં વૃક્ષોનો સમાવેશ થાય છે. ગુજરાતનું સાસણગીર, શૂળ પાણેશ્વર, રાજસ્થાનનું રણથંભોર વગેરે આ પ્રકારનાં જંગલોના ભાગ છે.

કાંટાળાં વનો જે (થ્રોન ફૉરેસ્ટ) જે પચાસ સેમી કરતાં પણ ઓછો વરસાદ ધરાવતા વિસ્તારને કાંટાળાં જંગલો આવરી લે છે. મુખ્યત્વે રાજસ્થાન, પંજાબ અને ઉત્તર ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં આ પ્રકારનાં કાંટાળાં જંગલો આવેલાં છે. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને કર્ણાટક પણ આવાં જ કાંટાળાં જંગલોનો વિસ્તાર ધરાવે છે. કચ્છના બન્નીના વિસ્તારો, અરવલ્લીનાં જંગલો રાજસ્થાનનાં જંગલો વગેરે આ પ્રકારનાં જંગલો ધરાવે છે. અહીં બાવળ, ખીજડા, પીલું, ગૂગળ જેવાં વૃક્ષો જોવાં મળે છે. સાવ જ શુષ્ક વિસ્તારમાં થોરની વિવિધ પ્રજાતિઓ જોવા મળે છે. રણપ્રદેશોમાં ચોક્કસ પ્રકારનાં ઘાસ જેવા કે મોરડ જેવી પ્રજાતિ થાય છે તો વળી ક્યાંક ક્યાંક ગૂગળ, પીલુંડી જેવાં વૃક્ષો પણ જોવા મળે છે. કચ્છનું નાનું રણ, બનાસકાંઠાનું રણ જે આ પ્રકારના શુષ્કપ્રદેશો માટે જાણીતાં ઉદાહરણ છે. આ પ્રકારનાં વૃક્ષોને ભેજ અને પાણીની જરૂરિયાત ખૂબ જ ઓછી હોય છે, પરિણામે કાંટાનું પ્રમાણ વધારે હોય છે. આવા જંગલોનાં મૂળિયાં ઊંડાં ફેલાયેલાં હોય છે પરિણામે ખૂબ જ ઓછી માત્રામાં પાણી મળે તોપણ સંગ્રહ કરી શકે.

શંકુદ્રમ કે પર્વતીય જંગલો જે ઊંચાઈઓ પર આવેલાં ક્ષેત્રોને આવરી લે છે. ૩૦૦૦ મીટરથી વધારે ઊંચાઈએ આવેલા હિમાલયના વિસ્તારોમાં આવેલાં જંગલો શંકુદ્રમ જંગલો તરીકે ઓળખાય છે. હંમેશાં સદાબહાર રહેતાં આ જંગલોમાં નહિવત્ પ્રમાણમાં ઘાસ થાય છે. મનાલીથી ઉપરનો વિસ્તાર, કિન્નોર વગેરે આ પ્રકારનાં જંગલોનું ઉદાહરણ છે. વધારે ઊંચાઈએ જતાં અલ્પાઇન જંગલો જેમાં ફૂલોના છોડવાની વિશાળ ઘાટી, ઔષધિઓ વગેરે થાય છે.

ઉત્તરાખંડમાં આવેલ વેલી ઑફ ફ્લાવર્સ, સિક્કિમમાં આવેલ નાથંગ વેલી, યુમાથંગ વેલી વગેરે આ પ્રકારનાં જંગલોનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. અહીંની પ્રજાતિમાં મુખ્યત્વે રોડોડેંડ્રમ નામનાં ગુલાબી ફૂલોના છોડવાઓ ખૂબ જાણીતા છે. આથી વધારે ઊંચાઈ પર જતાં ધ્રુવીય વનસ્પતિ જેમાં વિશિષ્ટ પ્રકારની શેવાળ, ફૂગની જાતો વગેરે જોવા મળે. ખૂબ જ નીચા તાપમાનના લીધે અહીં બીજું ખાસ કશું જોવા ન મળે. લદાખમાં આવેલ ચંગથંગ વાઇલ્ડ લાઇફ સેન્કચ્યુરી, યુમાથંગ વગેરે ધ્રુવીય વનસ્પતિનાં જંગલોનાં ઉદાહરણો છે.

મેન્ગ્રૂવ્સ ફૉરેસ્ટ જે દરિયાઈ કાંઠાઓમાં આવેલા વિસ્તારો આવરી લે છે. ભારતમાં આંદામાન નિકોબાર, દક્ષિણ ભારત, પશ્ચિમ બંગાળ, ગુજરાતના કચ્છના અખાત અને મોટા ભાગનાં દરિયાઈ વિસ્તારમાં આ પ્રકારનાં જંગલો આવેલાં છે. આખાય વિશ્વનાં કુલ મેન્ગ્રૂવ્સ વનોમાંથી ભારત ૭% જેટલો વનવિસ્તાર ધરાવે છે જે સહુથી વધારે પ્રમાણમાં છે. વિશ્વનું સહુથી મોટું મેન્ગ્રૂવ્સ વન સુંદરવન છે જે પશ્ચિમ બંગાળમાં આવેલું છે અને અહીંની વાઘની પ્રજાતિ માટે ખૂબ જાણીતું છે. આ સિવાય ઓડિશામાં આવેલ ભીતરકનિકા, તામિલનાડુમાં આવેલ પિચવરામ, આંધ્રપ્રદેશમાં આવેલ ક્રિષ્ના-ગોદાવરી અને આંદામાન નિકોબારના દ્વીપસમૂહોમાં આવેલ બારતાંગ પણ ખૂબ મોટા પ્રમાણમાં મેન્ગ્રૂવ્સની વિવિધ પ્રજાતિઓનું જંગલ ધરાવે છે. સમુદ્ર કાંઠાની માટીનું ધોવાણ અટકાવવાનું કામ આ મેન્ગ્રૂવ્સનાં જંગલો કરે



છે. સુરતનાં હજીરા, કચ્છના અખાતના મોટા ભાગના વિસ્તારમાં ગુજરાત વન વિભાગ દ્વારા મેન્ગ્રૂવ્સના વિશાળ પ્લાન્ટેશન તાજેતરમાં જ કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષે કચ્છમાં ગુનેરી નામની સાઇટને રાજ્યની પ્રથમ વર્લ્ડ હેરિટેજ બાયો ડાયવર્સિટી સાઇટ તરીકે જાહેર કરવામાં આવી છે. આ સ્થળ પર જમીન પરના મેન્ગ્રુવ્સ એટલે કે ચેરનાં વૃક્ષોનું ૩૨.૭૮ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું કુદરતી વિશ્વ અનેક જીવોને ખોરાક અને જીવન વિકસાવવા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે.

આ પાંચેય પ્રકારનાં અદ્ભૂત જંગલો આપણા જીવનને ટકાવી રાખવા માટે અમૂલ્ય ભાગ ભજવે છે. યોગ્ય દિશામાં જંગલોનાં સંવર્ધન માટેના પ્રયત્નો કરીએ તો ચોક્કસપણે આપણે જંગલોનો વિનાશ રોકી શકીએ. જંગલો કે વૃક્ષો વાવવાં માત્રથી જંગલોનું સંવર્ધન શક્ય નથી, પણ જંગલ પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવીને એને કુદરતી રીતે વિકસવા દઈએ તોપણ એ જાતે જ તેનો વિકાસ સાધી લેશે. ધારો કે આપણે અરવલ્લીનાં થોર્ન ફૉરેસ્ટ વિસ્તારમાં ટ્રોપિકલ જંગલના પ્રકારનાં લીલોતરી વૃક્ષોને ઉછેરવા પ્રયત્નો કરીએ તો એ ત્યાંની સ્થાનિક પ્રજાતિનાં વૃક્ષોને નુકસાન જ કરશે એ સાથે જે તે સ્થળના ગુણધર્મોને આધારિત વસવાટ કરતી પ્રજાતિઓ પણ પોતાનું રહેઠાણ ગુમાવી બેસશે. જરૂર કરતાં વધારે ભેજનું શોષણ કરતી વનસ્પતિઓ પાણીને ખેંચશે પરિણામે સ્થાનિક પ્રજાતિઓ વિકાસ ગુમાવી બેસશે. આમ આડકતરી રીતે ખોટી દિશામાં થતા પ્રયત્નો પણ ભયજનક પરિણામ નોતરે છે. અર્બન વિસ્તારોમાં જંગલોનાં વિકાસ માટે ગુજરાતમાં મિયાવાકી પદ્ધતિ ખૂબ પ્રચલિત બની છે. ભચાઉમાં આઈ.પી.એસ. ઑફિસર શ્રી સુધા પાંડેએ સ્થાનિક પ્રજાતિઓનાં વૃક્ષો અને સ્થળ વિષે ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને હજારો વૃક્ષોનાં જંગલો ઊભાં કરીને કુદરતી રીતે વિકસવાનો ઉમદા પ્રયત્ન કર્યો જેને આજે નિસર્ગે કુદરતી રીતે જ વધાવી લીધો અને અઢળક વન્યજીવોને ઘર મળ્યું. આ જ પ્રયત્ન તેઓએ રાજકોટ ખાતે આવેલા કેમ્પ ખાતે ફૂડ ફૉરેસ્ટ વિકસાવવા માટે કર્યો અને તેમાં પણ તેઓએ સફળતા મેળવી. મૂળભૂત પ્રજાતિનાં વૃક્ષો જે આપણા વાતાવરણને માફક આવે અને પશુપક્ષી સમેત દરેક જીવોને ખોરાક અને પોષણ પૂરું પાડે એ પ્રકારનાં જંગલો ફૂડ ફૉરેસ્ટ તરીકે ઓળખાય છે. આ ફૂડ ફૉરેસ્ટ આજે કેટલાંય પક્ષીઓનું કાયમી નિવાસસ્થાન બન્યું છે અને એની હરિયાળી આપણને શાતા આપે છે. ગુજરાતનાં પોળોનાં જંગલોમાં ધોળવાણી રેંજમાં ખૂબ જ મોટું ઔષધિઓનું વન આવેલું છે જે આપણાં જંગલો કેટલી કીમતી જડીબુટ્ટીઓ અને ઔષધિ પૂરી પાડે છે એનું સચોટ ઉદાહરણ છે. એવી જ રીતે ડાંગના વઘઈમાં પણ આવું જ વિશાળ બોટનિકલ ગાર્ડન આવેલ છે.

ટૂંકમાં, આપણાં જંગલોને સમજીએ, જાણીએ, બાળકોને જંગલની મહત્તા સમજાવીએ અને સંવેદનશીલ બનાવવા પ્રયત્ન કરીએ એ જ કુદરતને આપણા તરફથી આપેલી સહુથી મોટી ભેટ હશે! ■

કિતાબી દુનિયા

feedback@bombaysamachar.com

## સાવધાનીથી સલામતી


લેખકઃ ધનંજય દેસાઈ
પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર,
એન.એમ. ઠક્કરની કંપની,
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨.
ફોન નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫
મૂલ્ય રૂ. ૨૫૦/=




આ પુસ્તકમાં સાયબર ફ્રોડમાં કંઈ કંઈ રીતોથી છેતરપિંડી કરવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી છે. સાથો સાથ તેમાંથી બચવા શું કાળજી લેવી, શું સાવધાની રાખવી તેની સમજ અપાઈ છે. સિનિયર સિટિઝનને લૂંટવાની અવનવી રીતો, દેશ-વિદેશમાં નોકરી અપાવવાને નામે થતી છેતરપિંડી, શેરબજાર, ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ સામે મોટા વળતરની લાલચથી ફસાતા લોકાના કિસ્સાઓ, ટૂર્સ-ટ્રાવેલમાં છેલ્લી ઘડીએ બુકિંગ કેન્સલની નવી ચાલ, ફિલ્મ-નાટક તથા જાહેરખબરમાં કામ અપાવવાના નામે ઠગાઈ, એક્સટોર્શન, ડીપફેક વીડિયોના માધ્યમથી બ્લેક મેઈલિંગ અને બદનામીની ધમકીઓના કિસ્સાઓ ઓનલાઈન લગ્નસંબંધમાં જોડાતા પહેલાં શું તપાસ કરવી તેની સલાહ પણ અપાઈ છે. આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જનહિતને ધ્યાનમાં રાખીને વિગતવાર માહિતી આપવા માટે લેખકને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા છે. વસાવવા જેવું પુસ્તક.

## શ્રીમદ્ ભગવદ્ગીતા


**સમશ્લોકી ભાવાનુવાદ અને સારાંશ**
લે. ડૉ. અનિલ ગોર,
પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર,
એન.એમ. ઠક્કરની કંપની,
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨.
ફોન નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫
મૂલ્ય રૂ. ૩૦૦/=




શ્રીમદ્ ભગવદ્ગીતા વિષે અનેક પુસ્તકો પ્રગટ થયા છે, પરંતુ આ પુસ્તકમાં ગીતાનો સમશ્લોકી અનુવાદ અને સારાંશ એટલી સરળ રીતે આપવામાં આવ્યો છે કે ગીતા સમજવી સરળ થઈ જાય છે. દરેક અધ્યાયના દરેક શ્લોકને નંબર આપી તેનો સારાંશ રજૂ થયો છે. પ્રખ્યાત વિદ્વાન શ્રી નિરંજન રાજ્યગુરુ આ પુસ્તક વિશે લખે છેઃ ‘કોઈપણ જિજ્ઞાસુ આ ગ્રંથનો અભ્યાસ, વાંચન, ગાન રટણ કરશે તો જરૂર તેમને પૂરતું માર્ગદર્શન મળી જ રહેશે.’ ગીતા વિષેના આ પુસ્તકનું મુદ્રણ ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું છે. અધ્યાત્મ માર્ગના રસિયાઓએ આ પુસ્તક વસાવવું અને પ્રચાર અર્થે ભેટ આપવા જેવું છે.

## મસ્તીની પાઠશાળા

**નવાં સાથે જાણીતા બાળગીતો-જોડકણાં**
સંકલનઃ સંજય પંડ્યા અને પ્રતિમા પંડ્યા
પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર,
એન.એમ. ઠક્કરની કંપની,
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૨.
ફોન નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫
મૂલ્ય રૂ. ૩૦૦/= (કુરિયર ચાર્જ રૂ. ૫૦/-)




બાળકો માટે જૂના જાણીતા બાળગીતો અને જોડકણાનું પ્રખ્યાત પુસ્તક ‘મસ્તીની પાઠશાળા’ની બીજી આવૃત્તિ પ્રગટ થઈ એ આ પુસ્તકની લોકપ્રિયતાનો પુરાવો છે. છેલ્લાં ૧૨ વર્ષમાં આ સંપાદનનું પુસ્તક અનેક શાળાઓ સુધી પહોંચ્યું છે અને અગણિત બાળકોએ મસ્તીની પાઠશાળાના કાવ્યોને પઠન અને ગાન દ્વારા બાળકોના વિશાળ સમૂહ સુધી પહોંચાડ્યા છે. મુંબઈ વિદ્યાપીઠના ગુજરાતી ભાષાના સર્ટિફિકેટ કોર્સ માટે આ પુસ્તક અભ્યાસક્રમમાં પસંદ થયું છે. માધવ રામાનુજ આ પુસ્તક માટે લખે છે. ‘આપણા બાળકો આ રચનાઓ વાંચતા-ગાતાં-ગણગણતાં સાચી રીતે અને સાચા અર્થમાં બાળપણને માણશે જ.’ બાળકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા માટે આ પુસ્તક જરૂર ઉપયોગી થશે. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# કાળા મુખની ચણોઠી હેમની સંગે તોળાય રે, તોલ બેયનો એક, પણ એના મૂલથી પરખાય

‘કચ્છજી ધરતી જો કાળો નાગ’ (કચ્છની ધરતીનો કાળો નાગ) તરીકે જાણીતા જેસલ જાડેજા અને સૌરાષ્ટ્રનાં રાજવી સાંસતિયા કાઠીએ જેસલના જીવનનો ઉદ્ધાર કરવા પોતાની પત્ની તોરલને સોંપી દીધી હતી. તોરલના સહવાસમાં જેસલનું ધીરે ધીરે હૃદયપરિવર્તન થયું અને જેસલ તોરલે ઘણાં પ્રચલિત ભજનોની રચના કરી હતી. આ બંનેએ ભાષાવિશ્વને પણ સમૃદ્ધ બનાવવામાં ફાળો આપ્યો છે. જીવનમાં સત્ય-અસત્ય, સાચા-ખોટાનો સામનો વારે તહેવારે કરવો પડતો હોય છે. ક્યારેક સાચાને અલગ તારવવું, એને પારખવું, એને ચાળવું મુશ્કેલ બની જાય છે. સતી તોરલની એક રચનામાં ‘સારાસારનો વિવેક કઈ રીતે કરવો’ કે પછી ‘મહોરું પહેરીને આવેલા અસત્ય’ને કઈ રીતે ઓળખી કાઢવું એનું દર્શન થાય છે. જેસલ કહે છે કે હંસલો ને બગલો બેઠા સરોવર પાળે રે, રંગ બેયનો એક, પણ તેના ચારા પર પરખાય. કાગડો ને કોયલ બેઠા આંબા કેરી ડાળ રે, રંગ બેયનો એક, પણ એની બોલી પર પરખાય. કાળા મુખની ચણોઠી હેમની સંગે તોળાય રે, તોલ બેયનો એક, પણ એના મૂલથી પરખાય. હંસ અને બગલો બેય ધોળા દૂધ જેવા,





પણ એના ચારા પરથી ભેદ પરખાઈ જાય. હંસલાને ચારામાં સાચાં મોતી જોઈએ જ્યારે બગલો ખાય કાદવ ને ગારો. બીજું ઉદાહરણ છે કાગડો અને કોયલનું. બંને આંબાની ડાળે બેઠાં હોય, બંને રંગે કાળાં તો પારખવાં કેમ? બંને બોલી પરથી ઓળખાય. કોયલની બોલી (કુહુ કુહુ બોલે કોયલિયા) મીઠી મધુર હોય જ્યારે કાગવાણી (કા, કા, કા) સાંભળવામાં કર્કશ અને કડવી લાગે. જોકે, કવિ દુલા ભાયા કાગની વાણી પણ ‘કાગ વાણી’ તરીકે ઓળખાય છે જે મીઠી હોવા ઉપરાંત જ્ઞાનવર્ધક હોય છે. એવું જ ઉદાહરણ ચણોઠી અને સોનાનું છે. ચણોઠી કાળા મોંનું અને રાતા, પીળા કે સફેદ અંગનું તુવેર જેવું એક વેલનું બી હોય છે. લાલ ચણોઠી બે જાતની હોયઃ એક મોટી અને ચપટી, બીજી લંબગોળ અને નાની. બીજી જાતને રતી કહેવામાં આવે છે. તેનું વજન વાલના ત્રીજા ભાગનું, અઢી ગ્રેનનું અથવા એક માસા (આઠ રતી)ના આઠમા ભાગનું હોવાનું મનાય છે. તેનો ઉપયોગ સોના રૂપા જોખવામાં થતો હતો. વજનમાં ભલે સરખા હોય, પણ રતિભાર સોનાનો ભાવ એટલા જ વજનની ચણોઠી કરતાં અનેકગણો વધારે હોય છે. ટૂંકમાં શારીરિક કદ છેતરામણું હોઈ શકે છે.

ENગ્લિશ વિંGLISH

## TIER and TYRE

અંગ્રેજીમાં એવા અનેક શબ્દો છે જેના ઉચ્ચાર સરખા હોય, પણ સ્પેલિંગ અને અર્થ જુદા હોય. આવા શબ્દો ‘હોમોફોન્સ’ તરીકે ઓળખાય છે. Hear-Here, Floor-Flour, Peace-Piece, Son-Sun વગેરે. જોકે, કેટલાક એવા પણ શબ્દયુગ્મ છે જેમના સ્પેલિંગ અને અર્થ જુદા હોય છે અને અર્થ સુદ્ધાં અલગ હોય છે, પણ ભૂલમાં એના ઉચ્ચાર સરખા કરવામાં આવે છે. તમે જો મુસાફરીના શોખીન હશો અને ટ્રેન ટ્રાવેલ પસંદ કરતા હશો તો રિઝર્વેશન કરવાની આદત તમને હશે. પાંચ દાયકા પહેલાં તો ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ ક્લાસ અને થર્ડ ક્લાસ એમ ત્રણ વિભાગ હતા. ૧૯૭૭માં જનતા સરકારનું શાસન આવ્યા પછી જે અનેક બદલાવ આવ્યા એમાં એક બદલાવ હતો ૧૯૭૮માં ટ્રેનમાં થર્ડ ક્લાસની બાદબાકી થઈ ગઈ. આજ જેટલી આર્થિક સમૃદ્ધિ નહોતી ત્યારે મોટા ભાગના મુસાફરો ટ્રેનમાં જ મુસાફરી કરતા હતા. કાળક્રમે ટ્રેનોમાં સુવિધાઓ વધી અને એસી કોચ ઉમેરાયા. કોઈ કોચમાં બે બર્થવાળી તો કોઈ કોચમાં ત્રણ બર્થવાળી સગવડો આપવાની શરૂઆત થઈ. આ સગવડ Two Tier - Three Tier તરીકે ઓળખાય છે. અનેક લોકો આ વ્યવસ્થા માટે ‘ટુ ટાયર - થ્રી ટાયર’ એવા ઉચ્ચાર કરે છે. આ ભૂલભરેલો-ખોટો ઉચ્ચાર છે. સાચો ઉચ્ચાર છે ટિયર. ટુ ટિયર - થ્રી ટિયર. એક પર એક ગોઠવેલી હાર કે પાટિયું અંગ્રેજીમાં ટિયર તરીકે ઓળખાય છે. ટ્રેનના ડબ્બામાં આ વ્યવસ્થા જોવા મળે છે. અલબત્ત આ શબ્દની ભેળસેળ Tear-ટીયર (આંસુ) સાથે ન કરવી. ટાયર (TYRE) એટલે પૈડાં પર ચડાવવામાં આવતી વાટ. સડક પર દોડતાં વાહનોનાં પૈડાં પર જે રબરની વાટ ચડાવાય છે એ ટાયર કહેવાય છે. ટાયરને ટ્રેનના ડબ્બામાં સૂવાની સગવડ ટિયર સાથે શો સંબંધ? એટલે હવે જ્યારે પણ રિઝર્વેશન કરાવો ત્યારે ટુ ટાયર કે થ્રી ટાયર નહીં, પણ ટુ ટિયર કે થ્રી ટિયર બોલજો અને જેમને ખબર ન હોય એમને પણ જણાવી સમજાવવાનું ભૂલતા નહીં. તમારો વટ પડી જશે. In short, the train compartment has Two TIER and Three TIER. Whereas vehicles' wheels have TYRES. ટિયર-ટાયરનો ફરક ધ્યાનમાં રહી ગયો હશે.

રાષ્ટ્ર ભાષા

## ओर - और

હિન્દીમાં પણ એવા અનેક શબ્દો છે જેના બંધારણમાં મામૂલી ફરક છે, પણ અર્થમાં વિશાળ ફરક જોવા મળે છે. हिंदी के अनेक शब्द ऐसे हैं, जिनका उच्चारण प्राय: समान होता हैं। किंतु उनके अर्थ भिन्न होते हैं। इन्हें युग्म शब्द कहते हैं। दूसरे शब्दों में, वैसे शब्द, जो उच्चारण की दृष्टि से असमान होते हुए भी समान होने का भ्रम पैदा करते हैं, युग्म शब्द अथवा ‘श्रुतिसमभिन्नार्थक’ शब्द कहलाते हैं। श्रुतिसमभिन्नार्थक का अर्थ ही है - सुनने में समान; भिन्न/अलग अर्थवाले। એક ઉદાહરણ પરથી વાત સમજાઈ જશે. હિન્દી યુગ્મ છે ઓર - ઔર. ओर-और सुनने में काफी समान लगते हैं लेकिन उनके अर्थ विपरीत हैं. ओर मतलब तरफ. ઓર એટલે તરફ. नदी समुद्र की ओर बहती है. નદી સમુદ્ર તરફ કે સમુદ્રની દિશામાં વહે છે. और मतलब अन्य - अलावा, तथा ઔર એટલે અને કે તથા અર્થ થાય છે. सुनील गावसकर और सचिन तेंडुलकर महान बल्लेबाज है. સુનીલ ગાવસકર અને સચિન તેંડુલકર મહાન બેટ્સમેન છે.

સગ્ગી બહિણ

## कडवा आणि कडक्ट

ગુજરાતી અને મરાઠી સગ્ગી બહેનો કહેવાય છે, પણ ક્યારેક આ સગ્ગી બહેનો અચાનક સાવકી બની જતી હોય છે. આ બે ભાષાના એક જ સરખા શબ્દોમાં એવો ગજબનો ફરક કે વિરોધાભાસ નજરે પડે છે કે એ બે સગ્ગી નહીં પણ સાવકી બહેન હોય એવું લાગે છે. કેટલાક શબ્દો આ ફરક બરાબર સમજાવે છે. मराठी शब्द कडवा आणि ગુજરાતી શબ્દ કડવા વચ્ચેનો આસમાન-જમીન જેવો તફાવત સમજવા જેવો છે. मराठीतला कडवा म्हणजे कठोर किंवा तीव्र, उग्र असा अर्थ होतो. મરાઠીમાં કડવા એટલે ઉગ્ર, તીવ્ર, સખત એવો અર્થ થાય છે. કડવા પ્રતિકાર કેલા એટલે તીવ્ર વિરોધ કે તીવ્ર સામનો કર્યો એમ કહેવાય. स्वातंत्र्याच्या लढतीत मोठी संकट आणि प्रतिकूल परिस्थितीत जनतेने कडवा संघर्ष करून ध्येय प्राप्ति केली। સ્વતંત્રતા માટેની લડતમાં મોટા સંકટ અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં જનતાએ તીવ્ર સંઘર્ષ કરી ધ્યેય પ્રાપ્તિ કરી લીધી હતી. સ્વાદમાં કડવાશ માટે મરાઠીમાં कडक्ट शब्द आहे. कारलेची चव कडक्ट असते पण आरोग्य साठी ते गोड असते. કારેલા સ્વાદમાં કડવા હોય, પણ આરોગ્ય માટે મીઠા એટલે કે ગુણકારી હોય છે. कडवा म्हणजे गाण्यातील कडवे म्हणजे गाण्याची रचनाचा एक स्वरूप. કડવા અથવા કડવે એટલે ગીતરચનાનો પ્રકાર જેને સાદી ભાષામાં ગીતની કડી કહેવાય છે. गीतकारानी चार कडवे लिहिले होते पण रेकोर्डिंगच्या वेळी एक कडवा कमी करण्यात आला. ગીતકારે ચાર કડી લખી હતી, પણ રેકોર્ડિંગ વખતે એક કડી કાઢી નાખવામાં આવી હતી.

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# જયુબિલી હૉસ્પિટલઃ જૂની ઈમારત સાથે નવી સ્મૃતિઓ ઊભી થાય તે જરૂરી

ભુજ શહેરના સરપટ નાકા પાસે ભવ્ય અને ઐતિહાસિક ઇમારત જયુબિલી હૉસ્પિટલ સમયના અનેક પડછાયાઓમાંથી પસાર થઈ આજે એક અસ્થિર પ્રતીક બનીને ઊભી છે. ઓગણીસમી સદીનું એ બાંધકામ સ્થાપત્યની દૃષ્ટિએ અને ભુજના આરોગ્યસેતુનો એક અનન્ય ભાગરૂપ ગણી શકાય તેવું છે. એની ગાથા ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ સાબિત થાય તેમ છે.

આ હૉસ્પિટલની શરૂઆત ઈ.સ. ૧૮૪૯માં થઈ હતી. ઈ.સ. ૧૮૬૦માં ૧૦ બેડની સગવડ હૉસ્પિટલમાં ઊભી કરાઈ હતી. ઈ.સ. ૧૮૮૭માં કૈસરે-હિંદ તરીકે ઓળખાતાં બ્રિટનનાં રાણી વિક્ટોરિયાના શાસનને પચાસ વર્ષ પૂર્ણ થયાંના અવસરને ધામધૂમથી ઊજવાયો હતો ત્યારે આ હૉસ્પિટલનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું અને ત્યારથી તેનું નામ જયુબિલી હૉસ્પિટલ રાખવામાં આવ્યું. તેનો પાયો ડ્યુક ઑફ કોનેટના હસ્તે નાખવામાં આવ્યો હતો.

ભુજના જાણીતા ઇતિહાસવિદ નરેશભાઈ અંતાણીના પુસ્તક ‘તવારીખી તેજછાયા’ની નોંધ મુજબ, ‘તાઃ ૧૬ તથા ૧૭ ફેબ્રુઆરી ૧૮૮૭ના દિવસે આ ઉજવણી કરવામાં આવી હતી અને તેની ઉજવણીની વિગતો કચ્છ દરબારી રાજ્યના ૨૪મી ફેબ્રુઆરી ૧૮૮૭ના ૧૭મા અંકમાં એક જાહેરનામા દ્વારા અપાઈ છે. દરબારમાં વિક્ટોરિયા રાણીને મોકલવાનો સોનાના કેસ સહિતનો અભિવાદન પત્ર મહારાવે ગુફેલોને આપ્યો અને તેનું વાંચન પણ કરાયું હતું. આ પ્રસંગની ઉજવણીના ભાગરૂપે ભુજમાં જયુબિલી હૉસ્પિટલ તથા માંડવીમાં તળાવનું બાંધકામ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ૧૦૧ તોપોની સલામી આપવામાં આવી, ભુજ શહેરનાં પાંચ નાકાઓ પર હંગામી રસોડાં બાંધી ગરીબોને ભોજન આપવામાં આવ્યું અને બપોરના ખારસરાના મેદાનમાં ખાસ જાહેર સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં ભુજ શહેરની નાનીબા પાઠશાળાના વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં, ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓએ ગુજરાતીમાં, પોશાળના વિદ્યાર્થીઓએ વૃજભાષામાં તથા અંગ્રેજી શાળાના વિદ્યાર્થીઓએ અંગ્રેજીમાં કાર્યક્રમ રજૂ કર્યો હતો. તે સિવાય વિવિધ રમતો, સ્પર્ધા તથા ઘોડાઓની વિવિધ રમતો અને રેસ યોજવામાં આવી હતી. વિજેતાઓને ૩૦ કોરીથી ૫ કોરી સુધીનાં ઈનામો પણ અપાયાં હતાં.’

લેખકે મુલાકાત માટે આ બિલ્ડિંગને અડીને આવેલા શિવ મંદિરના પૂજારી રાજુભાઈ જોશીની મદદ લીધી હતી હૉસ્પિટલના એક ગેટની ચાવી એમની પાસે હોય છે અને બીજી આયુર્વેદિક હૉસ્પિટલના સ્ટાફ



પાસે, બંને સવારે ૯થી ૧૨ સુધી ખોલી આપવામાં આવે છે. સદીઓથી કચ્છ અનેક કુદરતી આફતોનો સામનો કરતું આવ્યું છે. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપે અનેક ઐતિહાસિક સ્મારકોને બાનમાં લીધાં જેમાં ગૌરવભર્યા ઇતિહાસની સાક્ષીરૂપ આ ઐતિહાસિક હૉસ્પિટલ નબળી દીવાલો અને તૂટી પડેલી છતોથી વિખેરાતી ભવિષ્યની રાહ જોઈ રહી છે. આ હૉસ્પિટલનું સંતુલિત વિકાસ પામવું જરૂરી હતું, પરંતુ આજે અઢી દાયકાનો સમય વીતી ચૂક્યો છે અને તેનું સાચું સંવર્ધન થયું નથી. હૉસ્પિટલની ચારે તરફ બાવળિયાઓએ ઘેરો ઘાલ્યો છે, સ્વચ્છતા અને સલામતીના અભાવે આ બિલ્ડિંગ મુલાકાતભોગ્ય નથી. ઇતિહાસને માત્ર વાંચી ન શકાય, તેને જીવવો પડે છે, જતન કરવું પડે છે. ભવિષ્ય માટે, આ જૂની ઇમારત સાથે નવી સ્મૃતિઓ ઊભી થાય એવા શુભાશય સાથે અસ્તુ.

ભાવાનુવાદઃ ભુજજે સરપટ નાકે વટ ભવ્ય ને ઐતિહાસિક ઈમારત જયુબિલી હૉસ્પિટલ સમયજી કિઇક થપાટું ખાઇને અજ હિકડી અસ્થિર પ્રતીક ભનીને ઉભી આય. ઉનૈ સધિજો હી બાંધકામ સ્થાપત્યજી નજરેં તીં ભુજજે આરોગ્યસેતુજો હી આઉગો નમૂનો ગણી સગાજે તીં આય. હી ગાથા ભવિસ જે માટે મહત્વપૂર્ણ સાભિત થિએ તીં આય.

હિન હૉસ્પિટલજી સરૂઆત ઇ.સ. ૧૮૪૯મેં થિઇ હૂઇ. ઇ.સ. ૧૮૬૦મેં ડો ખાટલેજી સગવડ હોસ્પિલમેં ઉભી કરેમેં આવઇ હૂઇ. ઇ.સ. ૧૮૮૭મેં કૈસરે-હિંદ તરીકેં ઓરંખાધા બ્રિટનજા રાણી વિક્ટોરીયાજે શાસનકે પંજા વરે પૂરે થે જે પ્રિસંગકે ધામધૂમસે ઉજવેમેં આયો હો તેર હિન હૉસ્પિટલજો વિસ્તૃતિકરણ કેમેં આયો ને તેરનું ઇનજો નાંલો જયુબિલી હૉસ્પિટલ રખેમેં આયો, તેંજો પાયો ડ્યુક ઓફ કોનેટજે હથે ખોંડેમેં આયો હો.

લેખક મુલાકાત લા હિન બિલ્ડીંગકે અડીને આવલ શિવ મિંધરજા પુજારી રાજુભા જોશીજી મધધ ગિડી હૂઇ. હૉસ્પિટલજે હિકડે ગેટજી ચાવી ઇની વટ તીં બિઇ આયુર્વેદિક હૉસ્પિટલજે સ્ટાફ વટ હોયતિ, બોય સવારો ૯ નું ૧૨ તઇં ખુલી રખેમેં અચેંતા. સધિએંનું કચ્છ કિઇક કુધરતી આફતુંજો સામનો કરીંધો આયો આય. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧જે કારે ભૂકંપજે લીધેં કિઇક ઐતિહાસિક સ્મારકેંકે નુકસાન થ્યા વા તેમેં હી ગૌરવભરલ ઈતિહાસજી સાક્ષીરૂપ હૉસ્પિટલ ૫ નબરી ધિવાલું નેં તૂટલ છતેંસે વિખરાઇને ભવિષજી વાટ નેરંધિ ઉભી આય. હિન હૉસ્પિટલજો સંતુલિત વિકાસ થેંણૂ જરૂરી આય ૫ અજ અઢી ડાયકા નિકર્યા તય કીં થ્યો નં. હૉસ્પિટલજી ચારો કુરા બાવરીયા વધી વ્યા ઐં, સફાઇ નેં સલામતીજે અભાવસેં હી બિલ્ડીંગ મુલાકાત કરે યોગ્ય નાય. ઈતિહાસકે ખાલી વાંચી ન સગાજે, તેંકે જીવનૂં પે, જતન ણું પે’તો. ભવિષ જે માટે, હિન જૂની ઈમારત ભેરી નઇ જાધગીરીયું ઉભી થિએ એડા પ્રયાસ થિએ હિન આશા સાથે અસ્તુ.

વિશેષ

નિધિ શુક્લ
feedback@bombaysamachar.com

# ટૅરેસ પર શાકભાજી ને ફળો ઉગાડીને બનાવો મિનિ ગાર્ડન



લુધિયાણામાં રહેતી પૂનમ વાધવાએ તેની ટેરેસનો ખૂબ સરસ રીતે ઉપયોગ કર્યો છે. તેણે ટેરેસ પર શાકભાજી અને ફળ ઉગાડ્યા છે. પૂનમને બાળપણથી જ છોડ પ્રત્યે લાગણી હતી અને એથી તેણે ઉગાડેલા ફળ અને શાકભાજીની તે ખૂબ માવજત લે છે. તેણે ભીંડા, કારેલા, કોળુ શિમલા મરચા, ચેરી અને મલબેરી ઉગાડ્યા છે. પોતાના ગાર્ડનિંગના શોખ વિશે પૂનમ કહે છે, ‘મને એમ લાગતું હતું કે ક્યાંક કાંઈક તો ચૂકે છે. જોકે મેં જ્યારે છોડનું વાવેતર શરૂ કર્યું તો એ ખાલીપો દૂર થયો.’

લીલા મરચાની ટિપ્સ આપતા પૂનમ કહે છે, ‘મરચા ઉગાડવા માટે ઉનાળો યોગ્ય રહે છે. આખુ વર્ષ એ ઊગે છે. જોકે ગરમીમાં તેને કેટલું પાણી આપવામાં આવે છે એનાં પર ધ્યાન રાખવું જરૂરી છે. વધારે પડતું પાણી આપવાથી પણ મરચા ઊગતા નથી.’

પૂનમનું માનવું છે કે કેપ્સિકમને ઉગાડવા સરળ છે. જોકે તેની કાળજી લેવી ખૂબ અગત્યની છે. તેને વધુ પડતા તડકાથી દૂર રાખવા જોઈએ.

પોતે ઉગાડેલી ચેરી વિશે પૂનમ કહે છે, ‘મારા ગાર્ડનમાં માખી, પંખી, પતંગિયા અને જંતુઓ પણ આવે છે. પહેલી ચેરી પંખીઓએ ચાખી હતી. મારા ગાર્ડનમાં ચકલી અને કબૂતરે માળો બાંધ્યો છે. તમારા ઘરમાં જ્યારે પંખીઓ માળો બાંધે છે તો એ અનુભવ જ રોમાંચક હોય છે.’

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ડમી મચાવે દંગલ


## કંપનીઓ - પરેશાન યુઝર્સ ને તમે રહો સાવધાન!




ગૂગલ સર્ચ એન્જિનમાં આમ તો દૈનિક ધોરણે ઘણુંબધુ સર્ચ થતું હોય છે. જેના જવાબમાં કંપની સર્વરની સાથે AI પ્રોપ્ટ કરીને જવાબ આપે છે. ગૂગલ સર્ચ એન્જિને સમયાંતરે પોતાના સર્ચ પર અનેક એવા ફિલ્ટર મૂકીને ગ્લોબલ સર્ચને લોકલ બનાવી દીધું છે. આમ તો આ વાત સારી પણ છે અને ખરાબ તો ભયંકર છે.

સોશિયલ મીડિયા વેબસાઈટ પર વિચિત્ર પ્રોફાઈલ પિક્ચર અને નામથી ચાલતા પાનાં- પેજીસ કે કોમ્યુનિટીના તાર સાયબર ફ્રોડ સાથે જોડાયેલા છે, જેના પાયામાં છે ડમી આઈડી. એ પછી ઈ-મેલનું હોય કે સોશિયલ મીડિયાના કોઈ એકાઉન્ટનું. ઓફિસમાં આપવામાં આવેલા કોઈ એક્સેસનું હોય કે એને એક્સેસ કરનારા કોઈ નકલી આઈડીનું આજે વાત કરવી છે આવી નકલી આઈડીના અસાધારણ સામ્રાજ્યની, જેમાં ગઠિયા ફાવી જાય છે તો સાચા માણસો કે કંપનીઓ મુશ્કેલીમાં પણ મુકાય છે.

વર્ષ ૨૦૨૨માં જર્મનીમાં એક અજાણ્યા ઈ-મેલ આઈડીએ સમગ્ર આઈટી સિસ્ટમને હેરાન-પરેશાન કરી ડેટા સિક્યોરિટી સામે સૌને ભયમાં મૂક્યા હતા. સઘન તપાસના અંતે જાણવા મળ્યું કે, એક ડમી આઈડીથી સતત ફરતા એના આઈ.પી.એડ્રેસ પાછળ ડિવાઈસ પણ નકલી હતું અને જે તે વ્યક્તિનું નામ હતું, જે હયાત જ ન હતી. આ ડમીથી માત્ર કોઈ એક સિસ્ટમ જ નહીં, આઈટી કંપનીવાળા પણ કંટાળ્યા છે. ઈ-મેલ સર્વિસ આપતી કંપની ‘યાહુ’ એ પણ એક સમયે ડમી આઈડી પર વોચ રાખવાનું શરૂ કર્યું હતું. ડમી આઈડી અને એના દ્વારા ઉપયોગમાં લેવાતી ખોટી સર્વિસ અંગે ગૂગલનો ખુદનો રિપોર્ટ એવું કહે છે કે, અમારી પાસે આવા ડમીનો કોઈ ચોક્કસ આંકડો નથી. સમગ્ર દુનિયામાં અબજોની




સંખ્યામાં હોઈ શકે છે. માત્ર અમેરિકા જેવા દેશમાં આ સંખ્યા ૧૭૦૦ કરોડની છે એ પણ માત્ર એક વર્ષમાં !

આ એ ડેટા છે જેને કંપનીએ ખુદ બ્લોક કરીને લીગલ લીંક અંતર્ગત બંધ કરેલા છે.

ગૂગલ પોતાના બીજા મુદ્દામાં સવિસ્તાર સમજાવે છે કે, ઈ-મેલ જ્યારે બને ત્યારે એના દરેક સજેશન અને નામ સર્વરમાંથી જનરેટ થાય છે. આ એક ઓટોમેશન પ્રક્રિયા છે, જેથી ચોક્કસથી કંપનીને પણ ખ્યાલ નથી આવતો કે યુઝર્સ ખરેખર હયાત છે કે ડમી. યુઝર્સ પોતે પણ ખોટા નામથી પોતાનાથી ઑપરેટ થતા ડમી યુઝર્સ ઊભા કરે છે, જેનો ઉપયોગ ખોટી રીતે ફોલોઅર્સ ઊભા કરવામાં અને ખોટો ટ્રાફિક પેદા કરવા માટે થાય છે.

આવી આઈડી ભલે એક્ટિવ ન હોય, પણ સોશિયલ મીડિયા પર એનો ભરપૂર ઉપયોગ થાય છે કારણ કે, ઑપરેટ કરનારા યુઝર્સ જે તે સિક્યોરિટી પરિબળમાંથી આસાનીથી પાસ થઈ જાય છે. એટલા માટે સર્વર જાણતું હોવા છતાં ટ્રેક કરી શકતું નથી.

ફેક ટ્રાફિક અને ફોલોઅર્સની દુનિયામાં આઈડીને ટ્રેક કરવા એ કામ રણ પ્રદેશમાં ખોવાયેલી સોઈ શોધવા સમાન છે. આ એક એવા કીચડની દુનિયા છે, જેમાં સારા કામ તો ભાગ્યે જ થાય છે, પણ એનો માર સર્વર સહન કરે છે. જ્યારે આવા આઈડીથી કોઈ વ્યવહાર થાય છે ત્યારે કંપની પણ એલર્ટ થઈ જાય છે અને એમાંના કેટલાક સામાન્ય મુદ્દા એ તે જે તે પ્રદેશની પોલીસ સાથે પણ શેર કરવા તૈયાર હોય છે, જેમ કે, ગ્રામેટિકલ એરર, વાત-ચીત કરવાની પેટર્ન, મલ્ટીમીડિયા જે પોસ્ટ કરાયા હોય એની રીત અને છેલ્લે એની સત્તાવાર વિષયલક્ષી જાણકારી. સાયબર ક્રાઈમ અંગે જાગૃત થવા સરકારથી લઈ દરેક સિક્યોરિટી એજન્સી કામે લાગી છે એના પાયામાં આ ડમી આઈડી છે.

આઈટી નિષ્ણાતો ત્યાં સુધી કહે છે કે, જ્યારે કોઈ આઈટી કંપનીમાં કામ કરનાર વ્યક્તિને એનું વ્યક્તિગત ડોમેઈન સાથે આઈડી અપાય છે ત્યારે આ પાછળનો હેતુ ડેટા સિક્યોરિટીનો હોય છે. આપણે ત્યાં ઘરનાં ઘરેણાંની ચોરી થાય અને ચકચાર મચી જાય એમ અમેરિકા-જર્મનીમાં ડેટાચોરી એ બ્રેકિંગ કરતાં શોકિંગ ન્યૂઝ વધારે છે.

આટલું વાંચ્યા- જાણ્યા બાદ સવાલ એ થવો સ્વાભાવિક છે કે, આવા આઈડીથી થાય છે શું? એક શબ્દનો જવાબ છે ક્રાઈમ.!. ૯૦ ટકા સર્વે એજન્સી એ વાત સાથે સહમત છે કે, ફેક આઈડી કોઈની છબી ખરાબ કરવા તૈયાર થાય છે. આવા લોકોની ફોજ ઊભી થાય, જેને ‘ટ્રોલર્સ ગ્રૂપ’ કહે છે. એ કોઈ એક વેબસાઈટ કે આઈડી પર સતત લાઈક, કોમેન્ટ કે શેરિંગ કરીને ફેક ટ્રાફિક ઊભો કરે છે. ડેટાની પથારી ફેરવે છે. મલ્ટિમીડિયાના છોંતરા કાઢી નાખે છે. ક્યારેક નાણાકીય વહીવટ થાય તો આર્થિક નુકસાન પણ થાય છે. ડમીનો એકમાત્ર ફાયદો એ માની શકાય કે, જ્યારે તમારે કોઈ જુદા જુદા વિષયનો ડેટા મિશ્રિત થતો અટકાવવો હોય તો આવું આઈડી કામ આવી શકે. બસ, એનો ખોટો ઉપયોગ ન કરવો જ હિતકારી છે.

### આઉટ ઓફ બોક્સ

*વર્ષ ૧૯૯૬માં સબીર ભાટિયા અને જેક સ્મિથ નામના ટેકનોક્રેટે ઈ-મેલ સર્વિસને કસ્ટમાઈઝ કરી, જેને ‘હોટમેલ’ નામ અપાયું, જે પાછળથી ‘આઉટલુક’ બન્યું.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સોનામાં ઝડપી ઉછાળાથી માગમાં સૂનકાર, વૈશ્વિક ભાવની તુલનામાં ઔંસદીઠ ૪૧ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઓફર કરતાં ડીલરો

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી ફેડરલ રિઝર્વની ગત ૧૮-૧૯ માર્ચના રોજ સમાપન થયેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર બૅન્ચમાર્ક દર યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમ જ ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે વર્ષ ૨૦૨૫ના અંત આસપાસ બે વખત વ્યાજદરમાં કાપ મૂકવાનો અણસાર આપવામાં આવ્યો હતો. આમ વ્યાજદરમાં કપાતના સંકેત, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓને કારણે ફુગાવામાં વધારો અને આર્થિક વૃદ્ધિ મંદ પડવાની ભીતિ ઉપરાંત ઈઝરાયલ-હમાસ વચ્ચે શસ્ત્ર વિરામના ભંગ વચ્ચે તણાવમાં વધારો થવાથી ગત સપ્તાહે ગુરુવારે એક તબક્કે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૦૫૭.૨૧ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચીને પાછા ફર્યા હતા. જોકે, ત્યાર બાદ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળતાં ભાવમાં સાધારણ ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમ છતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે એક ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે સોનાના ભાવમાં ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના સ્થાનિક વેપાર રહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૩મી માર્ચના રૂ. ૮૬,૮૪૩ સામે ઉછળીને રૂ. ૮૭,૮૯૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૮૭,૮૯૧ની સપાટી અને ઉપરમાં રૂ. ૮૮,૭૬૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૧૩૨૬ અથવા તો ૧.૫૨ ટકાની તેજી સાથે રૂ. ૮૮,૧૬૯ની સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ગત સપ્તાહે ડૉલર સામે રૂપિયો ૧૦૨ પૈસા ઉછળ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો ઘટવાથી વૈશ્વિક ભાવની સરખામણીમાં સુધારો મર્યાદિત રહ્યો હતો. એકંદરે સપ્તાહ દરમિયાન સોનામાં બ્રેક વિનાની તેજી જોવા મળતા ભાવ ઊંચી સપાટીએ પહોંચતા લગભગ સાર્વત્રિક સ્તરેથી માગને બ્રેક લાગી હતી અને ગ્રાહકો ભાવઘટાડાની રાહ જોઈ રહ્યા હોવાનું નવી દિલ્હીસ્થિત એક બુલિયન ડીલરે જણાવ્યું હતું.




વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ગત સપ્તાહે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૪૧ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે ડિસ્કાઉન્ટની આ સપાટી આઠ મહિનાની ઊંચી સપાટી છે. તેમ જ આગલા સપ્તાહે ડિસ્કાઉન્ટ ઔંસદીઠ ૩૯ ડૉલરની સપાટીએ રહ્યું હતું. તે જ પ્રમાણે મુંબઈસ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે નિરસ માગને કારણે ડિસ્કાઉન્ટમાં સતત વધારો થઈ રહ્યો છે. આથી જ ગત ફેબ્રુઆરી મહિનામાં દેશમાં સોનાની આયાત ઘટીને ૨૦ વર્ષની નીચી સપાટીએ રહે તેવી શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તાજેતરમાં સોનાના ભાવમાં એકતરફી તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાથી માત્ર ભારત જ નહીં, પરંતુ સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ માગ મંદ પડી છે. ચાઈના ગોલ્ડ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૪માં ચીનમાં સોનાની વપરાશી માગ ૯.૫૮ ટકા ઘટીને ૯૮૫.૩૧ ટનની સપાટીએ રહી હતી. તેમ જ કુલ માગ પૈકી ૫૦ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવતી આભૂષણો માટેની માગ ૨૪.૭ ટકા ઘટીને ૫૩૨.૦૨ ટનની સપાટીએ રહી હોવાનું એસોસિયેશને આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

એકંદરે ગત સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવાની સાથે વર્ષમાં બે વખત વ્યાજદરમાં કાપ મૂકવાના સંકેત આપ્યા હોવાથી સોનાના વૈશ્વિક ભાવમાં સતત ત્રીજા સપ્તાહે સાપ્તાહિક ધોરણે સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ટ્રમ્પની ટેરિફની નીતિ અંગેની અનિશ્ચિતતા, ફેડરલ રિઝર્વે આર્થિક વૃદ્ધિ ધીમી પડવાની દર્શાવેલી શક્યતા, ઈઝરાયલે ગાઝા પટ્ટી પર વધારેલા હવાઈ હુમલાઓ તેમ જ આગામી બીજી એપ્રિલથી ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટેરિફની અસરો અંગેની અવઢવ વચ્ચે સોનામાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહ્યો હતો અને ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા. આમ ટેરિફની અનિશ્ચિતતા અને મધ્ય પૂર્વના દેશોમાં તણાવની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનામાં મક્કમ અન્ડરટોન જળવાઈ રહેવાની સાથે વૈશ્વિક બજારમાં ઔંસદીઠ ૨૯૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૩૧૨૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૬,૦૦૦થી ૮૯,૪૦૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૦૧૫.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ભાવમાં પણ સાપ્તાહિક ધોરણે એક ટકાનો વધારો નોંધાયો હતો. તે જ પ્રમાણે વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦૨૧.૪૦ ડૉલરના મથાળે બંધ રહ્યાના અહેવાલ હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ગુરુવારે વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૦૫૭.૨૧ ડૉલરની નવી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં ૧૬ વખત નવી ટોચ દાખવી છે. વિશ્લેષકોના મતાનુસાર તાજેતરમાં સોનાના ભાવમાં જોવા મળેલો ઘટાડો ડૉલર ઈન્ડેક્સમાં સુધારા ઉપરાંત અમુક અંશે નફારૂપી વેચવાલીનું દબાણ પણ છે. જોકે, આગામી દિવસોમાં ટેરિફની અનિશ્ચિતતા તેમ જ મધ્ય પૂર્વના ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા સોનામાં સલામતી માટેની માગ જળવાયેલી રહે તેવી શક્યતા ઝેનર મેટલ્સના સ્ટ્રેટેજિસ્ટ અને વાઈસ પ્રેસિડૅન્ટ પીટર ગ્રાન્ટે વ્યક્ત કરી હતી.

# જિંદગી તો આમ જીવાય....

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

આજની સ્માર્ટફોન, એલઇડી ટીવીને, ફેન્સી કાર્સ અને ભવ્ય આવાસો ભરી દુનિયામાં ભૌતિકવાદી જિંદગી દરેક વ્યકિત જીવવાની ઇચ્છા રાખે તે સ્વાભાવિક છે, પણ દરેકની આર્થિક પરિસ્થિતિમાં આ શકય ના હોય તે નિરાશા અનુભવે છે તેથી આવી જિંદગી હાંસિલ કરવા માટે અથાગ પ્રયત્નો જરૂરી બની જાય છે.

અખબારો, મેગેઝિન્સ, ટી.વી. અને ફિલ્મોમાં જે રીતે યુરોપ, અમેરિકા, કેનેડા અને અન્ય દેશોમાં રહેતા લોકોની લાઇફસ્ટાઇલ બતાવવામાં આવે છે તેના પરથી એવો તાગ નીકળે છે કે ત્યાંની પ્રજા બહુ સુખ સાહ્યબી ભોગવે છે અને તેથી થર્ડ વર્લ્ડ કન્ટ્રીઝના લોકો આવી લાઇફસ્ટાઇલ જીવવાની ઇચ્છા રાખે તે સ્વાભાવિક છે.

જેમ થર્ડ વર્લ્ડમાં રહેતો દરેક નાગરિક ગરીબ નથી તેમ વિકસિત દેશોમાં રહેતો દરેક નાગરિક પણ અમીર નથી પણ અમીર થવાની ઇચ્છા જરૂર રાખે છે.

આવી જ એક રિયલ લાઇફ સ્ટોરી છે ઓસ્ટ્રેલિયન સિંગલ મધર રીહાનોન રીસની.

**રીહાનોન રીસઃ**

રીસની કહાની છે એક ઓસ્ટ્રેલિયન મહિલાની કે જે કેનેડામાં રહેતી હતી અને બિઝનેસ ડિગ્રી અને હોમિયોપથીમાં માસ્ટરની ડિગ્રી ધરાવતી હતી તેમ છતાં તેને કેવી રીતે જિંદગીના કઠિન દિવસોનો સામનો કરવો પડયો હતો.

એક સમયે સ્પાની માલકણ કે જેને ત્યાં ૩૫ માણસો કામ કરતા હતા તેને કુદરતે એવી લપડાક મારી કે કોઇ માણસ તેના દુશ્મન માટે પણ ન કલ્પે તેવા દિવસો ગુજારવા પડયા.

જેમ અગાઉ જણાવ્યું તેમ આ સિંગલ મધર તેના બહુ દુઃખી ડાયવોર્સ પોસીડીગના ગમમાંથી બહાર આવે ત્યાં જ સ્પામાં નુકસાની સહન કરવાના કારણે રાતોરાત રસ્તા ઉપર આવી ગઇ હતી.

કેનેડામાં રહેવા ઘર નહીં હોવાના કારણે તેણે હાઉઝ સિટિંગની જોબ સ્વીકારી લીધી જેમાં તેને રહેવાનો પ્રોબ્લેમ સોલ્વ થયો પણ વારંવાર એક નોકરીથી બીજી નોકરી એક ઘરથી બીજું ઘર તેમાં તેની એલર્જી ખતમ થવા લાગી તેથી તેણે નક્કી કર્યું કે હાઉઝ સિટિંગની જોબ કરતાં છૂટક જોબ કરવી તેના અને તેના પુત્ર માટે સારી રહેશે અને તેથી તેણે મહામહેનતે તેના એક મિત્રને વિનંતી કરીને તેના રહેવા માટે એક નાના તંબુની વ્યવસ્થા કરવા માટે મદદ માગી તેણે આ તંબુ માત્ર એક જ અઠવાડિયા માટે જોઇએ છે તેમ જણાવ્યું પણ તે જાણતી હતી કે એક અઠવાડિયું નહીં પણ ૪ મહિના માટે તેની જરૂર પડવાની છે. પણ જો ૪ મહિના કહે તો કોઇ મદદ ના કરે તેથી એક અઠવાડિયાની મદદ માગી ૪ મહિના કાઢયા.

કેનેડામાં શિયાળામાં માઇનસ ૨૬ ડિગ્રી ઠંડી પડે છે. જેમાં બધુ બરફમાં થીજી જાય છે તેવી ઠંડીમાં રીસ તેના પુત્રને ઉઠાડીને તેની સાથે હોટલમાં ક્લિનિંગની જોબમાં લઇ જતી. ત્યારબાદ સવારે તેના પુત્રને બેબી સિટિંગમાં મૂકીને સ્પામાં નોકરી કરવા જતી. સાંજે પુત્રને બેબી સિટિંગમાંથી પાછો ઘરે લાવતી હતી. હોટેલમાં ક્લિનિંગનું કામ કરતી રીસને હોટલનું વધ્યું ઘટયુ ખાવાનું મળતું જેમાં દીકરાનું રોજનું ભોજન હતું.

ટેન્ટમાં રહેતી રીસ અને તેના પુત્ર માટે બાથરૂમ અને ટોઇલેટની રોજની સમસ્યા રહેતી. માસ્ટર ડિગ્રી ધરાવતી રીસ વિચારતી કે આ દિવસનો અંત કયારે આવશે? તેણે એક દિવસ એક કાગળમાં આંકડા લખ્યા કે જો તે એટલી રકમ કમાઇ લે તો તેની અને તેના પુત્રની બાકીની જિંદગી આસાનીથી જીવી શકાય.

કયારેક કુદરત પણ પડતાને પાટુ મારે છે. તે સિદ્ધાંત મુજબ એક દિવસ રીસને ઓસ્ટ્રેલિયાથી મેસેજ આવ્યો કે તેની બહુ સિરિયસ છે. તેથી તેની દેખભાળ કરવા માટે રીસની ઓસ્ટ્રેલિયામાં હાજરી જરૂરી છે. એક બાજુ જયાં જિંદગી એક સમસ્યા હોય એઠવાડ ખાઇને જીવન ગુજારતી રીસ તેની માને કયાં મદદ કરી શકે તેમ છતાં લોકોને હાથ જોડીને ઉધાર ઉછીના કરીને ૯૦૦૦ ડૉલર્સ ભેગા કરીને રીસ તેના પુત્ર સાથે ઓસ્ટ્રેલિયા રહેવા આવી ગઇ.

ઓસ્ટ્રેલિયામાં સિંગલ પેરેન્ટને મળતી આર્થિક મદદથી રીસે એક વર્ષ તેની માની સારવારમાં ગુજાર્યુ પણ આર્થિક પરિસ્થિતિમાં કંઇ ફરક પડતો નહોતો. આમાં અચાનક એક દિવસ તેની મુલાકાત તેના એક જૂના મિત્ર સાથે થઇ આ મિત્ર રીસની ટેલેન્ટથી પરિચીત હતો કારણકે રીસે તેનું સ્પા શરૂ કરેલું તે અગાઉ તેણે કોલગેટ અને ડનલોપ કંપનીમાં માર્કેટિંગની જોબ કરેલી હતી અને રીસમાં માર્કેટિંગની બહુ સરસ આવડત છે.

રીસના મિત્રએ તેને કહ્યું કે અમેરિકાના લાસ વેગાસમાં દુનિયાભરમાં કોચિંગ શીખવાડતી એકશન કોચ નામની સંસ્થા છે. જે તે કોચિંગનો અભ્યાસ કરાવે છે જે શીખીને સ્ટુડન્ટ નવી કેરિયર શરૂ કરી શકે છે. રીસ એક તો અમેરિકા જવાનું, તેની માંદી મા પાસે તેના દીકરાને મૂકી જવાનો અને કોર્સ ફીના ૨૫,૦૦૦ ડૉલર્સ ચૂકવવાના વિચારે તેને ભયભીત કરી દીધી. પણ હિંમત કરીને ટેન્ટમાં જે કાગળમાં સુખભરી જિંદગીનાં આંકડાની રકમો લખેલી તે ચીઠ્ઠી બહાર કાઢી વાંચીને ફરી હિંમત વધારીને બૅન્કના મેનેજરોને કાકલૂદી કરીને ૨૫,૦૦૦ ડૉલર્સની લોન લઇને લાસ વેગાસનો એકશન કોર્સ જોઇન્ટ કરી લીધો.

અમેરિકાથી કોર્સ પૂરો કરીને રીસ ઓસ્ટ્રેલિયા પાછી ફરીને વેલનેસ, ન્યુટ્રિશન અને મોટીવેશનલના કલાસિસ શરૂ કર્યા કંપનીઓને તેના બિઝનેસમાં એમ્પ્લોઇઝને મોટીવેટ કરીને તેના ટર્ન ઓવરમાં ૧૦૦ ટકાથી ૧૦૦૦ ટકાનો વધારો કરેલો હતો. રીસની માની તબિયત પણ સારી થતા તેણે રીસની સેક્રેટરીનો રોલ કરી તેને તેના બિઝનેસમાં મદદ કરવા લાગી. રીસે કોચિંગના વિષય ઉપર બુકસ લખી લોકોને મોટીવેટ કરીને તેની જિંદગીમાં આમૂલ્ય પરિવર્તન લાવ્યું સારા એવા પૈસા કમાયા મોટું મકાન લીધું અને ફરી એકવાર ટેન્ટમાં લખેલો કાગળ બહાર કાઢીને કન્ફર્મ કર્યું કે તેણે જિંદગીમાં તેટલા પૈસા કમાય લીધા છે કે તેની બાકીની જિંદગી સુખેથી પસાર થઇ શકે છે.

ભગવાન ના કરે પણ નોકરી વ્યવસાય, બિઝનેસ કે સ્ટોક માર્કેટના રોકાણમાં જો રીસ જેવી પરિસ્થિતિ જો કોઇની જિંદગીમાં આવે તો અચાનક બદલાય જાય અને આર્થિક મુશ્કેલીઓ વધી જાય મગજ બહેર મારી જાય ત્યારે કાયરતાના વિચારો મગજમાંથી ફેંકીને આવતીકાલ ઉજળી છે તેવી જો આશા રાખે તો જો રીસની જેમ એક ચીઠ્ઠી બનાવીને આત્મવિશ્વાસથી સારા દિવસો જરૂર ફરી મેળવી શકે છે કારણકે ''વીથ કોન્ફિડન્સ ધ ગેમ ઇઝ વન, બીફોર ઇટ ઇઝ સ્ટોર્ટેડ!''

# વિદેશી હૂંડિયામણની અનામત ૩૦.૫ કરોડ ડૉલર વધી



મુંબઈઃ ગત ૧૪મી માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૩૦.૫ કરોડ ડૉલર વધીને ૬૫૪.૨૭૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આ પૂર્વેના સપ્તાહે અનામત બે વર્ષના સૌથી વધુ ૧૫.૨૬૭ અબજ ડૉલરના જંગી ઉછાળા સાથે ૬૫૩.૯૬૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.જોકે, અમુક અંશે રિઝર્વ બૅન્ક દ્વારા ૧૦ અબજ ડૉલરનું સ્વેપ કરવામાં આવ્યું હોવાને કારણે પણ અનામતમાં વૃદ્ધિ જોવા મળી હતી.

જોકે, અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા સમયાંતરે હાજર બજારમાં ડૉલરમાં વેચવાલી રહેતાં અનામતમાં ક્રમશ ઘટાડો થતો ગયો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૯.૬ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૫૫૭.૧૮૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. જોકે, સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૬.૬ કરોડ ડૉલર વધીને ૭૪.૩૯૧ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૫.૧ કરોડ ડૉલર વધીને ૧૮.૨૬૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટેરી ફંડ સાથેની અનામત પણ ૨૮.૩ કરોડ ડૉલર વધીને ૪.૪૩૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ઈન્ટરેસ્ટ સબસિડી જાળવી રાખોઃ સંસદીય સમિતિ

નવી દિલ્હીઃ ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ પાછી ખેંચીને તેને એક્સપોર્ટ પ્રમોશન મિશનમાં સમાવી લેવામાં આવી છે, પરંતુ જ્યાં સુધી મિશનનો આરંભ ન થાય ત્યાં સુધી ઈન્ટરેસ્ટ સબસિડી જાળવી રાખવી જોઈએ અન્યથા નિકાસ પર માઠી અસર થઈ શકે છે, એમ સંસદીય સમિતિએ એક અહેવાલમાં જણાવ્યું છે.


નોંધનીય બાબત એ છે કે રૂ. ૨૨૫૦ કરોડના ખર્ચ સાથેના એક્સપોર્ટ પ્રમોશન મિશનની જાહેરાત અંદાજપત્રના પ્રસ્તાવોમાં કરવામાં આવી હતી.

વાણિજ્ય વિભાગે વાણિજ્ય પરની સંસદીય સમિતિને જાણ કરી હતી કે એક્સપોર્ટ પ્રમોશન મિશન હેઠળ તે નાણાં મંત્રાલય અને એમએસએમઈ મંત્રાલયો સાથે વિચાર-વિમર્શ કરીને વિવિધ ઘટકો સાથે એક છત્ર બનાવવાનું કાર્ય કરી રહ્યું છે. એક વખત કેબિનેટ દ્વારા સ્કીમને મંજૂરી મળ્યા બાદ ખર્ચ વિભાગ પાસેથી વધારાના જરૂરી ભંડોળ માટેની માગ કરવામાં આવશે, એમ વાણિજ્ય વિભાગે સમિતિને જણાવ્યું હતું.

સમિતિએ જણાવ્યું હતું કે અન્ય સ્પર્ધક દેશોની સરખામણીમાં ભારતમાં ફાઈનાન્સ અને પરિવહનનો ખર્ચ વધુ હોય છે અને નિકાસકારોને ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ આ ઊંચો ખર્ચ હળવો કરવામાં મદદરૂપ થાય છે. જોકે, આ સ્કીમ પાછી ખેંચવાથી અને તેનું એક્સપોર્ટ પ્રમોશન મિશનમાં વિલિનીકરણ જે હજુ સુધી કાર્યરત થયું ન હોવાથી તેની નિકાસ પર પ્રતિકૂળ અસર થાય તેમ હોવાથી સમિતિ ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ ચાલુ રાખવાની ભલામણ કરે છે.

વધુમાં સમિતિએ એવું પણ સૂચન કર્યું હતું કે વાણિજ્ય વિભાગે ભંડોળ માટે તેની જરૂરિયાતનું વિગતવાર મૂલ્યાંકન કરવું જોઈએ અને જો જરૂરી હોય તો સુધારિત અંદાજના તબક્કામાં જ અતિરિક્ત ભંડોળની માગ કરવી જોઈએ. ભારતમાં રિપો રેટ ૬.૨૫ ટકા આસપાસ છે અને બૅન્કોનાં સ્પ્રેડ ઊંચા હોવાથી નિકાસકારો પર વ્યાજનું ભારણ ૮થી ૧૨ ટકા અથવા તેનાથી વધુ પણ આવતું હોવાથી નિકાસ બિનસ્પર્ધાત્મક બનતી હોય છે. આથી સમિતિ ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ મિશન ન ચાલુ થાય ત્યાં સુધી ચાલુ રાખવાની તરફેણ કરી રહી છે. સમિતિએ વેપાર ખાધનું સમતુલન કરવા માટે ખાસ કરીને જે દેશો સાથે મુક્ત વેપાર કરાર કર્યા છે તેવાં ઑસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, જાપાન, કોરિયા, મલયેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર, વિયેટનામ વગેરે દેશો જ્યાં આપણી નિકાસ કરતાં આયાત વધુ હોય છે તેવા દેશોને વાણિજ્ય વિભાગે લક્ષ્યાંક બનાવીને ચોક્કસ ઉત્પાદનો/સેવાઓની નિકાસ વધારવા માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું. ■

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીનની આગેવાની હેઠળ કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અમુક વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૩૪નો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ઝિન્ક સ્લેબ અને કોપર વાયરબારમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો સુધારો જોવા મળ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં માત્ર ઝિન્ક સ્લેબ અને કોપર વાયરબારમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૭૯ અને રૂ. એક વધીને રૂ. ૯૧૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૪ના ઘટાડા સાથે રૂ. ૩૦૫૮ના મથાળે, કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૮૬૦ અને રૂ. ૨૫૯ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૮૫૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતાં કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૦ અને રૂ. ૫૫૫ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૪૩૩ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૭૮, રૂ. ૬૦૩, રૂ. ૨૧૦ અને રૂ. ૧૮૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ખપપૂરતા કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૦ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયાં રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે ગોકુલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૧, અદાણીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૩૦ અને રૂ. ૧૩૮૦ અને એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ડાયરેક્ટ ડિલિવરી ધોરણે વેપાર નિરસ રહ્યા હતા અને માત્ર સેલરિસેલ ધોરણે અને રવાનગીના છૂટાછવાયા કામકાજ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૫, સિંગતેલના રૂ. ૧૪૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૩૧૦ના મથાળે ટકેલા રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા, જ્યારે આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની અંદાજે ૮૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૨૦માં થયાના અહેવાલ હતા. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ, નાકા ડિલિવરીમાં ₹ ૧૦થી ૨૦ ઘટ્યા

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું અને સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે માત્ર સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૨૨માં થયા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૩૨થી ૪૧૧૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૬૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૨૦થી ૪૦૦૦માં થયા હતા. ■

# રાજકોટ રેન્જમાં આવતા પાંચ જિલ્લાઓમાં ગુંડા તત્ત્વોના ૧૯ બાંધકામ તોડી પડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં ગુંડા તત્વોના ૧૯ બાંધકામ તોડી પડાયા હતા. જામનગર જિલ્લામાં ગેરકાયદે ખાણ ખનીજ કરતા ૧૨ ગુંડા તત્ત્વોની ચકાસણી કરી ૫ વિરુદ્ધ ખાણ ખનીજ વિભાગ સાથે સંકલનમાં રહી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ડીજીપી વિકાસ સહાય દ્વારા ૧૦૦ કલાકના એજન્ડા અન્વયે રાજકોટ રેન્જ હસ્તકના રાજકોટ ગ્રામ્ય, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર તથા દેવભૂમી દ્વારકા જિલ્લા વિસ્તારમાં રહેતા કુલ ૨૨૬૭ ઇસમોની યાદી તૈયાર કરાઈ હતી. જેમાં ૬૪ ઇસમો ઉપર પાસા અને ૮૭ ઇસમો ઉપર હદપારીની દરખાસ્તો તૈયાર કરવામાં આવી હતી. જેમાં ૩૭૮ ઇસમો ઉપર અટકાયતી પગલાઓ, જીપી એક્ટ ૧૩૫ ના ૧૨ કેસો કરવામાં આવ્યા હતાં.

પાંચ જિલ્લાઓમાં ગુંડા તત્ત્વો દ્વારા ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હોય તેવા કુલ ૨૭૭ ગુંડા તત્ત્વોની મિલ્કતોની ચકાસણી કરાઈ હતી. જેમાં જેમાં વહિવટી તંત્ર સાથે સંકલનમાં રહી કુલ ૧૯ ઇસમોના બાંધકામ ગેરકાયદેસર જણાતા બાંધકામ તોડી પાડી તેઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી. વિજળી વિભાગ સાથે સંકલનમાં રહી કુલ ૫૫૩ ઇસમોના રહેણાક મકાન ઉપર ચેકીંગ દરમિયાન કુલ ૩૭૮ ઇસમોના વિજ કનેકશનમાં ગેરરીતી ઝડપાતા તેઓના વિજ કનેકશન કાપી ૨,૬૬,૨૨,૫૮૨ રૂપિયાનો દંડ ફટકારાયો હતો. ■



**સ્ટાર્ટઅપઃ** અમદાવાદમાં શનિવારે 'વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ ૨.૦'ના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાતના ગૃહ પ્રધાન હર્ષ સંઘવી. (એજન્સી)

# રાજકોટમાં ટીઆરપી અગ્નિકાંડ બાદ ૧૫૨૩ ગેરકાયદે બાંધકામોમાંથી માત્ર ૨૬ના ડિમોલિશન કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાએ ગેરકાયદે બાંધકામોને નોટીસો આપવાનું શરૂ કર્યું હતું. જેમાં ૧૫૨૩ ગેરકાયદે બાંધકામોને નોટિસો અપાઈ હતી. આ પૈકી માત્ર ૨૬ બાંધકામોના ડિમોલિશન કરાયા છે. તે ઉપરાંત કોર્પોરેટરોએ કરેલી ૩૨ પૈકી માત્ર ૮ ફરિયાદનો અત્યાર સુધીમાં નિકાલ કરાયો હોવાની વિગતો જાણવા મળી હતી.

મહાનગર પાલિકાની યાદી પ્રમાણે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ૩૧-જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ગેરકાયદે બાંધકામ રોકવાની ૨૬૦-૧ મુજબની ૧,૨૨૧ અને ૨૬૦-૨ હેઠળ ગેરકાયદે બાંધકામ દૂર કરવાની ૩૦૨ નોટિસ આપી હતી. આ વર્ષમાં ૧૫૨૩ નોટિસમાંથી માત્ર ૨૬ બાંધકામના ડિમોલિશન કરવામાં આવ્યા છે. આ સિવાય ઈમ્પેક્ટ ફી, કોર્ટ કેસ સહિતના કારણોને લઈને ડિમોલિશન કરવામાં આવ્યું નથી.

રાજકોટમાં ચૂંટાયેલા કોર્પોરેટરોએ પણ ગેરકાયદે બાંધકામની ૩૨ ફરિયાદો કરી હતી. આ પૈકી ૮ ફરિયાદોનો જ નિકાલ કરવામાં આવ્યો હતો. ટીઆરપી અગ્નિકાંડ બાદ ટીપી શાખાના મુખ્ય ટીપીઓ સહિત ત્રણ અધિકારીઓ આ અગ્નિકાંડ માટે જવાબદાર હોવાથી જેલવાસ ભોગવી રહ્યા છે. હાલમાં નવા બાંધકામોને મંજૂરી આપવા તેમ જ ગેરકાયદે બાંધકામોનાં ડિમોલિશન કરવાની કામગીરી ખૂબ ધીમી ગતિએ કરવામાં આવી રહી છે. ■

# રાજકોટ જેતપુર વચ્ચેના ટોલ ટેક્સમાં ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યોઃ સ્થાનિકોનું આંદોલન સફળ

અમદાવાદઃ ટોલ ટેક્સ ઘટાડવા માટે સ્થાનિકોએ કરેલું આંદોલન કેટલીક બાબતોમાં સફળ રહેતાં રાજકોટ જેતપુર વચ્ચેના ટોલ ટેક્સમાં ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. પીઠડીયા ટોલનાકા પર ફોર વ્હિલ માટે એક તરફી મુસાફરીના ૪૫ રૂપિયા વસૂલાતા હતા. તે હવે ૩૫ કરી દેવાયા હતાં. ભરૂડી ટોલ ટેક્સમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. ગોંડલના ભરૂડી ટોલનાકા પર ૪૫ વસૂલાશે. અગાઉ ફોર વ્હિલ માટે રાજકોટથી જેતપુરની એક તરફી મુસાફરી માટે ભરૂડી ટોલ પ્લાઝા પર ૪૫ રૂપિયા અને પીઠડીયા ટોલ પ્લાઝા પર પણ ૪૫ રૂપિયા વસૂલ કરવામાં આવતા હતા. પરંતુ પીઠડીયા ટોલ નાકા પર હવે ટોલ ટેક્સના દર ઘટાડીને ૩૫ રૂપિયા કરી દેવાયા હોવાનું જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું છે અને તાત્કાલિક અસરથી તેનો અમલ શરૂ કરાયો છે.

રાજકોટ જેતપુર વચ્ચે સિક્સ લેન રોડ બનાવવાનું કામ જયારથી શરૂ થયું છે, ત્યારથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ■

# જામનગરના વિકાસ માટે મેયર સહિત પદાધિકારીઓએ મુખ્ય પ્રધાન સાથે બેઠક કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના વિકાસ માટે મહાનગરપાલિકાના મેયર સહિતના પદાધિકારીઓએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરીને ચર્ચાઓ કરી હતી. શહેરના મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સમાં રિંગ રોડનું નિર્માણ, રાવલસરથી દરેડ સુધીના રોડનું નિર્માણ થશે. આ રોડ રિલાયન્સ, જીએસએફસી અને નાયરા જેવા ઔદ્યોગિક એકમોને જોડશે. હાલમાં આ પ્રોજેક્ટ પર ત્રણ સરકારી વિભાગો કામ કરી રહ્યા છે. જામનગરના મેયર સહિતના પદાધિકારીઓએ મુખ્યપ્રધાન સાથેની મુલાકાતમાં અનેક પ્રોજેક્ટો અંગે ચર્ચાઓ કરી હતી. જેમાં રિવરફ્રન્ટ પ્રોજેક્ટને તાત્કાલિક મંજૂરી અને ચોમાસા પહેલાં નદીના ખોદાણ માટે ગ્રાન્ટની માગણી કરવામાં આવી હતી. જીઆઈડીસી ફેઝ-૨ અને ૩માં બિલ્ડિંગ યુઝ પરમિશન મહાનગરપાલિકાને આપવાની માગણી કરાઈ હતી. જૂના જામનગરમાં પુરાતત્વ વિભાગની મંજૂરીઓમાં થતા વિલંબ અંગે પણ રજૂઆત કરાઈ હતી.

તે ઉપરાંત ૧૫૦ મીટરથી નાના મકાનો માટે જીડીસીઆરના નિયમોમાં ફેરફારની માગણી કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાને જામનગરના વિકાસ પ્રોજેક્ટ્સને ઝડપથી મંજૂરી આપવાની ખાતરી આપી છે. જામનગરની વિકાસ ગાથા અવિરત ચાલુ રહેશે અને મહાનગરપાલિકા દ્વારા રજૂ થનારા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવશે એવી મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ખાતરી આપી હતી. ■

# ભાવનગરમાં રેલવે કર્મીના આપઘાત મુદ્દે ૮૦૦ કર્મચારીઓ હડતાલ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના પરા રેલવે વર્કશોપમાં ઓ.એસ તરીકે ફરજ બજાવતા કર્મચારીએ ઉપરી અધિકારીના માનસિક ત્રાસના કારણે ભાવનગર મહુવા ટ્રેન તળે પડતું મૂકી આપઘાત વરી લીધો હતો. જે બનાવના પગલે સાથી કર્મચારીઓએ વિવિધ આઠ માગો સાથે હડતાલ પાડી હતી, જ્યાં સુધી તમામ માગણીઓનો લેખિતમાં સ્વીકાર ન થાયત્યાં સુધી હડતાલ ચાલુ રાખવા જણાવ્યું હતું. બનાવની મળતી માહિતી મુજબ ભાવનગર રેલવે વર્કશોપમાં ઓ એસ તરીકે ફરજ બજાવતા ઘનશ્યામભાઈ ચૌહાણ ઉં. વ. ૫૬ એ ઉપરી અધિકારીના માનસિક ત્રાસના કારણે ભાવનગર મહુવા ટ્રેન તળે ઝંપલાવી આપઘાત વ્હોરી લીધો હતો. જે બનાવને લઈ વર્કશોપના સાથી કર્મચારીઓ અને રેલવે યુનિયનના સભ્યો એ રેલવે એડમીન બિલ્ડીંગ ખાતે એકઠા થઈ હડતાલ પાડી દીધી હતી. જેમાં ૮૦૦ જેટલા કર્મચારીઓ હડતાલ પર બેસી ગયા હતા. ■

# ભુજમાં આઈજીના બંગલો પાસે નાળિયેરના વેપારી પર છરીથી જીવલેણ હુમલો કરી લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં અસામાજિક તત્ત્વો પર લગામ કસવા માટે રાઉન્ડ ધ ક્લોક પોલીસ દ્વારા સખ્ત કોમ્બિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, તેવામાં કચ્છના મુખ્ય મથક ભુજના જ્યુબિલી સર્કલથી નજીક આવેલા જિલ્લા ઉદ્યોગ સર્કલ પર છકડામાં આવેલા બે જણે લીલાં નાળિયેરની લારીવાળા પર છરીથી હુમલો કરીને ૩૦ હજાર રોકડાં રૂપિયાની લૂંટ આચરી હતી.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, રામકૃષ્ણ કોલોનીમાં રહેતો ૨૪ વર્ષીય કિશનપુરી અરવિંદપુરી ગોસ્વામી નિત્યક્રમ મુજબ જિલ્લા ઉદ્યોગ સર્કલ સામે તેની હાથ લારીમાં લીલાં નાળિયેર લઈને વેચવા આવ્યો હતો. કિશનપુરીએ એક વેપારીને ચૂકવવા પેટે પોતાના પાકીટમાં ૨૫ હજાર રાખ્યા હતા.

રાત્રે આઠ વાગ્યાના અરસામાં એક છકડો આવીને લારી પાસે ઊભો હતો. છકડા ડ્રાઈવરે તેની પાસે આવીને મલાઈવાળું નાળિયેર માંગ્યું હતું પરંતુ કિશને મલાઈવાળા નાળિયેર ના હોવાનું જણાવતાં પોતે માધાપરનો દિનેશ મહેશ્વરી હોવાનું કહી 'તું મને ઓળખતો નથી' કહી વિવાદ શરૂ કર્યો હતો.

છકડામાં બેસેલા ધીરજ નામના શખ્સે ત્યાં આવીને નાળિયેર વાળાને ઢોરમાર મારવો શરૂ કર્યો હતો. આ દરમ્યાન દિનશે ભેઠમાંથી છરી કાઢીને કિશન પર વાર કરેલો પરંતુ કિશન સાઈડમાં હટી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. ■




રાજકોટ માર્કેટયાર્ડ દ્વારા બારેમાસ ભરવાલાયક ઘઉં વેચાણ કેન્દ્ર ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અંજારના સાપેડા પાસે ટ્રકની ટક્કરે રોંગસાઈડમાં મોટરસાઈકલ પર જતાં નિંગાળના બે આહીર યુવકોનાં મોત

ભુજઃ કચ્છ જિલ્લામાં જીવલેણ માર્ગ અકસ્માતોનો વણથંભ્યો સિલસિલો યથાવત રહેવા પામ્યો હોય તેમ અંજારના સાપેડા નજીક ટ્રકે ટક્કર મારતાં મોટરસાઇકલ પર જઈ રહેલા નિંગાળ ગામના બે આહીર યુવકોના ગંભીર ઈજાથી મૃત્યુ નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી. ગત શુક્રવારના સવારે ૧૧ વાગ્યાના અરસામાં બનેલા આ માર્ગ અકસ્માતના બનાવ અંગે વિગતો આપતાં અંજાર પો.સ.ઈ. બી.એસ. ચૌહાણે જણાવ્યું હતું કે, બંને હતભાગી યુવાનો પેટ્રોલ પંપ પરથી વાહનમાં પેટ્રોલ ભરાવીને, ઘર તરફ જવા ટર્ન લઈને રોંગસાઈડમાં જતા હતા ત્યારે અંજારથી સાપેડા તરફ જઈ રહેલી ટ્રકે ટક્કર મારી દેતાં પરાશર ચંદ્રકાન્ત બરાડીયા (ઉં.વ. ૨૫) અને શ્યામ તુલસી બરાડીયા (ઉં.વ. ૧૮)નાં ગંભીર ઇજાઓને પગલે ઘટનાસ્થળે કમકમાટીભર્યાં મોત થયાં હતાં. અકસ્માત સર્જનારા ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. એકસાથે બબ્બે નવયુવાનોના કાળજું કંપાવી દેતાં અપમૃત્યુથી નિંગાળ સહિત સમગ્ર આહીર સમાજમાં ઘેરા આઘાત સાથે શોક છવાઈ ગયો છે. ■

# ભાવનગરમાં પોલીસે રીઢા ગુનેગારોની યાદી તૈયાર કર્યા બાદ ગુનેગારની મિલકતની તપાસ શરૂ : ગેરકાયદેસર દબાણ પર બુલડોઝર ફરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ પોલીસે શહેર અને જિલ્લાના ૯૦ રીઢા ગુનેગારોનું લિસ્ટ બનાવ્યા બાદ તે પૈકીના ૨૦ ગુનેગારોના મિલકતની તપાસ હાથ ધરી છે. જેમાં આ ગુનેગારોએ પોતાના રહેણાંક અને ધંધા-રોજગારના સ્થળે દબાણ કર્યું છે કે કેમ? તે દિશામાં ગુપ્ત રાહે તપાસ શરૂ કરી છે. જેમાં ગુનેગારો દ્વારા ગેરકાયદે બાંધકામ કરાયું હોવાનું જણાશે તો પોલીસ મહાપાલિકાને સાથે રાખી આવા દબાણો પર બૂલડોઝર ફેરવશે.

તાજેતરમાં રાજ્યના પોલીસ વડાની સૂચનાથી ભાવનગર શહેર અને જિલ્લામાં એકથી વધુ ગંભીર ગુના આચર્યા હોય તેવા ગુનેગારોનું લિસ્ટ બનાવવામાં આવ્યું છે. આ ગુનેગારોને ગુનાના પ્રકાર અને ગંભીરતના આધારે અલગ તારવવામાં આવી રહ્યા છે. તેમ જણાવતાં સૂત્રોઓ ઉમેર્યું કે, હાલ આ લિસ્ટમાં પ્રાથમિક દ્દષ્ટીએ ૨૦ ગુનેગારોની નામાવલી અલગ તારવવામાં આવી છે જે તમામે તેમના પોતાના રહેણાંકી અને ધંધા-રોજગારના સ્થળે ગેરકાયદે દબાણ કર્યું છે કે કેમ? તે દિશામાં ગુપ્ત રાહે તપાસ આદરી છે. પોલીસની તપાસમાં ૨૦ પૈકીના જે ગુનેગારો દ્વારા ગેરકાયદે બાંધકામ કરાયું હોવાનું માલૂમ પડશે તો ખરાઈ અર્થે સંબંધિત સરકારી કચેરીને જાણ કરી ગેરકાયદે બાંધકામ પર બૂલડોઝર ફેરવવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસની આ ગુપ્ત કાર્યવાહીની જાણ ગુનેગારોમાં થતાં ફફડાટ ફેલાઈ ગયો છે. ■

# અંજારના મેઘપર (બોરીચી) નજીક ધોળા દિવસે સાત લાખની લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજાર તાલુકાના મેઘપર બોરીચી નજીક ધોળા દિવસે માર્ગ પર જઈ રહેલા એક સ્કૂટરચાલકને આંતરીને મોટરસાઈકલ ઉપર આવેલા બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ તેની પાસે રહેલા રોકડા રૂ. સાત લાખની રકમની લૂંટ આચરીને પલાયન થઇ જતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી. અંજારથી મેઘપર બોરીચી તરફ જતા રસ્તા ઉપર ગત શુક્રવારે ઢળતી બપોરના ચાર વાગ્યાના અરસામાં બનેલી દિલધડક લૂંટની વધુ એક ઘટના અંગે પી.આઈ. એ.એન. ગોહિલે વિગતો આપતા જણાવ્યું હતું કે, બેન્સાના માલિક એવા ફરિયાદી વીરેન્દ્રકુમાર ઉર્ફે લાલો શામજી કેસરાણી વ્યાપારિક વ્યવહાર માટે તેમના બેન્સમાં કામ કરતા પ્રવીણ મેર (ઉ.વ. ૨૭)ને ચેક આપી અંજારમાં માનવ હોટેલ પાસે આવેલી બેંકમાંથી રોકડ રકમ ઉપાડવા મોકલાવ્યો હતો. આ યુવકે બેંકમાંથી રોકડા રૂ. ૧૦ લાખ ઉપાડયા હતા. બેન્સામાં કામ કરતો યુવાન એક્ટિવા વાહન લઈને બેંકમાંથી રોકડ ઉપાડીને બેન્સામાં પરત જવા નીકળ્યો હતો. આ દરમ્યાન મેઘપર બોરીચી પાસે આવેલા રેલવે પુલિયા પાસે બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ ચાલુ વાહનને રોકડ લઈને જતા યુવાનને આંતરી, વાહનને લાત મારી તેને માર્ગ પર ફગાવી દીધો હતો. જમીન ઉપર પડેલા આ યુવાનને લાત મારીને લૂંટારુઓ એક્ટિવા વાહનની ડિકી ખોલી તેમાંથી રોકડા રૂ. સાત લાખ લઈને પલાયન થયા હતા. ભોગ બનનારા યુવાનના ખિસ્સામાં પડેલા રૂ. ત્રણ લાખ સુરક્ષિત રહ્યા હતા. લૂંટના બનાવને અંજામ આપતાં પહેલાં રેકી કરીને ગુનો આચર્યો હતો. લૂંટારુઓ જાણભેદુ હોવાની પણ શંકાના આધારે પોલીસે તપાસ આરંભી છે. ■

# દેશલપર (ગુંતલી)નાં મહિલા તલાટી બે હજારની લાંચ લેતાં ઝડપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમીનની માગણી અન્વયે ગ્રામ પંચાયતનો દાખલો તથા ઠરાવ આપવા સબબ અરજદાર પાસેથી રૂ.બે હજારની લાંચ માગનારા નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી)નાં મહિલા તલાટી કમ સહમંત્રી ચંદ્રિકાબેન મગનભાઈ ગરોડા લાંચ રુશવત વિરોધી શાખાના છટકામાં આબાદ ઝડપાઇ જતાં ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ વ્યાપ્યો હતો.

આ અંગે ઈન્ચાર્જ એસીબી પી.આઈએ જણાવ્યું હતું કે, ફરિયાદીને દેશલપર (ગું.)ના સર્વે નં. ૬૦૭ પૈકીમાં સરકારના જમીન હોટેલ ઉદ્યોગ હેતુ ૫૨૫ ચો.મી. જમીનની માગણી કરી હતી, જે સરકારી જમીન ગૌચર નથી તે અંગે ગ્રામ પંચાયતનો દાખલો અને ઠરાવ આપવા ફરિયાદીએ આરોપી મહિલા તલાટીને જણાવ્યું હતું. દાખલો અને ઠરાવ કાઢી આપવા બાબતે આરોપી મહિલા તલાટી ચંદ્રિકાબેને ફરિયાદી પાસેથી તેના મોબાઈલ ફોનમાં મેસેજ કરી રૂ. ૨૦૦૦ની લાંચ માંગતા અંગે ફરિયાદીએ એસીબીને જાણ કરતાં છટકું ગોઠવાયું હતું. ત્યારબાદ આરોપીના ફરજના સ્થળે ગયેલા ફરિયાદી સાથે ચંદ્રિકાબેને હેતુલક્ષી વાતચીત કર્યા બાદ લાંચ લેતા આબાદ ઝડપાયા હતા. ■



રાજકોટ મહાનગરપાલિકાની પ્રાણીસંગ્રહાલય શાખા દ્વારા ઝૂ ખાતે વન્યપ્રાણી-પક્ષીઓને ઉનાળાની ઋતુમાં ગરમીથી રક્ષણ આપવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ૧૩ વર્ષની કિશોરીના અપહરણ- દુષ્કર્મના ચકચારી ગુનામાં નરાધમ યુવકને ૧૦ વર્ષનો સખ્ત કારાવાસઃ બે લાખ દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક ૧૩ વર્ષની કિશોરીને ભોળવીને અપહરણ કરી લઈ જઈ શારીરિક સંબંધ બાંધવાના ગુનામાં ભુજની વિશેષ પોક્સો કોર્ટે પંચમહાલના યુવકને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા સાથે બે લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

બનાવ અંગે ૧૮-૧૧-૨૦૨૧ના રોજ મુંદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના બે દિવસ અગાઉ ભોગ બનનાર કિશોરી ભોરારા ગામની વાડીએ કામ કરતી હતી ત્યારે ઈશ્વર ઊર્ફે અજય દીપસિંહ નાયકા (ઉં.વ.૨૩) તેની પાસે આવ્યો હતો. ઈશ્વરે કિશોરીને સાથે ચાલવા અન્યથા ઝેરી દવા પી લેવાની ધમકી આપી, પોતાની સાથે આવવા મજબૂર કરી હતી. કિશોરી સાથે છકડામાં બેસીને તે ભુજ આવ્યો અને ભુજથી એસ.ટી બસ મારફતે તે જૂનાગઢમાં મિત્રની વાડીએ પહોંચ્યો હતો. વાડીમાં બે દિવસના રોકાણ સમયે તેણે કિશોરી સાથે દુષ્કર્મ આચર્યું હતું.

ગુનાના સમર્થનમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા ૨૧ પુરાવા અને ૭ સાક્ષીઓને તપાસીને આજે પોક્સો કોર્ટના ખાસ જજ વિરાટ એ બુધ્ધે તેને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ હેઠળ દોષી ઠેરવી ૧૦ વર્ષનો કારાવાસ અને બે લાખના દંડની સજા ફટકારી હતી.

બે લાખ રૂપિયા ગુનાનો ભોગ બનનાર પીડિતાને ચૂકવવા હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદ પક્ષે વિશેષ સરકારી વકીલ એચ.બી. જાડેજાએ હાજર રહીને દલીલો કરી હતી. ■